સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 14 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૫ એપ્રિલ ૨૦૨૬, (૨૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ ૧૧ થી ૧૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાન શરતી મંત્રણા માટે તૈયાર

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 13,599/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## પાકિસ્તાનમાં અમેરિકા સાથે વાટાઘાટો કરવા માગે છેઃ અણુમથક પર ચોથી વાર હુમલા પછી ઈરાને ધમકી આપી કે આને લીધે અખાતી દેશોમાં કિરણોત્સર્ગી વિનાશ ફેલાશે

દુબઈઃ ઇઝરાયલ અને અમેરિકાએ ઇરાનના બુશહર અણુમથક પર ચોથી વખત કરેલા હુમલાને પગલે તહેરાને ચેતવણી આપી હતી કે જો અણુમથક પરના હુમલા બાદ ગળતરને લીધે કિરણોત્સર્ગી પદાર્થ ફેલાશે, તો તેને લીધે સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), કુવૈત, બાહરીન સહિતના અખાતના દેશોમાં મોટા પાયે વિનાશ થશે. દરમિયાન, ઇરાને દાવો કર્યો હતો કે અમે અખાતનું યુદ્ધ બંધ કરાવવા પાકિસ્તાનમાં અમેરિકાની સાથે શરતી મંત્રણા માટે તૈયાર છીએ.

અખાતનું યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ઇરાનની ૩૦ કરતાં વધારે યુનિવર્સિટી પર હુમલા થયા હતા. ઇરાને અમેરિકાનું યુદ્ધ વિમાન તોડી પાડ્યા બાદ પોતાના દેશની જનતાને (જુઓ પાનું ૨) ▶▶

## યુદ્ધમાં પાકિસ્તાનની મધ્યસ્થી નિષ્ફળ નથી ગઈઃ ઈસ્લામાબાદ

ઈસ્લામાબાદઃ ઈરાન અને અમેરિકા વચ્ચેની વાતચીતનો તખ્તો ગોઠવવાના પાકિસ્તાનના પ્રયાસોમાં અડચણ ઊભી થઈ છે એવા અહેવાલોથી પાકિસ્તાન ક્રોધિત થયું છે. પાકિસ્તાનનું કહેવું છે કે અમેરિકા-ઈરાનની મધ્યસ્થી તૂટી પડી છે એવા અહેવાલો કલ્પનાના તુક્કા છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવકતા તાહિર અંદ્રાબી આવા અહેવાલોને 'પાયાવિહોણા' અને 'કલ્પનાના તુક્કા' ગણાવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે સોશ્યલ સહિતનાં માધ્યમોમાં અમે સત્તાવાર સૂત્રોને ટાંકીને પશ્ચિમ એશિયાની લડાઈ અને શાંતિ અને સંવાદને પ્રોત્સાહિત કરવાના પાકિસ્તાનના પ્રયાસો અંગેના અહેવાલોની નોંધ લીધી છે. અમે કથિત સત્તાવાર સાધનોને ટાંકીને છપાયેલા યુક્તિભર્યા અહેવાલોને સ્પષ્ટપણે પાયાવિહોણા અને કલ્પનાના તુક્કા કહીએ છીએ. આ અંગે સત્તાવાર સૂત્રોના નામે અહેવાલ આપવા ખોટા છે.

ઈસ્લામાબાદના વિદેશ મંત્રાલયના સિનિયર અધિકારીએ બંધબારણે માહિતી આપી તેના પગલે પાકિસ્તાન નિષ્ફળ ગયું હોવાની અટકળો થઈ હતી.

તાહીરે કહ્યું હતું કે વિદેશ મંત્રાલયની શુક્રવારની પત્રકારોને પાર્શ્વભૂમિમાં જે માહિતી આપી હતી એનું ખોટું અવલોકન કરવાથી આ વિવાદ સર્જાયો છે. વિસ્તારમા તંગદિલી છે ત્યારે વિદેશ મંત્રાલયના સિનિયર અધિકારીના સંવાદને જે રીતે ટાંકવામાં આવ્યો એ ચિંતાના વાત છે. તાહીરે વધુમાં કહ્યું હતું (જુઓ પાનું ૨) ▶▶

## નાશિકમાં રસ્તાની વચ્ચે મોતનો કૂવો

# કાર તેમાં પડી, છ બાળક, ત્રણ મોટાનાં મોત


કમનસીબ કાર

**કૂવા ફરતે એકથી દોઢ ફૂટની જ પાળઃ બાળકોના મેળાવડાના કાર્યક્રમમાંથી પાછા ફરતી વખતે કાર કૂવામાં પડીઃ કૂવા સુધીના પાકા રસ્તા પછી કાચા રસ્તે વાળવામાં ડ્રાઈવર થાપ ખાઈ ગયોઃ કૂવાના માલિક વિરુદ્ધ પણ ગુનો**


નાશિક મોતનો કૂવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાશિકમાં બનેલી કાળજું કંપાવનારી ઘટનામાં બાળકોના મેળાવડાના કાર્યક્રમમાંથી પાછા ફરી રહેલા પરિવારની કાર કઠેડો તોડીને કૂવામાં પડી હતી. આ ઘટનામાં છ બાળક સહિત નવ જણે જીવ ગુમાવ્યા હતા. કૂવા પાસે પૂરા થતા પાકા રસ્તા પછી કાચા રસ્તે વાળવામાં કારનો ડ્રાઈવર થાપ ખાઈ જતાં આ ગોઝારો અકસ્માત થયો હતો. પોલીસે કાર ચલાવનારા સહિત કૂવાના માલિક વિરુદ્ધ પણ ગુનો નોંધ્યો હતો.

નાશિક ગ્રામીણ પોલીસના દિંડોરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારની રાતે ૧૦.૧૫ વાગ્યે દિંડોરીના શિવાજીનગર ખાતે બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓની ઓળખ સુનીલ દત્તાત્રય દરગોંડે (૩૨) તેની પત્ની રેશમા (૨૭), આશા અનિલ દરગોંડે (૩૨) તેમ જ તેમનાં સંતાનો ગુણવંતી (૧૧), શ્રેયસ (૧૧), શ્રાવણી (૧૧), સૃષ્ટિ (૧૪), શ્રદ્ધા (૧૩) અને સમૃદ્ધિ (૭) તરીકે થઈ હતી.

પોલીસ અધિકારી પાનસરેએ જણાવ્યું હતું કે નાશિકના દિંડોરી તાલુકાના ઈંદોરે ગામમાં રહેતો દરગોંડે પરિવાર શુક્રવારની સાંજે દિંડોરી શહેરમાં આવેલા રાજે બૅન્ક્વેટ હૉલમાં આવ્યો હતો. આ હૉલમાં ખાનગી ક્લાસીસ દ્વારા વિદ્યાર્થીઓના મેળાવડાનું આયોજન કરાયું હતું. બાળકોના સિંગિંગ અને ડાન્સિંગ સહિત અન્ય કાર્યક્રમોમાં વાલીઓ પણ હાજર રહ્યા હતા.

કહેવાય છે કે મેળાવડો પત્યા પછી દરગોંડે પરિવાર મારુતિની એક્સ.એલ.-સિક્સ કારમાં ઘરે પાછો ફરી રહ્યો હતો ત્યારે તેમને કાળ ભરખી ગયો હતો. કાર ખેતીવાડી પર નભતા દરગોંડે પરિવારનો સુનીલ ચલાવી રહ્યો હતો. (જુઓ પાનું ૨) ▶▶

વધુ અહેવાલ ૫

## ૪૪,૦૦૦ ટન રાંધણગૅસ લઈને ઈરાનનું જહાજ ભારત આવ્યું

### દેશના અડધા દિવસના એલપીજી પુરવઠા સાથેના ભારતીય જહાજે હોર્મુઝ ખાડી પસાર કરીઃ ઇંધણની કોઇ સમસ્યા નહીં હોવાનો સરકારનો દાવો

નવી દિલ્હીઃ રાંધણગૅસનું એક ભારતીય ટૅન્કર શનિવારે સલામત રીતે હોર્મુઝ સામુદ્રધુની પસાર કરીને ભારતના બંદર ખાતે પહોંચવા આગળ વધ્યું હતું, જ્યારે બીજું એક જહાજ અંદાજે ૪૪,૦૦૦ ટન રાંધણગૅસ લઇને સલામત રીતે મેંગલૂરુ બંદરે પહોંચ્યું હતું.

દરમિયાન, સરકારે દેશમાં ઈંધણનો પૂરતો પુરવઠો હોવાનો દાવો કર્યો હતો અને જનતાને ગભરાઇને ઈંધણની મોટા પાયે ખરીદી નહિ કરવા અનુરોધ કર્યો હતો.

ભારત સરકારે એવી સ્પષ્ટતા પણ કરી હતી કે ઇરાન ખાતેથી ખનિજ તેલની આયાત કરવામાં ચુકવણીની કોઇ સમસ્યા નથી.

સરકારે શનિવારે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે રાંધણગૅસ લઇને નીકળેલું 'ગ્રીન સાન્વી' નામનું જહાજ હોર્મુઝ ખાડીમાંથી સલામત રીતે નીકળી ગયું હતું. તેમાં પચીસ ખલાસી અને ૪૬,૬૫૦ ટન રાંધણગૅસ છે. આ ઉપરાંત, ઇરાનથી રાંધણગૅસ લઇને (જુઓ પાનું ૨) ▶▶

## યુદ્ધની અસરઃ જીવનાવશ્યક જણસોના ભાવ આસમાને

નવી દિલ્હીઃ ઈઝરાયલ-અમેરિકા-ઈરાન યુદ્ધની અસર વૈશ્વિક સ્તરે મોંઘવારી પર પડી રહી છે. ખાવાપીવાની વસ્તુઓનાં ભાવ વૈશ્વિક સ્તરે છ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે જેને પગલે અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે.

ઈઝરાયલ-અમેરિકા-ઈરાન યુદ્ધની અસર લગભગ તમામ દેશો પર જોવા મળી રહી છે. યુદ્ધને કારણે હોર્મુઝ સામુદ્રધુની બંધ થવાને કારણે વિશ્વભરમાં તેલ અને ઊર્જાની કટોકટી ઊભી થઈ છે. આ બાબતે પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા સહિતના દેશોની ચિંતા વધારી દીધી છે.

સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠન ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સનાં આંકડા દર્શાવે છે કે યુદ્ધને કારણે ખાવાપીવાની વસ્તુઓનાં ભાવ વૈશ્વિક સ્તરે છ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે જેને કારણે આગામી મહિનાઓમાં તણાવ વધશે.

જીવનાવશ્યક વસ્તુઓનાં મૂલ્યોનું આકલન કરતો આંક ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (એફએઓ) માર્ચમાં ૧૨૮.૫ રહ્યો હતો જે ફેબ્રુઆરીની સરખામણીએ ૨.૪ ટકા (જુઓ પાનું ૨) ▶▶

## ઘાયલ હૂં, ઈસલિએ ઘાતક હૂંઃ રાઘવ ચઢ્ઢા

**સંસદમાં સમસ્યાને વાચા આપવા જાઉં છું, ધમાલ કરવા નહીંઃ આપને સણસણતો જવાબ આપ્યો સાંસદે**



નવી દિલ્હીઃ રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ પોતાના અને આમ આદમી પાર્ટી (આપ)ના વણસેલા હોવાનું કહેવાતા સંબંધ અંગે સ્પષ્ટતા કરતા 'ધુરંધર' ફિલ્મનો સંવાદ બોલ્યા હતા અને જણાવ્યું હતું કે હું સંસદમાં લોકોની સમસ્યાને રજૂ કરવા જાઉં છું, કોઇ ધાંધલધમાલ કરવા નથી જતો. દરેક જુઠ્ઠાણાનો પર્દાફાશ કરીશ. દરેક સવાલનો જવાબ આપીશ 'ક્યોંકિ મૈં ઘાયલ હૂં, ઈસલિએ ઘાતક હૂં.'

તેમણે જણાવ્યું હતું કે મને લક્ષ્ય બનાવવાની ઝુંબેશ ચાલી રહી છે.

અગાઉ, રાઘવ ચઢ્ઢા પર આમ આદમી પાર્ટીએ આક્ષેપ મૂક્યો હતો કે આ સાંસદ સંસદમાં કેન્દ્ર અને વડા પ્રધાન (જુઓ પાનું ૨) ▶▶



**હર હર મહાદેવઃ** ઉત્તરાખંડના રુદ્રપયાગ જિલ્લામાં નવેસરથી થયેલી હિમવર્ષાને કારણે શનિવારે કેદારનાથ મંદિરના પરિસરમાં બરફની ચાદર ફેલાઈ ગઈ હતી. સતત થઈ રહેલી હિમવર્ષાએ બાવીસ એપ્રિલથી શરૂ થનારી ચારધામ યાત્રાની તૈયારીને સાવ ખોરવી નાખી છે. (એજન્સી)



**મૂછેં હો તો ગિરધર વ્યાસ જૈસી...:** વિશ્વમાં સૌથી લાંબી ૩૮ ફૂટની મૂછ ધરાવવા બદલ જાણીતા ગિરધર વ્યાસે શનિવારે બિકાનેરમાં એક કાર્યક્રમ દરમિયાન લોકોની મદદથી મૂછની લંબાઈ મપાવી હતી. તેમની મૂછ પકડવા માણસો રાખવા પડ્યા હતા. (એજન્સી)

## અખાતના દેશોમાંના ભારતીયોના જીવ જોખમમાં મૂકયા કૉંગ્રેસેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કૉંગ્રેસના નેતાઓ પર ખતરનાક નિવેદનો આપીને મધ્ય-પૂર્વમાં રહેતા ભારતીયોના જીવને જોખમમાં મૂકવાનો આરોપ મૂક્યો હતો.

કેરળના તિરુવલ્લામાં એક રૅલીને સંબોધતા વડા પ્રધાને આરોપ લગાવ્યો કે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ખાડી દેશો ભારતને પોતાનો દુશ્મન માને એવું કૉંગ્રેસ ઇચ્છે છે. વડા પ્રધાને કહ્યું કે કૉંગ્રેસ ઇચ્છે છે કે પશ્ચિમ એશિયાઈ દેશો ભારતને પોતાનો દુશ્મન માને, તેઓ ઇચ્છે છે કે આપણે અહીં કોઈ ભૂલ કરીએ, એવું નિવેદન આપીએ જેથી ખાડી દેશોમાં રહેતા ભારતીયો માટે મુશ્કેલી ઊભી થાય. તેથી કૉંગ્રેસ ખાડી દેશો રોષે ભરાય એવા નિવેદનો આપી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે કૉંગ્રેસ ગભરાટ ફેલાઇ એવું ઇચ્છે છે અને મોદી પર હુમલો કરવાની તક શોધે છે. હું કૉંગ્રેસ, એલડીએફ અને યુડીએફના લોકોને કહેવા માંગુ છું કે રાજકારણ પોતાની જગ્યાએ છે, ચૂંટણીઓ (જુઓ પાનું ૨) ▶▶

## લખનઊ સ્ટેશનને ઉડાડી દેવાના કાવતરાનો પર્દાફાશ, ચાર પકડાયા

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશ એન્ટિ-ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ)એ આતંકવાદી મોડ્યૂલનો પર્દાફાશ કરીને લખનઊ રેલવે સ્ટેશન પર બૉમ્બ ધડાકો કરવાના કાવતરાને નિષ્ફળ બનાવ્યું હતું. પકડાયેલા ચાર આતંકવાદીઓનું આ મોડ્યૂલ પાકિસ્તાની હેન્ડલરને ઈશારે કામ કરતું હતું અને દેશભરમાં ભય ફેલાવવાના આશય સાથે આગજની, ભાંગફોડ અને અન્ય દેશવિરોધી પ્રવૃત્તિઓ કરતું હોવાનું એટીએસએ જણાવ્યું હતું.

એટીએસના જણાવ્યા અનુસાર આ જૂથ ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ મારફતે પાકિસ્તાની હેન્ડલર સાથે (જુઓ પાનું ૨) ▶▶

## જંગની તૈયારી?ઃ જર્મનીમાં યુવાનોના વિદેશ પ્રવાસ પર અંકુશ

ફ્રૅન્કફર્ટઃ યુદ્ધની તૈયારી વચ્ચે જર્મનીએ યુવા નાગરિકોના પ્રવાસ પર અંકુશ લાદ્યો છે. જર્મનીએ દાખલ કરેલા નવા કાયદા મુજબ ૧૭થી ૪૫ વર્ષની વયજૂથના નાગરિકોએ લાંબા સમય માટે દેશની બહાર જતા પહેલા સત્તાવાર પરવાનગી લેવાની રહેશે. આ કાયદો પહેલી જાન્યુઆરી ૨૦૨૬થી અમલમાં મૂકવામાં આવ્યો છે અને શિક્ષણ, રોજગાર, લાંબાગાળાના પ્રવાસ સહિત ત્રણ મહિના કરતાં વધુ સમય માટે દેશની બહાર રહેવા જવા માગતા નાગરિકોને આ કાયદો લાગુ પડશે.

અસરગ્રસ્તોએ દેશ બહાર જતા અગાઉ બન્દેશવેહ કેરિયર સેન્ટર પાસેથી સત્તાવાર મંજૂરી મેળવી લેવાની રહેશે.

જર્મન કાયદા અંતર્ગત કરવામાં આવેલી આ વ્યવસ્થા હવે કાયમી હશે. મિલિટરી સર્વિસ મોર્ડનાઈઝેશન ઍક્ટ મારફતે આ નવો કાયદો ઘડી કાઢવામાં આવ્યો છે. જર્મન ફેડરલ મિનિસ્ટ્રી ઑફ ડિફેન્સના પ્રવક્તાએ આ અહેવાલને સમર્થન આપ્યું છે. (એજન્સી) ■

## પરગ્રહવાસીઓનું રહસ્ય ખૂલશે?ઃ યુએફઓ ફાઈલ્સ જાહેર કરવાનો ટ્રમ્પનો આદેશ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે 'અજાણી ઊડતી રકાબી' એટલે કે અનઆઇડેન્ટિફાઇટ ફલાઇંગ ઑબ્જેક્ટ (યુએફઓ)'ને લગતી સરકાર પાસેની 'ગુપ્ત' માહિતી જાહેર કરવા આદેશ આપ્યો હતો.

અમેરિકાના અગાઉના પ્રમુખ બરાક ઓબામાએ પરગ્રહવાસીઓ 'અસ્તિત્વ' હોવાનું કહ્યું, તે પછી યુએફઓ અને પરગ્રહવાસીઓનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો હતો.

માનવો માટે અનેક પેઢીથી એ હજી રહસ્ય જ રહ્યું છે કે શું પૃથ્વી સિવાય કોઇ ગ્રહ પર જીવસૃષ્ટિનું અસ્તિત્વ છે? પરગ્રહવાસીઓ કેવા દેખાતા હશે? પરગ્રહવાસીઓ પૃથ્વીના લોકો અંગે શું વિચારતા (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનને યુએઈનું અલ્ટિમેટમઃ ૩.૫ અબજ ડૉલરની લૉન ચૂકવો

નવી દિલ્હીઃ યુએઈએ પાકિસ્તાનને એપ્રિલના અંત સુધીમાં ૩.૫ અબજ ડૉલરની લૉન ચુકવવાનું જણાવ્યા બાદ પાકિસ્તાને સંપૂર્ણ લૉન ચુકવી દેવાનો નિર્ણય લીધો હોવાનું સમાચાર સંસ્થાના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

પાકિસ્તાનના સિનિયર કેબિનેટ મંત્રીએ પણ આ અહેવાલને સમર્થન આપ્યું છે.

અહેવાલ મુજબ યુદ્ધના કારણે ખાડી દેશોમાં નિર્માણ પામેલી શત્રુતાભરી પરિસ્થિતિને પગલે યુએઈએ પાકિસ્તાનને એપ્રિલના અંત સુધીમાં ૩.૫ અબજ ડૉલરની લૉનની રકમ પરત કરવા જણાવી દીધું હતું. રાજકીય નેતૃત્વ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય અંગે પત્રકારોને માહિતગાર કરવામાં આવ્યા હતા. જોકે બાકી નીકળતી રકમનો અમુક હિસ્સો રોકાણમાં તબદિલ કરવા અંગે પણ સમાંતર વાતચીત ચાલી રહી છે.

રિપેમેન્ટના નક્કી કરવામાં આવેલા સમયપત્રક મુજબ ૪૫ કરોડ ડૉલર ૧૧ એપ્રિલે, ૨૦૦ કરોડ ડૉલર ૧૭ એપ્રિલે, ૧૦૦ કરોડ ડૉલર ૨૩ એપ્રિલે પરત કરવામાં આવશે. (એજન્સી)■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૫-૪-૨૦૨૬ થી તા. ૧૧-૪-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ મીન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ મીન રાશિમાં મધ્યમ ગતિએ ભ્રમણ કરે છે. બુધ કુંભ રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. તા. ૧૧મીએ બુધ મીન રાશિમાં પ્રવેશે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મેષ રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તુલામાંથી વૃશ્ચિકમાં પ્રવેશે છે. તા. ૮મીએ ધનુ રાશિમાં, તા. ૧૦મીએ મકર રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારની પ્રવૃત્તિઓમાં સફળતા રહેશે. નોકરીમાં તા. ૫, ૧૧ શુભ જણાય છે. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. કુટુંબીજનોમાં નાણાં વ્યવહાર સફળતાથી સંપન્ન થાય. કુટુંબના સભ્યોમાં સંપ જળવાશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મુસાફરી દ્વારા મહિલાઓના પરિવારના કામકાજ સંપન્ન થશે તથા નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તક પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય થાય તેમ છે. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. વેપારમાં સફળતા મેળવશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. કુટુંબના વડીલોની મદદ મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના નિર્ણયો લેવામાં સફળતા જણાશે. અભ્યાસના સાધનો પણ પ્રાપ્ત થાય.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ નીવડશે. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ દૃઢ બનશે. નવી નોકરીનો પ્રારંભ શક્ય જણાય છે. તા. ૬, ૭, ૯ પ્રવાસ માટે શુભ જણાય છે. કામકાજમાં એકંદરે અનુકૂળતા અનુભવશો. અધિકારી દ્વારા મહિલાઓને નોકરીમાં સરળતા આવેલી જણાશે. પ્રવાસમાં ઉપયોગી કામકાજ પૂર્ણ થવાથી મહિલાઓના ઉત્સાહમાં ઉમેરો થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતાનો અનુભવ થાય.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા મેળવશો. તેજીનો વેપાર શક્ય જણાય છે. નોકરી માટે તા. ૬, ૯, ૧૦ શુભ જણાય છે. જૂનાં કોર્ટ-કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. સરકારી અધિકારી સાથે વાદવિવાદ ટાળવો જરૂરી છે. અધિકારીઓના સહયોગથી કાર્યક્ષેત્રના પ્રશ્નનો ઉકેલ આવશે. મહિલાઓને નોકરીમાં અધિકારીનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો એકંદરે પ્રગતિસૂચક જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કાર્યદક્ષતા, કાર્યક્ષમતા અને અનુભવ દ્વારા નવી સફળતા પ્રાપ્ત કરશો. નોકરી માટે તા. ૬, ૮, ૯ શુભ જણાય છે. નોકરી માટે સહકાર્યકરોમાં સંપ જળવાશે. વેપાર વાણિજ્યમાં સફળતા મેળવશો. ભાગીદારીના પ્રશ્નોમાં રાહત જણાશે. નવા નાણાં આવકના સાધનો નિર્માણ થશે. લાંબા અંતરનો પ્રવાસ જણાતો નથી. મહિલાઓના કિંમતી ચીજોની ખરીદીના નિર્ણયો એકંદરે શુભ પુરવાર થશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં સફળતા અને યશનો અનુભવ થાય.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય છે. નોકરીના સહકાર્યકરોમાં મતભેદનો ઉકેલ લાવી શકશો. નોકરીના કામકાજમાં આત્મવિશ્વાસ દૃઢ બનશે. નવા કામકાજ, નવા આવકના સાધનો પ્રાપ્ત થાય. તા. ૬, ૭, ૧૧ ધાર્યા મુજબના નાણાં વ્યવહાર સંપન્ન થતાં દર્શાવે છે. મહિલાઓને વ્યવહારિક કામોમાં અનુકૂળતા જણાશે. સપરિવાર પ્રવાસ શક્ય છે. મુસાફરી દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક કામકાજ સંપન્ન થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. મુસાફરીમાં નોકરીના કામકાજ સંપન્ન થઈ શકશે. તા. ૮, ૯ના કારોબારના નિર્ણયો સફળ પુરવાર થશે. મદદનીશ સાથેનો મતભેદ દૂર થશે તથા આ સપ્તાહમાં ભાગીદાર સાથેના મતભેદોનો પણ ઉકેલ આવે તેમ છે. મહિલાઓ વ્યવહારિક પણે પરિવારજનો સાથેના મતભેદનો ઉકેલ લાવી શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન, અભ્યાસ માટે સફળ તક પ્રાપ્ત થતી જણાય.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૬, ૮, ૧૧ શુભ જણાય છે. નોકરીના જૂનાં અધૂરા કામકાજ પણ આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. મોટાભાઈ કે વડીલ તરફથી કારોબાર માટે તથા પરિવાર માટે સહયોગ પ્રાપ્ત થશે. આ સપ્તાહમાં સંતાનની જવાબદારીમાં પણ અનુકૂળતાઓ આવેલી જણાશે. કુટુંબીજનો સાથેના મહિલાઓના વિવાદનો ઉકેલ આવે તેમ છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજ માટે નવું રોકાણ માટે સફળ તકો મેળવશો. નોકરીમાં યશ મેળવશો. નોકરીના અધૂરા કાર્યો પૂર્ણ કરી શકશો. મિલકત વાહન તથા કાર્યક્ષેત્રે જરૂરી સાધનોનો સફળ નિર્ણય લઈ શકશો. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. નાણાં આવક વિશેની મૂંઝવણો દૂર થશે. મહિલાઓને પરિવારજનોનો સુખદ અનુભવ થાય. મહિલાઓના સ્વાસ્થ્ય જાળવણીના પ્રયત્નો સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ પરીક્ષામાં અનુકૂળતાઓ જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. તા. ૭, ૮ નવા કામકાજનો પ્રારંભ દર્શાવે છે. કાર્યક્ષેત્રે નવીન ઓળખાણો થાય. નાણાં વ્યવહાર સંપન્ન થાય. કારોબાર માટેના કોર્ટ-પ્રશ્નોમાં રાહત જણાશે. વ્યવસાયના મિત્રોનો સહયોગ પ્રાપ્ત થાય. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓ સ્વાસ્થ્ય જાળવણીના પ્રયત્નોમાં સફળ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસમાં અનુકૂળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના બ્રોકરેજ, ટ્રેડિંગ, રોકાણ ઈત્યાદિમાં સફળતા જણાય છે. તા. ૭, ૮, ૧૦ નોકરીક્ષેત્રે શુભ જણાય છે. નોકરીમાં નવીન કામકાજ, જવાબદારી પ્રાપ્ત કરશો. નોકરી વિશેના મૂંઝવતા પ્રશ્નનો ઉકેલ આવશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓ સ્વજનોનો સુખદ અનુભવ કરશે તથા તીર્થાટન, માંગલિક કાર્યો સફળ બનતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિત થતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા લાંબા સમયનું નાણાં રોકાણ સફળ પુરવાર થશે. તા. ૯, ૧૦, ૧૧ પ્રવાસ માટે શુભ જણાય છે. નોકરીના કામકાજ માટે થનારા પ્રવાસ પણ આ સપ્તાહમાં સફળ બની રહેશે. રાજકારણ, સામાજિક કામકાજ, જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. હસ્તગત કામકાજમાં યશ મેળવશો. નાણાં વ્યવસ્થા અને વ્યવહાર સફળ અને નિયમિત બની રહેશે. મહિલાઓના સંતાનની જવાબદારીના કામકાજ સફળ પુરવાર થશે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં નિયમિતતા જાળવવા સફળતા જણાશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌરવસંતઋતુ, રવિવાર, તા. ૫-૪-૨૦૨૬, સંકષ્ટી ચતુર્થી, વિંછુડો પ્રારંભ

ભારતીય દિનાંક ૧૫, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ -૩
જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ વદ-૩
પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
નક્ષત્ર વિશાખા મધ્યરાત્રે ક. ૨૪-૦૭ સુધી, પછી અનુરાધા
ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૭-૨૭ સુધી, પછી વૃશ્ચિકમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા. ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.
મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
રાત્રિ પછી ક. ૦૧-૪૫ (તા. ૬)
ઓટઃ સવારે ક. ૦૭-૨૫ રાત્રે ક. ૧૯-૫૩
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - તૃતીયા. સંકષ્ટી ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૪૭), ઈસ્ટર સન્ડે, દુર્ગાદેવી રથોત્સવ (અંજરાલે, રત્નાગિરી), વિંછુડો પ્રારંભ સાંજે ક. ૧૭-૨૭, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૫૯.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, સંકષ્ટ ચતુર્થી નિત્ય વ્રત-ઉપવાસ, વિશેષરૂપે શ્રી ગણેશપૂજા, ચંદ્રોદય સમયે ચંદ્રદેવતાનું દર્શન અને પૂજન, શ્રી ગણેશને ચુરમાના લાડુંનું નૈવેદ્ય અર્પણ, ચંદ્રોદય પછી એકટાણાંનું ભોજન, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજા, અભિષેક, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, પશુ લે-વેંચના કામકાજ.
આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ સાહસિક સ્વભાવ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ મહેનતું સ્વભાવ, સૂર્ય-ગુરુ ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, સૂર્ય-ગુરુ ચતુષ્કોણ (તા. ૬)
ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન (શનિ અસ્ત), રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૫-૪-૨૦૨૬ થી તા. ૧૧-૪-૨૦૨૬

રવિવાર, ચૈત્ર વદ-૩, વિ. સં. ૨૦૮૨, તા. ૫મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રે ક. ૨૪-૦૭ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૭-૨૭ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. સંકષ્ટી ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૪૭), ઈસ્ટર સન્ડે, દુર્ગાદેવી રથોત્સવ (અંજરાલે, રત્નાગિરી), વિંછુડો પ્રારંભ સાંજે ક. ૧૭-૨૭, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૫૯. સામાન્ય દિવસ

સોમવાર, ચૈત્ર વદ-૪, તા. ૬ઠ્ઠી. નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રે ક. ૨૬-૫૬ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો, અનસુયા જયંતી. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, ચૈત્ર વદ-૫, તા. ૭મી, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૩ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૩ સુધી (તા. ૮) પછી ધનુ રાશિ પર જન્માક્ષર. પંચમી. વિંછુડો, શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, ચૈત્ર વદ-૬ , તા. ૮મી, નક્ષત્ર મૂળ. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૩. સામાન્ય દિવસ.

ગુરુવાર, ચૈત્ર વદ-૭, તા. ૯મી, ૨૦૨૬, નક્ષત્ર મૂળ સવારે ક. ૦૮-૪૭ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. મંગળ દર્શન પૂર્વમાં, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૧૧. સામાન્ય દિવસ.

શુક્રવાર, ચૈત્ર વદ-૮, તા. ૧૦મી, નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૧૧-૨૭ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં સાંજે ક. ૧૮-૦૩ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, બુધ મીનમાં ક. ૨૭-૧૨. સામાન્ય દિવસ.

શનિવાર, ચૈત્ર વદ-૯, તા. ૧૧મી, નક્ષત્ર ઉત્તરાષાઢા બપોરે ક. ૧૩-૩૯ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. નવમી. શુભ કાર્ય વર્જ્ય છે.

# ૨૦૦૩ પછી પહેલી વાર બન્યું કે યુદ્ધમાં અમેરિકાએ બે ફાઈટર જેટ ગુમાવ્યાં

વૉશિંગ્ટનઃ ઈરાને અમેરિકાનાં બે ફાઈટર જેટ પાડી નાખ્યા છે અને આનાથી ઈરાકના યુદ્ધની યાદ તાજી થઈ ગઈ. ૨૦૦૩માં અમેરિકાએ ઈરાકમાં લશ્કરી દરમિયાનગીરી કરી હતી અને ત્યારે પણ અમેરિકાએ બે વિમાન ગુમાવ્યાં હતાં. આ લડાઈને પછી ગંભીર દુઃસાહસ તરીકે જોવામાં આવી હતી.

૨૩ વર્ષમાં પહેલી વાર એવું બન્યું છે કે અમેરિકાએ લડાઈમાં બે ફાઈટર જેટ ગુમાવ્યાં હોય. છેલ્લે ઈરાકમાં એ-૧૦ થન્ડરબોલ્ટ તોડી પડાયાં હતાં, એવી માહિતી અમેરિકાના હવાઈ દળના નિવૃત્ત બ્રિગેડિયર જનરલ હ્યુસ્ટન કેન્ટવેલે આપી હતી. બે દાયકા પછીનો આ હુમલો ઈરાનના ઈસ્લામિક રિપબ્લિકનની અમેરિકા પર વળતો પ્રહાર કરવાની ક્ષમતા દાખવે છે. આ બતાવે છે કે ઈરાનને ખતમ કરી નખાયું છે એવું અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનું કથન સાચું નથી.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો એને છ અઠવાડિયાં થઈ ગયાં છે. ટ્રમ્પ દાવો કરે છે કે તહેરાનની ડ્રોન અને મિસાઈલ હુમલો કરવાની તાકાત ઓછી થઈ ગઈ છે.

ઈરાને શુક્રવારે અમેરિકાનું એફ-૧૫ઈ સ્ટ્રાઈક ઈગલ ફાઈટર જેટ તોડી નાખ્યું હતું. એક પાઈલટને બચાવી લેવામાં આવ્યો હતો અને બીજાની શોધ ચાલુ છે, એવી માહિતી અમેરિકાના અધિકારીઓએ આપી હતી.

ઈરાનના સરકારી માધ્યમોએ માહિતી આપી હતી કે આ વિમાન પર ઈરાનના સંરક્ષણ દળે હુમલો કરતા એ તૂટી ગયું હતું. આ વિમાન કુવૈતમાં પડ્યું હતું અને પાઈલટ વિમાનમાંથી બહાર નીકળવામાં સફળ થયો હતો.

## ભારતીય મૂળની રીની સંપત વૉશિંગ્ટન ડીસીનાં મેયરપદની સ્પર્ધામાં

વૉશિંગ્ટનઃ તમિળનાડુના થેનીમાં જન્મેલી રીની સંપત વૉશિંગ્ટન ડીસીના મેયરપદની ચૂંટણી માટે ઉમેદવારી નોંધવનાર પ્રથમ પશ્ચિમ એશિયન ઉમેદવાર છે.

ડેમોક્રેટીક પાર્ટીની ૩૧ વર્ષની રીની સરકારી કોન્ટ્રાક્ટર છે. તેણે કહ્યું હતું કે હું રાજકારણી નથી. વિશેષ હિત ધરાવતા ગ્રૂપ સાથે પણ હું સંકળાયેલી નથી. શહેરની પાયાની સેવાની સમસ્યાઓનો ઉકેલ લાવવા પર કોઈ બહારની વ્યક્તિએ સતત ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, એમ સંપતે વૅબસાઈટ પરના સંદેશામાં જણાવ્યું હતું.

તમિળનાડુના થેનીમાં જન્મેલી રીની સંપત સાત વર્ષની ઉંમરે અમેરિકા આવી હતી અને એક દાયકા કરતાં પણ વધુ સમયથી તે વૉશિંગ્ટન ડીસીની રહેવાસી છે.

વૉશિંગ્ટન ડીસી પર સતત ડેમોક્રેટ્સનો પ્રભાવ જોવા મળ્યો છે. વર્ષ ૧૯૭૫થી અહીં મેયરપદ માટેની ચૂંટણી શરૂ થઈ ત્યારથી કોઈ રિપબ્લિકન ઉમેદવાર અહીં મેયર નથી બની શક્યો.

પ્રાઈમરી ઈલેક્શન ૧૬ જૂન અને સામાન્ય ચૂંટણી ત્રણ નવેમ્બરે યોજાશે. (એજન્સી)

## થરૂરના ગનમેન અને ડ્રાઈવર પર હુમલો

મલપ્પુરમ (કેરળ): પોલીસે શનિવારે જણાવ્યું હતું કે કોંગ્રેસના સાંસદ શશી થરૂરના ગનમેન અને ડ્રાઇવર પર પાંચ જણે કથિત રીતે હુમલો કર્યા બાદ એક જણને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

વાંડુર પોલીસના જણાવ્યા અનુસાર, થરૂરના ગનમેન રતીશ કે પી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો છે.

એફઆઈઆર મુજબ, આ ઘટના શુક્રવારે સાંજે લગભગ ૭.૩૦ વાગ્યે વાંડુરના તિરુવલી નજીક ચેલીથોડ ખાતે બની હતી.

## ચૂંટણી પંચ સ્વતંત્ર રીતે કામ કરેઃ સુપ્રીમ કોર્ટનાં જજ

નવી દિલ્હીઃ ભારતના ચૂંટણી પંચે સ્વતંત્ર રીતે કાર્ય કરવું જોઈએ અને રાજકીય પ્રક્રિયાઓથી પ્રભાવિત ન થવું જોઈએ, એમ સુપ્રીમ કોર્ટનાં ન્યાયાધીશ બી.વી. નાગરત્નાએ શનિવારે જણાવ્યું હતું.

તેમણે ચૂંટણી પંચ સિવાય અન્ય કેન્દ્રીય એજન્સીઓની સ્વાયત્તતાના મહત્વનો પણ ઉલ્લેખ કર્યો હતો.

''આ સંસ્થાઓ સ્વતંત્ર રીતે કાર્ય કરે અને રાજકીય પ્રક્રિયાઓથી પ્રભાવિત ન થાય તે અત્યંત મહત્વપૂર્ણ છે,'' તેવું નાગરત્નાએ કહ્યું, જેઓ વરિષ્ઠતા અનુસાર સપ્ટેમ્બર ૨૦૨૭માં મુખ્ય ન્યાયાધીશ બનવાની તૈયારીમાં છે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે પટણાની ચાણક્ય રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટીમાં ''અધિકારોથી આગળ બંધારણવાદઃ શા માટે માળખું મહત્વનું છે'' વિષય પર બોલતી વખતે આ ટિપ્પણી કરી હતી.

બંધારણીય ભંગાણ કેવી રીતે થઈ શકે છે તે અંગે તેમણે વધુમાં કહ્યું કે બંધારણીય ભંગાણ માળખાના ધીમે ધીમે ખોખાં પડી જવાથી થઈ શકે છે, ભલે અધિકારો ઔપચારિક રીતે અસ્પૃશ્ય હોય.

''સંસ્થાઓનું વિસર્જન ત્યારે થાય છે જ્યારે સંસ્થાઓ એકબીજા પર નજર રાખવાનું બંધ કરે છે. તે ક્ષણે, ચૂંટણીઓ ચાલુ રહી શકે છે, અદાલતો કાર્ય કરી શકે છે, સંસદ દ્વારા કાયદા ઘડવામાં આવી શકે છે; અને છતાં, સત્તા અસરકારક રીતે નિયંત્રિત નથી કારણ કે માળખાકીય શિસ્ત હવે અસ્તિત્વમાં નથી,'' એવું તેમણે ઉમેર્યું હતું.

ન્યાયાધીશ નાગરત્નાએ જણાવ્યું હતું કે ચૂંટણી પેનલ, કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (કૅગ) અને નાણા પંચને વિશિષ્ટ અને એવા કાર્યો સોંપવામાં આવ્યા છે જ્યાં તટસ્થતા સુનિશ્ચિત કરવા માટે તે અપૂરતા હોઈ શકે છે.

## પહેલા પાનાનું ચાલુ

### અખાતના દેશોમાં

આવતી-જતી રહેશે, પરંતુ મારા માટે ત્યાં રહેતા લાખો કેરળવાસીઓની સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા છે અને હું તેના માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છું.

જો કે પીએમ મોદીએ મધ્ય પૂર્વના દેશો સાથે ભારતના સારા સંબંધોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ખાડી દેશોની સરકારો ભારતીયોને તેમના પરિવારનો ભાગ ગણે છે. મોદીએ કહ્યું કે આપણી મિત્રતા મજબૂત છે તે સારી વાત છે. બધા ગલ્ફ દેશોની સરકારો આપણા ભારતીયોને પોતાના પરિવારનો ભાગ ગણે છે અને તેમનું રક્ષણ કરે છે.

કેરળની લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)ની સરકારની ઊંધી ગણતરી શરૂ થઈ ગઈ છે અને આ રાજ્યમાં ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર સત્તામાં આવશે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું. ભાજપની આગેવાની હેઠળની એનડીએની પતનમતિટ્ટા જિલ્લા ખાતેની રૅલીમાં બોલતા મોદીએ કહ્યું હતું કે ભગવા પક્ષના કાર્યકર્તાઓ ડાબેરી શાસનને અલવિદા કહેવાના મૂડમાં છે.

કેરળ વિધાનસભાની ૧૪૦ બેઠકની ચૂંટણી નવ એપ્રિલે છે.

મોદીએ કહ્યું હતું કે જો રાજ્યમાં ભાજપ સત્તા પર આવશે તો તે વિકાસની તકેદારી લેશે જે આ પક્ષે ખ્રિસ્તીની બહુમતી ધરાવતા ઈશાનભારતના સાતમાંથી છ અને ગોવામાં જીત્યા બાદ કર્યો છે.

એલડીએફ અને યુડીએફે કેરળના ગ્રામિણ વિસ્તારમાં ધ્યાન આપ્યું ન હોવાથી ત્યાં મૂળભૂત માળખાકીય સગવડ નથી. કેરળમાં ભાજપનું વહીવટીતંત્ર ન હોવા છતાં કેન્દ્રની એનડીએ સરકારે તેના વિકાસનો કોઈ પ્રયાસ બાકી રાખ્યો નથી. એનડીએ સરકારે કૉંગેસની આગેવાની હેઠળની યુપીએ શાસન કરતાં પાંચ ગણો ખર્ચ કેરળના વિકાસ પર કર્યો છે. રાજ્યમાં સાબરી રેલ પ્રોજેક્ટમાં વિલંબ કરવા બદલ મોદીએ કેરળ સરકારની ટીકા કરી હતી. મોદીએ કહ્યું હતું કે આ પ્રોજેકટ મોડો થતાં તિરુવલ્લાના લોકોને નુકસાન ગયું છે.

તેમણે કહ્યું હતું કે કેરળમાં ડબલ એન્જિનની સરકાર આવશે તો બધી અડચણો દૂર કરાશે. આ મોદીની ગેરન્ટી છે. (એજન્સી)

### ઘાયલ હૂં,

નરેન્દ્ર મોદીની વિરુદ્ધ અવાજ ઉઠાવવાને બદલે તેમના પ્રત્યે 'કૂણું વલણ' ધરાવે છે.

ચઢ્ઢાએ જણાવ્યું હતું કે વિપક્ષના સાંસદોએ રાજ્યસભાની બેઠકનો બહિષ્કાર કર્યો ત્યારે હું તેઓની સાથે ગૃહમાંથી નહોતો નીકળ્યો, એવો આક્ષેપ પાયાવિહોણો છે. મને એક દાખલો આપો કે જ્યારે મેં વિપક્ષના સાંસદોને સાથ આપ્યો ન હોય.

તેમણે જણાવ્યું હતું કે મેં મુખ્ય ચૂંટણી કમિશનર સામેની દરખાસ્ત પર સહી ન કરી હોવાનો આક્ષેપ પણ ખોટો છે. મને આવી કોઇ દરખાસ્ત પર સહી કરવા કોઇએ કહ્યું જ નહોતું.રાઘવ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે મેં સંસદમાં પંજાબમાંની પાણીની સમસ્યા, દિલ્હીમાંનું હવાનું પ્રદૂષણ, સરકારી શાળાઓની ખરાબ હાલત, ટ્રેનના મુસાફરોની તકલીફ, જીએસટી, આવકવેરાના મુદ્દા જેવી સમસ્યા ઉઠાવી હતી. (એજન્સી)

### યુદ્ધમાં પાકિસ્તાનની

કે અમે મીડિયા પ્લેટફોર્મને ખંત રાખવા, અટકળોને ટાળવા તથા ચોક્કસ અને સમયસર માહિતી માટે સત્તાવાર નિવેદન અને માહિતી પર આધાર રાખવાનો અનુરોધ કરી એ છીએ. પાકિસ્તાનસ્થિત 'ડોન' અને અમેરિકાસ્થિત 'ધ વોલ સ્ટ્રીટ જનરલે' અહેવાલમાં સૂચવ્યું હતું કે વૉશિંગ્ટન અને તહેરાન વચ્ચે દરખાસ્તોની આપ-લે થઈ છે, પરંતુ પછી ઈરાનના પક્ષ તરફથી ચોક્કસ પ્રતિસાદ ન મળતાં પાકિસ્તાનની મધ્યસ્થી ઠંડી પડી ગઈ છે. વોલ સ્ટ્રીટ જનરલે અહેવાલ આપ્યો છે રે ઈરાને ઈસ્લામાબાદમાં અમેરિકાના પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કરવાની ના પાડી હતી. (એજન્સી)

### નાશિકમાં

પુરપાટ દોડતી કાર પરથી સુનીલે નિયંત્રણ ગુમાવ્યું હતું, જેને કારણે કાર ખુલ્લા કૂવામાં પડી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે સિમેન્ટ-કૉન્ક્રીટનો પાકો રસ્તો કૂવા સુધી જ બનાવવામાં આવ્યો હતો. રસ્તાને છેવાડે મોટો કૂવો હતો, જેની ફરતે માત્ર એકાદ દોઢ ફૂટ જેટલી જ પાળ બાંધવામાં આવી હતી. આ નાની પાળને તોડી કાર કૂવામાં જઈ પડી હતી. કૂવા પાસેથી ડાબે વળાંક લઈને કાચા રસ્તા પર કારને વાળવામાં સુનીલ થાપ ખાઈ ગયો હશે, એવું અનુમાન પોલીસે લગાવ્યું હતું.

દરમિયાન અકસ્માતની જાણ થતાં ગામવાસીઓ દોડી આવ્યા હતા. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. બે ક્રેન અને તરવૈયાઓની મદદથી કારને કૂવામાંથી બહાર કાઢવામાં આવી હતી. કારમાં હાજર નવેનવ જણનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં. પોલીસે તેમના મૃતદેહો સરકારી હૉસ્પિટલમાં મોકલી આપ્યા હતા.

આ પ્રકરણે દિંડોરી પોલીસે કાર ચલાવનારા સુનીલ દરગોડે અને કૂવાના માલિક રાજેન્દ્ર પર્વતરાય રાજે વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. બેદરકારીથી કાર ચલાવીને પોતાના અને કારમાં હાજર અન્યોનાં મૃત્યુ માટે જવાબદાર ઠરવા બદલ સુનીલ વિરુદ્ધ જ્યારે રસ્તા વચ્ચે કૂવો બનાવી સુરક્ષાની દૃષ્ટિએ તારકમ્પાઉન્ડ અથવા મોટી પાળ ન બનાવવા બદલ રાજેન્દ્ર વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

### ૪૪,૦૦૦ ટન

એક વધુ જહાજ મેંગલૂરુ બંદરે આવી પહોંચ્યું હતું.

પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલયે જણાવ્યું હતું કે ઇરાનથી રાંધણગૅસ લઇને 'સી બર્ડ' નામનું જહાજ મેંગલૂરુ આવી પહોંચ્યું હતું અને તેમાંથી ગૅસનું વિતરણ પણ ચાલુ કરી દેવાયું હતું.

અમેરિકાએ ઇરાન પાસેથી ખનિજ તેલ અને ગૅસની ખરીદી પરનો પ્રતિબંધ કામચલાઉ ઉઠાવી લેતા ભારતે તહેરાન પાસેથી ઈંધણની ખરીદી શરૂ કરી હતી.

ગ્રીન સાન્વી નામનું જહાજ ખાડીમાંથી પસાર થઇ ગયું, તે પછી હજી ભારતના ૧૭ જહાજ ત્યાંથી સુરક્ષિત રીતે પસાર થવાની રાહ જોઇ રહ્યા છે.

સરકારે જણાવ્યું હતું કે અમે રાંધણગૅસના સિલિન્ડર (એલપીજી) અને પાઇપ્ડ નૅચરલ ગૅસ (પીએનજી) પૂરો પાડવાની બાબતને પ્રાધાન્ય આપી રહ્યા છે.

સરકાર રાંધણગૅસનો સંગ્રહ અને કાળાબજાર કરનારાઓને ત્યાં દરોડા પાડી રહી છે અને યુદ્ધ ચાલુ થયું, તે પછી અત્યાર સુધીમાં ૩,૭૦૦ કરતાં વધારે દરોડા પડાયા હતા, ૧,૦૦૦ જેટલી કારણદર્શક નૉટિસ અપાઇ હતી અને ૨૭ ગૅસ વિક્રેતાની ડીલરશિપ સસ્પેન્ડ કરાઇ હતી.સરકારે એવી સ્પષ્ટતા કરી હતી કે ગુજરાતના વાડીનાર ખાતે આવતું જહાજ નાણાંની ચુકવણીની સમસ્યાને કારણે ચીન તરફ વાળવામાં આવ્યું હોવાનો અહેવાલ ખોટો છે. (એજન્સી)

### લખનઊ

સંપર્કમાં હતું. મુખ્ય આરોપી તરીકે ઓળખી કાઢવામાં આવેલો સાકિબ ઉર્ફે ડેવિલ મેરઠનો રહેવાસી છે. સાકિબ તેના અન્ય સાથીદારો સાથે દેશવિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો. આ ગ્રૂપ રેલવે સિગ્નલ બોક્સ, મહત્ત્વના સંસ્થાનો, ગૅસ સિલિન્ડર લઈને જતી ટ્રકો તેમ જ અન્ય મહત્ત્વની સરકારી મિલકતોને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

આ ગ્રૂપ મહત્ત્વના રાજકીય નેતાઓ અને ચાવીરૂપ સંસ્થાનોની માહિતી મેળવવીને પાકિસ્તાની હેન્ડલરને પહોંચાડતું હતું. આ ગ્રૂપે ગાઝિયાબાદ, અલીગઢ અને લખનઊમાં રેલવેની મહત્ત્વની મિલકત સહિત વિવિધ સ્થળોનો સર્વે કરી તેમને પહોંચાડ્તું હતું.

### પરગ્રહવાસીઓનું

હશે?

ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ એક પૉડકાસ્ટરના સવાલના જવાબમાં જણાવ્યું હતું કે પરગ્રહવાસીઓનું 'અસ્તિત્વ' છે, પરંતુ મેં તેઓને હજી સુધી નથી જોયા.

પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે હું યુએફઓને લગતી 'બહુ જ રસપ્રદ' ગણાતી સરકારી ફાઇલ્સ જાહેર કરવા આદેશ આપી રહ્યો છું.

અમેરિકાની અવકાશી સંસ્થા 'નાસા'એ હાલમાં ચંદ્રના પરિભ્રમણ માટે અને ત્યાં વિવિધ પ્રયોગ કરવા માટે ચાર અવકાશયાત્રી સાથેનું અવકાશયાન મોકલ્યું છે અને બે વર્ષ પછી ફરી ચંદ્રની ધરતી પર માનવોને ઉતારવાની તૈયારી ચાલી રહી છે. એવા સમયે પરગ્રહવાસીઓનો મુદ્દો ફરી ચર્ચાઇ રહ્યો છે.

થિયરેટિકલ ફિઝિસિસ્ટ એવી લોએબે જણાવ્યું હતું કે જો હું બીજા કોઇ ગ્રહ પરથી પૃથ્વીને જોતો હોત, તો ઘણો નિરાશ થઇ જાત. પૃથ્વી પર બધે જ હિંસા ફેલાયેલી છે. એક માણસ બીજાને મારી રહ્યો છે.

પ્યૂ રિસર્ચ સેન્ટર દ્વારા ૨૦૨૧માં હાથ ધરાયેલા સર્વેક્ષણમાં અમેરિકાના અંદાજે ૬૬ ટકા લોકોએ જણાવ્યું હતું કે અમે માનીએ છીએ કે બીજા ગ્રહો પર આપણા કરતાં હોશિયાર લોકો રહે છે. હૉલિવૂડની ઘણી ફિલ્મમાં પણ 'અજાણી ઊડતી રકાબી'માંથી લીલા કે અન્ય રંગના પરગ્રહવાસીઓને નીકળતા દર્શાવાયા છે. (એજન્સી)

### ઈરાન શરતી

દુશ્મન પાઇલટને શોધવામાં મદદ કરવા અપીલ કરી હતી.

નૈર્ઋત્ય ઇરાનના બુશહરમાં આવેલા અણુમથક પર અમેરિકા અને ઇઝરાયલે ચોથી વખત હુમલો કર્યો હતો. આ જગ્યા તહેરાનથી અંદાજે ૭૫૦ કિલોમીટર દૂર આવેલી છે. આ હુમલામાં અત્યાર સુધીમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

ઇરાનના આંતરિક માળખા પર કરાઇ રહેલા હુમલાને લીધે તહેરાન ગુસ્સે થયું છે. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ ચેતવણી આપતા જણાવ્યું હતું કે બુશહરના અણુમથકમાં રશિયાથી લવાયેલું યુરેનિયમ વપરાય છે અને ત્યાં રશિયાના ટૅક્નિશ્યન કામ કરે છે. આ પ્લાન્ટ અંદાજે ૧,૦૦૦ મેગાવૉટ વીજળીનું ઉત્પાદન કરે છે. જો અણુમથક પરના હુમલાને લીધે કિરણોત્સર્ગી પદાર્થ ફેલાશે, તો તે અખાતના બધા દેશોમાં વિનાશ વેરશે, કારણ કે કિરણોત્સર્ગ ફેલાવાને કોઇ સરહદ નથી હોતી.

ઇરાને દાવો કર્યો હતો કે અમે લડાઇમાં અત્યાર સુધીમાં અમેરિકાનાં અનેક યુદ્ધ વિમાન તોડી પાડ્યાં હતાં અને અમેરિકાનાં વિમાનવાહક જહાજને પણ નુકસાન પહોંચાડ્યું હતું. (એજન્સી)

### યુદ્ધની અસર

અને વાર્ષિક એક ટકાનો વધારો સૂચવે છે. ઘઉંની કિંમતમાં વૈશ્વિક સ્તરે ૪.૩ ટકાનો, વનસ્પતિ તેલમાં ૫.૨ ટકાનો ડેરી ઉત્પાદનોની કિંમતમાં ૧.૨ ટકા અને સાકરની કિંમતમાં ૭.૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. આગામી મહિનાઓમાં ઉત્પાદન અને પુરવઠામાં ઉલ્લેખનીય ઘટાડો જોવા મળે એવી ચિંતા તેમણે વ્યક્ત કરી હતી.

# મરાઠી ન બોલતા રિક્ષા ચાલકોના લાઇસન્સ રદ થશે?

ભાયંદર: રિક્ષા લાઇસન્સ મેળવ્યા પછી પણ જે રિક્ષા ચાલકોને મરાઠી બોલતા ન આવડતું હોય, તેમની ફરીથી ચકાસણી કરવાના આદેશ રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આરટીઓને આપ્યા છે, જેના કારણે મરાઠી ન આવડતું હોય તેવા રિક્ષા ચાલકોના લાઇસન્સ રદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજ્યના વિવિધ શહેરોમાં સરકાર દ્વારા રિક્ષા ચાલકોને લાઇસન્સ આપવામાં આવ્યા છે અને તેના આધારે જ ટ્રાફિક પોલીસ દ્વારા રિક્ષા ચલાવવાની પરવાનગી આપવામાં આવે છે. જરૂરી દસ્તાવેજો પૂર્ણ કરનાર નાગરિકોને જ આ લાઇસન્સ આપવામાં આવે છે. જોકે થોડા દિવસો પહેલા જ મીરા ભાયંદર, વસઈ-વિરાર, થાણે અને મુંબઈ જેવા શહેરોમાંથી નકલી દસ્તાવેજોના આધારે લાઇસન્સ મેળવ્યા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આ સંદર્ભમાં તમામ રિક્ષા લાઇસન્સની પુનઃચકાસણી કરવાના આદેશ આપવામાં આવ્યા છે અને મહારાષ્ટ્ર પ્રાદેશિક પરિવહન વિભાગના અધિકારીઓને પહેલી મે સુધીમાં આ અંગેનો અહેવાલ રજૂ કરવાની સૂચના આપવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ તપાસ દરમિયાન સંબંધિત રિક્ષા ચાલકને મરાઠી બોલતા આવડે છે કે નહીં, તેની પણ ખાતરી કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. ■

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS® LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

KALCIYOG
સાબિત કેલ્સીયોગ®
આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
• હાડકા અને સાંધાના ટોનિક. • હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાના દુખાવા માટે ઉત્તમ. • વાળ ખરવાનું ઓછું કરો.
• સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી
Amazon પર કેશ ઓન ડિલિવરી ઉપલબ્ધ
ડૉ. અભિજીત 9422011723
ધૌતી-યોગ ની પ્રભાવી ઔષધિ

# થાણેમાં એક જ વર્ષમાં ૨.૭૫ લાખ નવા વાહનો નોંધાયા

થાણે: થાણેમાં મેટ્રોનું નેટવર્ક અને આંતરિક મેટ્રોની કામગીરી ચાલી રહી હોવાથી એવી અપેક્ષા હતી કે રસ્તાઓ પર ટ્રાફિક અને વાહનોની સંખ્યા ઘટશે, પરંતુ તેનાથી ઉલટું ખાનગી વાહનો ખરીદવાનું પ્રમાણ વધી રહ્યું છે. આંકડા મુજબ પહેલી એપ્રિલ ૨૦૨૫થી ૩૧ માર્ચ ૨૦૨૬ના એક જ વર્ષમાં થાણેમાં ૨,૭૭,૪૪૪ નવા વાહનો નોંધાયા છે.

સૌથી વધુ વાહનોની નોંધણી થાણે પરિવહન વિભાગમાં થઈ છે, જે ગત વર્ષના ૨.૩૮ લાખના આંકડાને વટાવી ગઈ છે. થાણે જિલ્લો હાલ ટ્રાફિક જામનું કેન્દ્ર બન્યો છે. આ ટ્રાફિક ઘટાડવા માટે મેટ્રો-૪ અને મેટ્રો-૫ જેવા મહત્વના પ્રોજેક્ટ્સનું કામ હાલમાં ચાલી રહ્યા છે. આ ઉપરાંત આંતરિક મેટ્રો લાઇન પ્રોજેક્ટની કામગીરી પણ થાણેમાં શરૂ થઈ છે. ■

# ‘બાળકને દત્તક લેવાથી તેની દુનિયા જ નહીં, આખી જિંદગી બદલાઇ જાય છે’

## એમ કહી હાઇ કોર્ટે દત્તક લેવાયેલી પુત્રી માટે ઓસ્ટ્રેલિયા લઇ જવાનો માર્ગ મોકળો કર્યો

મુંબઈ: એક બાળકને દત્તક લેવાથી દુનિયા નહીં બદલાય, પરંતુ તે બાળકની આખી જિંદગી બદલાઈ જશે એમ કહીને મુંબઈ હાઈ કોર્ટે એક દંપતી માટે તેમની દત્તક લીધેલી પુત્રીને ઓસ્ટ્રેલિયા લઈ જવાનો માર્ગ મોકળો કર્યો છે. જસ્ટિસ રવીન્દ્ર ઘુગે અને અભય મંત્રીની ખંડપીઠે નવી મુંબઈના અરજદાર દંપતીની અરજી મંજૂર કરતી વખતે આંતરરાષ્ટ્રીય દત્તક લેવાના નિયમો સાથે સંબંધિત કાયદાકીય ગૂંચ ઉકેલી હતી. અરજદાર દંપતીએ એપ્રિલ ૨૦૨૩ માં હિંદુ દત્તક અને ભરણપોષણ કાયદા હેઠળ તેમના એક નજીકના સંબંધીની ૪૫ દિવસની પુત્રીને દત્તક લીધી હતી. તે સંબંધીને પહેલેથી જ બે સંતાનો હતા. ૨૧ એપ્રિલ ૨૦૨૩ ના રોજ નોંધણી કરાવીને દત્તક વિધાનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી અને બાળકીના પાસપોર્ટ સહિતના દસ્તાવેજો પર દત્તક માતા-પિતાના નામ નોંધાયા. પ્રક્રિયા દરમિયાન પતિ પાસે ઓસ્ટ્રેલિયાની નાગરિકતા હતી, જ્યારે પત્ની ભારતીય નાગરિક હતી, જેને પાછળથી ઓસ્ટ્રેલિયાની નાગરિકતા મળી હતી. જોકે, ઓસ્ટ્રેલિયન દત્તક વિઝા મેળવવાનો પ્રયત્ન કરતી વખતે આ દંપતીને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ ગૂંચ ઉકેલવા માટે કોર્ટે હિન્દુ દત્તક અને જાળવણી અધિનિયમ હેઠળ દત્તક લેવાયેલી છોકરીને ઓસ્ટ્રેલિયા લઈ જવાના અવરોધો દૂર કરીને કેન્દ્રીય દત્તક ગ્રહણ પ્રાધિકરણને તાત્કાલિક એનઓસી આપવાનો આદેશ આપ્યો અને આ બાબતે ભારત અને ઓસ્ટ્રેલિયાના ઇમિગ્રેશન અધિકારીઓને જાણ કરવાની સૂચના આપીને અરજીનો નિકાલ કર્યો હતો. ■

Khadi and Village Industries Commission
Ministry of MSME (Govt. of India)
C B Kora Institute, Shimpoli Village, Opposite Municipal School, Borivali (West)
Government Certificate Course
Calligraphy Course
Starting Sun. 12 April with Practicals
In this course, with practical training Basic Calligraphy will be taught in Devnagari and English Fonts. Then Greeting card, Saree painting, T-shirt Painting, Name plate designing etc. will be conducted in calligraphic Design. 5 Sunday
Hemant 9892798130
Wakkar 8169715653


JOCKEY
FACTORY SECONDS
UPTO 50% OFF*
*T & C apply
• 10 am to 8 pm • Open All Days • Master / Visa Card Accepted
ONLY LEISUREWEAR, ACTIVEWEAR, KIDSWEAR, THERMALS & SOCKS
Venues in Mumbai
New Marine Lines : Shri Sunderbai Hall, Behind Income Tax Office
Vile Parle (W) : Branded Discount Store, 1st Floor, Next To Alfa - 1, Irla
Org. by: Surya Agency Pvt. Ltd.


BJP Mumbai Gujarati Cell
ભાજપ મુંબઈ ગુજરાતી સેલ
Shri Ameet Satam - MLA
President - BJP Mumbai
Shri Bimal Bhuta
President:
BJP Gujarati Cell, Mumbai
નિબંધ સ્પર્ધા
વિષય: હિંદુત્વ; મારી નજરે
મર્યાદા: ૧૦૦ શબ્દો
નિર્ણાયક
પ્રમુખ : ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી વિશ્વેશ્વરાનંદ ગિરિ જી મહારાજ
પદ્મભૂષણ શ્રી કુંદનભાઈ વ્યાસ, વરિષ્ઠ પત્રકાર
શ્રી બકુલેશ કક્કર, જાણીતા કટાર લેખક
ઇનામો
પ્રથમ ઇનામ: દ્વારકા અને સોમનાથ યાત્રા (૨ વ્યક્તિ માટે)
દ્વિતીય ઇનામ: ત્ર્યંબકેશ્વર યાત્રા (૨ વ્યક્તિ માટે)
તૃતીય ઇનામ: સ્ટેનલેસ સ્ટીલ ડિનર સેટ; ૧૧૧ પીસેસ
બધા સ્પર્ધકોને વિશેષ ઇનામ
*પસંદ કરેલા ઉમેદવારોને ૫ મિનિટની રજૂઆત માટે બોલાવવામાં આવશે.
પ્રવેશ મોકલવા માટે:
WhatsApp: 8080048045
Email: bjpmumbaigujarati@gmail.com
*શરતો અને નિયમો લાગુ પડે છે. અરજી પ્રક્રિયા દરમિયાન કૃપા કરીને તમારું સંપૂર્ણ નામ, ઈમેઈલ આઈડી, મોબાઈલ નંબર અને સરનામું આપવાનું નિશ્ચિત કરો.
અંતિમ તારીખ: ૧૦ એપ્રિલ, ૨૦૨૬
સહયોગ: સનાતન કલ્ચર એન્ડ હેરિટેજ અવેરનેસ ફાઉન્ડેશન

દેવભુમિ દેવલાલી નગરે, મેરૂ હેરિટેજના આંગણે,
પ્રભુતા ભર્યા દિવ્ય વાતાવરણમાં આપના
સપનાના ઘરની સુવર્ણ તક...
Meru Heritage
2 BHK, 3 BHK & 4 BHK
DEOLALI

મેરૂ હેરિટેજના સંકુલમાં ટુંક સમયમાં થશે
શ્રી સુમતિનાથ સ્વામી, શ્રી શાંતિનાથ સ્વામી
અને શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની પધરામણી

વૈષ્ણવ હૃદય સમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી
૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ)
ના વરદ્‌હસ્તે ૨૫ એકરમાં પથરાયેલા
મેરૂ હેરિટેજના સંકુલમાં
વ્રજધામ હવેલી
નું ભુમિપૂજન થઈ ગયેલ છે.
તેઓશ્રીના આશિષથી કામ પૂર જોશમાં ચાલુ છે
અને ટૂંકમાં હવેલીમાં થશે
શ્રી ગોવર્ધનધરણ, શ્રી યમુનાજી,
શ્રી ગિરિરાજજી અને શ્રી મહાપ્રભુજીના દર્શન
AMENITIES :
RELAXATION SPACE | GREENLAND | MEDITATION AREA | CRICKET GROUND | SWIMMING POOL | TRACK
SPACIOUS FLATS | KIDS ADVENTURE PARK | PICKLE BALL COURT | VOLLEYBALL COURT | BASKETBALL COURT

MAHARERA NO: P51600078175
https://maharera.mahaonline.gov.in
FOR BOOKING CONTACT : BHAVYA HARIA + 91 9664456202
BEHIND MAHALAXMI MANDIR, LAM ROAD, DEOLALI, MAHARASHTRA - 422401.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુનેત્રા પવારના એક ફોનથી શિવસેનાનો નિર્ણય બદલાયો

## કૉંગ્રેસના ઉમેદવારને સમર્થન નહીં: ઉદ્ધવ ઠાકરેની બેઠકમાં મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અજિત પવારના અવસાન બાદ, મહાયુતિ દ્વારા બારામતી વિધાનસભા પેટાચૂંટણી બિનહરીફ લડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે, કોંગ્રેસ પાર્ટીએ ઉમેદવાર ઉતારવાનો નિર્ણય લીધો છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે જણાવ્યું હતું કે ઉમેદવારનું નામ આવતીકાલ સુધીમાં જાહેર કરવામાં આવશે. તે સમયે, એનસીપી ઉમેદવાર અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે મહા વિકાસ આઘાડીમાં મુખ્ય પક્ષ શિવસેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરેને ફોન કરીને તેમના સમર્થન માટે અપીલ કરી હતી.

અજિત પવારના આકસ્મિક અવસાન બાદ, કેન્દ્રીય ચૂંટણી પંચે બારામતી વિધાનસભા માટે પેટાચૂંટણીની જાહેરાત કરી છે. આ માટે, શનિવારે માતોશ્રી ખાતે શિવસેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઠાકરે જૂથના નેતા સંજય રાઉત હાજર રહ્યા હતા. આ બેઠકમાં સુનેત્રા પવારની અપીલ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સુનેત્રા પવારના ફોન કોલ પછી, પક્ષના સૂત્રોએ એવી માહિતી આપી છે કે શિવસેના (યુબીટી) પાર્ટી બારામતીની પેટાચૂંટણીમાં તેમને ટેકો આપશે. ઠાકરે અને પવાર પરિવાર વચ્ચેના ગાઢ સંબંધોને ધ્યાનમાં રાખીને, ઠાકરેની શિવસેના પેટાચૂંટણી માટે સુનેત્રા પવારને ટેકો આપશે, એવી માહિતી સૂત્રોએ આપી હતી.

જો કોંગ્રેસ બારામતી વિધાનસભાની પેટાચૂંટણીમાં ઉમેદવાર ઉતારે છે, તો ઠાકરેની શિવસેના કોંગ્રેસના ઉમેદવારને ટેકો આપવાને બદલે સુનેત્રા પવારને ટેકો આપશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. એવું જાણવા મળ્યું છે કે ઉદ્ધવ ઠાકરે પોતે એક પ્રેસ કોન્ફરન્સ કરશે અને સુનેત્રા પવારના સમર્થન સંદર્ભમાં આ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરશે.

# રાજ્યસભામાં જતા શરદ પવારે આપી ઉદ્ધવ ઠાકરેને ખાતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાવિકાસ આઘાડીના તમામ પક્ષોએ મને રાજ્યસભામાં મોકલવા માટે સહકાર આપ્યો. હવે જ્યારે ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદ માટે નામ લાવશે, ત્યારે અમે તેને સહકાર આપીશું. અમે તેને ટેકો આપીશું, એમ શરદ પવારે પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં જણાવ્યું હતું. ઉદ્ધવ ઠાકરે અને મહાવિકાસ આઘાડીએ મને રાજ્યસભામાં મોકલવા માટે સહયોગ આપ્યો. ભવિષ્યમાં, ઠાકરે વિધાન પરિષદ દરમિયાન જે પણ ઉમેદવાર આપશે તેને અમે ટેકો આપીશું, એમ શરદ પવારે કહ્યું હતું.

હવે જોવાનું એ રહે છે કે ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદ માટે કોને તક આપશે? તેઓ પોતે ફરીથી ગૃહમાં જશે કે નહીં તે હજુ નક્કી નથી. રાજ્યસભા માટે શરદ પવારનો શપથવિધિ સમારોહ છઠી એપ્રિલે છે.

હાલમાં, મહારાષ્ટ્રમાં બે વિધાનસભા પેટાચૂંટણીઓ, બારામતી અને રાહુરીની ચર્ચા ચાલી રહી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ઇચ્છે છે કે બારામતી વિધાનસભા પેટાચૂંટણી બિનહરીફ થાય. આ માટે, તેમણે તમામ પક્ષોને સહયોગ આપવા અપીલ કરી છે. અજિત પવારના અકાળ અવસાનને કારણે બારામતી વિધાનસભા પેટાચૂંટણી યોજાશે. નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી તરફથી ઉમેદવાર રહેશે.

# પારિવારિક જીવનમાં વૈવાહિક મતભેદ સામાન્ય છે, એક જીવનસાથી પર આત્મહત્યા માટે ઉશ્કેરણીનો આરોપ લગાવી શકાય નહીં: હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે એક મહિલા સામે તેના પતિને આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ દાખલ કરાયેલા કેસને રદ કરતા કહ્યું છે કે, ફક્ત બંને વચ્ચે વૈવાહિક મતભેદ હોવાને કારણે જીવનસાથી પર તેના અન્ય સાથીને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવી શકાતો નથી.

હાઈ કોર્ટની નાગપુર બેન્ચે ગયા અઠવાડિયે આપેલા પોતાના આદેશમાં જણાવ્યું હતું કે પારિવારિક જીવનમાં વૈવાહિક મતભેદ સામાન્ય છે અને આત્મહત્યા ફક્ત વૈવાહિક મતભેદ હોવાને કારણે કોઈપણ જીવનસાથીને જવાબદાર ઠેરવી શકાતી નથી. તેમાં ઉમેર્યું હતું કે, આરોપી તરફથી પીડિતાને જીવનનો અંત લાવવા માટે સીધી ઉશ્કેરણી હોવી જોઈએ.

આવા કિસ્સાઓમાં, એવું ન માની શકાય કે એક જીવનસાથી દ્વારા ઉશ્કેરણી કરવાના કારણે બીજાએ આત્મહત્યા કરી છે, એમ કોર્ટે કહ્યું હતું.

બેન્ચે ૪૯ વર્ષની વ્યવસાયે શિક્ષિકા દ્વારા દાખલ કરાયેલી અરજીને મંજૂર કરી હતી, જેમાં અમરાવતી પોલીસે ૨૦૧૯માં દાખલ કરેલા આત્મહત્યા માટે ઉશ્કેરણી કેસને રદ કરવાની માગણી કરવામાં આવી હતી.

જસ્ટિસ ઉર્મિલા જોશી ફાળકેની સિંગલ બેન્ચે જણાવ્યું હતું કે આ કેસમાં પતિ અને પત્ની બંનેએ એકબીજા પર દુર્વ્યવહાર અને અત્યાચારના આરોપો લગાવ્યા હતા અને તેથી વધુમાં વધુ એમ કહી શકાય કે સ્ત્રી પુરુષની હતાશાનું કારણ બની શકે છે.

'આ પ્રકારના મતભેદ અને ઝઘડા ઘરેલુ જીવનમાં સામાન્ય છે અને જ્યાં સુધી કોઈ દોષી ઇરાદો ન હોય ત્યાં સુધી, સામાન્ય રીતે એવું સાબિત કરવું શક્ય નથી કે સ્ત્રી તેના પતિના મૃત્યુ માટે જવાબદાર હતી,' એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

કોર્ટે તેના આદેશમાં નોંધ્યું હતું કે કોઈ વ્યક્તિને ઉશ્કેરણીના ગુના માટે દોષી ઠેરવવા માટે, ફરિયાદ પક્ષે સાબિત કરવું જોઈએ કે આરોપીએ આત્મહત્યામાં ભૂમિકા ભજવી હતી અથવા વ્યક્તિને પોતાનો જીવ લેવા માટે પ્રોત્સાહિત કરી હતી અથવા વ્યક્તિએ આત્મહત્યા કરી હતી તે સુનિશ્ચિત કરવા માટે અન્ય લોકો સાથે કાવતરું ઘડ્યું હતું. હાઈકોર્ટે કહ્યું હતું કે, આરોપી દ્વારા પીડિતાને આત્મહત્યા કરવા માટે સીધી ઉશ્કેરણી કરવામાં આવી હોવી જોઈએ.

# બારામતી પેટાચૂંટણી: ફડણવીસે અજિત પવારનાં પત્ની માટે બિનહરીફ જીતની અપીલ કરી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે તમામ પક્ષોને એવી અપીલ કરી હતી કે બારામતી વિધાનસભા મતવિસ્તારમાં બિનહરીફ પેટાચૂંટણી થાય, જે તત્કાલીન એનસીપી પ્રમુખ અજિત પવારના વિમાન દુર્ઘટનામાં મૃત્યુને કારણે જરૂરી બન્યું હતું, જેથી તેમની પત્ની અને હાલના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને ચૂંટી કાઢવામાં આવે.

તેમણે મહારાષ્ટ્રની રાજકીય પરંપરાઓનો આદર કરવા માટે સુનેત્રા પવારને સમર્થન આપવા માટે સર્વસંમતિનો આગ્રહ કર્યો હતો.

ભૂતકાળના ઉદાહરણોને યાદ કરતાં, ફડણવીસે એનસીપી (અવિભાજિત) વિધાનસભ્ય અને રાજ્યના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન આર. આર. પાટીલના મૃત્યુ પછી યોજાયેલી બિનહરીફ પેટાચૂંટણીનો ઉલ્લેખ કર્યો હતો જેમાં તેમની પત્ની, સુમન પાટીલ, ૨૦૧૫માં તેમના પતિના મૃત્યુ પછી તાસગાંવ-કવઠે મહાંકલ વિધાનસભા મતવિસ્તારમાંથી બિનવિરોધ ચૂંટાઈ આવ્યા હતા.

બધા પક્ષોએ ઉદારતાનો અભિગમ દાખવવો જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે પેટાચૂંટણી બિનહરીફ થાય, એમ ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું.

મહાયુતિ ગઠબંધનનું નેતૃત્વ કરતી ભાજપ, મહારાષ્ટ્રમાં એનસીપી અને શિવસેના સાથે સત્તામાં સહભાગી છે.

એનસીપીના સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલમાં રાજ્યસભાના સભ્ય સુનેત્રા પવાર છઠી એપ્રિલે પુણેના બારામતી વિધાનસભા ક્ષેત્રની ૨૩ એપ્રિલે થનારી પેટાચૂંટણી માટે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે.

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં, અજિત પવારે બારામતી બેઠક સૌથી વધુ ૧.૬૫ લાખ મતોના માર્જિનથી જીતી હતી. તેમણે ૨૦૨૪ની ચૂંટણીમાં તેમના ભત્રીજા યુગેન્દ્ર પવારને હરાવીને ૧ લાખથી વધુ મતોના માર્જિનથી આ બેઠક જાળવી રાખી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

## મુંબઈમાં ઓસી

સમસ્યા વર્ષો જૂની હોઈ બિલ્ડર બિલ્ડિંગ બાંધીને નીકળી જાય છે પણ તેની સજા બિલ્ડિંગના રહેવાસીઓને ભોગવી પડે છે. તેથી નાગરિકોના હિતને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકાના બિલ્ડિંગ પ્રપોઝલ અને ડેવલપમેન્ટ એન્ડ પ્લાનિંગ ડિપાર્ટમેન્ટ તરફથી ઓસી નહીં ધરાવતી બિલ્ડિંગને ઓસી આપવા માટે અભય યોજના અમલમાં મૂકવાનો વિચાર છે.

રાજ્યના નગરવિકાસ ખાતા પાસેથી મળેલા નિર્દેશ મુજબ આ અભય યોજના અંતર્ગત ઓક્યુપેશન સર્ટિફિકેટ માટે અપ્લાય કરવા માટે અગાઉની તારીખ ૨૫ માર્ચ, ૧૯૯૯ ને હવે વધારીને છ જાન્યુઆરી, ૨૦૧૨ સુધી એટલે કે ફંજિબલ લાગુ થવા પહેલાના આ પ્રકરણમાં મુદત વધારવાની સહમતી દર્શાવી છે. તેમ જ ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલાથી રહેતા હોય તેવા તથા બાંધકામને મંજૂરી આપેલી બિલ્ડિંગને સુધારિત મુદત વિચારમાં લેવી એવી સૂચના આપવામાં આવી છે. તે મુજબ મુંબઈ મહાનગરપાલિકાએ આ અભય યોજના માટે ગાઈડલાઈન બનાવી છે.

આ ગાઈડલાઈન મુજબ રહેણાંક બિલ્ડિંગ, હૉસ્પિટલ અને સ્કૂલની બિલ્ડિંગ ઓક્યુપેશન સર્ટિફિકેટ લેવા માટે અભય યોજનામાં ભાગ લઈ શકે છે. જે બિલ્ડિંગ અથવા બિલ્ડિંગનો ભાગ ૧૭ નવેમ્બર, ૨૦૧૬ પહેલાથી વાપરવામાં આવી રહ્યો છે અને જે ફ્લેટ ૮૦ ચોરસ મીટર સુધીના કાર્પેટ એરિયા છે એવી બિલ્ડિંગને લાભ મળવાનો છે. આ અભય યોજના અંતર્ગત કાનૂની માન્યતા મેળવવા માટેની ફી, બાલ્કનીને બંધ કરવાની, ઘરના ઓટલાને બંધ કરીને અંદર લઈ લેવો અને ઘરમાં માળિયું બનાવવાનો દંડ,અરજી ફી વગેરે ફી પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આ અભય યોજના અંતર્ગત આપવામાં આવશે. આ પ્રસ્તાવને પહેલા છ મહિનાની અંદર સબમીટ કરવામાં આવે તો કોઈ દંડ વસૂલ કરવામાં આવશે નહીં પણ જો તેપછી આવશે તો દંડની રકમ પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે અને જો તે પછી આવે તો ડિસ્કાઉન્ટ આપવામાં આવશે નહીં.

પાલિકાના અધિકારીના કહેવા મુજબ આ યોજના કોઈ પણ ગેરકાયદે બાંધકામને લાગુ પડશે નહીં અને ગેરકાયદે બાંદકામને ગેરકાયદે બાંધકામમાં રૂપાંતરિત કરવા માટે પણ આ યોજનાનો ઉપયોગ કરી શકાશે નહીં. આ અગાઉ ઑગસ્ટ ૨૦૨૪માં પણ ૧૯૯૯ પહેલાની ઓસી વગરની બિલ્ડિંગને ઓસી આપવા માટે અભય યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ બાબતની ગાઈડલાઈન પાલિકાની સ્થાયી સમિતિમાં મંજૂરી માટે રાખવામાં આવવાની છે અને ત્યાં મંજૂરી મળ્યા બાદ સર્ક્યુલર બહાર પાડવાની તારીખથી તે અમલમાં મૂકવામાં આવશે.

## ઈ-વાહનોને

અને ઈવી સ્કૂટરની ખરીદી પર ૧૦,૦૦૦ સુધીની સબસિડી આપવાની જાહેરાત કરી છે. સરકાર ઈવી વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપી રહી છે. તેથી છ હાઇવે પર ખાસ કરીને ઈવી બસો અને કાર માટે ટોલ માફીની જાહેરાત કરી છે.

મુંબઈ પુણે એક્સપ્રેસ વે, હિન્દુ હ્રદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગ અને અટલ સેતુ જેવા મુખ્ય ધોરીમાર્ગો પર ઈ-વાહનો, ખાસ કરીને ફોર-વ્હીલર અને બસો માટે ૧૦૦ ટકા ટોલ માફ કરવામાં આવ્યો છે. જાહેર બાંધકામ વિભાગના અન્ય રસ્તાઓ પર ૫૦ ટકા છૂટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. સરકારનું માનવું છે કે આ બધા પ્રોત્સાહનોથી ઈવી વાહનોની ખરીદી વધશે. તેથી ઇંધણની પણ બચત થશે અને પ્રદુષણ ઘટાડવામાં પણ મદદ મળશે.

## આખરે મીઠી નદીની

નહોતો. છેવટે બે જ બિડરે મીઠીની સફાઈમાં રસ દર્શાવ્યો હતો. એ બાદ મીઠી નદીનું ત્રણ પૅકેજ અંતર્ગત પાંચ ઠેકાણે કામની શરૂઆત થઈ છે.

ગયા વર્ષે મીઠી નદીના સફાઈના કામમાં થયેલા ૧,૧૦૦ કરોડ રૂપિયાના કૌભાંડની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ હાથ ધરી હતી, જેમાં કૉન્ટ્રેક્ટરના માણસો સહિત પાલિકાના અધિકારીઓની ધરપકડ કરવામાં આવી હતી, તેને પગલે ચોમાસા દરમ્યાન મીઠીની સફાઈનું કામ કૉન્ટ્રેક્ટરે બંધ કરી દીધું હતું. તેથી ઑગસ્ટમાં ભારે વરસાદના સમયે મીઠી નદીના પાણીનું સ્તર ૩.૯ મીટર સુધી વધીને લગભગ ૪.૨ મીટરના જોખમી સપાટી નજીક પહોંચી ગયું હતું અને તેને કારણે મીઠી નદીની આજુબાજુના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. તેથી આ વર્ષે તેનું પુનરાવર્તન થાય તેના પર ખાસ ધ્યાન આપવાનો નિર્દેશ પ્રશાસને અધિકારીઓને આપ્યો છે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે મીઠી નદી સહિત નાળા સફાઈના કામનું ઈન્સ્પેકશન કર્યું હતું એ દરમ્યાન તેમણે કહ્યું હતું કે આ વર્ષે પાલિકાનું ધ્યાન સમયસર મીઠી અને નાળાઓની સફાઈનું કામ પૂરું થાય તેના પર તો રહેશે જ પણ સાથે જ ચોમાસામાં નદીમાં પાણી ભરાઈને પૂર આવે નહીં તેના પર ખાસ રહેશે. ચોમાસા પહેલા ૩૧ ટકા સફાઈ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

મીઠી નદીના સમગ્ર ૧૮ કિલોમીટરના પટ્ટાને વહેંચી દેવામાં આવ્યું છે. પહેલા પૅકેજમાં વિહાર તળાવ સંજય ગાધી રાષ્ટ્રીય ઉદ્યાન કે જ્યાંથી નદીનું ઉદ્ગમ સ્થાન છે ત્યાથી ટીચર્સ કોલોની (બાન્દ્રા પૂર્વ) સુધીનો ૧૧.૮ કિલોમીટરનો સૌથી લાંબા પટ્ટાનો સમાવેશ થાય છે. જે વાકોલા અને કલિના વિસ્તારને પણ આવરી લેય છે અને આ બંને વિસ્તાર એકદમ નીચાણવાળા હોવાથી થોડા વરસાદમાં પણ અહીં પાણી ભરાઈ જાય છે.

બીજો ૧.૩ કિલોમીટરનો પટ્ટો બાન્દ્રા-કુર્લા કૉમ્પલેક્સ (બીકેસી) વિસ્તારને આવરી લે છે. જયારે છેલ્લા પૅકેજમાં ૪.૭ કિલોમીટરનો વિસ્તાર ધારાવી અને માહિમને આવરી લે છે અહીંથી નદી અરબી સમુદ્રમાં ઠલવાય છે.

**કામમાં ગડબડ કરી તો કૉન્ટ્રેક્ટ સામે કાર્યવાહી**

મીઠી નદીનો ગાળ કાઢવા માટે નીમવામાં આવેલા કૉન્ટ્રેક્ટરે કરેલા કામનું પાલિકાના અધિકારીઓએ ઈન્સ્પેકશન કરવાનું રહેશે. સંબંધિત કૉન્ટ્રેક્ટર યોગ્ય પ્રકારને નક્કી કરેલી મુદતમાં ગાળ કાઢવાનું કામ કરે છે કે નહીં તેની ખાતરી કાર્ય બાદ જ તેને ચૂકવણી કરવાની રહેશે. કામની ગુણવત્તા જળવાઈ રહે અને કમ્પ્યુટર સિસ્ટમમાં તમામ માહિતી અપલોડ થાય તેનું પણ અધિકારીઓએ ધ્યાન રાખવાનું રહેશે. જો કામમાં કોઈ ગડબડ કરી તો સંબંધિત કૉન્ટ્રેક્ટર સામે યોગ્ય કાર્યવાહી કરવાની ચેતવણી પાલિકાએ આપી છે.

## જૈન મરણ

**ખંભાત વિશા પોરવાડ જ્ઞાતિ જૈન**

સ્વ. ભદ્રેશભાઇ સુમનલાલ શાહ (ઉં. વ. ૭૦) ખંભાત નિવાસી હાલ ભાયંદર તે સ્વ. સુભદ્રાબેન તથા સ્વ. સુમનલાલના સુપુત્ર. તે સ્વ. વસુમતીબેન તથા સ્વ. ગુલાબચંદ ઝવેરીના જમાઇ શુક્રવાર તા. ૩-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પત્ની : કેતકીબેન. પુત્ર : નિલયભાઇ. પુત્રવધૂ : વિધીબેન. પૌત્રી : સાચી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૫-૪-૨૬ના કપોળવાડી, ગીતા નગર, ભાયંદર (વેસ્ટ), બપોરે ૨થી ૪.

**ક. દ. ઓ. જૈન**

ગં. સ્વ. નિર્મલા નવીનચંદ્ર લોડાયા (ઉં. વ. ૮૦) ગામ સાંધવવાળા હાલ મુલુંડ શુક્રવાર તા. ૩-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે લક્ષ્મીબેન કરમશી રતનશી શાહના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીબેન વિશનજી હીરજી છેડા કચ્છ નલિયાના દીકરી. સ્વ. નવીનચંદ્ર કરમશી લોડાયાના ધર્મપત્ની. સંદીપ નવીનચંદ્ર લોડાયા અને નીરજ નવીનચંદ્ર લોડાયાના માતુશ્રી. સ્મિતા સંદીપ લોડાયા અને જીનાલી નીરજ લોડાયાના સાસુજી. અમન, નેમીશ અને ધ્વનીના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૫-૪-૨૬ના બપોરે ૪થી ૫.૩૦ ઠે. મહાકવિ કાલિદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ પશ્ચિમ, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સરા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હીરાલક્ષ્મીબેન હરીલાલ જગજીવનદાસ દોશીના સુપુત્ર કિરીટભાઇના ધર્મપત્ની અ. સૌ. પ્રીતિ (ઉં. વ ૬૪) તા. ૪-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મૌલિકના માતુશ્રી. શૈલીના સાસુ. આરનાના દાદી. સ્વ. હરેન્દ્રભાઇ-રેણુકાબેન, જગદીશભાઇ-કુંદનબેન, નીલાબેન પ્રકાશભાઇના ભાઇના પત્ની. પિયર પક્ષે ચુડા નિવાસી સ્વ. માયાગૌરી ન્યાલચંદ ગીરધરલાલ કોઠારીના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૮૦૩, જયંતવીલા, તીલકરોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ભાયંદર સ્વ. નાનાલાલ જીવરાજ ગાંધીના સુપુત્ર સ્વ. બિપીનભાઇ ગાંધીના ધર્મપત્ની ગં. સ્વ. મીનાબેન (ઉં. વ. ૭૯) તા. ૪-૪-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે નિખિલ અને અલ્પાના માતા. રચના, પરેશ પારેખના સાસુ. વિયા તથા વાચનાના દાદી. પાર્થના નાની. પરષોતમ તારાચંદ દાણીના દિકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એ-૧૦૦૩, આનંદદય સોસાયટી, ડીમાર્ટ લેન, વાલચંદ દર્શનની બાજુમાં, ભાયંદર (વેસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી, ચંદ્રકાંત કાંતિલાલ વોરા (ઉં. વ. ૭૯) ૩/૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. ભાવિન તથા સ્વ. પ્રતીકના પિતા, પલકના સસરા. મીનાક્ષી મનુભાઈ, સ્વ. વર્ષા પ્રમોદભાઈ, દિલીપભાઈ તથા દીપ્તિ મીતેનના મોટાભાઈ, સ્વ. અમૃતલાલ વાડીલાલ દોશીના જમાઈ. પ્રાર્થનાસભા ૫/૪/૨૬ના રોજ ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન સંઘ, પારેખ ગલી કોર્નર, એસ વિ રોડ કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થા.વિશાશ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ અંધેરી વેસ્ટ, શ્રીમતી હર્ષાબેન શાહ ૩ એપ્રિલ, ૨૦૨૬ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસિકલાલ ચંપકલાલ ફુલચંદ શાહના પત્ની, અ.સૌ. પૂજા તથા તેજસના માતુશ્રી. અ.સૌ. નેહા તથા હિરેનના સાસુ. કુ. આશની તથા કુ. દ્વિત, કુ. આહન અને આગમના દાદી-નાની, સ્વ. બિપિનચંદ્ર, સ્વ. અશ્વિનભાઈ, સુધીરભાઈ, સ્મિતેશભાઇ, રજનીભાઈના ભાભી. સ્વ. કંચનબેન વૃજલાલ વોરાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશા પોરવાડ જૈન**

ખંભાત નિવાસી હાલ ભાયંદર, સ્વ. ભદ્રેશભાઈ સુમનલાલ શાહ (ઉ.વ. ૭૦) શુક્રવાર ૦૩/૦૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. સુભદ્રાબેન સુમનલાલના પુત્ર, કેતકીબેનના પતિ, નિલયભાઈના પિતાશ્રી, વિધીબેનના સસરા, સાચીના દાદા. સ્વ. વસુમતીબેન ગુલાબચંદ ઝ્વેરીના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર ૦૫/૦૪/૨૦૨૬ના બપોરે ૨ થી ૪. કપોળવાડી ગીતાનગર ભાયંદર વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલા હાલે ગાંધીધામના શ્રી નાનાલાલ હીરજી સતરા (ઉ.વ. ૭૨) તા. ૨-૪-૨૦૨૬ ના અવસાન પામેલ છે. લાછબાઇ હીરજી દેવશીના સુપુત્ર. શોભનાના પતિ. દિપેન, કાજલ, વિરાગના પિતાશ્રી. રામજી, નાનજી, લક્ષ્મીબેન (નિર્મળા), પુરબાઈ (પ્રમીલા), ઝવેર, સંસાર પક્ષે લીંબડી અજરામર સંપ્રદાયના પ. પૂ.બ્રાહ્મીકુમારી મહાસતીજીના ભાઇ. રતાડીયા ગ. ના હિરબાઈ મેઘજી વેલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : શોભના સતરા, ૫, સાકાર રેસીડેન્સી, પ્લોટ નં. ૨૬૪, વોર્ડ ૧૦ એ, ગુરુકુળ, ગાંધીધામ, કચ્છ-૩૭૦૨૦૩.

દેવપુરના ગંગાબેન દામજી ગાલા (ઉં. વ. ૭૭) મુંબઇ મધ્યે ૦૨-૦૪-૨૬નાં અવસાન પામેલ છે. મઠાબાઇ મેઘજી પુત્રવધુ. મુલબાઇ આસુના પુત્રી. સ્વ. ટોકરશી, રાયધણજરના મણીબેન રમણીકના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિપુલ ગડા, ૨ અંબિકા નિવાસ, પ્રભાત કોલોની, સાંતાક્રુઝ (ઇસ્ટ).

સમાઘોઘા હાલે ચૈન્નઇના શ્રી તલકશી ગાલા (ઉં. વ. ૭૯) તા. ૨-૪-૨૬ ના અવસાન પામેલ છે. સુંદરબાઇ ગાંગજીના પુત્ર. વિમળાબેનના પતિ. મિતેશ, હેતલના પિતા. દિલીપ, ધીરજ, કુસુમના ભાઇ. કસ્તુરબેન ધારશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મિતેષ ગાલા, નં. ૭, (ન્યુ નં. ૧૪), હંટર્સ લેન, ચોલાઇ, કોરપોરેશન પ્લે ગ્રાઉન્ડની બાજુમાં, ચૈન્નઇ-૬૦૦૧૧૨.

કપાયાના ગાંગજી રતનશી ગાલા (ઉં. વ. ૮૦) તા. ૩/૪/૨૬ ના અરિહંતશરણ પામેલ છે. પાચીમા રતનશીના પુત્ર. કેસરબેન ના પતિ. ભાવિની, વિલ્સુ, પ્રણયના પિતાશ્રી. કુંવરજી, હીરજી, વલ્લભજી, સંસાર પક્ષે પ. પૂ. આ. વિનોદચંદ્રજી મ. સા., અમૃતબેન ના ભાઈ. મોખા કુંવરબેન હીરજી દેઢિયા ના જમાઈ. પ્રા. શ્રી માટુંગા જૈન આરાધના ભવન, પ્લોટ નં. ૫/૬ બી, નાથાલાલ પારેખ માર્ગ, માટુંગા (સે. રે.) મુંબઈ -૧૯. ટા. ૩.૩૦ થી ૫.

સમાઘોઘાના માતુશ્રી પ્રભાવતી (પાનબાઇ/ ઇલાબાઇ) રામજી ગાલા (ઉ.વ. ૮૬) તા. ૨-૪-૨૦૨૬નાં દેશમાં અવસાન પામ્યા છે. રામજી હંસરાજ ગાલાના ધર્મપત્ની. મમીબાઇ હંસરાજ વીરાના પુત્રવધુ. દીલીપ, રાજેશ, હીરેનના માતુશ્રી. ભોરારાના દેવકાબેન રામજી જેઠા દેઢીયાના સુપુત્રી. દામજી, નાગજી, દેવજી, રતનશી, ગુંદાલાના સાકરબેન કાનજી નાનજીના બેન. પ્રાર્થના નઆજેથ (રવિવારે) ઠે. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ : કરસન લધુભાઇ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિ. હીરેન રામજી ગાલા, ૪૦૫, શિલ્પા, જગડુશા નગર, ઘાટકોપર (વે.), મુંબઇ-૮૬.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ દાદર, સ્વ. લલીતાબેન પૂનમચંદ શાહના સુપુત્ર અનિલભાઈ (ઉ.વ.૬૭) તે દીનાબેનના પતિ. ભાવિન અને પુનિતના પિતાશ્રી. નમ્રતા અને મેઘનાના સસરાજી, ઉષાબેન મહેન્દ્રકુમાર સંઘવી અને કુમુદબેન દિલીપકુમાર શેઠના ભાઈ, ટીકર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મગનલાલ પ્રાણજીવન લોદરિયાના જમાઈ. તા. ૩/૪/૨૬ના શુક્રવાર અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

## હિન્દુ મરણ

ગૌરી નાગજી તે સ્વ. જયાનંદ નાગજી અને ભાનુમતી નાગજીની પુત્રી. ડો. પરિમલ નાગજી અને રાજેશ નાગજીની બહેન તા. ૩-૪-૨૬ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૮-૪-૨૬ સાંજે ૫થી ૭. ઠે. જલારામ હોલ, એન. એસ. રોડ, નંબર ૬, હટકેશ સોસાયટી, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ).

**હાલાઇ ભાટીયા**

કુમારી ફાલ્ગુની (ઉં. વ. ૫૨) તે સ્વ. સૌ. રોહિણી વિમલની પુત્રી. સ્વ. અ. સૌ. ચંપાબેન પરસોતમ સંપટની પૌત્રી. કુશલની બહેન. સૌ. અનારની નણંદ. જ્યોતિ-ચંદ્રસેન, સ્વ. ઇલા-મહેશ, દિપીકા-રમેશ, જયશ્રી-પંકજ, રંજના-મયુરની ભત્રીજી તા. ૧-૪-૨૬ને બુધવારે શ્રીજીનાચરણ પામી છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સિહોર નિવાસી હાલ અંધેરી સ્વ. જશવંતરાય ચત્રભુજ વોરાના પુત્ર મુકેશ વોરા (ઉં. વ. ૭૬) શનિવાર તા. ૪-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે દક્ષા (ચંદ્રિકા)ના પતિ. સ્નેહ જીજ્ઞેશ ગાંધીના પિતા. ચિ. સિયાના નાના. સ્વ. અનંતરાય વલ્લભદાસ રેશમીયા (મહેતા)ના જમાઇ. સ્વ. અજીત વોરા, હર્ષદ વોરા, હેમંત વોરા, ઉર્મિલા પ્રકાશ દોશી, દેવયાની કનુભાઇ સંઘવી, પ્રતિભા કિરિટ ચીતલીયાના ભાઇ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટીયા**

સ્વ. રૂક્ષમણી ભરત પોપટ (ઉં. વ. ૭૯) ગામ ભુજ હાલ માટુંગા તે સ્વ. મીઠાબાઇ મણીલાલ શામજી પોપટના પુત્રવધૂ. સ્વ. બચુભાઇ દયાળજી માધવાણી ગામ મોટા આસંબીયાના પુત્રી. અંદ્રીજાના માતુશ્રી. સુરેશ રાવના સાસુ. ઇશાના નાનીમા. સ્વ. કિશોરભાઇ (જેઠ) વિક્રમ, પ્રકાશ, સ્વ. રતનબેન, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. નર્મદાબેન, પદ્મિની, ચંદ્રિકા, નીશીતારાના ભાભી શુક્રવાર તા. ૩-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૫-૪-૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. માટુંગા ગુજરાતી સેવા મંડળ, ફૂલ ગલ્લી, માટુંગા (સે.રે.). લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણીક**

અ.સૌ. નીલમબેન ચંપકલાલ શાહ (ઉં.વ.૬૮) મંગળવાર તા. ૩૧-૩-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. તે શ્રી ચંપકલાલનાં પત્ની. નેહા, મયુરનાં માતા. હીતેનકુમાર, સોનલનાં સાસુ. રેવ, મોક્ષનાં દાદી. પ્રાર્થનાસભા તા. ૧૨-૪-૨૦૨૬ના રવિવારે સવારે ૯થી ૧૧ કલાકે શ્રી લુહાર સુથાર જ્ઞાતિની વાડી, કાર્ટર રોડ નં.૩, અંબા માતા મંદિર નજીક, બોરીવલી (પૂર્વ). લૌકીક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

કાંદિવલી નિવાસી સ્વ.ચુનીલાલ તથા સ્વ. શાંતાબેન વૈદ્યના પુત્ર પ્રદીપ વૈદ્ય (ઉં. વ.૭૨)ગુરુવાર તા. ૨ એપ્રિલના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે કીર્તિ બહેનના પતિ, જશેશ તથા સાગરના પિતાશ્રી. લાવણ્યા અને સ્વાતિના સસરા, વિવાન કિયારા જનક અને દર્શના દાદા. રાજેશ દિવ્યા તથા જયેશના ભાઈ. પ્રાર્થનાસભા : ૬- એપ્રિલ, સોમવારે સમય સાંજે ૫.૩૦ થી ૭, હાલાઈ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સ્ટેશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. રાજેશભાઈ લક્ષ્મીદાસ રાયમાંગિયાગામ ખરી રોહર કચ્છ હાલે મલાડ (ઉ. વ. ૭૮) સ્વ. ભગીરથીબેન લક્ષ્મીદાસ રાયમંગિયાના સુપુત્ર. સ્વ. સુભાષભાઈ, સ્વ. અશ્વિનભાઈ, સ્વ. મંગળાગૌરીબેન, સ્વ. ઉર્મિલાબેનના ભાઈ. સ્વ.સુનિતાબેનના પતિ, સ્વ. સંદીપભાઈ, સંજીવભાઈ, દીપ્તિબેન પંચમતિયા તથા વિદ્યાબેન ઠક્કરના પિતાશ્રી. પ્રવીણાસંજીવભાઈ ઠક્કર તથા ગ. સ્વ. સપના સંદીપભાઈ ઠક્કરના સસરા. હસ્મિત, મિહિર, ખ્યાતિ, નિયતિના દાદા. તા. ૩ એપ્રિલ ૨૦૨૬ના શ્રીરામ ચરણ પામેલ છે.

**લુહાર સુથાર**

ગામ રાજકોટવાળા હાલ સુરત, સ્વ. રાજુભાઈ હસમુખભાઈ દાવડા (ઉં. વ. ૫૫) ૧/૪/૨૬ના સ્વર્ગલોક પામેલ છે. તે સ્વ. હંસાબેન હસમુખભાઈ દાવડાના પુત્ર. સ્વ. સુમિત્રાબેનના પતિ. અભય પ્રજ્ઞેશ તથા ઇશિકાના પિતા. ગિરીશ તથા મુકેશભાઈના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૬/૪/૨૬ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**બાલાસિનોર દશા નીમા વણિક**

હાલ કાંદિવલી, ગં.સ્વ મંજુલાબેન રસિકલાલ શાહ ઝાટ (ઉં. વ. ૯૩) તે સ્વ. રસિકલાલ લલ્લુભાઇના ધર્મપત્ની. અશ્વિન, ભાવના તથા જીજ્ઞાશાના માતુશ્રી. સ્વ. નિરૂપાબેન ભરતકુમાર રાજેન્દ્રના સાસુ. દિશાંત, વૃશાંક કાજલ, શીતલ, રીયા, માનુષી, વિહાનના દાદી. ૨/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વાંસદા મોઢ વણિક**

ગં.સ્વ. હેમલતાબેન સુરેશ ભાઈ ગાંધી (ઉં.વ.૯૪) દુબઇ નિવાસસ્થાને તા. ૧.૪.૨૦૨૬ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. દીપક, હિમાંશુ તથા વિપુલના માતુશ્રી. ઈના, સોનલ તથા મીતાના સાસુ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ સલાયા હાલ બોરીવલી, નરેશકુમાર મથુરાદાસ રાયઠઠ્ઠા (ઉં. વ. ૬૮) તે રક્ષાબેનના પતિ. મણીબેન મથુરાદાસ વિઠ્ઠલદાસ રાયઠઠ્ઠાના પુત્ર. પુષ્પાબેન નરોત્તમદાસ માધવજી મહેતાના જમાઈ. માનસી અનિલ રહાટે અને અંકિતા ચિરાગ રસપુતલાના પિતાશ્રી, સ્વ. મૈયાબેન ગોકાણી, ચંપાબેન ભાયાણી, સ્વ. નિમુબેન સચદેવ, સ્વ. નંદલાલભાઈ રંજનબેન બદિયાની, મંજુબેન ઠક્કર અને જયશ્રીબેન પૂજારાના ભાઈ. શુક્રવાર તા. ૦૩.૦૪.૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ બોરીવલી, સ્વ. રસિકલાલ બાપુલાલ મહેતાનાં ધર્મપત્ની નિર્મલાબેન (ઉ.વ.૮૯) તે હસમુખ - દીપ્તિ, હેમંત - પન્ના, જ્યોતિ કનૈયાલાલ મોદી, હેમલતા અશોકકુમાર મહેતા, પારુલ હેમંતકુમાર પારેખ, ઈલા દર્શકકુમાર ભૂતા, પ્રતિમા કમલકુમાર મહેતાના માતુશ્રી. સ્વ. વાલજીભાઈ રણછોડભાઈ મોદીના દિકરી, નિશિતા ઋષિ, મોર્જરીયા, અમ્રિતા કૃતિન શાહ, સંજીતા, નિકુંજના દાદી. સાહિલ - કાજલ, હિતેન - માનસી, મિલન, નેહલ - મુંજાલ, ધવલ - ચૈતાલી, હિતાંશુ, જાનકી - શુભમ, નિકુંજનાં નાની. ગુરૂવાર તા. ૦૨.૦૪.૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ઝારોળા વણિક**

મીનાક્ષીબેન બક્ષી તે શાંતિલાલભાઈ અને સુકન્યાબેન બક્ષીની પુત્રી. રાજેશભાઈ બક્ષીની બહેન. સ્મિતાબેન બક્ષીના નણંદ તા. ૩/૪/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે.

**કચ્છી લોહાણા**

મુળ ગામ કલ્યાણપર (કચ્છ) હાલે ગીરગામ, પ્રતાપસિંહ સોમૈયા (ઉ.વ.૭૯) તે સ્વ.લક્ષ્મીબેન નારાણજી સોમૈયાના સુપુત્ર, તે સ્વ.જયાલક્ષ્મીબેન શામજી તન્ના(મુલુન્ડ)ના મોટા જમાઈ, વાસંતીબેનના પતિ. કુ.બંસરીના પિતાશ્રી. મહેન્દ્રભાઈ(બટુકભાઈ), વિનોદભાઈ, વીણાબેન રણજીત ઠક્કર તથા મહેશભાઈના બનેવી. બુધવાર તા. ૦૧-૦૪-૨૬ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલી નથી. લૌકિક વહેવાર સદંતર બંધ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી**

ગામ પેઢમાલા હાલ મુલુંડ, દિલીપભાઈ દેવશંકર પંડયા (ઉ.વ.૮૦) તા. ૩/૪/૨૬ શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. તે ભાવનાબેનના પતિ, હસમુખભાઇ, અશોકભાઈ, સ્વ. ભારતીબેન, હંસાબેન, ઈલાબેનના મોટાભાઈ. ભાવેશ, પારૂલબેનના પિતાશ્રી. બીનાબેન પરેશ ભટ્ટના સસરા. જીમીત, વંશના દાદા, ભોગીલાલ ગણપતરામ ત્રિવેદી (બામણાં). પ્રાર્થનાસભા સોમવાર ૬/૪/૨૦૨૬ના સાંજે ૫ થી ૭. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. સ્થળ: સારસ્વત વાડી, ઝવેરરોડ, મુલુંડ (પ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

રુબી નોશીર મિસ્ત્રી તે મરહુમ નોશીરના ધન્યાની. તે મરહુમો મેહરુ યઝદી કોટવાલના દીકરી. તે રુઝબે, રુખશાદ, કેરમાન, રશનાના માતાજી. તે કેરસી ને કુરુશનના સાસુજી. તે ફરીદા, કમલ ને દારાના બહેન. તે કેરફેંગર, અરશાન, જેહાન, જેસીકા, ફરહાનના મમઇજી. (ઉં. વ. ૭૪) રે. ઠે. પી/૨૧, નવરોઝ બાગ, બીજે માળે, ડો. એસ. એસ. રાવ રોડ, પરેલ (ઇ), મુંબઇ, ૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા તા. ૫-૪-૨૬ ને દિને બપોરે ૩.૪૫ વાગે, લાલબાગ અગિયારીમાં છેજી.

ફેની અસપેદ ગ્યારા તે અસપેદ ના ધનીયાની. તે મરહુમો દોલત મીનુ કોલાબેવાલાના દીકરી. તે દેલના ના માતાજી. તે જીમીના બહેન. તે મોનાઝ મિસ્ત્રી, વીસતાસ જીમી કોલાબેવાલાના કઝીન. તે ખોરશેદના નણંદ. (ઉં. વ. ૭૦) રે. ઠે. ૬૭૫, એમી વીલા, ભોંયતળિયે, રૂમ. નં. ૪, રોડ ન.૧૪, દાદર પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૪-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

કેકી જીજીભાઇ શરોફ તે હોમાય કેકી શરોફ તે મરહુમો જરબઇ જીજીભાઇ શરોફના દીકરા. તે કેશમીરા ને રશના ના પપા. તે મરહુમ રુમીના જમાઇ. તે મરહુમો એમી, શેરુ, ફિરોઝ, જીમી ને ખુશરુના ભાઇ. તે શાહીન ને બેનાફશાના મમાવાજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૬/૨૧, બીજે માળે, કાપડીયા ટ્રસ્ટ બિલ્ડિંગ, પંથકી બાગ કોલોની, હરગોવિંદદાસ સેનેટોરિયમ રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૬-૪-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે માલકમ બાગ અગિયારીમાં છેજી.

સોહરાબ કોટવાલ તે મરહુમો પેરીન અને રુસી કોટવાલના દીકરા. તે મરહુમો બાનુબાઇ તથા સોહરાબજી કોટવાલના દીકરાના દીકરા. તે પ્રોચી હોમી શૉરફના ફ્રેન્ડ. (ઉં. વ. ૬૫). રે. ઠે. પામલેન્ડ 'એ' મોરી રોડ, ફલેટ નં.૪, ૧લે માળે, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૪-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે જોખી અગિયારી ગોદરેજ બાગમાં છેજી.

## આજે મધ્ય રેલવેની

સવારના ૧૧.૦૨ વાગ્યાથી બપોરના ૩.૫૩ વાગ્યા સુધી પનવેલની દિશામાં જનારી ડાઉન ટ્રાન્સ હાર્બર રૂટ પરની લોકલ સેવા સવારના ૧૦.૦૧ વાગ્યાથી બપોરના ૩.૨૦ વાગ્યા સુધી બંધ રહેશે.

બ્લોક દરમ્યાન છત્રપતિ શિવાજી ટર્મિનસ મુંબઈ-વાશી વચ્ચે સ્પેશિયલ ઉપનગરીય ટ્રેનો દોડાવવામાં આવશે. બ્લોક દરમ્યાન ટ્રાન્સ-હાર્બર લાઈન પર થાણે-વાશી-નેરુલ સ્ટેશન દરમ્યાન ટ્રેન ઉપલબ્ધ હશે.

મધ્ય રેલવેના પ્રવક્તાના જણાવ્યા મુજબ રવિવારે મેઈન લાઈનમાં દિવસનો કોઈ બ્લોક રાખવામાં આવ્યો નથી. મેઈન લાઈનમાં શનિવાર રાત ૧૦.૩૦ વાગ્યાથી વહેલી સવારના ઓલરેડી સ્પેશિયલ બ્લોક રાખવામાં આવ્યો હતો, જેમાં પ્રભાદેવી બ્રિજના પૅનલ કાઢવા માટે અને ૧૫ ડબ્બાની ટ્રેન માટે પ્લેટફોર્મના વિસ્તરણ માટે સ્પેશિયલ ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવ્યો હતો. તેથી મેઈન લાઈનમાં શનિવાર રાતથી રવિવાર વહેલી સવારના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી દાદર વચ્ચે અપ અને ડાઉન રેલ સેવા બંધ રાખવામાં આવી હતી. આ સ્પેશિયલ બ્લોકને કારણે લાંબા અંતરની પણ ટ્રેનોને પણ અસર થઈ હતી. જોકે રવિવાર સવારથી મેઈન લાઈનમાં ટ્રેન પૂર્વવત્ થઈ હતી. જોકે રાતના બ્લોકની અસર સવારના સમયમાં પ્રવાસીઓને જણાઈ આવી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ તા. ૧૫/૦૪/૧૯૫૧

અરિહંત શરણ તા. ૦૩/૦૪/૨૦૨૬

ઝાલાવાડી સ્થા.વિશાશ્રીમાળી જૈન

વઢવાણ નિવાસી હાલ અંધેરી (વેસ્ટ) મુંબઇ

**શ્રીમતી હર્ષાબેન રસિકલાલ શાહ**

૩ એપ્રિલ, ૨૦૨૬ સવારે ૯:૩૦ કલાકે અરિહંત શરણ પામેલ છે.

સ્વજનો

તે સ્વ. રસિકલાલ ચંપકલાલ ફુલચંદ શાહના પત્ની, અ.સૌ. પૂજા તથા તેજસના માતુશ્રી, અ.સૌ. નેહા તથા હિરેનના સાસુ, કુ. આશની તથા ચિ.દ્વિતના દાદી, ચિ. આહન અને આગમના નાની, સ્વ. બિપિનચંદ્ર, સ્વ. અશ્વિનભાઈ, સુધીરભાઈ, સ્મિતેશભાઇ, રજનીભાઈના ભાભી, સ્વ. પુષ્પાબહેન, નયના બહેનના દેરાણી, ઈલા બહેન, પ્રેમા બહેન, નીતા બહેનના જેઠાણી, સ્વ. કંચનબેન વૃજલાલ વોરાના દીકરી,

ભાઈ-ભાભી : જ્યોત્સનાબેન દિપકભાઈ વોરા તથા

બેન-બનેવી : ઉષાબહેન પ્રવિણકુમાર શાહ

નણંદ-નણંદોઇ : મૃદુલાબેન સ્વ. દેવેન્દ્રભાઈ દોશી, સ્વ. કોકીલાબેન સ્વ. સુરેશકુમાર વોરા, અ.સૌ. નીલાબેન ભુપેન્દ્રભાઈ સંઘવી.

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.


# જેએનપીએ બંદરને જોડતા બ્રિજમાં ખાડો પડયો

## અકસ્માતની શકયતાને ધ્યાનમાં રાખી વાહનવ્યહાર બંધ

ઉરણઃ જેએનપીએના ચોથા સિંગાપોર (બીએમસીટી) બંદરને જોડતો બ્રિજ જસખાર પાસે બેસી ગયો છે. તેથી, સુરક્ષાના કારણોસર આ બ્રિજ પરનો વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. આઠ વર્ષ પહેલાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ૬૮ કરોડના ખર્ચે આ પુલ બનાવવામાં આવ્યો હતો. આ પુલ પરથી દરરોજ હજારો ભારે કન્ટેનર વાહનોની અવરજવર થાય છે.

આયાત-નિકાસ પ્રક્રિયાને ગતિ આપવા અને વધતા જતા ટ્રાફિકનું ભારણ ઘટાડવાના ઉદેશ્ય સાથે બનાવવામાં આવેલા જેએનપીએના ચોથા બંદરને જોડતા ફ્લાયઓવરની નજીકના માર્ગનો એક ભાગ અચાનક બેસી જવાથી આ બ્રિજની ગુણવત્તા પર પ્રશ્નાર્થ ચિહ્ન ઉભું થયું છે. આ બ્રિજ જસખાર ગામને બાયપાસ કરીને સીધો ચોથા બંદર સાથે જોડવા માટે બનાવવામાં આવ્યો છે. હાલમાં તાત્કાલિક સમારકામનું કામ હાથ ધરવામાં આવ્યું છે અને સુરક્ષાના કારણોસર આ માર્ગ પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે.

રત્નેશ્વરી દેવીનો મેળો થોડા દિવસોમાં યોજાવાનો છે. તેથી મંદિર વિસ્તારમાં મોટી સંખ્યામાં ભક્તોની ભીડ રહેવાની અપેક્ષા છે. ઉપરાંત બ્રિજ પાસે બનાવેલા બગીચાને કારણે અહીં નાગરિકોની ભીડ વધી રહી છે. આવી સ્થિતિમાં, નબળી ગુણવત્તાવાળા કામને કારણે જો કોઈ અકસ્માત થાય તો જવાબદારી કોણ લેશે તે પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે. દરમિયાન વહીવટીતંત્રે ઘટનાની ગંભીર નોંધ લીધી છે અને તાત્કાલિક સમારકામ શરૂ કર્યું છે, તેમ છતાં ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે કામની ગુણવત્તાનું કડક નિરીક્ષણ કરવું જરૂરી હોવાનો મત નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. ■


મુંબઈ સમાચાર

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...

કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરો:

લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.

મોબાઈલઃ +91 7045430579.

અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:

Landline: 022 22045531/33, Ext. 22.

Mobile: +91 7045430579.

We value your readership and are committed to your daily connection.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

Lilavati Hospital and Research Centre

More than Healthcare, Human Care

**ટેન્ડર નોટિસ**

સ્ક્રેપ માટે કેપિટલ આઈટમની સૂચિ

૧) AHU
મેક - HPS સિસ્ટમ
ક્ષમતા - ૨૫૦૦ CFM -૧નં.

૨) UPS
મેક - ડેલ્ટા
૬૦ Kva, ૪૪૦V, ૫૦ Hz -૧નં.

૩) UPS બેટરીઝ
મેક - આમરોન ક્વોન્ટા
૧૨V, ૧૦૦ AH -૪૦નં.

૪) આઈસોલેશન ટ્રાન્સફોર્મ
મેક - સેન્ટ્રી
૪૪૦V, ૫૦ Hz -૧નં.

૫) UPS
મેક - સ્માર્ટ UPS ૨૨૦૦ UX,
૨૩૦V, ૫૦ Hz -૧નં.

૬) UPS બેટરીઝ
મેક - CSB
૧૨V, ૧૦૦ AH -૪નં.

૭) એર કર્ટન
મેક - RUSS એર
૨૩૦V, ૫૦ Hz -૧નં.

૮) સ્ટીમ બોઈલર
મેક - થ્રી એમ એન્વાયર્નમેન્ટ
૬૦૦ કિગ્રા/કલાક, ૪૪૦V, ૫૦Hz - ૨નં.

ટેન્ડર અવધિઃ ૦૫મીથી ૧૦મી એપ્રિલ, ૨૦૨૬

ટેકનિકલ પૂછપરછ માટે સંપર્ક કરો શ્રી. વિપુલ ચાવડા - ૯૬૧૯૫ ૬૩૮૧૦ એન્જિનિયરિંગ LKM

ટેન્ડર સુપ્રતિ માટે CFO શ્રી. સતીશ શ્રોફનો સંપર્ક કરો મોબા. નં. ૯૮૧૯૦ ૫૯૬૮૧


# ગુજરાતી સિનિયર સિટિઝન સાથે ૭.૭૧ કરોડના સાયબર ફ્રોડના કેસમાં સુરતના બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શૅર ટ્રેડિંગમાં આકર્ષક વળતરની લાલચે મલાડના ગુજરાતી સિનિયર સિટીઝન સાથે ૭.૭૧ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ કરવાના કેસમાં સંડોવાયેલા સુરતના બે યુવાનની ધરપકડ કરવામાં આવી હતી.

નૉર્થ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ નીલેશ દિનેશભાઈ પરમાર અને અફસર અખ્તર ખાન તરીકે થઈ હતી. સુરતમાં રહેતા બન્ને આરોપીએ સાયબર ઠગોને બૅન્ક ખાતાં પૂરાં પાડ્યાં હતાં અને એ ખાતાંમાં લાખો રૂપિયા ટ્રાન્સફર થયા હતા, એવું તપાસમાં જણાયું હતું.

મલાડમાં રહેતા તેમ જ પેન્ટ્સ અને કોટિંગ મેન્યુફેક્ચરિંગનો વ્યવસાય ધરાવતા ૬૩ વર્ષના વેપારીએ નોંધાવેલી ફરિયાદને આધારે સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદ અનુસાર નવેમ્બર, ૨૦૨૫ના રોજ ફરિયાદીને શૅર ટ્રેડિંગ સંબંધી એક મેસેજ આવ્યો હતો. પછી નયના નામની યુવતીએ ફોન કરી તેમની કંપનીના ઑનલાઈન પ્લૅટફૉર્મની માહિતી આપી હતી. આ પ્લૅટફૉર્મના માધ્યમથી શૅર ટ્રેડિંગમાં રોકાણ કરવા પર ઊંચા વળતરની ખાતરી યુવતીએ આપી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે વેપારીના મોબાઈલ ફોન પર એક લિંક મોકલવામાં આવી હતી. આ લિંક પર વેપારીની વ્યક્તિગત માહિતી અને બૅન્ક ખાતાની વિગતો ભરવાનું કહેવામાં આવ્યું હતું. બાદમાં વેપારનું ટ્રેડિંગ એકાઉન્ટ ઑપન કરવામાં આવ્યું હતું. કયા શૅર્સમાં રોકાણ કરવા પર કેટલું વળતર મળશે, એની માહિતી આપી વેપારીને લલચાવ્યો હતો.

કહેવાય છે કે શરૂઆતમાં રોકાણ પરનો નફો વેપારીના બૅન્ક ખાતામાં જમા થયો હતો, જેને પગલે વેપારીનો વિશ્વાસ બેસી ગયો હતો. બાદમાં નવેમ્બર, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં વેપારીએ વિવિધ શૅર્સમાં રોકાણ માટે ૭.૭૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આની સામે ૩૮ કરોડ રૂપિયાનો નફો થયો હોવાનું વેપારીને દેખાડવામાં આવ્યું હતું.

નફામાંથી ૫૦ લાખ રૂપિયા કઢાવવાની તૈયારી વેપારીએ દાખવી હતી, પરંતુ રૂપિયા કઢાવી શક્યા નહોતા. આ અંગે નયનાનો સંપર્ક સાધવામાં આવતાં ટૅક્સની રકમ પહેલાં ભરવાનું વેપારીને કહેવામાં આવ્યું હતું. વેપારીએ રકમ ભરવાનો ઇનકાર કરતાં નયના સહિત અન્યોનો સંપર્ક તૂટી ગયો હતો. આખરે પોતે છેતરાયા હોવાનું જણાતાં વેપારીએ ચોથી ફેબ્રુઆરીએ સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી. ફરિયાદને આધારે નૉર્થ રિજન સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વૉટ્સઍપ ચૅટ્સ, બૅન્ક ખાતાંની વિગતો અને ટ્રેડિંગ એકાઉન્ટની માહિતીને આધારે પોલીસે સુરતના બન્ને આરોપીને પકડી પાડ્યા હતા. ■

## 146મી સાલગીરી બાઈ પિરોજબાઈ ડી એમ વાચ્છા અગિયારી, ફોર્ટ, મુંબઈ

ફોર્ટમાં સ્થિત બાઈ પિરોજબાઈ દાદાભોય માણેકજી વાચ્છા અગિયારી, પિટિટ લાઇબ્રેરી સામે, મુંબઈ, મંગળવાર, 14 એપ્રિલ, 2026ના રોજ તેની 146મી સાલગીરી ઉજવે છે- શેનશાઈ રોજ અર્દિબેહસ્ત, માહ આદર, YZ 1395 Y.Z.

આ દિવસે સવારે 7.30 કલાકે હવન ગેહમાં માચી વિધિ અને સવારે 9.30 કલાકે જશન સમારોહ યોજાશે.

તમામ પારસી અને ઈરાની જરથુસ્તીઓને તેમાં હાજરી આપવા અને પાક આતશ પાદશાહ સાહેબના આશીર્વાદ મેળવવા આમંત્રણ છે.

# મુંબઈ-પુણે વચ્ચેનો રેલ પ્રવાસ થશે ઝડપીઃ ૧૦ રેલવે ફાટક બંધ કરાશે

મુંબઈઃ મુંબઈ ઉપનગરીય રેલવે તેમ જ લાંબા અંતરની ગાડીઓની ઝડપ વધારવા માટેમધ્ય રેલવે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. કલ્યાણથી લોનાવાલા દરમ્યાનના રૂટ પર ૧૦ રેલવે ફાટકને કાયમી સ્વરૂપે બંધ કરવામાં આવવાના છે. ફાટક બંધ કરીને અમુક ઠેકાણે રેલવે ઓવર બ્રિજ અને અમુક ઠેકાણે પાટા નીચે સબ-વે બનાવવામાં આવવાના છે. આ કામને કારણે મુંબઈ-પુણે વચ્ચેનું અંતર વધુ ઝડપથી પાર કરી શકાશે.

રેલવે ફાટકને કારણે ટ્રેનોની ઝડપ ઘટી જાય છે અને સમય પણ વેડફાઈ જાય છે. સાધારણ રીતે એક ફાટક પર ૮થી ૧૦ મિનિટનો સમય લાગે છે. તેથી ફાટકની જગ્યાએ પૂલ અને સબ-વે બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે લગભગ ૧૮૩ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત હોઈ બે વર્ષમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

આ નિર્ણયથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી કર્જત તેમ જ ખપોલી દરમ્યાન દરરોજ દોડતી લોકલ ટ્રેનને મોટો ફાયદો થશે. એ સિવાય મુંબઈ-પુણે દોડતી મેલ અને એક્સપ્રેસ ગાડીઓની પણ સ્પીડ વધશે. ફાટક બંધ થવાની ટ્રેનોની સ્પીડ તો વધશે પણ સાથે જ એક્સિડન્ટનું પ્રમાણ પણ ઘટવામાં મદદ મળશે. મળેલ માહિતી મુજબ આ પ્રોજેક્ટ અંતર્ગત ભિવપુરી-કર્જત વચ્ચે ત્રણ, બદલાપુર-વાંગણી વચ્ચે બે અને વાંગલી-શેપુ દરમ્યાન બે, નેરળ-ભિવપુરી વચ્ચે બે તેમ જ શેલુ-નેરળ દરમ્યાન એક એમ કુલ ૧૦ પૂલ-સબ-વે ઊભા કરવાની યોજના છે. ■

## નાશિકમાં કાર ઊંડા કૂવામાં પડી

# પાંચ જ મિનિટમાં કાર પાણીમાં ગરકાવઃ બચવા માટે પરિવારે તરફડિયાં માર્યાં, પણ...




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાશિકમાં પુરપાટ વેગે આવેલી કાર પાળ તોડીને ઊંડા કૂવામાં પડ્યા પછી પાંચ જ મિનિટમાં પાણીમાં ડૂબી ગઈ હતી. કારમાં હાજર પરિવારે બચવા માટે બહાર નીકળવા તરફડિયાં માર્યાં, પણ મદદ મળી રહે તે પહેલાં કાળ તેમને ભરખી ગયો હોવાનું નજરે જોનારા ગામવાસીઓનું કહેવું છે.

દિંડોરી પોલીસના જણાવ્યા મુજબ ખાનગી ક્લાસીસ દ્વારા રાખવામાં આવેલા મેળાવડામાંથી ઈંદોરે ગામનો દરગોડે પરિવાર કારમાં ઘરે પાછો ફરી રહ્યો હતો. તેજ ગતિથી ચાલતી કારને પાકા રસ્તા પરથી કાચા રસ્તા તરફ વાળવામાં ડ્રાઈવર સુનીલ દરગોડે (૩૨) થાપ ખાઈ ગયો હતો, જેને કારણે કાર પાળ તોડીને કૂવામાં જઈ પડી હતી. ઊંડા કૂવામાં પાણી હોવાથી કાર ડૂબી ગઈ હતી. આ ઘટનામાં છ બાળક સહિત નવ જણે જીવ ગુમાવ્યા હતા.

મળતી માહિતી મુજબ શુક્રવારની રાતે ૧૦.૧૫ વાગ્યે આ ઘટના બની ત્યારે રસ્તો સૂમસામ હતો. પાળ તોડીને કાર કૂવામાં પડી ત્યારે મોટો અવાજ થયો હતો, જે સાંભળીને આસપાસના લોકો દોડી આવ્યા હતા. રહેવાસીઓ મદદ પૂરી પાડે તે પહેલાં પાંચેક મિનિટમાં જ કાર પાણીમાં ડૂબી ગઈ હતી.

રહેવાસીઓના કહેવા મુજબ લગભગ પાંચ મિનિટ સુધી કાર દેખાતી હતી. પછી માત્ર ટેલ લૅમ્પ દેખાયા અને જોતજોતાંમાં કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ. એ દરમિયાન કારમાં હાજર લોકોએ બચવા માટે તરફડિયાં માર્યાં હોવાનું આછા ઉજાસમાં દેખાયું હતું.

પોલીસનું માનવું છે કે કાર કૂવામાં પડી ત્યારે દરવાજાના કાચ બંધ હતા. જોકે કૂવાના પાણીમાં પડ્યા પછી પ્રેશરને કારણે કાચ તૂટ્યા હતા. રહેવાસીઓએ પમ્પ લગાવીને કૂવાનું પાણી બહાર કાઢવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસ અને ફાયર બ્રિગેડ પહોંચતાં જ બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. તરવૈયાઓને કૂવામાં ઉતારવામાં આવ્યા હતા. એ સિવાય બે ક્રેન પણ બોલાવાઈ હતી. ક્રેનની મદદથી લગભગ ત્રણ કલાકે કારને કૂવામાંથી બહાર કાઢવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે કાર કૂવામાંથી બહાર કાઢવામાં આવી ત્યારે સાત મૃતદેહ કારમાં જ હતા, જ્યારે કાચ તૂટવાને કારણે બે બાળકના મૃતદેહ કૂવાના પાણી પર તરતા નજરે પડ્યા હતા. બન્ને મૃતદેહને પણ રસ્સીની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ■

# મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સેફ્ટી ઓડિટનો આદેશ આપ્યો

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિકમાં એક કાર ખુલ્લા કૂવામાં પડી જતાં છ બાળકો સહિત એક જ પરિવારના નવ સભ્યોના મોત થયા હોવાનું પોલીસે શનિવારે જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ દુઃખદ ઘટનામાં બાળકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે તેમણે જાહેર વિસ્તારોમાં ખુલ્લા કુવાઓનું તાત્કાલિક સેફ્ટી ઓડિટ કરવાનો આદેશ આપ્યો છે.

રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાતાના પ્રધાન ગિરીશ મહાજને અકસ્માત સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું હતું કે વહીવટીતંત્રને કૂવો બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, અને સરકાર મૃતકોના પરિવારને પાંચ લાખ રૂપિયાની સહાય આપશે.

નાસિક કલેક્ટરને ઘટનાની તપાસ કરવા અને તપાસ અહેવાલ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતા, ફડણવીસે અકસ્માતને 'અત્યંત કમનસીબ' ગણાવ્યો હતો.

પ્રાથમિક માહિતી દર્શાવે છે કે કૂવામાં નીચી દિવાલ હતી અને તે વારંવાર પહોંચતા વિસ્તારની મધ્યમાં હતી, એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્ય સરકારે અસરગ્રસ્ત પરિવાર માટે નાણાકીય સહાયની જાહેરાત કરી છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે રસ્તાઓ પર અથવા જાહેર અવરજવરવાળા વિસ્તારોમાં આવેલા તમામ કુવાઓને ઓળખવા અને સમીક્ષા કરવા સૂચનાઓ જારી કરવામાં આવી છે.

આ કુવાઓ જરૂરી છે કે નહીં અને કયા સલામતીનાં પગલાં અમલમાં મૂકી શકાય છે તેનું મૂલ્યાંકન કરવા માટે આવા સ્થળોનું ઓડિટ થવું જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું, અને નોંધ્યું હતું કે ઊંચી રક્ષણાત્મક દિવાલ દુર્ઘટનાને રોકી શકી હોત.

નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ અકસ્માતને હૃદયદ્રાવક અને પીડાદાયક ગણાવ્યો હતો. ■

# યુદ્ધ છતાં કર્મચારીઓની છટણી નહીં કરે દુબઈની કંપની



રિઝવાન સાજન

દુબઈ, સંયુક્ત આરબ અમીરાતઃ એક તરફ જ્યારે અમેરિકા-ઈઝરાયલ-ઇરાન સંઘર્ષ ભૂરાજકીય (જિયો-પોલિટિકલ) અને આર્થિક વાસ્તવિકતાઓને નવો આકાર આપી રહ્યો છે, ત્યારે સમગ્ર પ્રદેશમાં વ્યવસાયોની ટકી રહેવાની ક્ષમતાની કસોટી થઈ રહી છે. આ પૃષ્ઠભૂમિમાં ડેન્યુબ ગ્રુપના સ્થાપક અને ચેરમેન રિઝવાન સાજન તેમની વર્ક ફોર્સની સાથે મજબૂત રીતે ઉભા રહીને નેતૃત્વનું મજબૂત ઉદાહરણ સ્થાપિત કરી રહ્યા છે. મંગળવારે સાજને ઇન્સ્ટાગ્રામ પર એવી જાહેરાત કરી હતી કે કંપની કોઈપણ કર્મચારીની છટણી નહીં કરે.

'મેં ભૂતકાળમાં ઘણી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કર્યો છે, કુવૈત પર ઇરાકી આક્રમણથી લઈને ૨૦૦૮ની આર્થિક કટોકટી અને કોવિડ-૧૯ રોગચાળા સુધી. આમ હોવા છતાં, અમે હંમેશા મજબૂત રીતે પાછા ફર્યા છીએ અને મને વિશ્વાસ છે કે ફરીથી આવું કરીશું. કોવિડ વખતે હું વચન પર અડગ રહ્યો. તેવી જ રીતે, આ વખતે પણ ડેન્યુબ ગ્રુપમાંથી કોઈ છટણી કરવામાં આવશે નહીં,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'અમારા ૬૦૦૦થી વધુ કર્મચારીઓ ફક્ત અમારી વર્ક ફોર્સ નથી - તેઓ અમારો પરિવાર છે. તેઓએ ડેન્યુબ ગ્રુપને આજે જે છે તે બનાવવામાં મદદ કરી. આવા સમયમાં, અમે સમાન પ્રતિબદ્ધતા સાથે તેમની સાથે ઉભા છીએ. બધા પગાર સમયસર ચૂકવવામાં આવશે અને અમે અમારા ગ્રાહકો અને ગ્રાહકોને સેવા આપવા માટે સમર્પિત રહીએ છીએ.' વર્ષોથી, ડેન્યુબ ગ્રુપે બિલ્ડિંગ મટિરિયલ્સ, રિયલ એસ્ટેટ અને હોમ સોલ્યુશન્સનો સમાવેશ કરતું વૈવિધ્યસભર વ્યવસાય માળખું વિકસાવ્યું છે, જે તેને બદલાતી બજાર પરિસ્થિતિઓ સામે અસરકારક રીતે સમૃદ્ધ થવા દે છે. ■















# રામનવમીની ઉજવણી માટે સાતારા આવેલા મુંબઈના પરિવારને અકસ્માતઃ ત્રણનાં મોત

સાતારાઃ રામનવમીની ઉજવણી માટે સાતારા આવેલા મુંબઈના પરિવારને જીવલેણ અકસ્માત નડ્યો હતો. પાછા ફરતી વખતે પુલ પરથી કાર નહેરમાં પડતાં ત્રણનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે કારનો ડ્રાઈવર બચી ગયા છતાં ગંભીર અવસ્થામાં હોવાનું પોલીસનું કહેવું છે.

સાતારા પોલીસના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ હનુમંત જઠાર, પત્ની મંજુલા જઠાર અને દીકરી પ્રીતિ ટિળેકર તરીકે થઈ હતી. ઘટનાની નોંધ કરી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર મુંબઈમાં રહેતા હનુમંત પરિવાર સાથે રામનવમીની નિમિત્તે સાતારાના માણ તાલુકામાંના તેમના વતન મોગરાળે આવ્યા હતા. શનિવારના મળસકે દીકરાને સગાંસંબંધી પાસે રાખીને હનુમંત મુંબઈ આવવા નીકળ્યા હતા.

કહેવાય છે કે મળસકે પાંચેક વાગ્યે ફોંડશિર તરફ કારમાં જઈ રહ્યા હતા ત્યારે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર જૂની પાલખી માર્ગ પરના પુલ પરથી નહેરમાં પડી હતી. મોટી નહેરમાં પાણી ભરેલું હોવાથી કારમાંથી બહાર નીકળવામાં મુશ્કેલી પડી હતી, જેને પગલે પાણીમાં ડૂબી જવાથી ત્રણેયનાં મોત નીપજ્યાં હતાં. અકસ્માત સમયે કાર સુનીલ ટિળેકર ચલાવી રહ્યો હતો. જખમી અવસ્થામાં ટિળેકર પાણીમાંથી બહાર નીકળવામાં સફળ થયો હતો. સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેની હાલત ગંભીર હોવાનું પોલીસનું કહેવું છે. ■




# ઉત્તર ભારત જતી બધી જ ટ્રેન પેક્ડ, અમુક ટ્રેનોમાં સો સુધીનું વેઈટિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં દિલ્હી, વારાણસી, પટના અને હરિદ્વાર જેવાં મુખ્ય ઉત્તર ભારતીય શહેરો સુધીની ટ્રેનો મે મહિના માટે પહેલેથી જ સંપૂર્ણ બુક થઈ ગઈ છે. કન્ફર્મ ટિકિટ ઉપલબ્ધ ન હોવાથી વેકેશન માટે જતા ઘણા પ્રવાસીઓ એર ટ્રાવેલ તરફ વળ્યા છે. જોકે તે મોંઘું છે, છતાં લોકો તે પસંદ કરે છે, જેના લીધે ફ્લાઈટ્સનાં ભાડાં બમણાં થયાં છે.

ખાસ કરીને હરિદ્વાર રૂટ પર ભીડ ખૂબ જ વધારે હોય છે, જ્યાં એપ્રિલ મહિનામાં જ સ્લીપર ક્લાસની વેઇટિંગ લિસ્ટ ૮૦ થી ૧૩૦ સુધીની છે. અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી ઉપડતી યોગ એક્સપ્રેસના ૩એસી ક્લાસમાં પણ આવી જ સ્થિતિ જોવા મળે છે.

ઉત્તર પ્રદેશ સહિત બિહાર તરફ જતી ટ્રેનો, ખાસ કરીને બરૌની પહોંચતી ટ્રેનોમાં પણ ભારે માગ જોવા મળી રહી છે, સ્લીપર ક્લાસમાં વેઇટિંગ લિસ્ટ ૧૦૦ અને ૩-ટાયર એસીમાં લગભગ ૫૦ સુધી પહોંચી રહ્યું છે. પટના તરફની ટ્રેનોમાં ભારે ભીડ જામશે, તેમ લાગી રહ્યું છે. કારણ કે મે મહિના માટે પણ બુકિંગ થઈ ગયું છે અને અમુક ટ્રેનોમાં તો વેઈટિંગ ૧૩૦ આસપાસ દેખાય છે. આવી જ રીતે આસામના પુરી જતી ટ્રેનોમાં પણ ટિકિટ મેળવવી મુશ્કેલ છે.

અહેવાલો અનુસાર ઉત્તર ભારત તરફ જતી ૧૬થી વધુ ટ્રેનોમાં હાલમાં ૧૦૦થી વધુ વેઇટિંગ લિસ્ટ છે. આ દરમિયાન, રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં વધારાની રજા વિશેષ ટ્રેનોની જાહેરાત કરવામાં આવશે. 'ટ્રેન-ઓન-ડિમાન્ડ' સિસ્ટમ હેઠળ વધુ માંગવાળા રૂટ પર ટૂંકા ગાળાની સૂચના પર વધારાની સેવાઓ પણ શરૂ કરવામાં આવી શકે છે.

બાળકોના વેકેશન શરૂ થઈ ગયા હોવાથી અહીં રહેતા પરપ્રાંતિયો તેમ જ વેકેશનમાં ફરવા જતા લોકોને લીધે ધસારો રહેતો હોવાનું જાણકારો કહે છે. આ સાથે વૈશ્વિક અશાંતિને કારણે ગેસ સિલિન્ડરની અછત અને ખાવાપીવાની સમસ્યાઓ ઊભી થતી હોવાથી પરપ્રાંતીય કામદારો પણ વતન જઈ રહ્યા છે. સુરત-ઉધના, અમદાવાદ, વાંકાનેર વગેરે સ્ટેશનો પર છેલ્લા પંદરેક દિવસથી ભીડ જોવા મળે છે. આથી રેલવેની વેકેશન ટ્રેનો શરૂ થશે તો મુસાફરોને લાભ મળશે. ■

# એસએમઈ આઈપીઓ લિસ્ટિંગમાં મહારાષ્ટ્રને પછાડી ગુજરાત બન્યું દેશમાં નંબર-વન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વૈશ્વિક વાતાવરણ ડહોળાયેલું હોવાથી માર્ચ મહિનો શેરમાર્કેટ અને રોકાણકારો માટે દુઃસ્વપ્ન જેવો સાબિત થયો છે, પરંતુ માર્ચ મહિનાને બાદ કરતા શેરમાર્કેટમાં તેજી પણ જોવા મળી હતી ત્યારે ગુજરાત માટે એક સારા સમાચાર છે.

પહેલીવાર ગુજરાત મહારાષ્ટ્રને પછાડીને એસએમઈ (સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝિસ) આઈપીઓ લિસ્ટિંગમાં આગળ નીકળી ગયું હતું.

એનએસઈ ઈમર્જ અને બીએસઈ એસએમઈના ડેટા પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦૨૬માં ગુજરાત સ્થિત ૫૯ કંપનીએ એસએમઈ આઈપીઓનો માર્ગ અપનાવ્યો હતો, જે મહારાષ્ટ્રની ૫૫ કંપનીઓ કરતા વધુ છે. રાજ્યએ વાર્ષિક ફંડ એકત્ર કરવામાં પણ અત્યાર સુધીનો સર્વોચ્ચ આંકડો નોંધાવ્યો હતો.

ગુજરાતના એસએમઈએ ₹૨૨૭૫ કરોડ એકત્ર કર્યા છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં માં ₹૧૯૭૩ કરોડ અને ૨૦૨૪ માં ₹૧૫૦૯ કરોડ હતા. જોકે, મહારાષ્ટ્ર ₹૩૧૪૮ કરોડ સાથે ફંડ એકત્ર કરવામાં હજુ પણ પ્રથમ સ્થાને છે, પરંતુ ગુજરાતનો ઉદય એસએમઈ સેગમેન્ટમાં તેના વધતા વર્ચસ્વનો સંકેત આપે છે, તેમ જાણકારોનું માનવું છે.

ગુજરાતના કુલ આંકડામાંથી, એનએસઈ ઈમર્જ પર લિસ્ટેડ ૨૨ કંપનીઓએ ₹૯૯૨ કરોડ અને બીએસઈ એસએમઈના પર લિસ્ટેડ ૩૭ કંપનીઓએ ₹૧૨૮૩ કરોડ ઊભા કર્યા હતા. સમગ્ર ભારતની વાત કરીએ તો, નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૨૫૭ કંપનીઓએ એસએમઈ આઈપીઓ દ્વારા કુલ ₹૧૧,૬૫૮ કરોડ એકત્ર કર્યા છે, જે ૨૦૨૫માં ૨૪૧ કંપનીઓ દ્વારા મેળવેલા ₹૯૮૧૧ કરોડ કરતા વધુ છે. આ યાદીમાં દિલ્હી ૪૧ લિસ્ટિંગ સાથે ત્રીજા ક્રમે રહ્યું હતું.

સૂત્રો ગુજરાતની આ સિદ્ધિ પાછળ મજબૂત ઔદ્યોગિક આધાર અને રોકાણકારોના ઉત્સાહને જવાબદાર માને છે. સૂત્રોના કહેવા પ્રમાણે, ગુજરાત એસએમઈ આઈપીઓ માટે પાવરહાઉસ બની ગયું છે. ઐતિહાસિક રીતે મહારાષ્ટ્ર લાર્જ-કેપ લિસ્ટિંગમાં મોખરે રહ્યું છે, પરંતુ ગુજરાતમાં એસએમઈ પ્રત્યેનો આકર્ષક માહોલ રાજ્યની આક્રમક નીતિ અને નાના વ્યવસાયિકોના મૂડી પ્રત્યેના બદલાયેલા દૃષ્ટિકોણનું મિશ્રણ છે. આ ઉપરાંત સૂત્રોએ ઉમેર્યું કે, ગુજરાત અને મહારાષ્ટ્રના ઉદ્યોગસાહસિકો મૂડીબજારને વધુ સારી રીતે સમજે છે અને આ જ મુખ્ય કારણ છે કે બંને રાજ્યો આ સેગમેન્ટમાં અગ્રેસર છે.

# સેલવાસમાં ગૅસ સિલિન્ડરનાં ગોડાઉનમાં પ્રચંડ ધડાકો, ચારનાં મોતથી અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીના સેલવાસમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. દેમણી સ્કૂલ ફળિયામાં નાઇટ્રોજન ગેસના ગોડાઉનમાં વિસ્ફોટ થવાથી ૪ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. વિસ્ફોટના કારણે સમગ્ર પંથક ધ્રૂજી ઊઠ્યો હતો.

ગોડાઉનમાં થયેલો વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. જે લોકોનાં મોત થયાં હતાં તેમના પરિવારમાં રોકકળ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતા દાદરા અને નગર હવેલીના ફાયર ફાઈટરના જવાનો તાબડતોબ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયરની ટીમે સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવવાની સાથે વધુ જાનહાનિ અટકાવવા માટે સઘન તપાસ અને કામગીરી હાથ ધરી હતી. દેમણી રોડ પર આવેલા આ ગોડાઉનમાં નાઈટ્રોજન ગેસ સિલિન્ડર રિફિલિંગની કામગીરી ચાલી રહી હતી. શનિવારે સવારે જ્યારે કામદારો રિફિલિંગ કરી રહ્યા હતા, ત્યારે અચાનક એક સિલિન્ડરમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. ધડાકો એટલો શક્તિશાળી હતો કે ગોડાઉનનો કાટમાળ ઊડીને રોડ પર ફંગોળાયો હતો અને આસપાસના વિસ્તારમાં ભૂકંપ જેવો અનુભવ થયો હતો. જ્યાં ઘટના બની તે ગોડાઉન એક શૈક્ષણિક સંકુલથી માત્ર ૩૦ મીટરના અંતરે જ આવેલું હતું. જો આ બ્લાસ્ટ ચાલુ શૈક્ષણિક કલાકો દરમિયાન થયો હોત તો મોટી જાનહાનિ સર્જાઈ હોત. ■

# વલસાડ જિલ્લામાં બપોરે ૧.૭ની તીવ્રતાનો ભૂકંપ, જાનમાલની નુકસાની નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં બપોરના સમયે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. ૪ એપ્રિલ શનિવારના રોજ બપોરે ૧.૭ની તીવ્રતાનો ભૂકંપના ઝટકાથી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં લોકોમાં થોડો ગભરાટ ફેલાયો હતો. ધરતીકંપનું કેન્દ્રબિંદુ વલસાડથી ૬૧ કિમી દૂર નોંધાયું હતું. ભૂકંપની ઊંડાઈ અને અંતરને જોતા આ એક અત્યંત હળવો આંચકો હતો, જેના કારણે કોઈ પણ પ્રકારની જાનમાલની નુકસાની સર્જાઈ ન હતી.

ગાંધીનગરસ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના જણાવ્યા અનુસાર, વલસાડમાં બપોરે ૧.૧૨ કલાકે આ ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૧.૭ જેટલી માપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વલસાડ જિલ્લામાં અગાઉ પણ અનેક વખત ભૂકંપના આંચકા અનુભવાઇ ચૂક્યા છે. ભૂસ્તરશાસ્ત્રીઓ આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. ભૂસ્તરશાસ્ત્રીઓના મતે આ વિસ્તારમાં સમયાંતરે આવતા આ આંચકાઓ સામાન્ય છે. ■

# ગાંધીનગરમાં કોબા રોડ પર અકસ્માત, કારની ટક્કરે યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના કોબા સર્કલ નજીક મોડી રાત્રે પૂરપાટ ઝડપે આવતી કારની અડફેટે ૧૮ વર્ષીય યુવકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. મળતી વિગત મુજબ ગત ૩ એપ્રિલની રાત્રે હીમાંશુ અર્જુનભાઈ શર્મા નામનો મૂળ પશ્ચિમ બંગાળનો યુવક કોબા સર્કલથી ગાંધીનગર તરફ જવાના રોડ પર ચાલતો પસાર થઈ રહ્યો હતો, ત્યારે કારના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે ગાડી હંકારી લાવી હીમાંશુને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે યુવકને માથાના તેમજ શરીરના અન્ય ભાગમાં ગંભીર અને જીવલેણ ઇજા પહોંચી હતી. ઘટના બાદ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. લોહીલુહાણ હાલતમાં હીમાંગશુને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં ભોગ બનનાર યુવક રાંદેસણ ખાતે રહેતો હતો. યુવક કુડાસણ ખાતે આવેલી 'ધ મસાલા સિક્રેટ' રેસ્ટોરન્ટમાં કિચન હેલ્પર તરીકે કામ કરતો હતો. આ ગમખ્વાર ઘટના બાદ અકસ્માત સર્જનાર ચાલક પોતાની કાર ત્યાં જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. હાલમાં ઇન્ફોસિટી પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધીને ફરાર કાર ચાલકની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ગુજરાતનાં બાવીસ લાખ વાહનો રજિસ્ટ્રેશન પ્લેટ્સ વિનાના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મોટી સંખ્યામાં વાહનો ફરજિયાત સલામતી ધોરણોનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે છે, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (કેગ) ના તાજેતરના અહેવાલમાં અમલીકરણમાં મોટી ખામીઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. સલામતી માટે ફરજિયાત એવા નિયમોનું ઉલ્લંઘન ગુજરાતમાં થઈ રહ્યું છે. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના અહેવાલમાં પણ આવી જ એક આંખો ખોલનારી માહિતી પ્રકાશમાં આવી છે.

ડિસેમ્બર ૨૦૧૭થી નિયમ ફરજિયાત હોવા છતાં, લગભગ ૨૧.૯ લાખ વાહનો, હાઇ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) વગર દોડી રહ્યા છે, જે રાજ્યના કુલ વાહનોના ૧૦ ટકા જેટલા છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯ સુધીમાં તમામ વાહનો માટે આ નિયમનું પાલન ફરજિયાત કરવામાં આવ્યું હતું.

વાહન ડેટાબેઝના ઓડિટમાં જાણવા મળ્યું કે એપ્રિલ ૨૦૦૯થી માર્ચ ૨૦૨૪ વચ્ચે નોંધાયેલા આ વાહનોનો કોઈ એચએસઆરપી ઇન્સ્ટોલેશન રેકોર્ડ નથી. આ સમયગાળા દરમિયાન ગુજરાતમાં લગભગ બે કરોડ વાહનો નોંધાયાં હતાં.

અધિકારીઓએ જણાવ્યું હતું કે કેટલાક ડીલરો એચએસઆરપી વિના ડિલિવરી પર પ્રતિબંધ મૂકતા નિયમોને ગણકારતા નથી. ઘણા વાહનમાલિકો દંડથી બચવા માટે કામચલાઉ અથવા કસ્ટમાઇઝ્ડ નંબર પ્લેટનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે.

અધિકારીઓએ નોંધ્યું હતું કે ગુમ થયેલ એચએસઆરપી ડેટા ઇન્સ્ટોલેશન ન હોવાનો અથવા રેકોર્ડ અપલોડ ન કરી શકાયા હોવાનું જણાવે છે. તેમણે ઉમેર્યું હતું કે કેટલાક કિસ્સાઓમાં, ફિટમેન્ટ અથવા ડેટા અપડેટ્સ હજુ પણ બાકી હોઈ તેવી પણ શક્યતા છે. ■

# કલોલ ઈએસઆઈસી હૉસ્પિટલ વર્ષના અંતમાં તૈયાર થશે, સાણંદમાં આવતા વર્ષે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાપુનગરમાં એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (એસિક) સંચાલિત જનરલ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો ઓછો થાય અને બધાને સમયસર સારવાર મળે તે માટે સાણંદ અને કલોલમાં બે નવી આધુનિક હોસ્પિટલોનું નિર્માણ ચાલી રહ્યું છે. હાલમાં, બાપુનગર હોસ્પિટલમાં દરરોજ ૨,૦૦૦ થી વધુ ઓપીડી દર્દીઓની સારવાર કરવામાં આવે છે. અહીં દરદીઓએ સારવાર માટે રાહ જોવી પડે તેવી સ્થિતિ સર્જાતી હોય છે.

બંને નવી હોસ્પિટલો ઓપીડી સેવાઓ, ઇનપેશન્ટ કેર, ઇમરજન્સી અને ટ્રોમા સેવાઓ, સર્જરી, મેટરનિટી કેર, આઈસીયુ અને ડાયાલિસિસ જેવી સુવિધાઓ આપશે.

આ નવી હોસ્પિટલો શરૂ થયા બાદ દર્દીઓને બાપુનગર જવાની જરૂર નહીં રહે. જેનાથી સમય અને ખર્ચ બંનેમાં બચત થશે. એસિકના સૂત્રોએ જણાવ્યું હતું કે અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં લગભગ ૬.૫ લાખ વીમાધારક કર્મચારીઓ અને તેમના પરિવારો, જે લગભગ ૨૫ લાખ લાભાર્થીઓ છે, હાલમાં બાપુનગર હોસ્પિટલ પર આધાર રાખે છે. નવી હોસ્પિટલો કાર્યરત થતાં, દરદીઓને તેમની નજીક મલ્ટિસ્પેશિયાલિટી સારવારની સુવિધા મળશે.

કલોલમાં ૧૬,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલી અને ૨૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે બનાવવામાં આવેલી ૧૫૦ બેડની હોસ્પિટલ ૨૦૨૬ ના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. તેનાથી કડી-કલોલ અને છત્રાલ વિસ્તારના લગભગ ૪ લાખ લોકોને ફાયદો થશે.

તેવી જ રીતે, સાણંદમાં ૪૦,૫૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલી અને આશરે ₹૫૫૦ કરોડના ખર્ચે બનેલી ૩૫૦ બેડની હોસ્પિટલ ૨૦૨૭ ના અંત સુધીમાં પૂર્ણ થવાનું લક્ષ્ય છે. આ સુવિધા સાણંદ, છારોડી અને ચાંગોદરમાં લગભગ ૬ લાખ લોકોને સેવા આપશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

બાપુનગર-નરોડા વિસ્તારમાં એસિક હોસ્પિટલમાં એક મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવી છે. આગામી વર્ષોમાં, કોલેજને સપોર્ટ રહે તે માટે માટે નરોડામાં પણ ૨૭ એકર જમીન પર બીજી હોસ્પિટલ વિકસાવવાની શક્યતા છે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદના બગોદરામાં વિદેશી દારૂની ૬૬૬૦ બોટલ સહિત ૯૩.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના બગોદરા પાસે હાઈવે પરથી પોલીસે લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. આ કાર્યવાહીમાં એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ચાર આરોપી ફરાર થઈ ગયા હતા.

બગોદરા પોલીસ આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ પૂર્વે બગોદરા ટોલટેક્સ પાસે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે શંકાસ્પદ જણાતી એક ટ્રકને અટકાવી તેમાં તપાસ કરતા ટ્રકના કન્ટેનરમાંથી પરપ્રાંતિય વિદેશી દારૂની કુલ ૫૫૫ પેટીઓ મળી આવી હતી. આ જથ્થામાં કુલ ૬,૬૬૦ બોટલો હતી, જેની બજાર કિંમત આશરે રૂ. ૭૩,૨૬,૦૦૦ રૂપિયા થાય છે. પોલીસે દારૂ ઉપરાંત ૨૦ લાખ રૂપિયાનો ટ્રક અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯૩,૩૧,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ મામલે પોલીસે ઘટનાસ્થળેથી એક આરોપી ટ્રક ચાલક ગણપતલાલ પુરખારામ બિશ્નોઈ (રહે. પાદરડી, બાડમેર, રાજસ્થાન) ને સ્થળ પરથી ઝડપી લીધો હતો. જો કે, દારૂ મંગાવનાર સ્થાનિક બૂટલેગરો સહિત કુલ ચાર શખ્સો હાલ ફરાર થવામાં સફળ રહ્યા હતા.

બગોદરા પોલીસે આ મામલે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આટલી મોટી માત્રામાં દારૂ પકડાતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

# કચ્છ જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામુંઃ હવે સવારે આઠથી સાંજે સાત સુધી જ ચાલશે ટ્યૂશન ક્લાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં ખાનગી ટ્યૂશન ક્લાસિસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ખાસ કરીને વિદ્યાર્થિનીઓની સુરક્ષાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલે એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને ખાનગી ટ્યૂશન ક્લાસિસ ચલાવવા માટેનો સમય નિશ્ચિત કર્યો છે. હવેથી જિલ્લાના તમામ ખાનગી ક્લાસિસ સવારે ૦૮:૦૦ થી સાંજના ૦૭:૦૦ વાગ્યા સુધી જ ચાલુ રાખી શકાશે.

વહીવટી તંત્રના ધ્યાને આવ્યું હતું કે, અનેક શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી ટ્યૂશન ક્લાસિસ વહેલી સવારે અથવા મોડી રાત્રિ સુધી કાર્યરત રહે છે. આવા સમયે અવરજવર કરતી વિદ્યાર્થિનીઓની છેડતી થવાની અથવા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય તેવી ઘટનાઓ બનવાની ભીતિ રહેલી છે. આ સંભવિત જોખમોને ટાળવા અને વિદ્યાર્થીઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે મેજિસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ આ આદેશ જારી કરવામાં આવ્યો છે. આ જાહેરનામું આગામી તા. ૨૯/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જો કોઈ સંચાલક આ નિયત સમયમર્યાદાનો ભંગ કરશે, તો તેમની સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે, તેમ આદેશમાં જણાવવામાં આવ્યું છે.

જિલ્લા મેજિસ્ટ્રેટના આ પગલાથી વાલીઓમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. વહીવટી તંત્રએ તમામ ક્લાસ સંચાલકોને આ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરી છે. ■

# લંગુરોને ખવરાવશો તો ત્રણ વર્ષ જેલમાં જવું પડશે ને પચીસ હજારનો દંડ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વન વિભાગે જંગલી પ્રાણીઓને ખોરાક ન આપવા અંગે પરિપત્ર જાહેર કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું છે કે જંગલી પ્રાણીઓને ખવરાવવું માત્ર બેજવાબદારી નથી, પરંતુ કાયદા હેઠળ સજાને પાત્ર ગુનો છે.

અધિકારીઓએ ચેતવણી આપી હતી કે વન્યજીવોને ખોરાક આપવા જેવા નાના કામ પણ તેમના કુદરતી વર્તન અને પર્યાવરણીય સંતુલનને ખલેલ પહોંચાડી શકે છે. હનુમાન લંગુર (સેમનોપીથેકસ એન્ટેલસ)ને ધ્યાનમાં લઈને અધિકારીઓએ નાગરિકોને કાનૂની અને પર્યાવરણીય પરિણામોની જાણકારી લેવાની પણ સલાહ આપી હતી.

વન્યજીવન (સંરક્ષણ) સુધારા અધિનિયમ, ૨૦૨૨ હેઠળ, હનુમાન લંગુરને શિડ્યુલ-૨ હેઠળ સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. આ પ્રાણીને કોઈપણ પ્રકારનો ખોરાક આપવો એ ગુનો માનવામાં આવે છે અને તેના માટે કડક દંડ થઈ શકે છે, જેમાં ત્રણ વર્ષ સુધીની જેલ અને ઓછામાં ઓછા ₹૨૫,૦૦૦ દંડનો સમાવેશ થાય છે. આ પ્રાણીઓને કાનૂની રક્ષણ મળી રહ્યું છે. વિભાગે જાહેર જનતાને જંગલી પ્રાણીઓને ખોરાક આપવાથી દૂર રહેવા અને આવી કોઈપણ પ્રવૃત્તિઓની જાણ કરવા અપીલ કરી હતી.

# સુરતમાં ઇંધણની સ્થિતિની સમીક્ષા કરાઇ, 30 જૂન સુધી પીએનજી કનેક્શન લેનારને ૫૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુરત જિલ્લામાં પેટ્રોલ-ડીઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો સરળતાથી ઉપલબ્ધ બને અને વિતરણ વ્યવસ્થા અબાધિત અને સુગમ બને એ માટે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. ના એમ.ડી. અવંતિકાસિંહના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લા સેવા સદન ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં અવંતિકાસિંહે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં હાલ ગેસ, પેટ્રોલ, ડીઝલ, ફર્ટીલાઇઝર સહિતની આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ભવિષ્યમાં પણ આ સપ્લાય પૂરતી માત્રામાં મળી રહે તે અંગેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી છે. તેમણે જણાવ્યું કે, સુરત શહેરમાં ૧૫.૨૦ લાખ ડોમેસ્ટીક પીએનજી કનેક્શન છે. જેઓને નિયમિત ગેસ પુરવઠો મેળવવામાં કોઇ તકલીફ ન રહે તે માટે ઓઇલ એન્ડ ગેસ કંપનીઝ સાથે સરકાર સતત સંકલનમાં છે. ઉપરાંત, જ્યાં ગેસલાઈન ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં તા.૩૦ જૂન સુધીમાં નવા ડોમેસ્ટીક પીએમજી કનેક્શન માટે અરજી કરનાર ગ્રાહકને રૂ.૫૦૦ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. કનેક્શન ઇન્સ્ટોલ થયા બાદ બિલમાં રૂ.૫૦૦ ની ક્રેડિટ મળશે.

તેમણે જણાવ્યું કે, મિડલ ઇસ્ટમાં પ્રવર્તમાન યુદ્ધની સ્થિતિને ધ્યાને લઈ જિલ્લા વહીવટીતંત્ર અને મનપાના અધિકારીઓ પરસ્પર સંકલન સાથે ટીમવર્કથી કાર્યરત રહી લોકોને આવશ્યક ચીજવસ્તુઓનો સપ્લાય સરળતાથી મળી રહે તે સુનિશ્ચિત કરી રહ્યા છે, જેના કારણે સુરત જિલ્લામાં ગેસ અને આવશ્યક ચીજોનું વિતરણ સરળતાથી થઇ રહ્યું છે એ બદલ તેમણે ટીમવર્કની સરાહના કરી હતી. ■

# માંડવીમાં રેસ્ટોરાંમાં ઘરેલુ ગૅસ સિલિન્ડરનો ગેરકાયદે થતો વપરાશ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને પરિણામે સામાન્ય નાગરિકો ઘરેલુ ગેસની તંગીનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ વ્યાપારી એકમોમાં ઘરેલુ ગેસના સિલિન્ડરનો ગેરકાયદે વપરાશ થતો હોવાની વ્યાપક ફરિયાદોને પગલે વહીવટી તંત્ર 'એક્શન મોડ'માં આવ્યું છે. માંડવી મામલતદાર અને પુરવઠા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક તપાસમાં એક જાણીતી રેસ્ટોરન્ટમાંથી ઘરેલુ ગેસના સિલિન્ડરો મળી આવતા તેને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માંડવી મામલતદાર પ્રદ્યુમનસિંહ જેઠવા અને પુરવઠા નિરીક્ષક તન્વીબેનના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં ચુસ્ત ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન લાકડા બજાર વિસ્તારમાં આવેલી 'અમન રેસ્ટોરન્ટ'માં તપાસ કરતા તંત્રને કોમર્શિયલ હેતુ માટે વપરાતા ઘરેલુ ગેસના ત્રણ સિલિન્ડરો મળી આવ્યાં હતાં. નિયમોના સરેઆમ ઉલ્લંઘન બદલ તંત્રએ આ સિલિન્ડરો તાત્કાલિક કબજે કરી 'નીકી ગેસ એજન્સી'ના ગોડાઉનમાં જમા કરાવ્યા છે અને રેસ્ટોરન્ટ સંચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની કાર્યવાહી તેજ કરી છે. તંત્રની આ ઓચિંતી કાર્યવાહીના સમાચાર વાયુવેગે પ્રસરતા શહેરના અન્ય હોટલ અને રેસ્ટોરન્ટ માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ચેકિંગમાં પકડાઈ જવાની ભીતિએ અનેક સ્થળોએ સંચાલકો દ્વારા ઘરેલુ સિલિન્ડરો છુપાવવા માટેની દોડધામ પણ જોવા મળી હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

સ્થાનિક વહીવટી તંત્રએ આ બાબતે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, ઘરેલુ વપરાશના ગેસનો વ્યાપારી હેતુ માટે ઉપયોગ કરવો એ ગંભીર ગુનો છે. આગામી દિવસોમાં પણ આવી ગેરરીતિ કરનારા એકમો સામે કડક ઝુંબેશ જારી રાખવામાં આવશે. આ સાથે જ તંત્રએ જાગૃત નાગરિકોને અપીલ કરી હતી કે જો ક્યાંય પણ આવી ગેરરીતિ જોવા મળે તો તુરંત સત્તાવાળાઓને જાણ કરવી.

# વરસાદી માહોલની અસરઃ અમદાવાદ સહિત ગુજરાતમા ગરમીમાં રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શુક્રવારે સાંજે વરસાદી માહોલ જામ્યા બાદ શનિવારે અમદાવાદ સહિત ઘણા જ શહેરોમાં ગરમીમાં રાહત અનુભવાઈ હતી.

દિવસના તાપમાનમાં અમદાવાદમાં મહત્તમ ૩૪.૨ઓઈ - સામાન્ય કરતાં ૪.૨ ડિગ્રી ઓછું નોંધાયું. લઘુતમ તાપમાન ૨૪.૧ઓઈ રહ્યું હતું જે જે સામાન્ય કરતાં ૧.૬ ડિગ્રી વધુ હતું. રાજ્યના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન ૩૦ઓઈ થી ૩૫ઓઈની વચ્ચે રહ્યું, જે ઘણીવાર ૩૭થી ૩૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

હવે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર નબળી પડવાની ધારણા છે, જેના હાલમાં વરસાદની શક્યતા ઓછી છે, પરંતુ ૭ એપ્રિલથી વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ફરી માવઠું લાવે તેવી શક્યતાએ ખેડૂતો સહિત સૌને ચિંતામાં મૂક્યા છે. ■

# અમદાવાદના થ્રિલરમાં દેશપાંડેએ રાજસ્થાનને જિતાડ્યું

**▶ ગુજરાતની બીજી હાર, જુરેલના ૭૫ રન સામે સુદર્શનના ૭૩ રન ચડિયાતા પુરવાર ન થયા, દેશપાંડેએ અંતિમ ઓવરમાં ૧૧ રન ડિફેન્ડ કર્યા**

અમદાવાદઃ રાજસ્થાન રૉયલ્સે (૨૦ ઓવરમાં ૬/૨૧૦) અહીં શનિવારે ગુજરાત ટાઇટન્સ (૨૦ ઓવરમાં ૮/૨૦૪)ને અંતિમ ઓવરના દિલધડક વળાંકો વચ્ચે માત્ર છ રનના માર્જિનથી હરાવી દઈને પૉઇન્ટ્સ ટેબલમાં મોખરાનું સ્થાન મેળવી લીધું હતું. દિલ્હી તથા પંજાબ અનુક્રમે બીજા-ત્રીજા નંબરે છે. ગુજરાત સતત બીજી મૅચ હાર્યું છે.

રાજસ્થાનના વનડાઉન બૅટ્સમૅન ધ્રુવ જુરેલ (૭૫ રન, ૪૨ બૉલ, પાંચ સિક્સર, પાંચ ફોર) સામે ગુજરાતના ઓપનર સાઇ સુદર્શન (૭૩ રન, ૪૪ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર)નો પર્ફોર્મન્સ મૅચ-વિનિંગ નહોતો નીવડી શક્યો. ખાસ કરીને પેસ બોલર તુષાર દેશપાંડે (૩-૦-૨૪-૧)એ મૅચની અંતિમ ઓવરમાં ગુજરાતને જીતવા ૧૧ રન ન કરવા દઈને વિજય રાજસ્થાનની તરફેણમાં લાવી દીધો હતો.

જૉસ બટલરે પાંચ ચોગ્ગાની મદદથી ૨૬ રન કરીને ૧૪મી ઓવરમાં વિકેટ ગુમાવી ત્યાર બાદ ગુજરાતે મૅચ પરથી પકડ ગુમાવી હતી, પરંતુ રાહુલ તેવાટિયા (૧૨ રન) અને એમ. શાહરુખ ખાન (૧૧ રન)ના નજીવા યોગદાન બાદ ખાસ કરીને કાર્યવાહક સુકાની રાશીદ ખાને (૧૬ બૉલમાં ૨૪ રન) જવાબદારી માથે ઉપાડીને ટીમને જિતાડવા પૂરી કોશિશ કરી હતી અને એમાં તેને કૅગિસો રબાડા (૧૬ બૉલમાં ૨૩ અણનમ) નો ખૂબ સારો સાથ મળ્યો હતો. બન્નએ બહુ સારા તાલમેલ સાથે એકસરખી ગતિએ પોતાનું રનમશીન આગળ ધપાવ્યું હતું. જોકે અંતિમ ઓવરના પાંચમા બૉલમાં રાશીદ ખાન આઉટ થતાં ગુજરાતના વિજયની આશા ઓસરી ગઈ હતી.

કૅપ્ટન શુભમન ગિલ સ્નાયુઓના દુખાવાને લીધે આ મૅચમાં નહોતો રમ્યો. રાશીદ ખાને ૬૨મી મૅચ રમીને ગુજરાત વતી સૌથી વધુ મૅચ રમવાનો ગિલનો રેકૉર્ડ તોડ્યો હતો. ઓપનિંગમાં સુદર્શન સાથે કુમાર કુશાગ્ર (૧૮ રન, ૧૪ બૉલ, ત્રણ ફોર)ની આઠ ઓવરમાં ૭૮ રનની મજબૂત ભાગીદારી થઈ હતી અને ત્યાં જ સંભવિત જીતનો પાયો નખાયો હતો, પણ એ આશા ઠગારી નીવડી હતી.

એ પહેલાં, રાજસ્થાનના ૬/૨૧૦ના સ્કોરમાં ધ્રુવ જુરેલનું ૭૫ રનનું, યશસ્વીનું પંચાવન રનનું અને વૈભવ સૂર્યવંશીનું ૩૧ રનનું યોગદાન હતું. યશસ્વીએ પંચાવન રન ૩૬ બૉલમાં ત્રણ છગ્ગા અને છ ચોગ્ગાની મદદથી



રાજસ્થાનનો સુકાની રિયાન પરાગ

બનાવ્યા હતા. યશસ્વી તથા વૈભવની જોડી બાદ જુરેલ અને શિમરૉન હેટમાયરે શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ગજવ્યું હતું. જુરેલે પાંચ સિક્સર અને પાંચ ફોર ફટકારી હતી, જ્યારે હેટમાયરની ૧૮ રનની ટૂંકી ઇનિંગ્સમાં બે છગ્ગા અને એક ચોગ્ગા હતા. ગુજરાતના પાંચેય બોલરને વિકેટ મળી હતી જેમાં રબાડા સાથે બે વિકેટ સૌથી સફળ હતો.

**આજે કયા બે મુકાબલા**

હૈદરાબાદ વિરુદ્ધ લખનઊ બપોરે ૩.૩૦,
બૅંગ્લૂરુ વિરુદ્ધ ચેન્નઈ સાંજે ૭.૩૦.

યશસ્વી અને વૈભવ વચ્ચે ફરી એક વાર ૬૫-પ્લસની ભાગીદારી થઈ હતી. ૩૦મી માર્ચે ચેન્નઈ સામે આ બન્ને યુવાન ઓપનર વચ્ચે ૭૫ રનની પાર્ટનરશિપ થઈ હતી અને છેવટે રાજસ્થાન એ લૉ-સ્કોરિંગ મુકાબલો જીત્યું હતું.

વૈભવે ૧૮ બૉલમાં એક છગ્ગા અને પાંચ ચોગ્ગાની મદદથી ૩૧ રન કર્યા હતા અને તે કાર્યવાહક સુકાની રાશીદ ખાનના બૉલમાં ઊંચો શૉટ મારવાના પ્રયાસમાં ડીપ મિડ વિકેટમાં ગ્લેન ફિલિપ્સના હાથમાં કૅચઆઉટ થયો હતો. ચેન્નઈના ૠતુરાજ ગાયકવાડ, લખનઊના રિષભ પંતની જેમ રાજસ્થાનનો સુકાની રિયાન પરાગ પણ બૅટિંગમાં અસલ ફૉર્મ હજી નથી બતાવી શક્યો. શનિવારે તે આઠ રન કરીને આઉટ થયો હતો, પણ કૅપ્ટન તરીકે તેણે બન્ને મૅચ જીતી છે. ■

## કમિન્સ પીઠના ચેક-અપ માટે પાછો ઑસ્ટ્રેલિયા ગયો, કિશનની કૅપ્ટન્સી લંબાઈ



ગઈ કાલે હૈદરાબાદમાં પ્રૅક્ટિસ સેશનમાં કૅપ્ટન ઈશાન કિશન અને સાથીઓ. આજે તેમની લખનઊ સામે મૅચ છે. (પીટીઆઇ)

હૈદરાબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદનો મુખ્ય સુકાની પૅટ કમિન્સ ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડની મેડિકલ ટીમ પાસે પીઠનું સ્કૅન કરાવવા માટે ભારતથી પાછો ઑસ્ટ્રેલિયા જવા રવાના થયો છે. તે થોડા દિવસથી ભારતમાં જ હતો અને નેટમાં પ્રૅક્ટિસ પણ કરતો હતો, પણ નવા સ્કૅનિંગ માટેની સૂચના મળતાં તેણે ઑસ્ટ્રેલિયા ભેગા થવું પડ્યું છે.

તેની ગેરહાજરીમાં ઇશાન કિશન સુકાન સંભાળી રહ્યો છે. હૈદરાબાદની આગામી મૅચ આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) હૈદરાબાદમાં લખનઊ સામે રમાશે. હૈદરાબાદ પહેલી મૅચમાં બૅંગ્લૂરુ સામે હાર્યા પછી બીજી મૅચમાં કોલકાતા સામે જીત્યું હતું. ■

# સમીર રિઝવી સેન્ચુરી ચૂક્યો, પણ દિલ્હીને ફરી જિતાડ્યું

**▶ અક્ષર ઍન્ડ કંપનીએ હાર્દિક વિનાના મુંબઈ સામે ૧૧ બૉલ બાકી રાખીને છ વિકેટે મેળવ્યો વિજય**

નવી દિલ્હીઃ દિલ્હી કૅપિટલ્સે અહીં શનિવારે હોમ ગ્રાઉન્ડ પર મુંબઈ ઇન્ડિયન્સને છ વિકેટે હરાવીને બે પૉઇન્ટ મેળવ્યા હતા અને એ સાથે દિલ્હીની ટીમ ચડિયાતા રનરેટ બદલ પૉઇન્ટ્સ-ટેબલમાં પંજાબને હટાવીને નંબર-વન થઈ ગઈ હતી. દિલ્હીએ ૧૬૩ રનનો લક્ષ્યાંક ૧૮.૧ ઓવરમાં ૪/૧૬૪ના સ્કોર સાથે આસાનીથી મેળવી લીધો હતો. ઉત્તર પ્રદેશના મેરઠમાં જન્મેલો સમીર રિઝવી (૯૦ રન, ૫૧ બૉલ, સાત સિક્સર, સાત ફોર) સતત બીજી મૅચમાં હીરો બન્યો હતો. તે કરીઅરની તેમ જ આ વખતની આઇપીએલની પ્રથમ સેન્ચુરી ૧૦ રન માટે ચૂકી ગયો હતો. તેણે કૉર્બિન બૉશ્ચના બૉલમાં સિક્સર મારવાની લાલચમાં લૉન્ગ-ઑફ પર તિલક વર્માને કૅચ આપી દીધો હતો.

### સમીરની બે મોટી ભાગીદારી

દિલ્હીએ પણ મુંબઈની જેમ શરૂઆતમાં જ બે વિકેટ સસ્તામાં ગુમાવી હતી. જોકે ટીમના કુલ ૧૬૪ રનમાં શ્રીલંકન ઓપનર પથુમ નિસાન્કાનું ૪૪ રનનું યોગદાન હતું જે તેણે ૩૦ બૉલમાં એક સિક્સર અને છ ફોરની મદદથી કર્યા હતા. તેણે સમીર રિઝવી સાથે ત્રીજી વિકેટ માટે ૬૬ રનની ભાગીદારી કરી હતી. ત્યાર બાદ રિઝવીએ ડેવિડ મિલર (૨૧ અણનમ, ૧૮ બૉલ, ચાર ફોર) સાથે ચોથી વિકેટ માટે ૭૮ રનની ભાગીદારી કરી હતી. ૧૭મી ઓવરમાં રિઝવીએ



ઉત્તર પ્રદેશના મેરઠનો સમીર રિઝવી

વિકેટ ગુમાવી ત્યાર પછી મિલર અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (ત્રણ અણનમ)ની જોડીએ જવાબદારી સંભાળી લીધી હતી અને દિલ્હીને ૧૧ બૉલ બાકી રાખીને વિજય અપાવી દીધો હતો. ફક્ત કૉર્બિન બૉશ્ચ, દીપક ચાહર અને મિચલ સૅન્ટનરને એક-એક વિકેટ મળી હતી. પાછલી મૅચના અવૉર્ડ વિજેતા શાર્દુલ ઠાકુરને તેમ જ બુમરાહ અને મયંક માર્કન્ડેને વિકેટ નહોતી મળી.

### સૂર્યકુમારની હાફ સેન્ચુરી એળે ગઈ

મુંબઈની ટીમમાં એકમાત્ર સૂર્યકુમાર યાદવ (૫૧ રન, ૩૬ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરી અને અન્ય ચાર બૅટ્સમેનના સાધારણ પર્ફોર્મન્સની મદદથી દિલ્હી કૅપિટલ્સ સામે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૨ રન કર્યા હતા અને અક્ષર પટેલની ટીમને ૧૬૩ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. ૧૬૨ રનમાં નમન ધીરનો ૨૮ રનનો, મિચલ સૅન્ટનરનો અણનમ ૧૮ રનનો અને કૉર્બિન બૉશ્ચનો અણનમ ૧૧ રનનો સાધારણ ફાળો હતો. દિલ્હીના મુકેશ કુમારે બે વિકેટ તેમ જ ઍન્ગિડી, અક્ષર, વિપ્રજ અને ટી. નટરાજને એક-એક વિકેટ મેળવી હતી. ■



કૉર્બિન બૉશ્ચ



જસપ્રીત બુમરાહ

### હાર્દિક અસ્વસ્થ હોવાથી ન રમ્યો

એ પહેલાં, મુંબઈની ઇનિંગ્સમાં ઓપનિંગ નબળું થયું તેમ જ તિલક વર્મા (૦) તથા શેરફેન રુધરફર્ડ (પાંચ રન) સસ્તામાં આઉટ થઈ ગયા એને લીધે મુંબઈની ટીમ દિલ્હીને પડકારરૂપ લક્ષ્યાંક નહોતી આપી શકી અને છેવટે પરાજય જોવો પડ્યો. મુખ્ય કૅપ્ટન હાર્દિક પંડ્યા અસ્વસ્થ હોવાથી આ મૅચમાં નહોતો રમ્યો અને ટીમને તેની ખોટ ખૂબ વર્તાઈ હતી.

### સમીર સતત બીજી મૅચમાં જીત્યો અવૉર્ડ

સમીર રિઝવીએ ૧ એપ્રિલે લખનઊ સામે અણનમ ૭૦ રન કર્યા હતા અને હવે ૯૦ રનના યોગદાન સાથે ચાર દિવસમાં સતત બીજો મૅન ઑફ ધ મૅચ અવૉર્ડ જીત્યો છે.

## ઈરાનમાં હુમલા થતા હતા ત્યારે પાડોશી ઈરાકમાં ફૂટબોલર્સના માનમાં ફટાકડા ફૂટ્યા, ગનફાયર પણ થયા

બગદાદઃ પશ્ચિમ એશિયામાં ભીષણ યુદ્ધ ચાલે છે, પરંતુ આ જ પ્રદેશમાં ફૂટબૉલના ખેલાડીઓ અને તેમના અસંખ્ય ચાહકોના ઉત્સાહની કોઈ સીમા નથી અને એનું જીવંત ઉદાહરણ શનિવારે ઇરાકના પાટનગર બગદાદમાં જોવા મળ્યું હતું. ઇરાક ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં ૪૦ વર્ષે ક્વૉલિફાય થયું છે અને એની શનિવારે બગદાદના મધ્ય વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઉજવણી થઈ હતી. લોકોએ ફટાકડા ફોડ્યા હતા, ગનફાયર કર્યા હતા અને લોકો સંગીતના તાલે ઝૂમ્યા હતા.

૧૧મી જૂને અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં શરૂ થનારા ફિફા વર્લ્ડ કપમાં કુલ ૪૮ દેશ ભાગ લેશે. અત્યાર સુધીનો ફૂટબૉલનો આ સૌથી મોટો વિશ્વ કપ છે અને એમાં રમવાલાયક થનાર ઇરાકની ટીમ ૪૮મી છે. અમેરિકા અને ઇઝરાયલનું ઇરાન સામે યુદ્ધ ચાલે છે અને એમાં ઇરાન દ્વારા અખાતના દેશોમાં તેમ જ ઇરાકમાં અમેરિકી સ્થાનો પર ઘાતક હુમલા કરવામાં આવી રહ્યા છે.

જોકે આ વિકટ પરિસ્થિતિમાં પણ શનિવારે બગદાદમાં ઇરાકના ફૂટબોલર્સની ઓપન-ટૉપ બસ પરેડ નીકળી હતી. હજારો ફૂટબૉલપ્રેમીઓ રસ્તા પર ઊમટી પડ્યા હતા. કોઈક સ્થળે રસ્તાની બાજુમાં ઇરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામનેઇની વિશાળ તસવીરવાળું




ગઈ કાલે ઈરાકના પાટનગર બગદાદમાં ફૂટબૉલ ખેલાડીઓની ઓપન-બસ પરેડ દરમ્યાન બસને ઘેરી વળેલા અસંખ્ય લોકો. બસની એક તરફ ઈરાનના ભૂતપૂર્વ લીડર આયાતોલ્લાહ ખામનેઈનું મોટું પોસ્ટર હતું. (એપી)

પોસ્ટર હતું તો બીજી તરફ ઇમારતોની બાલ્કનીમાંથી અસંખ્ય લોકો પરેડ જોઈ રહ્યા હતા.

આ પહેલાં ઇરાકની ટીમ ૧૯૮૬ના ફિફા વર્લ્ડ કપમાં રમી હતી. આ વખતે ક્વૉલિફાઇંગ રાઉન્ડની નિર્ણાયક મૅચમાં ઇરાકે બોલિવિયાને ૨-૧થી હરાવ્યું હતું. વર્લ્ડ કપમાં ઇરાક ગ્રૂપ-આઇમાં સામેલ છે. ફ્રાન્સ, નૉર્વે અને સેનેગલ એ ગ્રૂપની બીજી ટીમો છે. ઇરાનનો ગ્રૂપ-જીમાં સમાવેશ છે અને એ ગ્રૂપમાં બેલ્જિયમ, ઇજિપ્ત અને ન્યૂ ઝીલૅન્ડનો સમાવેશ છે. ■

## સાઉદી લીગમાં રોનાલ્ડો ૧૦૦મી મૅચમાં મૅચ-વિનર, ૧૦૦૦ ગોલની સિદ્ધિની વધુ નજીક

રિયાધઃ પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ઈજામુક્ત થયા બાદ શુક્રવારે સાઉદી લીગમાં બે ગોલ કરીને અલ નાસર ટીમને અલ નજમા સામે ૫-૨થી વિજય મેળવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. સાઉદી ક્લબ અલ નાસર વતી રોનાલ્ડોની આ ૧૦૦મી મૅચ હતી અને એમાં તેણે મૅચ-વિનિંગ પર્ફોર્મ કરીને હરીફ ટીમોને પોતાના ફૉર્મ બાબતમાં ચેતવી દીધી છે.

૪૧ વર્ષનો રોનાલ્ડો સાથળના દુખાવાને કારણે તાજેતરમાં અમેરિકામાં આગામી ફિફા વર્લ્ડ કપ માટેની પોર્ટુગલ વતી બે મૅચ નહોતો રમી શક્યો. જોકે સાઉદી લીગમાં રમીને તેણે જે બે ગોલ કર્યા એ સાથે તેના કરીઅર-ગોલની કુલ સંખ્યા ૯૬૭ ઉપર પહોંચી હતી અને તે ૧,૦૦૦ ગોલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બનવાની દિશામાં તે ઝડપથી આગળ વધી રહ્યો છે.

શુક્રવારે સાઉદી લીગની મૅચમાં રોનાલ્ડોએ ૫૬મી અને ૭૩મી મિનિટમાં ગોલ કર્યો હતો.




વર્તમાન સીઝનમાં રોનાલ્ડોના ગોલની સંખ્યા ૨૩ ઉપર પહોંચી હતી. તેના બે ગોલ તેમ જ અબ્દુલ્લા અલ-હમદાનના એક અને સાડિઓ માનેના બે ગોલની મદદથી ૫-૨ના તફાવત સાથે જીતીને અલ નાસરે પૉઇન્ટ્સ ટેબલમાં મોખરે સ્થાન મજબૂત કર્યું છે.

રોનાલ્ડો આ મૅચમાં ૮૩ મિનિટ રમ્યો હતો. ૮૩મી મિનિટમાં હેડ કોચ જોર્જ જીસસે તેને ફિટનેસ જાળવવાના ઇરાદાથી પાછો બોલાવી લીધો હતો. ■

## હાર્દિકને વન-ડેની ૧૦ ઓવર પૂરી કરવાનું 'ટૅન્શન' છે?



મુંબઈઃ શનિવારે દિલ્હી કૅપિટલ્સ સામેની મૅચ અસ્વસ્થતાને કારણે ગુમાવનાર મુંબઈ ઇન્ડિયન્સના કૅપ્ટન હાર્દિક પંડ્યાએ આઇપીએલ માટે દિવસ-રાત મહેનત કરી હતી, મોડી રાત સુધી વાનખેડેમાં માળીઓના સાથ-સહકારથી પ્રૅક્ટિસ કરી હતી, પરંતુ હવે આઇપીએલમાં અધવચ્ચે જ તે કદાચ બીજા એક માનસિક બોજ મહેસૂસ કરી રહ્યો હોવાનું મનાય છે. તેનો ઉદ્દેશ ભાવિ વન-ડે મૅચોમાં પૂરી ૧૦ ઓવર બોલિંગ કરવા માટે ફુલ્લી ફિટ રહેવાનો પણ છે. બીસીસીઆઇની ઍકેડેમીએ હાર્દિકને વન-ડેમાં પૂરી ૧૦ ઓવર બોલિંગ કરવાની તેનામાં રાબેતા મુજબની ક્ષમતા હોવાનું સર્ટિફિકેટ કદાચ હજી આપ્યું નથી. બોર્ડ તેને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટે ફિટ રાખવા માગે છે. ■

**વિરાટ વર્ષ દરમ્યાન મોટા ભાગે પરિવાર સાથે લંડનમાં રહે છે**

## કોહલીએ ઍન્કરને કહ્યું, 'અરે ભાઈ, આઈપીએલમાં મને ટીમનો પાંચમો વિદેશી ખેલાડી શું કામ ગણો છો?'

બેંગ્લૂરુઃ ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બૅંગ્લૂરુ (આરસીબી)નો પીઢ ખેલાડી વિરાટ કોહલી વર્ષ દરમ્યાન પરિવાર સાથે મોટા ભાગે લંડનમાં જ રહેતો હોય છે એટલે એ બાબતને ધ્યાનમાં રાખીને તેની સાથે એક હળવી મજાક કરવામાં આવી છે જેનો ખુદ વિરાટે પણ રમૂજી જવાબ આપ્યો.



આઈપીએલની દરેક મૅચમાં પ્રત્યેક ટીમ પોતાની પ્લેઈંગ ઇલેવનમાં વધુમાં વધુ ચાર વિદેશી ખેલાડીનો સમાવેશ કરી શકે છે. આરસીબી સાથે સંકળાયેલા ડેનિશ સૈત નામના કૉમેડી કૅરેક્ટર 'મિ. નૅગ્સ' તરીકે ઓળખાય છે.

તેમણે વીડિયો માટેની વાતચીત દરમ્યાન વિરાટને પૂછ્યું, લોકોમાં ચર્ચા છે કે આરસીબી દરેક મૅચમાં પાંચ વિદેશી ખેલાડીને ટીમમાં સમાવીને રમે છે. તમારું શું કહેવું છે?'

વિરાટ આ સવાલ સાંભળીને પહેલાં તો ખૂબ હસ્યો હતો અને પછી તેણે ઍન્કરને કહ્યું, 'તમે મને શું કામ આવો સવાલ પૂછો છો? હું કંઈ વિદેશી ખેલાડી નથી. જાઓ, વિદેશી પ્લેયરને પૂછો.'

ત્યાર બાદ વિરાટે ઍન્કરને સામું પૂછ્યું કે શું હું વિદેશી ખેલાડી છું?' ત્યારે ઍન્કરે તેને ના'માં જવાબ આપ્યો હતો અને બંને જણ ખૂબ હસ્યા હતા. ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્ત થઈ ચૂકેલો વિરાટ મોટા ભાગે લંડનમાં જ રહેતો હોવાથી આઈપીએલમાં તેને વિદેશી ખેલાડી તરીકે ઓળખાવીને આ રમૂજી વાતચીતનો વીડિયો બનાવવામાં આવ્યો છે. ૨૮મી માર્ચે આરસીબીની પ્રથમ મૅચમાં જે ચાર વિદેશી ખેલાડી રમ્યા હતા એમાં ટિમ ડેવિડ, ફિલ સૉલ્ટ, રૉમારિયો શેફર્ડ અને જેકબ ડફીનો સમાવેશ હતો. આ ઉપરાંત પણ આરસીબીની સ્ક્વૉડમાં બીજા વિદેશી ખેલાડીઓ સામેલ છે.

આરસીબીએ ૨૮મી માર્ચે પહેલી મૅચમાં હૈદરાબાદને હરાવ્યું હતું અને હવે આરસીબીની બીજી મૅચ આજે બેંગલૂરુમાં ચેન્નઈ સામે રમાશે. ■

## હવે મૅચ-ફિનિશર જેવું કંઈ નથી, શરૂઆતથી જ ફટકાબાજી થાય છેઃ ફ્લેમિંગ

ચેન્નઈઃ એક સમય હતો જ્યારે મહેન્દ્રસિંહ ધોનીને સર્વશ્રેષ્ઠ મૅચ-ફિનિશર તરીકે ઓળખાવવામાં આવતો હતો અને અન્યોમાં ડેવિડ મિલર, રિન્કુ સિંહ, રવીન્દ્ર જાડેજા, દિનેશ કાર્તિક, રિષભ પંત, કિરૉન પોલાર્ડ, ગ્લેન મૅક્સવેલ વગેરેના નામ પણ એક ટાઇમે ચર્ચાતા હતા, પરંતુ થોડા સમયથી ભાગ્યે જ કોઈ બૅટ્સમૅન રાબેતા મુજબ મૅચ-ફિનિશરની ભૂમિકામાં જોવા મળી રહ્યો છે અને એ વાતને સ્ટીફન ફ્લેમિંગ પુષ્ટિ આપી છે. ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના હેડ-કોચ ફ્લેમિંગે શુક્રવારે અહીં પંજાબ કિંગ્સ સામેની મૅચમાં સીએસકેના પાંચ વિકેટે થયેલા પરાજય બાદ પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન એક સવાલના જવાબમાં કહ્યું હતું કે 'મને નથી લાગતું કે હવે ફિનિશર જેવું કંઈ છે. હવે તો લગભગ દરેક મૅચમાં પહેલા બૉલથી જ ફટકાબાજી શરૂ થતી હોય છે. એવું નથી કે ૧૬મી ઓવર સુધી ઇનિંગ્સ ડેવલપ થાય અને પછી કોઈ એક કે બે બૅટ્સમેન દ્વારા મૅચ ફિનિશ કરવામાં આવે.'

### શરૂઆતથી જ ઊંચો રનરેટ હોય છે

ફ્લેમિંગનું એવું પણ કહેવું હતું કે 'હવે તો શરૂઆતથી જ ઓવર દીઠ ૧૦, ૧૧ અને ૧૨ના રેટથી રન થતા હોય છે. શરૂઆતના ૪૦-૫૦ રન આક્રમક બૅટિંગથી બનાવવાની કોશિશ થાય છે. હવે એવું નથી કે રનરેટ ઇનિંગ્સના છેવટના ભાગમાં જ ઊંચો હોય. શરૂઆતથી જ રનરેટને બને એટલો ઊંચો રાખવાનો આક્રમક અભિગમ અપનાવી રાખવાનો પ્રયત્ન થાય છે.'

ફ્લેમિંગે પોતાની ટીમની વાત કરતા કહ્યું હતું કે 'અમારી પાસે ડેવાલ્ડ બ્રેવિસ છે, પણ તે ઈજાને લીધે હમણાં નથી રમી શક્તો. બેસ્ટ ફિનિશર્સમાં ગણાતો એમએસ ધોની પણ ઈજાગ્રસ્ત છે.' ■

## ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા દિવ્યાંગ ખેલાડીઓની ટૂર્નામેન્ટ યોજાઈ

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા ઑલ ઇન્ડિયા ક્રિકેટ અસોસિયેશન ફૉર ફિઝિકલી ચૅલેન્જડના સહયોગથી આયોજિત ત્રણ દિવસની લેધર બૉલ ક્રિકેટ ટૂર્નામેન્ટની પૂર્ણાહુતિ તા. ૦૩-૦૪-૨૦૨૬ના રોજ ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ચૅરમૅન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાની, જૉઇન્ટ સ્પોર્ટ્સ કોઓર્ડિનેટર પ્રશાંત કારિયા, ક્રિકેટ ઇન્ચાર્જ નિશિથ ગોલવાળા તેમ જ અસોસિયેશનના ઉપ-પ્રમુખ અનિલ જોગલેકર, વિનોદ દેશમુખ તથા અન્ય કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

ટૂર્નામેન્ટની વેસ્ટ ઝોન સામેની



ઘાટકોપર જૉલી જિમખાનાના ચેરમેન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાની, ક્રિકેટ ઈન્ચાર્જ નિશિથ ગોલવાળા, એસોસિએશનના ઉપ-પ્રમુખ અનિલ જોગલેકર – વિનોદ દેશપાંડે સાથે વિજેતા તથા ઉપવિજેતા ટીમ.


ફાઇનલમાં નોર્થ ઝોને ટૉસ જીતીને પ્રથમ બૅટિંગ કરતા ૧૯.૪ ઓવરમાં ૧૭૫ રન બનાવ્યા હતા, જેમાં લકી રાવતના ૫૧ રન નોંધપાત્ર રહ્યા હતા. વેસ્ટ ઝોન તરફથી અભિનંદન ઉપાધ્યાયે ૨૨ રનમાં ૪ વિકેટ ઝડપી હતી. વેસ્ટ ઝોને અવિનાશ સોનાવણેના શાનદાર ૫૮ રનની મદદથી ૧૭૫ રનનો લક્ષ્યાંક ૪ વિકેટ ગુમાવી પૂર્ણ કર્યો અને ૬ વિકેટે વિજય મેળવી ચૅમ્પિયનશિપ પોતાના નામે કરી હતી. વિજેતા વેસ્ટ ઝોન ટીમને રૂ. ૧,૦૦,૦૦૦, ઉપ-વિજેતા નોર્થ ઝોન ટીમને રૂ. ૫૫,૦૦૦ની રકમ સાથે ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

**વ્યક્તિગત પુરસ્કારો વિજેતાઓઃ** (૧) બેસ્ટ બેટ્સમેન મયુરેશ સંસારે (વેસ્ટ ઝોન) (૨) બેસ્ટ બોલર સુમન દેય (ઈસ્ટ ઝોન) (૩) બેસ્ટ ફિલ્ડર રાહુલ શર્મા (નોર્થ ઝોન) (૪) પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ અભિનંદન ઉપાધ્યાય (વેસ્ટ ઝોન). ■

# સનાતન ધર્મની સૌથી મોટી ખાસિયત એ છે અહીં તમને પૂછવાનો અધિકાર છેઃ પૂજ્ય ભાઈશ્રી

મુંબઈ સમાચાર
માતૃભાષા ભાગવત સપ્તાહ
૨ એપ્રિલથી ૮ એપ્રિલ





માતૃભાષા ભાગવત સપ્તાહના ત્રીજા દિવસે અધ્યાત્મના રંગે રંગાઈ સનાતન નગરી

મુંબઈઃ 'મુંબઈ સમાચાર' દ્વારા આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહના ત્રીજા દિવસે પણ બોરીવલી સ્થિત સ્વ. બાળાસાહેબ ઠાકરે ક્રીડા સંકુલમાં બનાવવામાં આવેલી સનાતની નગરી અધ્યાત્મના રસમાં એકદમ તરબોળ થઈ ગઈ હતી. ત્રીજા દિવસે પણ ભાવિકો ઉત્સાહ અને જોશથી તરબતર હતા અને એની સાબિતી આપી રહ્યો હતો હકડેઠઠ ભરેલો સભામંડપ.

પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ સનાતન નગરીમાં ઉપસ્થિત ભાવિકોને અધ્યાત્મનો માર્ગ ચીંધતા જણાવ્યું હતું કે સમગ્ર સૃષ્ટિ પરમાત્માની અભિવ્યક્તિ છે અને એટલે જ દરેક નામ અને રૂપ એ બધું ભગવાનનું જ રૂપ છે. આ જ કારણ છે કે આપણા શાસ્ત્રોમાં ઈશ્વર ક્યાં છે એ પ્રશ્ન પૂછવામાં નથી આવતો, પણ કદાચ પ્રશ્ન છે તો એ છે ઈશ્વર ક્યાં નથી. જે કંઈ છે એ બધું પરમાત્મા છે. જેને એનું જ્ઞાન થઈ જાય એ ક્યારેય એવું નહીં પૂછે કે પરમાત્મા ક્યાં છે?

નરસિંહ મહેતાના પદમાં જેટલી સરળતાથી વેદાંત પ્રાપ્ત થાય છે એ કદાચ બીજે ક્યાંય નથી મળતો. નરસિંહ મહેતાએ કોઈ પીએચ.ડી. નથી કર્યું, પણ એમના કાવ્ય પર પીએચ.ડી. કરવાવાળા ઘણા છે. તેઓ કોઈ યુનિવર્સિટી નહોતા ગયા પણ અનેક યુનિવર્સિટીમાં નરસિંહ મહેતા ભણાવાય છે. આવું થયું એનું કારણ છે ભાષા. નરસિંહ મહેતાએ વેદોને સરળ ભાષામાં ઉતાર્યા. ભાઈશ્રીના મુખે નરસિંહ મહેતાની જાણીતી રચના 'એક તું શ્રી હરિ... નામ રૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોય' સાંભળીને આખી સનાતન નગરી ડોલી ઉઠી હતી.

પૂજ્ય ભાઈશ્રીએ સનાતન ધર્મની ખાસિયત, મહિમા વર્ણવી જણાવ્યું હતું કે સનાતન ધર્મની સૌથી મોટી ખૂબી એ છે કે અહીં તમને સવાલ પૂછવાનો અધિકાર છે. એ પ્રશ્ન પૂછવાના અધિકારને કારણે જ આપણા ગ્રંથો રચાયા છે. જે પ્રશ્નો ના હોત તો શ્રીમદ્ ભાગવત ના હોત, રામાયણ ના હોત, ગીતા ના હોત. આ તમામ ગ્રંથોનો ઉદ્ભવ સવાલોને કારણે જ થયો. ભાગવતનો પ્રારંભ પણ છ પ્રશ્નોથી થયો છે. રામચરિત માનસનો પ્રારંભ પણ સવાલોથી થયો હતો. સવાલ પૂછવાથી લાભ થાય છે.

પૂજ્ય ભાઈશ્રીએ વ્યક્તિના જીવનમાં કરુણાનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે તિરુપતિ બાલાજી, હરિદ્વારમાં જ્યારે પૂજા થતી હોય ત્યારે આપણું ધ્યાન એમાં હોય છે, કારણ કે એ સમયે આપણે વિચારીએ છીએ આટલો સમય મળ્યો. તમે જ્યારે ભગવાનને ૫૬ ભોગ ધરો છો ત્યારે એને કંઈ ફેર નથી પડતો, એનાથી તમને ફરક પડે છે. આપણામાં ફરક પડે છે. અનુભૂતિના જગતમાં હું નથી એવી અનુભૂતિ કોઈની નથી. હું છું એ જ અનુભૂતિ બધાને છે. આ અનુભૂતિ કરવા તમારે કોઈ હિમાલયમાં જઈને તપ કરવાની જરૂર નથી. સૌને આ અનુભૂતિ છે હું છું. હું અને છું વચ્ચે આખો સંસાર છે. હું સ્ત્રી છું, હું પુરૂષ છું. હું ગુજરાતી છું, હું બોલું છું અને આ બે શબ્દ હું અને છું વચ્ચે આપણો સંસાર ચાલે છે. આ બંને શબ્દોમાં જ બધાની અનુભૂતિ છે. પ્રશ્ન પૂછવો એ તમારો અધિકાર છે. આ અધિકારને કારણે સનાતન ધર્મ વિકસ્યો છે, મજબૂત બન્યો છે. દુનિયાના અનેક ધર્મોમાં પ્રશ્નો પૂછવાને નાસ્તિકતા ગણાય છે.

ભાષા, આપણી માતૃભાષા, આપણી સંતવાણીનું મહત્ત્વ સમજાવતા પૂજ્ય ભાઈશ્રીના મુખે પાનબાઈનું 'ભક્તિ કરવા રાંક થઈને રેવું' ભજન સાંભળીને ઉપસ્થિત તમામ શ્રોતાગણ હરિરસમાં તરબોળ થઈ ગયા હતા. ભણવાથી જ્ઞાન નથી આવતું. ભણેલાં ગણેલાં લોકોને જ્ઞાન નથી હોતું. આપણી ખૂબીઓ અને બીજાની ખામી દેખાય એ ત્યાં અહંકાર આવે છે અને સંબંધો બગડે છે. સાચો સાધક પુરુષ એ હોય છે જે પોતાના અવગુણો જુએ અને બીજાના ગુણો જુએ. સંસારનું જ્ઞાન તમે ગમે એટલું મેળવશો એ અધૂરું છે, પરમાત્મા વિશેનું જ્ઞાન હંમેશાં પૂર્ણ છે. પરમાત્મા પૂર્ણ છે. નરસિંહ મહેતા, મીરા બાઈએ ઈશ્વરનો અભ્યાસ કર્યો અને એટલે એમની રચનામાં પૂર્ણતા છે.

અંતમાં પૂજ્ય ભાઈશ્રીએ ઉપસ્થિત ભાવિકોને માતૃભાષાનું મહત્ત્વ જણાવતા કહ્યું હતું કે વ્હાલા ભાઈ બહેનો આપણી માતૃભાષાનું ખૂબ જ મહત્ત્વ છે. માતૃભાષાનો મહિમા છે અને આપણને સૌને આપણી માતૃભાષાનું ગૌરવ હોવું જોઈએ. 'મુંબઈ સમાચાર' આયોજિત આ માતૃભાષા ભાગવત સપ્તાહમાં વિધાનસભ્ય યોગેશ સાગર, પૂજ્યભાઈશ્રી રમેશભાઈ ઓઝાના ભાઈ ગૌતમભાઈ ઓઝા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ■

## ભાગવત એ તમામ વેદો અને ગ્રંથોનો સાર છે

જેમ ફળ એ વૃક્ષનો સાર છે એમ ભાગવત એ આ તમામ વેદો અને ગ્રંથોનો સાર છે. આ જ કારણ છે કે આપણે ત્યાં કહેવાય છે કે કથામૃતનું પાન કરો. આ ભાગવત એ કલ્પવૃક્ષનું એવું ફળ છે કે જેનું રસપાન વારંવાર કરવું જોઈએ. જો એક વખત તમે આનું રસપાન કરીને ધરાઈ જાવ તો તમે વૈષ્ણવ શાના?

## વેદ અને મંત્રોએ તો પરમાત્માનો શ્વાસ છેઃ પૂજ્ય ભાઈશ્રી

શ્રીમદ્ ભાગવત, ભગવદગીતા સહિતના તમામ ગ્રંથો એ એક સ્મૃતિ છે, આપણી પાસે ઘણા સ્મૃતિ ગ્રંથ છે જે કોઈ બીજા દ્વારા લખવામાં આવ્યા છે, પરંતુ વેદ કોઈ દ્વારા નથી લખાયા, તે અપૌરૂષ છે. આપણા વેદો અપૌરૂષિ છે, કોઈ વ્યક્તિના લખેલા નથી ન તો ભગવાનના લખેલા છે. વેદ મંત્રો પરમાત્માના શ્વાસ છે. ■



વેદાંતા ગ્રુપના પ્રવીણ અગ્રવાલ પૂજ્ય ભાઈશ્રીના દર્શને આવ્યા હતા.



## સાચી રાહ પર લઈ જાય એ જ સાચું શાસ્ત્રઃ નમ્રમુનિ

નમ્રમુનિ મહારાજસાહેબે દેવભાષાના ઓમકારના ધ્વનિથી પ્રારંભ કરી 'મુંબઈ સમાચાર'ના માતૃભાષા ગૌરવ પ્રયાસને બિરદાવ્યો હતો. માતૃભાષાના મહત્ત્વને સમજાવી તેમણે કહ્યું હતું કે 'માતૃભૂમિ અને માતૃભાષા હૃદયસ્થ હોવી જોઈએ. આપણે ગમે એટલી ભાષા શીખીએ, સમજીએ પણ છેવટે ફાવે, ભાવે અને ગમે તો માતૃભાષા જ. સાચું કહું તો આ દિવસોમાં મારે બીજે કશે જવાનું હતું, પણ નીલેશભાઈના આ માતૃભાષા માટેના અનોખા પ્રયાસને હું ના ન કહી શક્યો. આજે વિશાળ ભાષામાં લોકોની ઉપસ્થિતિ જોઈ નીલેશભાઈ સાહિત્ય અને માતૃભાષા માટે જે મહેનત કરી રહ્યા છે એ ઊગી નીકળેલી દેખાય છે. એમને મારા હૃદયપૂર્વકના અભિનંદન.'

'મુંબઈ સમાચાર' આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહનું હાર્દ સમજાવી નમ્રમુનિએ જણાવ્યું કે 'એક પરિવાર સાથે હું સમય વિતાવતો હતો ત્યારે મેં રજૂઆત કરી કે સાંજે આપણે બધા ભેગા થઈએ ત્યારે ૧૦ મિનિટ માતૃભાષામાં જ વાત કરવી, બીજી કોઈ ભાષા નહીં બોલવાની. થોડા દિવસ પછી ઘરના વડીલ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે 'મારા ઘરને તમે ગોકુળિયું બનાવી દીધું. અત્યાર સુધી હું મારા જ ઘરનો સભ્ય નહોતો લાગતો. હવે પરિવાર મારો છે એ લાગણી થઈ રહી છે.' માતૃભાષાનો આ પ્રતાપ છે.

માતૃભાષા માટેના આ પ્રયાસને બિરાદાવી મહારાજ સાહેબે કહ્યું કે 'મુંબઈ સમાચાર'નું આ આયોજન હોવા ઉપરાંત આંદોલન છે. સાચી રાહ પર લઈ જાય એ જ સાચું શાસ્ત્ર. નીલેશભાઈનો આ પ્રયાસ બધા સુધી પહોંચાડવો આ મારું કર્તવ્ય છે. આ સંસ્કૃતિને ઉજાગર કરતો ઉત્સવ છે. માતૃભાષા માટે અહોભાવ વ્યક્ત કરવા બદલ હૃદયના ભાવથી અનુમોદના અનુમોદના અનુમોદના.

આપણા દેશમાં વિવિધ ધર્મ છે એમ વિવિધ ભાષાઓ પણ છે. મુંબઈ સમાચાર આયોજિત આ માતૃભાષા ભાગવત સપ્તાહમાં શનિવારે યદુનાથજી મહારાજ અને નમ્રમુનિ મહારાજે માતૃભાષાનું મહત્ત્વ સમજાવતું માર્ગદર્શન કર્યું હતું. હવે આ પ્રયાસ આગળ વધારવાની જવાબદારી યુવાપેઢીની છે.

'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ મહારાજસાહેબનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે 'ગઈકાલે મહારાજ સાહેબની તબિયત સારી ન હોવા છતાં આ પ્રસંગ તેમણે સાચવી લીધો. તેમની આંતરિક શક્તિ અને માતૃભાષા માટેના લગાવને કારણે આ શક્ય બન્યું છે. તેમનો આભાર માનું છું.' ■







માતૃભાષા ભાગવત સપ્તાહના સહયોગીમાંથી એક સહયોગી શ્રી વિજયભાઈ શાહ



૮૪ બેઠકજી દર્શન, ગોવર્ધન દૈનિક દર્શનના મનોરથી શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી



વામન અવતાર, નૃસિંહ અવતાર ઝાંખીના મનોરથી વિરલ ચિતલિયા

# 'હે રંગલો જામ્યો કાલંદરીને ઘાટ' પર સમગ્ર એસી ડોમ ઝૂમી ઊઠ્યો

## 'મુંબઈ સમાચાર' આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહમાં કૈલાસ ખેરે આનંદનો મેઘધનુષ રચ્યો



મુંબઈઃ બોરીવલીના ચીકુવાડી વિસ્તારમાં ગુરુવારથી શરૂ થયેલા 'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'ના બીજા દિવસે - શુક્રવારે સાંજે સંગીત જલસામાં સૂફી અને લોકગીત માટે ખ્યાતિપ્રાપ્ત લોકલાડીલા ગાયક-પદ્મશ્રી કૈલાસ ખેર અને કૈલાસા બેન્ડના પરફોર્મન્સથી ખીચોખીચ મેદની મંત્રમુગ્ધ થઈ હતી. એટલું જ નહીં સરપ્રાઈઝ તરીકે રજૂ થયેલા ગુજરાતી ગીત 'હે રંગલો જામ્યો કાલંદરીને ઘાટ' શરૂ થતાની સાથે યુવાન - વડીલ શ્રોતાઓ ખેલૈયાઓ બની ઝૂમી ઊઠ્યા. શુક્રવારની સાંજ ખરા અર્થમાં સંગીતના જલસાની સાંજ બની ગઈ.



'મુંબઈ સમાચાર' આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહના બીજા દિવસે આયોજિત પદ્મશ્રી કૈલાસ ખૈરના કૈલાસા લાઈવ કોન્સર્ટના પ્રાયોજક સ્કાયલાઈન ઈન્ફ્રાના સૌરભ મહેતા કૈલાશ ખૈર સાથે હળવી પળોમાં....

બપોરના ત્રણ કલાક ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની કથાનું રસપાન કર્યા પછી હાજર રહેલા હજારો લોકોમાં કૈલાસ ખેરને સાંભળવા માટે ગજબનાક ઉત્સાહ છલકાતો હતો. 'કાગા સબ તન ખાઈઓ', 'મૈં તો તેરે પ્યાર મેં દીવાના હો ગયા' અને 'આઓજી આઓજી' એમ ત્રણ ગીતથી સમા બાંધી કૈલાસ ખેરે જણાવ્યું કે 'બોરીવલી સાથે મારો જૂનો નાતો છે. ૨૦૦૨માં હું મુંબઈ પહેલી વાર આવ્યો ત્યારે બોરીવલી સ્ટેશન પર ઊતર્યો હતો.



૨૦૦૬થી મારી કરિયરની શરૂઆત થઈ અને આજે ૨૦ વર્ષ પછી મને બોરીવલીમાં જ કાર્યક્રમ કરવાનો અવસર મળ્યો એ માટે હું આભારી છું. 'મુંબઈ સમાચાર'નું આ અદ્ભુત આયોજન 'માતૃભાષા ભાગવત સપ્તાહ' અનન્ય છે. માતૃભાષા માત્ર નામ પૂરતી નથી હોતી. આપણે આપણાં મૂળિયાં ન ભૂલવા જોઈએ એ જરૂરી છે. આ અનોખા પ્રયાસમાં લોકોને ભાઈજીની અમૃત વાણીનો લાભ મળી રહ્યો છે એ સોનામાં સુગંધ ભળવા બરાબર છે.'

ત્યારબાદ સૂફી - પોપનું મિશ્રણ એવા 'તૌબા તૌબા' ગીતથી સંગીત સફર આગળ ચલાવી અને જ્યારે ફિલ્મનું ગીત 'કૈસે બતાયેં ક્યોં તુજકો ચાહેં' રેલાયું ત્યારે ઘણા લોકો મોબાઈલની સ્ક્રીન પર ગીતના બોલ વાંચી ઝૂમી રહ્યા હતા. લોકોને તાન ચડી હોવાનો ખ્યાલ આવતા જ કૈલાશજીએ 'પ્રીત કી લત મોહે ઐસી લાગી'ના સૂર રેલાવ્યા અને હાજર મેદનીને જાણે સંગીતની લત લાગી હોય એવો માહોલ બની ગયો. વાતાવરણ ઉત્સાહ - ઉલ્લાસના ઉચ્ચતમ તબક્કા જેવું બની ગયું હોવાનો અણસાર આવી જતાં 'સરપ્રાઈઝ કી પુડિયા ખોલ રહા હૂં' એમ કહી 'હે રંગલો જામ્યો કાલંદરીને ઘાટ' શરૂ કરતા કોઈના પગ જગ્યા પર બેસવા તૈયાર નહોતા અને ઉંમરને ઉત્સાહ - ઉમંગ સાથે નિસ્બત નથી હોતી એ સિદ્ધ કરતા હોય એમ લોકો મન મૂકી નાચવા લાગ્યા.

અંતે હોલ સ્ટેડિયમ જેવો લાગવો જોઈએ એમ કહી હાજર દરેક વ્યક્તિ પાસે મોબાઈલની ટોર્ચ ચાલુ કરાવી ગીત ગાઈ લોકોની સાંજ રળિયામણી બનાવી દીધી.

કૈલાસ ખેરે કાર્યક્રમના અંતમાં એમના આગવા અંદાજમાં રમૂજનો છંટકાવ કરી શુક્રવારની સાંજને સફળ બનાવવા માટે અને તેમના કૈલાસા બેન્ડને ભાવતાલની કટકટ કર્યા વિના આમંત્રણ આપવા બદલ 'મુંબઈ સમાચાર' અને આયોજન સાથે સંકળાયેલા લોકોનો આભાર માન્યો હતો. સૌપ્રથમ 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે 'ઉત્તર ભારતમાં દુબે હોય એ ગુજરાતમાં દવે કહેવાય, બે વેદના અભ્યાસુ દવે. ભારતનું જ નહીં, એશિયાના સૌથી જૂના અખબારનું તંત્રીપદ તેઓ સંભાળે છે.' ત્યારબાદ મુખ્ય મનોરથી સ્કાયલાઈન ઈન્ફ્રાના સૌરભ મહેતાનો ઉલ્લેખ ગોલ્ડન હાર્ટવાળા વ્યક્તિ તરીકે કરી 'તેઓ જે મકાન બનાવે છે એ આપના કામનું છે' એમ જણાવ્યું હતું. એમના પત્ની ઈશિતા મહેતાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ભાગવત સપ્તાહના સહ મનોરથી 'ગંધાર ગ્રુપ ઓફ કંપનીઝ'ના રમેશભાઈ પારેખ તેમજ 'શોબિઝ ઈવેન્ટ'ના સંતોષ સિંહનો ઉલ્લેખ કરી આવા મોટા યજ્ઞની સફળતા માટે ઘણા યજમાનો એકઠા થાય એ જરૂરી છે અને 'મુંબઈ સમાચાર'ના આ કાર્યક્રમમાં એ દેખાઈ રહ્યું છે એમ જણાવ્યું હતું. આ ઉપરાંત 'હાઈટેક ઈવેન્ટ'ના જિજ્ઞેશ ભુતા, 'બ્રાઇટ આઉટડોર'ના ડો. યોગેશ લાખાણી, આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા રાજુ સાવલા અને ડેકોરેશનમાં ચાર ચાંદ લગાવનારા વિજય શાહનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ મંચ પર હાજર બધા મહાનુભાવોને પોતાનું સ્ટેટસ વિસરી બાળક બની મન મૂકી નાચવાનો આગ્રહ કર્યો હતો. કૈલાસજીએ 'યે દુનિયા ઉટ પટાંગા, કિથ હાથ તે કિથે ટાંગા' પંક્તિ શરૂ કરી અને સ્ટેજ પરના બધા મહાનુભાવો ઉજવણીમાં જોડાયા. ■

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ


૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by: adani

|| મહાનગરમાં વ્રજનો લય ||
|| સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય ||
|| તમામ માતૃભાષાનો જય ||

આજે દિવસ ચોથો

## બોરીવલી ભક્તિરંગે રંગાયું



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, (ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

**આજે બપોરે ૪.30 બાદ પ્રવેશ બંધ**



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)



**આજનો ખાસ**
કાર્યક્રમઃ
**શ્રી કૃષ્ણ જન્મ**
★ દીપક રમેશ મહેતા



**આજે**
શ્રી કૃષ્ણ જન્મોત્સવ તથા તુષાર ત્રિવેદી અને ગ્રુપનો કાર્યક્રમ

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

## સંગીત જલસો

**૬ એપ્રિલ**



મૈથિલી ઠાકુરનો સંગીત કાર્યક્રમ

**૭ એપ્રિલ**

કીર્તિદાન ગઢવીનો ડાયરો



## કથા–કાર્યક્રમ

**છઠ્ઠી એપ્રિલઃ રુક્મિણી વિવાહ**



**આઠમી એપ્રિલઃ પૂર્ણાહુતિ યજ્ઞ**

★ ૮૪ બેઠકજીના દર્શન
★ ગોવર્ધન પરિક્રમા-દૈનિક દર્શન
★ માતુશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) હસ્તે
★ શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી


## માતૃભાષા ભાગવત સપ્તાહમાં પધારનારા સંતો

**છઠ્ઠી એપ્રિલ**

શ્રી વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય
પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮
શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી



**સાતમી એપ્રિલ**



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય
દ્વારકા શારદાપીઠાધીશ્વર
જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ
સરસ્વતીજી મહારાજ

### આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

**જીવંત પ્રસારણ**

મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી

आस्था | वसुधैव कुटुंबकम् ॥ Sandipani ॥ | धर्म संदेश | आस्था भजन

**વિશેષ આભારઃ**

★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST | MICL LIVE BETTER | Showglitz Events & Entertainment Private Limited | JVM CHARITABLE FOUNDATION | MUNJAL | HEM AGARBATTI | hitech events & exhibition | RUDRAAMAR GROUP | RAJSHREE BUILDERS Building A Future Into Every Home | ARVINDBHAI KHATRI SONS | BRIGHT OUTDOOR MEDIA LIMITED | NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. | SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ | SILVER BUILDING LANDMARKS SINCE 1986 | Neela Film Productions | NATUREPURE Wellness Pvt. Ltd. | WellPure | Keshasvi | APAR ADVERTISERS PRIVATE LIMITED

## 'ચઈતર ડોરો ને ચોમાસે મીં બોરો'

# કચ્છના આકાશમાં કાળાં ડિબાંગ વાદળો અને ગાજવીજ સાથે કમોસમી ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અરબી સમુદ્રમાં આકાર પામેલા પશ્ચિમી વિક્ષોભના કારણે રાજ્ય પર સર્જાયેલી વિવિધ સિસ્ટમોની અસર હેઠળ રણપ્રદેશ કચ્છમાં ઉનાળાની આકરી ગરમીના બદલે ચોમાસું માહોલ છવાયો હતો. જિલ્લાના ચારથી વધુ તાલુકાઓમાં કમોસમી વરસાદી ઝાપટાં પડતા માર્ગો પર પાણી વહી નીકળ્યાં હતાં. વાતાવરણમાં આવેલા આ અચાનક પલટાના કારણે વહેલી સવારે ઠંડા પવનો ફૂંકાતા લોકોને ગરમીમાંથી મોટી રાહત મળી હતી, જોકે બપોર બાદ ઉઘાડ નીકળતા મિશ્ર ઋતુનો અનુભવ થયો હતો.જિલ્લા કંટ્રોલ રૂમના સત્તાવાર આંકડા મુજબ, મુંદરા અને અંજારમાં ૫-૫ મિ.મી. જ્યારે ગાંધીધામમાં ૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. મુંદરામાં વહેલી સવારથી જ કાળા ડિબાંગ વાદળો વચ્ચે પાવરપેક્ડ માવઠું થતા રસ્તાઓ ભીંજાયા હતા. અંજાર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ જોરદાર ઝાપટાં વરસતાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા. ગાંધીધામ અને આદિપુરમાં સવારે ૯ વાગ્યાના અરસામાં ૧૫ મિનિટ સુધી વરસેલા વરસાદી ઝાપટાંએ વાતાવરણમાં ઠંડક પ્રસરાવી દીધી હતી. નખત્રાણા પંથકમાં પણ 'ચઈતર ડોરો અને ચોમાસે મીં બોરો'ની કહેવત સાર્થક થતી જોવા મળી હતી. રાત્રિના સમયે સાંગનારા વિસ્તારમાં ફૂંકાયેલા જોરદાર વંટોળને કારણે કેટલીક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી. વિથોણ પંથક સહિત દેવપર, ધાવડા અને મોરજર જેવા ગામોમાં માર્ગો પલાળતો વરસાદ પડ્યો હતો. બીજી તરફ, પશ્ચિમ કાંઠાના અબડાસાના નલિયા પંથકમાં પણ ગાજવીજ સાથે કમોસમી વરસાદી છાંટા પડ્યા હતા. વડીલોના મતે ચૈત્ર માસમાં સર્જાતો આવો વરસાદ આગામી સારા ચોમાસાના સંકેત આપે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી બે દિવસ વાતાવરણ સૂકું રહેશે, પરંતુ ૭ અને ૮ એપ્રિલના રોજ ફરી એકવાર જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પડવાની સંભાવના સેવાઈ રહી છે. કમોસમી વરસાદને પગલે ખેતીના પાકને થતા નુકસાન અંગે ખેડૂત વર્ગ ચિંતિત થયો છે. ■

## જામનગરમાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી તા.૨૬ના રોજ જાહેર થઇ ગઇ છે, જેના પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો કડક અમલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો, જેના ભાગરૂપે બે દિવસથી હોર્ડિંગ્સ, કીઓસ્ક બોર્ડ, ભીંત ચિત્રો, નાના સાઇન બોર્ડ, હટાવી દેવામાં આવ્યા હતા. જામનગર મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદીની સૂચનાથી અધિકારીઓએ પોલીસને સાથે રાખીને શહેરમાં ભીંતચિત્રો, કીઓસ્ક બોર્ડ ઉતારવાનું શરૂ કર્યું હતું. બે દિવસમાં ૨૧૦ કીઓસ્ક બોર્ડ, ૩૦૬ ભીંતચિત્રો અને ૧૨ નાના સાઇન બોર્ડ તેમ જ ૨૦૦ જેટલા ફ્લેગ ઉતારી લેવામાં આવ્યા હતા.

શનિવાર સવારથી જ શહેરના કેટલાક વિસ્તારોમાં આચારસંહિતાનો અમલ કરાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. હજુ કેટલાક વિસ્તારોમાં મોટા મોટા હોર્ડિંગ્સ પણ લાગેલા છે તે પણ આચારસંહિતામાં આવતા હશે તો તે પણ ઉતારી લેવામાં આવશે તેવું સક્ષમ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

# સુરેન્દ્રનગરના સાયલામાં ખનીજ માફિયાઓને અધધધ ૫૯૫ કરોડનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજ માફિયાઓને જાણે કાયદાનો કોઈ ભય ન હોય તેમ બેફામ બન્યા છે. સાયલાના સુદામડા વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર ખોદકામ મામલે ખાણ ખનીજ વિભાગે આકરૂ વલણ અખત્યાર કર્યું છે. વિભાગે પાંચ જેટલી ખાણો પર કુલ ૫૯૫ કરોડનો અધધ દંડ ફટકારતા ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો અનુસાર, સાયલાના સુદામડા વિસ્તારમાં આવેલી બ્લેક ટ્રેપ પથ્થરની ખાણોમાં કોઈપણ પ્રકારની મંજૂરી વગર બેરોકટોક ખોદકામ ચાલી રહ્યું હતું. આ અંગે ખનીજ વિભાગને બાતમી મળતા પાંચ જેટલી ખાણો પર દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન મોટા પાયે ખનીજ ચોરી થતી હોવાનું સપાટી પર આવતા વિભાગે આ તમામ ખાણો પર થયેલા ખોદકામનું આકલન કરીને અંદાજે ૫૯૫ કરોડ જેટલી માતબર રકમનો દંડ આક્યો હતો. ગેરકાયદે ખોદકામ કરનારાં તત્ત્વો સામે કારણદર્શક નોટિસ ફટકારીને આગામી ૧૫ એપ્રિલ સુધીમાં જરૂરી આધાર પુરાવા રજૂ કરવા આદેશ કરાયો છે.આ કાર્યવાહી દરમિયાન માત્ર દંડ જ નહીં પરંતુ મોટા પાયે મશીનરી પણ સીઝ કરવામાં આવી છે. લિંબડી ડીવાયએસપી અને ખાણ ખનીજ વિભાગના સંયુક્ત ઓપરેશનમાં ખોદકામમાં વપરાતાં ૧૩ જેટલાં હિટાચી જેવાં મોટાં મશીનો અને ખનીજ વહન કરતા ૩૩ જેટલાં ડમ્પરો જપ્ત કરવામાં આવ્યાં છે

આ સાથે જ ખનીજ વિભાગે સ્પષ્ટ કર્યું હતું કે નિયત સમય મર્યાદામાં જો સંતોષકારક પુરાવા રજૂ કરવામાં નહીં આવે તો કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઓપરેશનને પગલે અન્ય ખનીજ ચોરો પણ પોતાની સાધન-સામગ્રી સગેવગે કરવા લાગ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કચ્છના ધોળાવીરાની પ્રાચીન સભ્યતા જોઈને સુધા મૂર્તિ મંત્રમુગ્ધ: 'સસ્ટેનેબલ લિવિંગ'નો અદ્‌ભુત સંદેશ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જાણીતા લેખિકા અને રાજ્યસભાના સાંસદ સુધા મૂર્તિએ તાજેતરમાં કચ્છમાં આવેલા યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાની મુલાકાત લીધી હતી અને આ હડ્ડપન નગરીની પ્રાચીન સંસ્કૃતિ અને ત્યાંની વ્યવસ્થાઓ જોઈને તેઓ અભિભૂત થયા હતા. આ મુલાકાત બાદ તેમણે પોતાનો અનુભવ સોશિયલ મીડિયા પર શેર કરતા જણાવ્યું હતું કે, પ્રવાસ માત્ર સ્થળોની મુલાકાત પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે જીવન પ્રત્યેનો એક નવો દૃષ્ટિકોણ આપે છે.

ધોળાવીરાના ઐતિહાસિક અવશેષો વચ્ચે ઉભા રહીને સુધા મૂર્તિએ એક પ્રેરણાદાયી સંદેશમાં જણાવ્યું કે, ''આજે આપણે જે 'સસ્ટેનેબલ લિવિંગ' એટલે કે, ટકાઉ જીવનશૈલીની વાતો કરીએ છીએ, તે કોઈ આધુનિક શોધ નથી. પાંચ હજાર વર્ષ પૂર્વે ધોળાવીરાના રહીશોએ જળ વ્યવસ્થાપન, સ્વચ્છતા અને ટાઉન પ્લાનિંગમાં જે નિપુણતા મેળવી હતી તે અદ્‌ભુત છે.'' તેમણે વધુમાં ઉમેર્યું કે, આ શહેર બે મોસમી નદીઓ વચ્ચે એવી રીતે વસાવવામાં આવ્યું હતું કે પાણીનો સંગ્રહ અને નિકાલ શ્રેષ્ઠ રીતે થઈ શકે.

સિંધુ ખીણની સભ્યતાના આ મહત્વના સ્થળ વિશે માહિતી આપતા મૂર્તિએ કહ્યું કે, ધોળાવીરા વિશ્વના સૌથી સુરક્ષિત અને સુનિયોજિત પ્રાચીન વસાહતોમાંનું એક છે. ત્યાંના વિશાળ જળાશયો અને આધુનિક ગટર વ્યવસ્થા આજે પણ ઈજનેરો માટે સંશોધનનો વિષય છે. તેમણે આધુનિક પેઢીને અનુરોધ કર્યો હતો કે પર્યાવરણ અને માનવજાતના સંતુલન માટે આપણે આપણા આ પ્રાચીન વારસામાંથી શીખવું જોઈએ.

સુધા મૂર્તિએ સોશિયલ મીડિયા પર શેર કરેલા વીડિયોમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, ધોળાવીરાની મુલાકાત લેવી એ ઈતિહાસમાં પાછા જવા જેવું છે. પર્યાવરણની જાળવણી સાથે કેવી રીતે ભવ્ય નગરનું નિર્માણ થઈ શકે, તેનું ધોળાવીરા શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમણે આ સ્થળની સ્થાપત્ય કલા અને તે સમયના લોકોની વ્યવહારુ બુદ્ધિની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. ■



(તસવીર- ઉત્સવ વૈદ્ય)

# મુંદરા પાલિકાની ૨૮ બેઠક માટે ભાજપના ૧૨૩ દાવેદારો મેદાનેઃ ભાજપ-કૉંગ્રેસમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રણશિંગું ફૂંકાતાની સાથે જ મુંદરા શહેર અને તાલુકામાં રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. નવા રોટેશન અને બદલાયેલા રાજકીય સમીકરણો વચ્ચે ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતપોતાની વ્યૂહરચના ગોઠવવામાં વ્યસ્ત બની છે. આ દરમિયાન મુંદરા-બારોઈ નગરપાલિકામાં દાવેદારી નોંધાવવા ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જ્યારે આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી સરસાઈ મેળવી છે.

અંજાર ખાતે પ્રદેશ નિરીક્ષકોની ઉપસ્થિતિમાં યોજાયેલી ભાજપની સેન્સ પ્રક્રિયામાં મુંદરા-બારોઈ નગરપાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠકો માટે કુલ ૧૨૩ ઈચ્છુકોએ દાવેદારી નોંધાવી છે. મુંદરા-બારોઈ નગરપાલિકાની રચના બાદ આ બીજી ચૂંટણી હોઈ, વર્તમાન નગરસેવકો સહિત અનેક નવા ચહેરાઓએ ટિકિટ મેળવવા માટે જોર લગાવ્યું છે. આ સાથે જ મુંદરા તાલુકા પંચાયતની ૧૮ અને જિલ્લા પંચાયતની ચાર બેઠકો માટે પણ સેન્સ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. હવે મોવડી મંડળ કોના નામ પર પસંદગીની મહોર મારે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

બીજી તરફ, કૉંગ્રેસ પક્ષમાં પણ સેન્સ પ્રક્રિયા અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે, આ વખતે ચૂંટણી જંગને ત્રિપાંખિયો બનાવવા માટે મેદાને ઉતરેલી આમ આદમી પાર્ટીએ બાજી મારી છે. 'આપ' દ્વારા શુક્રવારે સાંજે જ મુંદરા નગરપાલિકા માટે સાત ઉમેદવારોના નામોની જાહેરાત કરી દેવામાં આવી છે. રાજકીય વિશ્લેષકોના મતે, જરૂર પડ્યે કેટલાક વોર્ડમાં મજબૂત અપક્ષ ઉમેદવારોને ઉભા રાખીને મુખ્ય પક્ષોના ગણિત બગાડવાની તૈયારીઓ પણ અંદરખાને ચાલી રહી છે. ચૂંટણીના જાહેર થયેલા કાર્યક્રમ સાથે જ હવે ઉમેદવારોના નામ નક્કી થવાની ઘડીઓ ગણાઈ રહી છે, જેના કારણે કાર્યકરોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. ■

# કચ્છમાં અપમૃત્યુના ચાર બનાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ભરઉનાળે છવાયેલા અષાઢી માહોલ વચ્ચે વીતેલા ૨૪ કલાક દરમિયાન આત્મહત્યા, અકસ્માત અને ડૂબી જવાની કરુણ ઘટનાઓમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે. અંજાર નજીકના વરસામેડીમાં જ્યારે બામણસરમાં બે યુવાનોએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો, જ્યારે ભચાઉ પાસે કેનાલમાં ડૂબી જવાથી મહિલાનું અને માર્ગ અકસ્માતમાં ઘવાયેલા એક યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, અંજાર તાલુકાના વરસામેડીમાં રહેતા ૨૨ વર્ષીય સામજી મગા મ્યાત્રાએ ગત તા. ૨૭ માર્ચના રોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેને ગંભીર હાલતમાં પ્રથમ આદિપુર અને ત્યારબાદ વધુ સારવાર માટે ભુજ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. બીજી તરફ, રાપર તાલુકાના બામણસર પાસે આવેલી એકતા હોટેલની પંચરની દુકાનમાં મૂળ બિહારના ૨૯ વર્ષીય યુવાન મામદ મયનુદ્દીન અબ્દુલ કલામે સાંજે ગળેફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો હતો. પોલીસે આ બંને બનાવોમાં આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. બીજી તરફ, ભચાઉ તાલુકાના ભીમાસરની ગોપાલનગર વાડી વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય ઝવેરબેન મનુભાઈ કોળી નામની યુવતી ગઈકાલે બપોરે લુણવા કેનાલ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે અકસ્માતે કેનાલમાં પડી ગઈ હતી. તેણીને બહાર કાઢી ભચાઉ સરકારી હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવતા તબીબે મૃત જાહેર કરી હતી. આ બનાવથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો હતો.

દરમ્યાન, ભચાઉ-ગાંધીધામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એ.વી.જોષી પુલિયા પાસે ગત તા. ૧ એપ્રિલના રોજ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ઇજાગ્રસ્ત યુવાનનું મોત નીપજ્યું છે. અંબિકા ટ્રાન્સપોર્ટનગર સામે ટ્રેઇલર ચાલકે બેદરકારીપૂર્વક પોતાનું વાહન રસ્તા પર ચડાવતા ગાડી તેની સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૩૦ વર્ષીય ભરત બાબુ ડાંગર (આહીર)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતકના ભાઈ ચેતન ડાંગરની ફરિયાદના આધારે પોલીસે ટ્રેઇલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. ■

## કચ્છમાં સ્થાનિક સ્વરાજનો જંગ

# ગાંધીધામ મનપા બનતા નગરપાલિકા અને જિલ્લા પંચાયતનાં સમીકરણો બદલાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો માહોલ જામ્યો છે, ત્યારે આ વખતે જિલ્લાના રાજકીય માળખામાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. જિલ્લામાં પ્રથમવાર ગાંધીધામ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, જેના કારણે નગરપાલિકા અને જિલ્લા પંચાયત એમ બંને સ્તરે બેઠકો અને મતદારોના ગણિત બદલાયા છે. વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં અંજાર, ભુજ, ગાંધીધામ, માંડવી અને મુંદરા એમ પાંચ નગરપાલિકાઓની કુલ ૧૯૬ બેઠક પર ચૂંટણી યોજાઈ હતી, પરંતુ ગાંધીધામ હવે નગરપાલિકામાંથી અપગ્રેડ થઈને મહાનગરપાલિકા (મનપા) બનતા આ યાદીમાંથી તેની ૫૨ બેઠકો બાદ કરવામાં આવી છે. તેની સામે નખત્રાણા નગરપાલિકાનો નવો સમાવેશ થતા ત્યાં ૨૪ બેઠક ઉમેરાઈ છે, જેના પગલે હવે પાંચ નગરપાલિકાઓની કુલ ૧૭૨ બેઠકો પર ઉમેદવારો ભાગ્ય અજમાવશે.

ગાંધીધામ મનપા બનતા તેના સીમાંકનમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થવાથી મતદારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. વર્ષ ૨૦૨૧માં ગાંધીધામમાં ૧,૭૩,૭૧૪ જેટલા મતદારો હતા, જે વધીને હવે ૨,૧૫,૩૧૩ જેમાં ૧,૧૨,૨૫૦ પુરુષ અને ૧,૦૩,૦૫૯ સ્ત્રી પર પહોંચ્યા છે.

બીજી તરફ, ગાંધીધામ મનપાની રચના અને એસઆઇઆરની કામગીરીને કારણે જિલ્લા પંચાયતની બેઠકોમાં ઘટાડો નોંધાયો છે. મીઠી રોહર અને અંતરજાળ બેઠકો નાબૂદ થતા જિલ્લા પંચાયતની બેઠકો ૪૦થી ઘટીને ૩૮ થઈ છે. જિલ્લા પંચાયત સ્તરે મતદારોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૧માં જિલ્લા પંચાયતની બેઠકો પર કુલ ૧૦,૭૫,૩૮૦ મતદારો નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૬માં ઘટીને ૯,૭૬,૮૮૫ થયા છે, એટલે કે પાંચ વર્ષમાં કુલ ૯૮,૪૯૫ મતદારોનો ઘટાડો થયો છે. જેમાં ૫૦,૫૫૭ પુરુષ અને ૪૭,૩૩૯ સ્ત્રી મતદારો ઓછા થયા છે. વહીવટી તંત્રના મતે આ ઘટાડા પાછળ મુખ્યત્વે ડુપ્લિકેટ મતોના નામ કમી કરવાની ઝુંબેશ અને નવા સીમાંકન પ્રક્રિયા જવાબદાર છે. હાલમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો સેન્સ પ્રક્રિયામાં વ્યસ્ત છે ત્યારે મતદારોની યાદીમાં થયેલું આ શુદ્ધિકરણ અને બદલાયેલી બેઠકો આગામી ચૂંટણીના પરિણામો પર નિર્ણાયક અસર પાડી શકે છે. ■

# ભાજપ સ્થાપના દિવસની ભાવનગર જિલ્લામાં સંગઠન દ્વારા ગરિમાપૂર્ણ ઉજવણીનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાજપ સ્થાપના દિવસની ભાવનગર જિલ્લામાં સંગઠન દ્વારા ગરિમાપૂર્ણ ઉજવણીનું આયોજન થનાર છે. પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલ અને હોદ્દેદારો તથા કાર્યકર્તાઓના સંકલન સાથે રવિવાર તથા સોમવારે કાર્યક્રમો યોજાશે.

લોકતાંત્રિક મૂલ્યો આધારિત ભારતીય જનતા પક્ષ રાષ્ટ્રની અસ્મિતા સાથે જોડાયેલ સંગઠન છે. ભાજપના સ્થાપના દિવસ છ એપ્રિલ પ્રસંગે ભાવનગર જિલ્લા ભાજપ દ્વારા પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલ અને હોદ્દેદારો તથા કાર્યકર્તાઓના સંકલન સાથે રવિવાર તા.૫ અને સોમવાર તા.૬ એમ બે દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે. સોમવારે સિહોરમાં મુખ્ય કાર્યકમ યોજાનાર છે.

ભાવનગર જિલ્લામાં સંગઠન દ્વારા ભાજપ સ્થાપના દિવસની જે ગરિમાપૂર્ણ ઉજવણીનું આયોજન થનાર છે, તે મુજબ રવિવારે શક્તિ કેન્દ્રો અંતર્ગત આયોજન સાથે છેવાડા માનવી સુધી પહોંચવાના ભાગ રૂપે કાર્યકર્તાઓ દ્વારા રાષ્ટ્રની વિકાસ ગાથાની પત્રિકાથી વાત પહોંચશે.

સ્થાપના દિવસ પ્રસંગે સોમવાર તા.૬ એપ્રિલના દિવસે યુવા મોરચા દ્વારા ભાજપ ધ્વજ લગાવશે. સિહોરમાં પ્રમુખ દિગ્વિજયસિંહ ગોહિલના નેતૃત્વ સાથે મુખ્ય કાર્યક્રમ યોજાશે. આ ઐતિહાસિક દિવસે ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં જનસંઘ તથા ભાજપ સાથે પાયામાં રહેલાં સંનિષ્ઠ વડીલોનું સન્માન અભિવાદન થશે. ભાજપ સ્થાપના દિવસ ઉજવણી માટે જિલ્લાભરમાં એક એક મંડળમાં વિવિધ મોરચા અને સંગઠન હોદ્દેદારો સાથે કાર્યકર્તાઓ આયોજનમાં રહ્યા છે, તેમ પ્રચાર સંયોજક મૂકેશ પંડિતની યાદીમાં જણાવાયું છે. ■

# ભચાઉમાં નશાની હાલતમાં ફરજ પર હાજર રહેલા એસ. આર. પીના બે જવાન સામે ફોજદારી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના ભચાઉ ખાતે ફરજ બજાવતા એસઆરપી ગ્રૂપ-૧૬ના બે પોલીસ કોન્સ્ટેબલો નશો કરેલી હાલતમાં ઝડપાતા ચકચાર મચી ગઈ હતી. શિસ્તબદ્ધ ગણાતા દળના આ જવાનોએ ન માત્ર કેફીપીણું પીધું હતું, પરંતુ ઉચ્ચ અધિકારીઓ સાથે ગેરવર્તણૂક પણ કરી હોવાથી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એસઆરપી ગ્રૂપ-૧૬ ભચાઉના ડેપ્યુટી ઓફિસર જેસંગભાઈ જીવણભાઈ ચૌહાણે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, પોલીસ કોન્સ્ટેબલ હાર્દિક વિઠ્ઠલ મકવાણા અને મેહુલ ટોકર પરમાર જ્યારે 'રોલકોલ' એટલે કે, હાજરીની પ્રક્રિયા સમયે હાજર થયા, ત્યારે બંને જવાનો લથડિયાં ખાઈ રહ્યા હતા. પ્રાથમિક તપાસમાં તેઓ જરૂરી પરવાના વિના કેફીપીણું પીધેલી હાલતમાં જણાયા હતા. વધુમાં, નશામાં ધૂત આ તહોમતદારોએ ગ્રૂપના ઉચ્ચ અધિકારી સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને શિસ્તભંગ થાય તેવા શબ્દો બોલી ઝઘડો કર્યો હતો. ફરજ પરની આ ગંભીર બેદરકારી અને નશાબંધીના કાયદાના ઉલ્લંઘન બદલ ભચાઉ પોલીસે બંને આરોપીઓ સામે જુદી-જુદી ફોજદારી ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સરકારી કર્મચારીઓ દ્વારા જ કાયદાના લીરેલીરા ઉડાડવાની આ ઘટના પંથકમાં હાલ ચર્ચાનો વિષય બની છે. ■

# પોરબંદર પીજીવીસીએલ દ્વારા ૫૧ કરોડ જેટલું કલેક્શન કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદર વર્તુળ કચેરી હેઠળ આવતા શહેર વિભાગીય કચેરી, ગ્રામ્ય વિભાગીય કચેરી, માંગરોળ વિભાગીય કચેરી, કેશોદ વિભાગીય કચેરી, એ તમામ કચેરીઓ હેઠળ આવતા કુલ ૧૮ પેટા વિભાગીય કચેરીઓમાં તેમજ તમામ ગામડાઓમાં માર્ચ ૨૦૨૬ ના નાણાકીય લક્ષ્યને પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ લક્ષ્યમાં ૫૫ કરોડમાંથી ૫૧ કરોડ રૂપિયા જેવું કલેક્શન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત બીજ વર્તુળ કચેરી હેઠળના કુલ ૪૫ ગામડાઓમાં ઝીરો ડેબીટ એરિયર્સ લક્ષ્યાંકને સિદ્ધ કર્યો છે એટલું જ નહીં આ કામગીરીમાં વર્તુળ કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીગણ સહિત તમામ કર્મચારીઓએ તનતોડ મહેનત કરી ફરજ બજાવી હતી.

# આગામી ભાવનગર કોર્પોરેશન અને નગરપાલિકાની ચૂંટણીઓ સીપીએમ લડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભારતનો સામ્યવાદી પક્ષ માર્ક્સવાદીની ભાવનગર જિલ્લા સમિતિની બેઠક આજરોજ યોજાઈ હતી. આ બેઠકમાં ભાવનગર શહેર ઉપરાંત પાલીતાણા સિહોર અને ઘોઘા તાલુકાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ જિલ્લા સમિતિની બેઠકમાં ભાવનગર મહાનગરપાલિકા, પાલિતાણા નગરપાલિકા તથા કેટલીક તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો લડવા માટેનો નિર્ણય કરાયો હતો તેમ સી પીઆઈએમના જિલ્લા મંત્રી અશોકભાઈ સોમપુરા એ યાદીમાં જણાવ્યું હતું. લાંબા સમયથી કોર્પોરેશન તથા નગરપાલિકાઓમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીનો વહીવટ ખાડે ગયો છે લોકોના કામો થતા નથી અને સૌથી વધારે કરવેરાનું ભારણ જનતા ઉપર લાદવામાં આવ્યું છે. સામાન્ય પાણી નળ, ગટર અને લાઈટ જેવી સુવિધાઓમાં પણ કોઈ પણ પ્રકારનો તંત્ર હયાતીત ધરાવતું નથી અને સત્તાધારી પક્ષના કોર્પોરેટરો લોકો સાથેનો સંપર્ક ગુમાવી બેઠા છે તેવા સમયે સીપીઆઈએમ ધારદાર વિરોધ પક્ષની ભૂમિકા ભજવવા માટે ઉમેદવારો ઊભા રાખશે. સીપીએમ પોતાની ઉમેદવારોની યાદી તા. આઠમી એપ્રિલે નક્કી કરશે તથા નવમી એપ્રિલે તેની જાહેરાત કરવામાં આવશે. આ બેઠકમાં સીપીએમના રાજ્યના આગેવાન અરૂણભાઇ મહેતા, નલીનીબેન જાડેજા હંસાબેન બારૈયા, મનસુખભાઈ બારૈયા, કાનજીભાઈ ચુડાસમા સહિતના જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ■

# ભાવનગરમાં કાર વાળવા બાબતે બોલાચાલી બાદ લૂંટ: પોલીસે બે શખસને ઝડપી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના સરદારનગર વિસ્તારમાં કાર વાળવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. બે શખસે એક યુવાન સાથે મારામારી કરી તેની કિંમતી ઘડિયાળની લૂંટ ચલાવી હતી. પોલીસે બે શખસને ઝડપી લીધા હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના કાળિયાબીડમાં ભાડેથી રહેતા ભગીરથસિંહ વિક્રમસિંહ ગોહિલ મિત્રો સાથે કાર લઈને સરદારનગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. મેઘાણી ઓડિટોરીયમના વળાંક પાસે પત્નીનો ફોન આવતા તેમણે કાર પરત વાળવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે સામેથી ચાલીને આવતા બે શખસએ ''અંધા હે ક્યા?'' કહી ગાળાગાળી શરૂ કરી હતી.

ભગીરથસિંહ અને તેમના ભાઈએ નીચે ઉતરી ગાળો બોલવાની ના પાડતા બંને શખસ ઉશ્કેરાઈ ગયા હતા અને મારામારી પર ઊતરી આવ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ પોતાની ઓળખ અમિત જ્યોતિકુમાર રાકેશ અને દિપક જયસ્વાલ તરીકે આપી હતી. મારામારી દરમિયાન અમિત નામના શખ્સે ફરિયાદીના હાથમાંથી રૂ. ૧૨,૮૦૦ની કિંમતની ટાઇટન કંપનીની ઘડિયાળ ઝૂંટવી લીધી હતી અને બંને શખ્સો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે ભગીરથસિંહે ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નોંધી તપાસ હાથ ધરી હતી દરમિયાન પોલીસે બંને આરોપીને ઝડપી લીધા છે. ■

# મહુવા નજીકની નદીમાં અજાણી વ્યક્તિની લાશ મળી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના મહુવા નજીક પસાર થતી માલણ નદીના પટમાં એક અજાણ્યા પુરુષની લાશ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી વિગતો મુજબ ભાવનગર જિલ્લાના મહુવા નજીક પસાર થતી માલણ નદીના કાંઠેથી પસાર થતા લોકોએ પાણીમાં એક મૃતદેહ તરતો જોયો હતો, જે બાદ તુરંત જ સ્થાનિક લોકોના ટોળેટોળા નદી કાંઠે ઉમટી પડ્યા હતા. આ ઘટનાની જાણ મહુવા પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદથી ભારે જહેમત બાદ મૃતદેહને પાણીની બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક પુરુષની ઉંમર અંદાજે ૪૦ થી ૫૦ વર્ષની હોવાનું જણાય છે. જોકે તેની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી તેને પોસ્ટમોર્ટમ અર્થે હૉસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. આ વ્યક્તિ નદીમાં નાહવા પડી હતી કે અન્ય કોઈ કારણોસર ડૂબી ગઇ છે તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. જો કોઈને આ વ્યક્તિ વિશે જાણકારી હોય તો મહુવા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે. ■

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# આવા ઢોંગી તાંત્રિકોની હવસખોરી કેમ ચાલે છે – કેમ ચલાવી લેવામાં આવે છે?



**છેલ્લાંમાં છેલ્લાં અહેવાલ મુજબ પોતાની સેક્સ-લીલાથી દેશમાં ઊહાપોહ મચાવી દેનારા નાશિકના આ કહેવાતા તાંત્રિક-જ્યોતિષ અશોક ખરાતની કામલીલાના ૩૫૦૦થી વધુ વીડિયો વાયરલ થયા છે, જેમાંથી ઘણા ખરા પોલીસે સોશ્યલ મીડિયા પરથી દૂર કર્યા છે. આ ઓછું હોય તેમ આ હવસખોર રૂપિયા ૧૫૦૦ કરોડની સંપત્તિ પણ ધરાવે છે... અનેક નામી-અનામી રાજકારણીઓ સાથે કહેવાતા ઘનિષ્ઠ સંબંધને કારણે એની આ લંપટલીલા અત્યાર સુધી છતી નહોતી થઈ !**



**મહારાષ્ટ્ર- નાશિકના** ઢોંગી બાબા-તાંત્રિક અશોક ખરાતની હવસલીલાએ દેશભરમાં ખળભળાટ મચાવી દીધો છે.

નાસિકની ‘શિવનિકા’ સંસ્થાનના વડા અશોક ખરાત ઉર્ફે કેપ્ટન અત્યારે જેલની હવા ખાઈ રહ્યો છે. પોતે મર્ચન્ટ નેવી ઓફિસર તરીકે કામ કરી ચૂક્યો છે એવો દાવો કરતો અશોક ખરાત છેલ્લા કેટલાક સમયથી જ્યોતિષ તરીકે કામ કરતો હતો. ખરાતના ક્લાયન્ટ્સમાં અનેક જાણીતાં નેતાઓ સહિત ઘણા હાઈ પ્રોફાઈલ લોકો હતા, પણ અત્યાર સુધી અશોક ખરાત બહુ જાણીતું નામ નહોતું.

૧૭ માર્ચે એક મહિલાએ અશોક ખરાત સામે ફરિયાદ નોંધાવી એ સાથે જ ખરાતનું નામ દેશભરમાં ગાજવા માંડ્યું. પેલી મહિલાનો આક્ષેપ છે કે, ખરાતે ૨૦૨૦થી ૨૦૨૬ એટલે કે સળંગ છ વર્ષ સુધી પોતાની સાથે શરીર સંબંધ બાંધીને શોષણ કર્યું હતું અને એને પ્રેગનન્ટ કરી દીધી હતી.

મહિલાના આ આક્ષેપના પગલે ખરાત સામે બળાત્કારનો કેસ નોંધીને ધરપકડ કરીને તપાસ શરૂ કરાઈ. આ તપાસમાં મળેલા મુદ્દામાલે પોલીસના હોશ ઉડાવી દીધા. ખરાત પોતાની ઓફિસમાં અલગ અલગ ઉંમરની મહિલાઓ સાથે શરીર સંબંધ બાંધતો હોય એવી સંખ્યાબંધ સેક્સ ક્લિપ્સની સાથે સાથે પોલીસને ખરાતે જાદુબીના ધંધાથી ભેગી કરેલી અબજોની સંપત્તિના પુરાવા પણ મળ્યા. પોલીસે આ બધું કોર્ટમાં રજૂ કર્યું તો કોર્ટ પણ ચોંકી ગઈ ને ખરાતના ધંધાઓની તપાસ કરવા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) બનાવવી પડી.

એસઆઈટીએ તપાસ શરૂ કરી એ પહેલાં એક બીજી રસપ્રદ ઘટના બની. સોશ્યલ મીડિયા પર ખરાતની હવસલીલાની સંખ્યાબંધ ક્લિપ્સ વહેતી થઈ. તેમાં એક ક્લિપ મહારાષ્ટ્ર મહિલા આયોગનાં ચેરપર્સન રૂપાણી ચાકણકરની હતી. એક અહેવાલ મુજબ ચાકણકર ખરાતના પગ ધોતાં હોય ત્યાંથી માંડીને એમને સંડોવતી અશ્લીલ કહી શકાય એવી ક્લિપ પણ મળી આવી, પરિણામે ચોતરફ ખળભળાટ મચી ગયો. આ કહેવાતા કાંડ પછી રૂપાલીએ શરમના માર્યા રાજીનામું ધરી દેવું પડ્યું. એ લજ્જાજનક વીડિયો AIથી બનાવવામાં આવ્યો હોવાનો એમણે લૂલો બચાવ કર્યો, પણ કોઈને ગળે આ વાત ઉતરતી નથી.

લૂલા બચાવ પછી રૂપાલી ગાયબ થઈ ગયાં છે, પણ બીજી તરફ ખરાતની કામલીલાના વીડિયો સોશ્યલ મીડિયા પર ઠલવાતાં જ જાય છે. પહેલાં તો પોલીસ તરફ શંકાની સોય તકાયેલી પણ પછી ખબર પડી કે, ખરાતને ત્યાં કામ કરી ચૂકેલો એક છોકરો આ સેક્સ ક્લિપ લીક કરી રહ્યો છે. પોલીસે તેને અને તેના એક સાથીને પણ ઉઠાવી લીધો છે છતાં સેક્સ ક્લિપ હજુય બહાર આવતી જ જાય છે !.

અત્યાર સુધીમાં ૧૦૦ કરતાં વધારે સેક્સ ક્લિપ્સ બહાર પડી ગઈ છે અને હજુ અંત આવ્યો નથી... એ જોતા પૂર્વ વડા પ્રધાન દેવ ગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાને પણ ટપી જશે એવું લાગે છે. કર્ણાટક ના આ સાંસદ પણ હવસખોરી માટે અત્યારે કારાવાસ ભોગવી રહ્યો છે.

બીજી તરફ અશોક ખરાતની સેક્સલીલા ઉપરાંત પોલીસને એણે ભેગી કરેલી સંપત્તિના જે પુરાવા મળ્યા છે એ પણ આંખો ફાટી જાય એવા છે. ખરાત પાસે ૧૫૦૦ કરોડથી વધુની સંપત્તિ હોવાનો એસઆઈટીનો દાવો છે. મીરગાંવમાં ૧૬ એકરમાં ફેલાયેલું ૧૮ કરોડનું આલીશાન ફાર્મહાઉસ ધરાવતા ખરાતે શિવનિકા સંસ્થા દ્વારા હવાલા કૌભાંડ કરીને અબજોની બેનામી મિલકત જમાવી હોવાનું કહેવાય છે. એસઆઈટીની તપાસમાં ખરાતના મોબાઈલમાંથી ૨૫૦૦ જેટલા એવા નંબર મળ્યા છે કે જે કોડવર્ડ સાથે ફીડ કરાયેલા છે. અશોકની પત્ની અત્યારે ગાયબ છે, પણ પોલીસે તેના પુત્રને ઉઠાવ્યો છે, જેથી ખરાતની કરમ કુંડળીની ખરી ભાળ મળે...

અશોક ખરાત કેસમાં સંડોવાયેલી મહિલાઓ માટે મીડિયા ‘પીડિત’ શબ્દ વાપરે છે પણ વાયરલ વીડિયો જોયા પછી કોઈ મહિલા પીડિત હોય એવું લાગતું નથી. તમામ વીડિયોમાં મહિલાઓ સ્વૈચ્છિક રીતે જ ખરાતના હવસના ખેલમાં ભાગીદાર બનતી હોય એવું લાગે છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)એ પણ કોર્ટમાં દાવો કર્યો કે, મહિલાઓને ગુમરાહ કરવા માટે નશીલા પદાર્થો અપાતા હતા અને પેંડા ખવડાવીને મહિલાઓને ઘેન ચડાવી દેવાતું હતું. ખરાત મહિલાઓને ઘેનયુક્ત પદાર્થોવાળો પેંડો ખવડાવીને કહેવાતી તાંત્રિક વિધિ દ્વારા ‘યોનિ શુદ્ધિકરણ’ના નામે જાતીય અત્યાચાર કરતો હતો.

પોલીસે કેસ મજબૂત કરવા આ વાત કરી હશે પણ અત્યાર સુધી બહાર આવેલા વીડિયોમાંથી કોઈ વીડિયોમાં મહિલા ઘેનમાં હોય ને ખરાત તેમની બેભાનાવસ્થાનો ગેરલાભ ઉઠાવતો હોય એવું લાગતું-દેખાતું નથી. મોટી ઉંમરની મહિલાઓથી માંડીને ખરાતની પૌત્રીની ઉંમરની લાગતી યુવતીઓ સુધ્ધાં આ સેક્સલીલામાં એકદમ સભાન દેખાય છે... કહેવાતી પીડિત મહિલાઓ હસતી હોય, શરમાતી હોય ને પછી ખરાતને વળગી જતી હોય એવું ઘણાં વીડિયોમાં દેખાય છે. એમાં આ મહિલાઓની મજબૂરીઓ હશે તેનો ઈન્કાર ના થઈ શકે પણ કમ સે કમ વીડિયોમાં એવું દેખાતું નથી.

અહીં હવે સવાલ એ થાય કે, માથે ટાલ ધરાવતો અશોક ખરાત હૃતિક રોશન કે ટાઈગર શ્રોફ જેવો સોહામણો કે માચોમેન પણ નથી કે એના જેવા ઢોંગીમાં આ મહિલાઓ એવું શું ભાળી ગયેલી કે પોતાનું શરીર તેને સોંપીને તેની સાથે સ્વેચ્છાએ શરીર સંબંધ બાંધતી હતી?

આ સવાલનો જવાબ સ્પષ્ટ છે. ભારતમાં એવો માહોલ ઉભો કરી દેવાયો છે કે, ધર્મ જ સર્વસ્વ છે અને ધર્મ પાસે દરેક સમસ્યાનો જવાબ છે, ધર્મમાં દરેક ઈચ્છા પૂરી કરવાની તાકાત છે. તેના કારણે જેને નાની પણ સમસ્યા હોય કે મહત્ત્વાકાંક્ષા હોય એ સીધા ધર્મના બની બેઠેલા ઠેકેદારો એવા ઢોંગી બાબાઓ, જ્યોતિષ, તાંત્રિકો વગેરે પાસે દોડી જાય છે, જેમને મીઠા મીઠા શબ્દો બોલીને આ ઢોંગીઓ પોતાની તરફ ખેંચીને છેવટે સુંવાળા સંબંધો તરફ દોરી જાય છે.

અત્યારે કેદ ભોગવી રહેલા આશારામ બાપુથી લઈને અશોક ખરાત જેવાનો ધંધો ધોધોકાર ચાલે છે, કારણ કે રાજકારણીઓ એમને પોષે છે.

**બીજી એક મહત્ત્વની વાત પણ કરી લઈએ.**

અશોક ખરાતની હવસલીલાનો ભોગ બનેલી મોટા ભાગની મહિલાઓ હિંદુ છે અને ખરાતે હિંદુ ધર્મના નામનો દુરુપયોગ કરીને તેમને શિકાર બનાવી અથવા ભોળવી. હિંદુ ધર્મના બની બેઠેલા ઠેકેદારો ખરાત જેવા ઢોંગી સામે કેમ ચૂપ છે? ‘લવ જિહાદ’ સામે કૂદી કૂદીને બોલનારાંને હિંદુ સ્ત્રીઓની આબરૂ હિંદુ ધર્મના નામે ચરી ખાતા ઢોંગીને હાથે લૂંટાય છે છતાં એમની સામે કેમ કોઈ આંદોલન નથી થતું? ■

મોર્નિંગ મ્યૂઝિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ગ્વિન શોટવેલ: ચંદ્ર પર AIને લઈ જવાનો ઈતિહાસ લખી રહી છે એક કમાલની એન્જિનિયર

૫૦ વર્ષ પછી, અમેરિકા ફરીથી ચંદ્ર પર જઈ રહ્યું છે- આ વખતે લાંબો સમય રહી શકાય તેવી ‘ઘર-વખરી’ સાથે અને તેના માટે સાથે ‘ઘરની માલિકણ’ પણ હશે એક કેનેડિયન મહિલા અવકાશયાત્રી. આ ‘ઘર’ ૨૧મી સદીનું હશે એટલે તેમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ- AI પણ હશે. સંભવતઃ આ પ્રવાસ ૨૦૨૮માં થશે. ૧૯૬૯માં, અમેરિકાએ ચંદ્ર પર પગ મૂકીને ક્રાંતિ સર્જી હતી. હવે એ ક્રાંતિને નવી દિશા આપવામાં આવી રહી છે, જેનું લક્ષ્ય છે ચંદ્ર પર કાયમી ‘ઘર’ બનાવવું પછી ત્યાંથી મંગળ પર જવા માટેનો રસ્તો આસાન બનાવવો.

આ મિશનના કેન્દ્રમાં ગ્વિન શોટવેલ નામની ૬૨ વર્ષની એક મહિલા બિઝનેસવુમન અને એન્જિનિયર છે. અમેરિકામાં આજકાલ આ મહિલાની બહુ ચર્ચામાં છે... કેમ ન હોય! ‘નાસા’ને ફરીથી ચંદ્ર પર લઇ જવાના મિશનમાં ઈલોન મસ્કની ‘સ્પેસએક્સ’ કંપની સક્રિય પાર્ટનર છે. અને ગ્વિન શોટવેલ તેની પ્રેસિડેન્ટ અને ચીફ ઓપરેટિંગ ઓફિસર છે.

ગ્વિનનું આજકાલ એક જ મહત્ત્વકાંક્ષી મિશન છે બે વર્ષના ગાળામાં એક એવી અત્યાધુનિક સ્ટારશિપ બનાવવી, જે લાંબો સમય સુધી મનુષ્યને ચંદ્ર પર રાખી શકે.

ઈલિનોઈસમાં જન્મેલી ગ્વિનની પાસે એન્જિનિયરિંગનો ૪૦ વર્ષનો અનુભવ છે. તે પાંચ વર્ષની હતી ત્યારે તેણે નિલ આર્મસ્ટ્રોંગને ચંદ્ર પર લઇ ગયેલા એપોલો-૧૧ મિશનને ટેલિવિઝન પર જોયું હતું. તે વખતથી તેના બાળમાનસ પર અંતરિક્ષને લઈને ઘણું વિસ્મય હતું. એન્જિનિયરિંગનું ભણ્યા પછી, કારકિર્દીની શરૂઆતમાં તે જે દિવસે IBMમાં ઈન્ટરવ્યૂ આપવા ગઈ હતી, તે જ દિવસે સ્પેસ શટલ ચેલેન્જર તૂટી પડ્યું હતું. યુવાન ગ્વિન આ સમાચારથી એટલી વ્યથિત થઇ ગઈ હતી કે સરખી રીતે ઇન્ટરવ્યૂ આપી શકી નહોતી અને એ જોબ ન મળી.

એક ઇન્ટરવ્યૂમાં ગ્વિન કહે છે, મને બાળપણથી જ મશીનોમાં દિલચસ્પી હતી. હું ત્રીજા ધોરણમાં હતી અને મારી મા સાથે કારમાં જતી હતી, ત્યારે મને સવાલ થયો હતો કે તેનું એન્જિન કેવી રીતે કામ કરે છે. તે સમજવા માટે માએ મને એક પુસ્તક લાવી આપ્યું હતું અને પછી તો હું એન્જિન, ગિયર અને ડિફરેંશિયલ્સ પાછળ ગાંડી થઇ હતી. મને ખબર નથી એ પુસ્તક ક્યાં ગયું...પણ હાઇસ્કૂલમાં હું મહિલા એન્જિનિયરોને મળી હતી અને ત્યારે જ નક્કી કરી નાખ્યું હતું કે હું એક મિકેનિકલ એન્જિનિયર બનીશ.



આપણે ત્યાં ભારતમાં જેમ છોકરાઓ એન્જિનિયર બનવાનાં સપનાં જુવે છે, તેમ અમેરિકાના યુવાનો રોકેટ બનાવવાની યોજનાઓ કરતા હોય છે. ઈલોન મસ્ક એવી જ મહત્ત્વાકાંક્ષા સાથે મોટો થયો હતો અને તેના જેવા જ ઉત્સાહી લોકોની સાથે ટીમ બનાવતો હતો. ગ્વિન શોટવેલ માઈક્રોકોઝમ નામની એક કંપનીના સ્પેસ સિસ્ટમ ડિવિઝનમાં ડિરેક્ટર હતી ત્યારે ૨૦૦૨માં ઈલોને તેને ‘સ્પેસએક્સ’માં આમંત્રી હતી.

આજે તે મસ્કનો ડાબો-જમણો બંને હાથ છે અને અંતતઃ મંગળ પર જવાના મસ્કના સપનાને સાકાર કરવા માટે મથી રહી છે. તેની સફર બતાવે છે કે કોઈપણ મોટા પરિવર્તન પાછળ માત્ર વિચાર પૂરતો નથી, તેને અમલમાં મૂકવાની

ક્ષમતા અને અનુશાસન વધુ મહત્ત્વપૂર્ણ છે. ગ્વિને મેકેનિકલ એન્જિનિયરિંગ અને એપ્લાઇડ મેથેમેટિક્સ જેવાં કઠિન ક્ષેત્રોમાં અભ્યાસ કર્યો છે, જ્યાં લાંબા સમય સુધી મહિલાઓની સંખ્યા મર્યાદિત રહી છે, પરંતુ તેણે આ પડકારને અવરોધ તરીકે નહીં, પણ પોતાની ઓળખ બનાવવા માટેનો માર્ગ બનાવ્યો હતો.

તે સમય એવો હતો, જ્યારે ‘સ્પેસએક્સ’ એક જોખમી સ્ટાર્ટઅપ હતી અને તેનું ભવિષ્ય અનિશ્ચિત હતું. ગ્વિને માત્ર એક કર્મચારી તરીકે નહીં, પરંતુ એક એવા નિર્માતા તરીકે ત્યાં કામ કર્યું હતું, જેણે કંપનીની વ્યાપારિક વ્યૂહરચના, સરકારી કરારો અને સંચાલનની પાયાની રચના કરી હતી.

તેની સૌથી મોટી શક્તિ રહી છે, ટેક્નોલોજી અને મેનેજમેન્ટ વચ્ચે મજબૂત સેતુ બનવાની. જ્યારે એન્જિનિયરિંગ ટીમ્સ જટિલ તકનીકી સમસ્યાઓ ઉકેલી રહી હતી ત્યારે શોટવેલે ખાતરી કરી કે આ ઉકેલો યોગ્ય ગ્રાહક સુધી, યોગ્ય સમયમાં અને યોગ્ય કિંમત પર પહોંચે. તેણે ‘નાસા’ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે મહત્ત્વપૂર્ણ કરારો કર્યા હતા, જે કોઈ નવી કંપની માટે જીવનદાન સમાન હોય છે. આ રીતે તેણે સાબિત કર્યું કે માત્ર ટેકનિકલ જ્ઞાન પૂરતું નથી, પણ વ્યવસાયિક સમજ અને વાટાઘાટો કરવાનું કૌશલ્ય પણ એટલાં જ જરૂરી છે.

ગ્વિન શોટવેલનું જીવન મહિલાઓ માટે ખાસ પ્રેરણા સમાન છે. તેણે એવા ક્ષેત્રમાં પોતાની ઓળખ ઊભી કરી, જે લાંબા સમય સુધી પુરુષપ્રધાન રહ્યો છે. અવકાશ ઉદ્યોગમાં કામ કરવું સહેલું નથી- તેમાં દીર્ઘદ્રષ્ટિ, વર્ષોનું આયોજન, વિશાળ રોકાણ અને નિષ્ફળતાઓમાંથી શીખવાની ક્ષમતા જોઈએ. ગ્વિન શોટવેલે વારંવાર સાબિત કર્યું છે કે તે માત્ર વર્તમાન નહીં, પરંતુ ભવિષ્યને ધ્યાનમાં રાખીને નિર્ણયો લે છે. આ ગુણ ભારતીય યુવાઓ માટે ખાસ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આજની ઝડપી દુનિયામાં ધીરજ અને લાંબા ગાળાની વિચારસરણી ઘણીવાર ઓછી જોવા મળે છે.

ગ્વિન શોટવેલે પોતાના કાર્યથી સાબિત કર્યું કે પ્રતિભા અને સમર્પણ સામે કોઈ અવરોધ ટકી શકતો નથી. ભારતમાં પણ રિતુ કરીધાલ અને મુથૈયા વનિતા જેવી મહિલાઓ આ બદલાવનું પ્રતીક છે, પરંતુ તેમની વાર્તાઓને વધુ વ્યાપક રીતે પહોંચાડવાની જરૂર છે.

અહીં ગ્વિન શોટવેલ આપણને એ પણ શીખવે છે કે સફળતા માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી- તે એક સિસ્ટમનું પરિણામ છે. તેણે અમેરિકાની એક એવી ઇકોસિસ્ટમમાં કામ કર્યું, જ્યાં શિક્ષણ, ઉદ્યોગ, સરકાર અને સમાજ, બધા એકબીજા સાથે જોડાયેલા છે. આ સિસ્ટમ પરસ્પર વિરોધી નહીં, પૂરક તરીકે કામ કરે છે. અને એટલા માટે જ મસ્ક જેવો એક ખાનગી ઉદ્યોગસાહસિક રોકેટ બનાવી શકે છે અને શોટવેલ જેવી મહિલા એવી કંપનીનું સંચાલન કરી શકે છે.

ભારતે આ શીખવા જેવું છે. તેણે જો અસલી અર્થમાં વિશ્વગુરુ બનવું હશે, તો તેની બધી સિસ્ટમને આપસમાં જોડવી પડશે. જ્યારે શાળાઓમાં જિજ્ઞાસા ઊભી થશે, કોલેજોમાં તેને દિશા મળશે અને ઉદ્યોગમાં તેને અવસર મળશે ત્યારે જ આપણે વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકીશું.

ગ્વિન શોટવેલની કહાની માત્ર એક વ્યક્તિની સફળતાની કહાની નથી, પરંતુ તે એક એવી વિચારસરણીની કહાની છે, જે સપનાઓને હકીકતમાં બદલવાની શક્તિ ધરાવે છે. ભારતના યુવાઓ માટે, ખાસ કરીને જે મોટાં સપનાં જુએ છે, પરંતુ તેમનો માર્ગ સ્પષ્ટ નથી, ગ્વિન શોટવેલ એક માર્ગદર્શક સમાન છે. તે સાબિત કરે છે કે મોટા પરિવર્તન માટે માત્ર કલ્પના નહીં, પરંતુ સતત મહેનત, યોગ્ય વ્યૂહરચના અને ધીરજ જરૂરી છે. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર — ધર્મતેજ — આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર — તન-મન-ધનથી રહો તરોતાજા — મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર — ઈન્ટરવલ — થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર — લાડકી પુરુષ — સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર — મેટિની — મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર — વીક એન્ડ — વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર — ઉત્સવ — અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# કૃષ્ણજન્મની વધાઈ હો!


ઝવેરચંદ કાળીદાસ મેઘાણી


'મીનપિયાસી'


પરમપૂજ્ય ભાઈશ્રી (રમેશભાઈ ઓઝા)

ક્યારે એ તો ખબર નથી પણ પરમપૂજ્ય ભાઈશ્રી (રમેશભાઈ ઓઝા) નીકળી ગયા છે પોરબંદરથી મુંબઈ આવવા, માથે મૂકી કરંડિયામાં 'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'... ૨૦૪ વર્ષનાં યુવાન વર્તમાનપત્ર 'મુંબઈ સમાચાર'ના અસંખ્ય વાચકો અને સમગ્ર વિશ્વનાં શ્રીમદ્ ભાગવતપ્રેમી શ્રીકૃષ્ણસેવકો! આવો, એમને ફૂલડે ફૂલડે વધાવીએ...

અગાઉ ક્યારેય ન લેવાયો હોય એવો સંકલ્પ છે આ કથાનું નિમિત્ત- માતૃભાષાને બચાવવાનો. આંતરરાષ્ટ્રીય ભાષા અંગ્રેજી અને રાષ્ટ્રભાષા હિન્દી સામે આજે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (AI)ના યુગમાં આવા બહુભાષી દેશ ભારતની બધી માતૃભાષાઓ ક્રમશઃ હ્રાસ પામી રહી છે, ઓછી થઈ રહી છે, રોજબરોજના ચલણમાંથી બહાર જઈ રહી છે. મનેકમને અંગ્રેજીને સ્વીકાર્યા વગર છૂટકો નથી અને રાષ્ટ્રભાષા ગમે છે ખૂબ પણ એની ઉપયોગિતા, હૂંફ, ઉષ્મા અને લાગણીશીલતા જેટલી માતૃભાષાની છે એટલી નથી. 'હું' ઉદ્ગારના ઉચ્ચાર સાથે જે જાત સાથેનું પોતાપણું અનુભવાય એ 'મૈ'માં ગમે એટલા સમાધાનો કરીએ છતાં નથી જ આવતું. મધ્ય પ્રદેશના કાના જંગલમાંથી ખાસ પસંદગી પામીને ઈંગ્લેંડના કોઈ મહેલમાં લઈ જવાયેલો મોર મન મૂકીને ટહુકવાનું બંધ જ કરી દે છે, જ્યાં સુધી એ સોરઠી પાઘડી સજાવીને લંડનની ટહેલે આવેલા કોઈ ભારતીયને ન જુએ. અને જેવા પાઘપદર્શન થયા છજામાંથી મહેલના કે તરત જ ટહુકાની દેમાર થઈ જાય છે શરૂ તે એવી કે આખું લંડન નાચવા માંડે છે. આ જ તો છે માતૃભાષાની વાત. હમણાં ગુજરાતી ભાષામાં એવું સરસ, એક વાક્યમાં હાસ્ય પીરસાયું છેઃ **સત્યાનાશ જાય આ યુદ્ધનું... કોઈક મારી સાઈકલ ચોરી ગયું ને સ્કૂટર મૂકી ગયું!!!** ભારત ક્રમશઃ ઉસ્તાદ બનતું જાય છે આંતરભાષા-સ્વીકૃતિની બાબતમાં. કસ્તુરબાથી શરૂ થયેલી સ્વીકૃતિ અત્યારે 'બા'ને ક્યાંથી ક્યાં પહોંચાડી ચૂકી છે! અને હું 'બા' સંપૂર્ણપણે ગુજરાતી ભાષાની/નો શબ્દ છે એવો દાવો કરું તો કોઈને કંઈ વાંધો ખરો! લો, વાંધાની વાત પર કવિ અનિલ જોશીની નાનકી પંક્તિ યાદ આવી ગઈ.

***કાંઉં કાંઉં કાગડાથી ખીચોખીચ***
***લીમડામાં***
***કીડીએ ખોંખારો ખાધો...***
***તમને નથી ને કોઈ વાંધો?!***

કેવડો ગર્વ માતૃભાષાનો અને ગુજરાતી હોવાનો ચોટીલાના **વાણિયા** ઝવેરચંદ કાળીદાસ મેઘાણીને કે આ વણિકપુત્ર ગયા તો ખરા કલકત્તા વેપારાર્થે પણ અંદર ધબકતો કવિતાનો જીવ લઈ ગયો શાંતિ નિકેતનમાં કવિવર **ટેગોર** પાસે... થોડા શરૂઆતીય વાર્તાલાપ બાદ મેઘાણી **ટેગોરને** ગુજરાત પધારવાનું ઈજન પાઠવે છે, આમંત્રણ આપે છે અને ટેગોર સ્પષ્ટ પૂછે છેઃ આવું તો ખરો... જો ગુજરાતી ભાષામાંથી કોઈક કવિત, કોઈક કલ્પન, કોઈક ભાસ્ય મને સ્પર્શી જાય તો... અને ત્યાંને ત્યાં જ કવિવર ટેગોર, વિશ્વના ઉચ્ચતમ સાહિત્ય ગૌરવ નોબેલ ઈનામના મેળવનારને એમની જ ૧૯૧૯માં રચાયેલી કવિતા **હૃદય અમાર ઓઈ બુઝો નબબર્ષા ઍલો ભુવનભોરે**નું એવું અલૌકિક અદ્ભુત અવર્ણનીય અનુસર્જન મુકે છે **મન મોર બની થનગાટ કરે**. ૧૯૪૪માં કે ટેગોર સ્તબ્ધ બની એટલું જ વિચારે છે મનોમન કે આ કવિતા મારી છે કે મેઘાણીની! મેઘાણી માટે અને ગુજરાતી ભાષા માટે ટેગોરનું આવું માનવું સુપર નોબેલ પ્રાઈઝ જેવું... તે... વાણિયાનાં દીકરા મેઘાણીએ ફગાવી ટોપી અને ધારણ કર્યું ફાળિયું અને લીધો ભેખ ગામેગામ ફરીને, ગુજરાતી ભાષાના ખેપિયા બનીને, વિશ્વનું સૌ સુંદર ગુજરાતીમાં અવતારી ગુજરાતીને ઘેર ઘેર વધુ સમૃદ્ધ રીતે પહોંચાડવાનો... ટૂંકમાં કલકત્તા વધુ વેપારાર્થે કદાચ **અંબાણી બનવા ગયેલો વાણિયાનો દીકરો મેઘાણી બનીને પાછો આવ્યો...** (છેલ્લી નોંધ લોકસાહિત્યકારની જેનું નામ આ ક્ષણે સ્મરણમાં નથી)... જય ટેગોર... જય મેઘાણી... જય ગુજરાતી...

લો, આજે ૩૧ માર્ચે સાંજનાં ૫.૩૦થી અત્યારે ૮.૨૯ સુધી વાર્તાલાપ માંડીને બેઠો છું... તે હવે તો આજે વિદાય લેવાની ઘડી આવી પહોંચી. તો... વિશ્વભરમાંથી માત્ર ગુજરાતી ભાષામાં જ સર્જાયેલી એકાક્ષરી કવિતાનો મહાવૈભવ પ્રદર્શિત કરતી અને એ દ્વારા માનવતાનો અને માનવીયતાનો પાઠ ભણાવતી કવિતાથી આજે છૂટા પડીએ...

### કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ

*કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ*
*કોયલ કૂજે કૂ કૂ કૂ*
*ને ભમરા ગુંજે ગૂં ગૂં ગૂં*
*ચકલા ઉંદર ચૂં ચૂં ચૂં ને*
*છછુંદરોનું છું છું છું*

*કૂજનમાં શી કક્કાવારી?*
*હું કુદરતને પૂછું છુંઃ*
*ઘુવડ સમા ઘુઘવાટા કરતો*
*માનવ ઘૂરકે હું હું હું!*

*પરમેશ્વર તો પહેલું પૂછશેઃ*
*કોઈનું સુખદુઃખ પૂછ્યું'તું?*
*દર્દભરી દુનિયામાં જઈને*
*કોઈનું આંસુ લૂછ્યું'તું?*

*ગેં ગેં ફેં ફેં કરતા કહેશોઃ*
*હેં હેં હેં હેં! શું શું શું?*

*આ કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ*

– દિનકરરાય કેશવલાલ વૈદ્ય
'મીનપિયાસી'

આજે આટલું જ ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# ચાગલા


એમ. સી. ચાગલા

'- હવે તમે પાછા ભારત આવી ગયા છો ત્યારે, પ્રથમ એપ્રિલ ૧૯૫૮ થી જૂન ૧૯૬૧ સુધી વોશીંગ્ટનમાં રાજદૂત તરીકેના અને ત્યાર પછી એપ્રિલ ૧૯૬૨ થી સપ્ટે. ૧૯૬૩ સુધી લંડનમાં હાઈકમિશ્નર તરીકેના તમારા કામને અમે સૌએ બિરદાવ્યું છે; તે દર્શાવવાની મને ઈચ્છા થાય છે. યુ.એસ.એ. તથા યુ.કે. સાથેના આપણા સંબંધોમાં અભિવૃદ્ધિ કરવા માટે તથા એ દેશોમાં આપણી વિદેશનીતિ વધારે સારી રીતે સમજાવવા માટે તમારું પ્રદાન સર્વ શ્રેષ્ઠ રહ્યું છે.'

એમ. સી. ચાગલા માટે નહેરુના પત્રનો આ એક અંશ. સાંપ્રતમાં કહેવાનું મન થાય કે ફરી અમેરિકા સહિત યુદ્ધ લડતા દેશોને કોઈ સમજાવે કે તણાવ ઊભું કરવાનું બંધ કરો અને શાંતિ જાળવો. પણ આજે તો ન તો જીવીએ કે નહિં જીવવા દઈએ જેવો તાલ છે. ખેર, વાત નહેરુની નહીં પરંતુ 'ચાગલા'ની કરવી છે. જી હા, કચ્છીનું 'ચાગલા' એટલે ગુજરાતીમાં 'લાડકા' દીકરાની વાત છે.

જેને પોતાની મર્ચન્ટ અટક પસંદ નહોતી એટલે કચ્છી શબ્દ 'ચાગલા' અટક તરીકે અપનાવી પોતાની ઓળખ આગળ વધારી. આમ તો, ૧૯૦૦માં એમનો જન્મ મુંબઈમાં થયો હતો અને મુંબઈમાં જ એમનો કાયમી વસવાટ રહ્યો અને મહેરૂનિસા ધારશીં જીવરાજ સાથે એમનાં લગ્ન થયાં હતા પરંતુ તેઓ કચ્છના ગામ મોટા કપાયાના હતા.

પોતાની અટક ચાગલા વિશે એમણે ખુદે નોંધ્યું છે કે એમના વડવાઓ વેપારી હતા તે પરથી પોતે 'મર્ચન્ટ'ની ઓળખ ધરાવતા હતા પરંતુ વેપાર, ધન અને નફાખોરી સૂચવતી આ ઓળખ પરત્વે એમને અણગમો હતો. એકવાર એમણે દાદાને પોતાના આ સંતાપની વાત કરીને પોતે કઈ ઓળખ રાખવી જોઈએ તે વિશે સલાહ માગી હતી. દાદાએ માથા પર પ્રેમ ભર્યો હાથ ફેરવીને સૂચવ્યું કે 'ચાગલા'. દાદાએ કહ્યું, 'તારો પિતા મારો એકનો એક પુત્ર હતો. તેથી તે ઘણો લાડકો હતો. લાડકાનું કચ્છી થાય છે, 'ચાગલા'. દાદા એમના પિતા કરીમને ચાગલા કહીને જ સંબોધતા. એટલે એમણે 'ચાગલા' અટક તરીકે અપનાવી લીધી.

આમ તો 'મર્ચન્ટ' અટક પ્રત્યેનો અણગમો અન્ય એક સજ્જને પણ વ્યક્ત કરેલો. જેના માટે એક કવિએ લખ્યું છે કે, 'કિસીકો ન હો શકા ઉસકે કદકા અંદાજા, જો આસમાં થા મગર શિર ઝુકા કે ફિરતા થા.' સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે કચ્છે જે બલિદાન આપ્યાં છે તેમાં લોકલાડીલા યુસુફ મહેરઅલીનું શિરમોર યોગદાન રહ્યું છે.

દેશસેવા કાજે સ્વધર્મ અને કર્તવ્યકર્મ દ્વારા જન્મભૂમિનું જય મંગલ કરનાર યુસુફ અલી 'મર્ચન્ટ' તરીકે ઓળખાવાથી પોતાને બચાવ્યા હતા. 'ભારત છોડો' અને 'સાયમન ગો બેક' ના ચેતનવંતા નારા આપી આઝાદીની ચિનગારી ચાંપનારા યુસુફ અણમોલ કચ્છી રત્ન હતા.

ફરી, મહમદ કરીમ ચાગલાની વાત પર પાછા ફરીએ. મુંબઈ હાઈ કોર્ટના ન્યાયમૂર્તિ, પછી મુખ્ય ન્યાયમૂર્તિ, મુંબઇ યુનિવર્સિટીના કુલપતિ, કાયદાપંચના સભ્ય, મુંબઈના કાર્યવાહક રાજ્યપાલ અને હેગની આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયમૂર્તિ પદે એ રહ્યા હતા. એ પછી ત્રણ વર્ષ સુધી એ અમેરિકા ખાતેના ભારતના રાજદૂત રહ્યા હતા અને યુ.કે. ખાતે ભારતના સર્વોચ્ચ પ્રતિનિધિ હતા. ભારત સરકારમાં શિક્ષણમંત્રી અને પછી વિદેશમંત્રી રહ્યા હતા.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની સલામતી સમિતિ પર એમની વરણી થઈ હતી. ૧૯૭૧ થી ૧૯૭૩ સુધી સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના તેઓ પ્રમુખ હતા. તેમને ગોખલે અને તિલક પ્રત્યે અનેરી પ્રીતિ હતી, જે એમની આત્મકથામાં પ્રસંગ સ્વરૂપે અવતરી છે.

ચાગલાની કાર્યનિષ્ઠા તેમના પોતાના શબ્દોમાં સ્પષ્ટ થાય છેઃ અદાલત ચાલતી હોય ત્યારે મારું સ્થાન ત્યાં જ છે. આ વિચારસરણી માત્ર એક ન્યાયમૂર્તિ તરીકે નહીં, પરંતુ એક જવાબદાર નાગરિક તરીકે પણ તેમની ઊંચી માનસિકતા દર્શાવે છે.

વડા ન્યાયમૂર્તિ તરીકેની મારી અગિયાર વર્ષની મુદ્દત દરમ્યાન એક પણ વખત હું અદાલતમાં ગેરહાજર રહ્યો નથી. મને તાવ હોય ત્યારે પણ હું અદાલતમાં બેઠો છું. સંધિવાનો પ્રબળ હુમલો મારા અંગ પર થયો હોય ત્યારેય હું બેઠો છું.


ગમે તેવી વ્યથિત દશામાં હોઉં ત્યારે પણ હું હાજર રહ્યો છું. હું માનતો કે જ્યારે અદાલત ચાલુ હોય ત્યારે મારું સ્થાન ત્યાં જ હોય. તેઓ માનતા કે કોઈ વ્યક્તિના અવસાનને કારણે કાર્ય બંધ રાખવું યોગ્ય નથી; સાચી શ્રદ્ધાંજલિ તો વધુ ઉત્તમ કાર્ય કરીને જ આપી શકાય. મારા મત પ્રમાણે તેની સ્મૃતિને સર્વશ્રેષ્ઠ માનાંજલિ આપવાની રીત પહેલા કરતાંય સવિશેષ કામ કરવાની ગણાવી જોઈએ.

તેમની આત્મકથા Roses in December માં તેમણે પોતાના જીવનના અનુભવો અને વિચારધારાને ખૂબ જ અસરકારક રીતે રજૂ કર્યા છે. તેમાં જીવન મૂલ્યો પરત્વે ચાગલા પોતાનાં મંતવ્યો રજૂ કરતા કહ્યું છે કે, 'આપણે એટલા બધા વાસ્તવલક્ષી બનતા જઈએ છીએ, અને એટલા ભૌતિકવાદી બનતા જઈએ છીએ કે જિંદગીમાં ભાવનાને કોઇ સ્થાન આપવાનો પણ આપણે ઈન્કાર કરીએ છીએ. હકીકતે ભાવના જ જીવનનું 'મીઠું' છે અને જીવનમાં એ સ્વાદ પ્રગટાવે છે.'

ચાગલા માત્ર એક વ્યક્તિ નહોતા, પરંતુ એક સંસ્થા સમાન હતા, પરંતુ કચ્છમાં કોઈ યાદ કરે એવું તો કેમ બને! જમાનો જે બદલાયો છે, ઈતિહાસ કરતા વધુ ભવિષ્યની ચિંતા કરતા માનવીનું વર્તમાન પણ આજે જોખમી બન્યું છે. એને તો સાચવી લે! એ પછી ૪૫ વર્ષ પહેલા (મૃત્યુ :૯ ફેબ્રુઆરી ૧૯૮૧) વિદાય લઇ ચુકેલી આ વિરલ વ્યક્તિને યાદ કરી શકાય. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'અજમલ અન્સારી, તૂમ ડો. અજય બંસલ બન કર જિસ લડકી કે પ્યાર કે ચક્કર મેં હો, વો મિત્સુ આનંદ દરઅસ્સલ રો કી બડી એજન્ટ હૈ. વો તુમ્હે ધોખા દે રહી હૈ...તુમ તો ઉસ સે કોઇ ખુફિયા બાતેં નહીં નીકલવા સકે વો, ઉલ્ટા ઉસને હમારી ફરીદાબાદ કી સ્લીપર સેલ કા પર્દાફાશ કરવા કે હમારે લોગોં કો પકડવાયા. તૂમ ઉસકે સાથે ઘૂમતે રહે લેકિન તૂમ કો તો યે ભી પતા ચલા કી વો લડકી કરતી ક્યા હૈ.....જાતી કહાં હૈ. અજમલ, ખતમ કરો ઉસકો....જહાં ભી મિલે જિંદા ગાડ દો ઉસે.' મોબાઇલ ફોન કટ થયો.

****************

રાધા ડો. અજય બંસલ ઉર્ફે અજમલ અન્સારીના કારનામાને એના મોબાઇલ પર લાઇવ જોઇ રહી હતી. બિચારા ડો. અજય બંસલ નામના આશિકને ક્યાંથી ખબર હોય કે રાધાએ ઘરમાં ક્યાં ક્યાં છૂપા કેમેરાઓ ગોઠવી રાખ્યા હતા.

'ઓ માય બેબી, તને એમ કે તૂં જ પ્રેમનું નાટક કરી જાણે છે. એ નાટકની શરૂઆત મેં જ કરેલી....સ્ક્રીપ્ટ પણ મેં જ લખેલી અને અભિનય પણ હું જ કરતી હતી...તૂ જહાં જહાં ચલેગા મેરા સાયા સાથ હોગા....' મોબાઇલના સ્ક્રીનને જોતાં બોલીને એણે મોબાઇલ સ્વિચ ઓફ કર્યો.

******************

અજમલ અન્સારી આઇએસઆઇના અફસરના શબ્દો સાંભળીને સમસમી ઉઠ્યો હતો. રાધા એની સામે હોત તો કદાચ એ જ ક્ષણે એને ખતમ કરી દેત. એ રાધાના ઘરમાં નાનકડી ટોર્ચ ઓન-ઓફ કરતો બેસી રહ્યો... જેનો પ્રકાશ ધારી દિશા સુધી પહોંચતો નહતો. અજમલની ટોર્ચના પ્રકાશની એટલી પહોંચ નહતી. એ ધૂંઆપૂંઆ થતો બહાર આવ્યો. એણે રાધાને મોબાઇલ કોલ લગાડ્યો. રાધાને અપેક્ષા હતી જ એના કોલની. એણે ગળું ખંખેરીને ઉંઘમાંથી ઉઠી હોય એવો અવાજ કાઢ્યો. હેલો...

'ડાર્લિંગ, ક્યાં ગુમનામ થઇ ગઇ છે તૂં....?' થોડી વાર પહેલાં ગુસ્સામાં લાલચોળ થઇ ગયેલા અજમલ અન્સારીએ નાટકીય અવાજ કાઢ્યો.

'ગુમનામ હૈ કોઇ બદનામ હૈ કોઇ કિસ કો ખબર કૌન હૈ વો, અન્જાન હૈ કોઇ...' રાધાએ ગીત ગાયું. 'ગુમનામ તું થઇ ગયો છે ને મને કહે છે...તું મને કોલ કેમ નથી કરતો.'

'પેશન્ટ્સ બહુ વધી ગયા છે ને મારી પેશન્સ ઘટી રહી છે....તને મળવાની.' એણે શબ્દોને રમાડ્યા.

'બહુ જલદી મળીશું.' રાધાએ કહ્યું.

'ચાલ, હું જ તને મળવા આવી જાઉં છું, તું જ્યાં હો ત્યાં...' અજમલે અવાજમાં બેતાબી બતાવી.

'ઓ બેબી, તું મને દિલથી યાદ કરે છે એટલું ઘણું છે.' રાધા બોલી.

'ઓકે વેઇટ, હું તને વિડિયો કોલ કરું છું.' રાધાને આનો પણ અંદેશો હતો.

'ના, આટલા દિવસ કેમ ન કર્યો...જા, હવે હું તારો વિડિયો કોલ નહીં લઉં...' રાધાએ રીસાવાનો સૂર કાઢ્યો.

'કેમ સાથે કોઇ બોયફ્રેન્ડ છે...?' એણે મજાક કરી.

'હા, મારો એ બોયફ્રેન્ડ કાયમ મારી સાથે જ હોય છે.' રાધાએ ટેબલ પર પડેલી ગોપાલાની છબી જોતાં કહ્યું. 'ગુડ નાઇટ બેબી.' એણે મોબાઇલ કટ કર્યો.

**મૈં ઈતના દયાલુ નહીં હું. દયા ભી તોલમોલ કે હિસાબ સે હોની ચાહિયે...' ગુપ્તાએ સાધુની સામે જોતાં કહ્યું.**

'કબ તક દૂર રહોગી મેરી જાન....' અન્સારીએ મોબાઇલ બંધ કર્યો.

બીજી બાજુ રાધાએ આઇબી ચીફ અભયસિંહ રાઠોડને કોલ કર્યોઃ 'સર, અજય બંસલ આઇ મીન અજમલ અન્સારી કો મેરી અસલિયત પતા ચલ ગઇ હૈ....'

'તૂ ફિકર મત કરો..વો હમારી રેન્જ મેં હૈ.....કભી ભી ઊઠા લેંગે.' ફોન કટ થયા.

*************

અત્યાર સુધી દેવીપ્રસાદજીના ઘરે તાલીમના ભાગરૂપે રાધાની સામે વર્ણવતા પુરોહિતની સામે હવે એક અસલી ચહેરો આવી ગયો હતો. હુલિયા...પહેરવેશ અને વાણીથી આંજી નાખનારો એ ચહેરો રાઘવનો હતો. રાઘવ પુરોહિતની સામે 'શુકર' શબ્દ બોલીને થાપ ખાઇ ગયો હતો. વેશ બદલીને માણસને ભરમાવી શકાય છે, પરંતુ બોલી માણસની અસલિયત ખુલ્લી પાડી દે છે. એમાંય રણછોડે કરેલી વાતથી પુરોહિતની શંકા વધુ સંગીન બની હતી. પુરોહિત કસોટીના એરણ પર ચડવા સજ્જ હતો....એવામાં રાઘવ દૂધનું કેન લઇને પુરોહિત ચાવાળા પાસે પહોંચ્યો.

'લો આજથી દૂધની ડિલિવરી શરૂ.' રાઘવે કહ્યું.

'અને... આજથી તારે પહેલી ચા મારી પીવાની. પહેલી ચા ફ્રીમાં.' પુરોહિતે એને ચાની કુલ્હડ આપી.

'દૂધનો હિસાબ મહિને કરશું.' રાઘવ બોલ્યો.

'હું તારો હિસાબ તો કરીશ જ. હું મારવાડી, તું પણ મારવાડનો. આપણે હિસાબના પાક્કા. તારું વતન ક્યું.? પુરોહિતે સવાલ કર્યો.

'મારું વતન હિન્દુસ્તાન. આપણે હમવતની.' રાઘવે સ્માર્ટ જવાબ આપ્યો.

*************

'અલખ નિરંજન....' બોલીને સાધુએ ગોપાલેશ્વર મંદિરના ચાર રસ્તા પરની પાણીની પરબ પરથી કળશિયો ઉપાડીને અધરથી પાણી પીધું. ત્યાં જ ઊભા રહીને પાણી પી રહેલા શંકરે જય ગોપાલા કહ્યું. બંનેની આંખો મળી. શંકર ચાલતો થયો ને એની પાછળ પાછળ સાધુ ચાલવા લાગ્યો. શંકર ગુપ્તાની દુકાનમાં ગયો ને સાધુ અલખ નિરંજન બોલીને દુકાનની બરાબર સામે ગોઠવાઇ ગયો.

**************

પુરોહિત ગુપ્તાની દુકાને ખાંડ અને ચાની ભુક્કી લેવા ગયો. શંકર એનો સામાન જોખતો હતો ત્યાં એની નજર સાધુ પર પડી.

'લગતા હૈ....આજ હી આયા હૈ....' ગુપ્તા બોલ્યો.

'પહેલે બનારસ કે મણિકર્ણિકા ઘાટ પર થા... બહુત લોગોં કા અંતિમ સંસ્કાર દેખા...બોલા અબ નહીં દેખા જાતા ઇસલિયે યહાં આ ગયા...' શંકરે કહ્યું.

'તુમકો કૌન બતાયા...?' પુરોહિતે પૂછ્યું.

'પાની કે પ્યાઉ પર મિલા થા....વહાં બાત હુઇ.' શંકરે કહ્યું.

'લે યે તેરા સમાન....ચાય પત્તી ઔર શક્કર.' ગુપ્તાએ કહ્યું.

'સમાન યહાં રખો, વાપસિ મેં લે કર જાઉંગા....ગુપ્તા, તુને ઠીક બોલા, ગોપાલેશ્વર કે ધામ મેં સબ સમા જાતે હૈ.' પુરોહિત જતાં જતાં બોલ્યો. બાઇકની કીક મારીને સીધો શંકરના મંદિર તરફ રવાનો થયો. ગુપ્તાજીએ શંકરની સામે જોયું.

'પુરોહિત બરાબર બોલ કે ગયો....ગોપાલશ્વર કે ધામ મેં સબ સમા જાતે હૈ...તૂઝે ભી તો આસરા ગોપાલાને દિયા.'

***********

(એકાદ મહિના પહેલાં...ફ્લેશ બેક)

ગુપ્તા વહેલી સવારે દૂકાન ખોલવા આવ્યો ત્યારે એક માણસ દૂકાનની બહાર સૂતો હતો....

'એય ઉઠ...કૌન હૈ તું...યહાં ક્યું સોયા હૈ?' ગુપ્તાએ કહ્યું.

પેલો માણસ સફાળો જાગીને બાજુમાં હટી જઇ, હાથ જોડીને માફી માગવા લાગ્યો. ગુપ્તાએ દુકાનના શટર પર બેચાર વાર નમન કરીને દૂકાન ખોલી. અંદર જઇને પૂજા કરી. પછી ઝાડુ લઇને આંગણું સાફ કરવા લાગ્યો

'શેઠ, મુઝે દો, મૈં કરતા હું' કહીને એના હાથમાંથી ઝાડું લઇ લીધું. આંગણું વાળી આપ્યું. ઝાડું અંદર મૂકી આવીને હાથ જોડીને જતો રહ્યો.

પેલો માણસ રોજ આ રીતે રાતે દૂકાનની બહાર સુઇ જાય...સવારે ગુપ્તા આવે તે પહેલાં ઉઠી જાય...સાફસફાઇ કરે ને હાથ જોડીને જતો રહે. માણસ મફતમાં સાફસફાઇ કરે...રાતે દૂકાનના પાટિયા પર સૂઇને દૂકાનની સલામતી રાખે. કદાચ એટલે એક દિવસ દુકાનદાર મારવાડી ગુપ્તા એની પર પ્રસન્ન થયો.

'ઓ છોરા સૂન.' ગુપ્તા બોલ્યો. ઝાડુ મારીને જઇ રહેલો માણસ હાથ જોડીને ઊભો રહી ગયો.

'દૂકાન મેં કામ કરેગા?' તેરા રહેણા, ખાણાપીણા સબ ફ્રી. માણસે ગુપ્તાને દંડવત્ કર્યા.

'નામ ક્યા હૈ તેરા....?' એણે પૂછ્યું.

'શંકર....'

(ફ્લેશબેક પુરો)

*************

'શેઠજી, આપ હી મેરે ગોપાલા હો...આપને દુકાન કે બાહર સે મુઝે અંદર લિયા....' શંકર બોલ્યો.

'છોરા, તુ કહેના ક્યા ચાહતા હૈ કી મેરી દુકાન કે સામને બૈઠેનેવાલે સબકો મૈં આસરા દું. મૈં ઇતના દયાલુ નહીં હું. દયા ભી તોલમોલ કે હિસાબ સે હોની ચાહિયે...' ગુપ્તાએ સાધુની સામે જોતાં કહ્યું.

************

સાંજે રાધા ચાની ટપરી પર પહોંચી. પુરોહિતે શંકર શંભો બોલીને ચા આપી. રાધા રાત પડવાની રાહ જોતી ચા પીવા લાગી. પૈસા આપતી વખતે એણે પુરોહિતની સામે જોયું. એની આંખો આત્મવિશ્વાસથી છલકતી હતી.

**************

રાતે રાધા દેવીપ્રસાદજીનું સ્કૂટી લઇને કડકડતી ઠંડીમાં સૂસવાટા મારતા પવનને વીંઝતી શંકરના મંદિરે પહોંચી. સ્કૂટીનો અવાજ સાંભળીને મંદિરની પાછળ સૂતેલો સાધુ જાગી ગયો. બાજુમાંથી ત્રિશુલ ઉપાડીને મંદિરની દીવાલની આડમાં ઊભો રહીને હિલચાલ જોવા લાગ્યો. રાધાએ હેરપિન કાઢીને તકલાદી તાળું ખોલ્યું.... અંદરથી ચિઠ્ઠી કાઢીને ખિસ્સામાં મૂકી. સાધુની શેતાની નજર ચહેરો જોવા માગતી હતી, પણ એક તો ઘોરઅંધારું હતું ને રાધાનો આખો ચહેરો ઢંકેલો હતો. રાધાએ તાળાને પ્રેસ કરીને બંધ કર્યું. સ્કૂટીને કીક મારીને નીકળી ગઇ. સાધુએ બહાર આવીને દાનપેટીનું તાળું જોયું.

'કાફીરો, તુમલોગ ભગવાન કે પૈસે ભી ચુરા લેતે હો.'(ક્રમશઃ)■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@
bombaysamachar.com

# ગઝલકાર શિવજી રૂખડાની ગઝલોનું ભાવવિશ્વ અંતરના તાર સાથે જોડાયેલું છે

ગુજરાતી ગઝલ એટલી ભાગ્યશાળી છે કે આજે પણ નાનાં શહેરો, મધ્યમ કક્ષાનાં નગરો અને મહાનગરોમાં તેની જ્યોત હંમેશાં જલતી રહી છે. પરંપરાના ધુરંધરોએ જે ભેખ લઈને ગઝલનો પાયો નાખ્યો છે કે આજે આ ઈમારત રંગમહેલ બનીને કાંગરે કાંગરે ગઝલ-દીપક પ્રગટાવી રહી છે.

આ મહિનામાં બાપુની બગસરાની માનસકથા યોજાઈ. ત્યારે બગસરા સાથેના મહાન કવિ ઝવેરચંદ મેઘાણીથી લઈને આજના કવિઓના કંઈ કેટલાંયે સંસ્મરણો તાજા થયાં. સૌથી પહેલાં કવિ કુતુબ આઝાદનું સાહિત્ય અને પત્રકારત્વનું પ્રદાન યાદ આવ્યું. બગસરા જેવા નાનકડા કાર્યક્ષેત્રમાં ‘તમન્ના’ માસિક શરૂ કરીને એમણે સાહિત્ય અને પત્રકારની ધૂણી ધખાવી અને અનેક પુસ્તકો પ્રગટ કર્યાં. ત્યાર પછી કવિ શિવજી રૂખડા, કુતુબ આઝાદના પુત્ર તુરાબ હમદમ, જાણીતા સર્જક સ્નેહી પરમાર, અને કવિ તથા નિબંધકાર યોગેશ વૈદ્યની કાવ્યયાત્રાની સ્મૃતિઓ અંકિત થઈ ગઈ. આ બધામાં અત્યારે સૌથી સિનિયર એવા ગઝલકાર શિવજી રૂખડાના જીવન-કવનની વાત કરીએ અને એમના પ્રદાનની નોંધ લઈએ એ જરૂરી છે.



શિવજી રૂખડાનો જન્મ ૨૦મે, ૧૯૪૪ના રોજ વતન બગસરામાં થયો હતો. પિતાનું નામ અમરાભાઈ રૂખડા. આ ગઝલકાર ‘દર્દ’ના તખલ્લુસથી ગઝલો લખે છે. સ્નાતક થયા પછી બગસરાની નગરપાલિકામાં તેઓ શોપ ઈન્સ્પેક્ટર તરીકે જોડાયા અને એ પદેથી સેવાનિવૃત્ત થઈને પોતાની શબ્દ-સાધના અને આરાધનામાં સતત રત રહે છે.

એમની ગઝલોમાં પસાર થતાં લાગે છે કે તેઓ ગઝલના બાહ્ય રંગને અને આંતરિક કલેવરને વફાદાર રહીને ગઝલો કહે છે. ગઝલમાં લગભગ અનિવાર્ય એવો પ્રણયરંગ - પ્રેમરંગ (તગઝ્ઝૂલ) અને અધ્યાત્મ-સૂફી રંગ (તસવ્વુફ)નો સમન્વય સધાયો છે. આ કવિ પાસે પોતાની વિશિષ્ટ શૈલી છે. એ ગઝલ પઠનમાં સ્થિરતાથી પેરા આપે છે.

ગઝલ આજના ગઝલકારો સમજે એમ કફિયા-રદીફની રમત નથી. વિચારોનું ઊંડાણ જરૂરી છે. ભાષા ભલે સીધી-સાદી હોય પણ તેમાં ભાવ વ્યક્ત કરવા માટે ગંભીરતાથી કામ કરવું પડે છે. આવી ગઝલ કહેવા માટે ઊર્મિ, ભાવસંક્રમણ, પ્રણયનો વિવેક અને નિષ્ઠા જરૂરી છે. આ ગઝલકાર પાસે આ બધાં સાધનો હાથવગાં અને જીભવગાં છે એટલે ગઝલ નિત્ય નૂતનરૂપ ધારણ કરે છે, નિખાર પામે છે.

ગઝલકાર એસ. એસ. રાહીએ નોંધ્યું છે કે શિવજીભાઈ ગઝલલેખન પાછળની ભૂમિકા આપતા કહે છે. ‘અભ્યાસકાળ દરમિયાન કાવ્યસર્જનનો પિંડ બંધાયો. છઠ્ઠા-સાતમા દાયકામાં અમૃત ‘ઘાયલ’ ‘ગની’ દહીંવાળા, નાઝિર દેખૈયા, શ્યામ સાધુ, ચિનુ મોદી જેવા ગઝલકારોની ગઝલો વાંચીને હું ગઝલલેખન તરફ વળ્યો. પણ છંદમાં સમજ પડે નહીં. તેવામાં ચિનુ મોદીની એક ગઝલ આંગળીના ટેરવે ચડાવી છંદની ચાવી મળતાં જ એમના એ જ છંદમાં ગઝલ લખી. આમ આઠમા દાયકામાં છંદોબદ્ધ ગઝલો લખવા માંડ્યો.’

શિવજીભાઈની ગઝલ કવિતાના અને સાહિત્યના તમામ પ્રતિષ્ઠિત સામયિકોમાં સ્થાન પામતી રહી છે. એમનો પ્રથમ ગઝલ સંગ્રહ ‘ફૂલનો પર્યાય’ ઈ. સ. ૧૯૯૦માં અને બીજો ગઝલ સંગ્રહ ‘એના ઘરભણી’ ઈ. સ. ૨૦૧૩માં પ્રગટ થયેલ છે. ગઝલના ક્ષેત્રે એમના પ્રદાન બદલ ઈ. સ. ૧૯૮૭માં શ્રી ધનજી કાનજી ગાંધી પારિતોષિક અને ઈ. સ. ૧૯૮૯માં ‘કાવ્યગોષ્ઠી’ દ્વારા મહાકવિ પ્રેમાનંદ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

તમારી ગઝલસર્જનની ક્ષણો કેવી હોય છે? એ પ્રશ્નના ઉત્તરમાં તેઓ લખે છેઃ ‘ગઝલ સર્જન વેળાની ક્ષણો અદ્ભુત અને આનંદ પમાડનારી હોય છે. ક્યારેક એવી ક્ષણોમાં એવી ગઝલ લખાતી હોય ત્યારે જાત પણ ભૂલાઈ જતી હોય છે. કોઈ પ્રસંગ, કોઈ વાત, કોઈ રદીફ કાફિયા ધ્યાનમાં આવે તો, તરત જ ગઝલ ‘લખવાની પ્રક્રિયા શરૂ થઈ જતી હોય છે.’

શિવજી રૂખડા ગઝલની રચનામાં ધીરે ધીરે સૂફી રંગથી રંગાઈ ગયા છે. અધ્યાત્મનો કેફ ચડતો જ રહે છે. જો કે તગઝ્ઝૂલના ભોગે એમણે આયાસ કરીને તસવ્વુફી ગઝલો કહી નથી. આ રંગ આંતરિક છે અને કવિને પણ ખબર ન પડે એ રીતે અનાયાસ એ ભાવવાહી શબ્દોમાં ઢળતો રહે છેઃ એમની ગઝલોમાં આવેલી સૂફી મીનાકારી એ કોઈ પ્રયાસની દેન નથી પણ સ્વયંભૂ છે.

શિવજીભાઈની ‘સાંઈ’ શ્રેણીની કેટલીક ગઝલોનો અધ્યાત્મરંગ પાકો થતો લાગે છે. આવી ગઝલોનું ભાવવિશ્વ અંતરના તાર સાથે જોડાયેલું છે. એમની બહુધા ગઝલમાં દીર્ઘ રદીફ પાસેથી કવિ ધાર્યું નિશાન પાડે છે અને ક્યાંય ખાડાખબડા કે ખાંચા પડતા નથી એ એમની વિશિષ્ટતા છે. આપણે પહેલા ‘સાંઈ’ને સંબોધીને લખાયેલી બે ગઝલોના શેરો માણીએ અને પછી બીજા અશ્આરની ઓળખાણ કરીએઃ

*ફક્ત કફની સાંધવી છે સાંઈ અમને સોય આપો*
*ભાત એમાં ટાંકવી છે સાંઈ અમને સોય આપો*
*પાંચ બખિયા સાથ ઈચ્છા સીવતાં સીવાઈ ગઈ છે*
*જાત નોખી પાડવી છે સાંઈ અમને સોય આપો*
*ખટઘડીની હાજરીમાં વીજળી ચમકી પડે તો*
*સોય પ્રોવી રાખવી છે સાંઈ અમને સોય આપો*
*ભીંત ખીલાથી સવાયા આખરી એંધાણ દેજો*
*ત્યાં સમજને ટાંગવી છે સાંઈ અમને સોય આપો*

* * *

સાંઈ મારા આંગળી પકડો હવે
સાંઈ મારા આંખથી જકડો હવે.
માંડ દરવાજા લગી આવ્યા અમે
સાંઈ મારા આમ ના તગડો હવે
એકડો ઘૂંટાવજો પરથમ પછી
સાંઈ મારા ઘૂંટશું બગડો હવે
પાનખરને ખીલવાની વાતનો
સાંઈ મારા રાખજો ઝઘડો હવે
‘દર્દ’ મીરા જેમ શ્રદ્ધા છે ઘણી
સાંઈ મારા ઘોળશું વખડો હવે.

* * *

બંધ દરવાજાએ ગુમાવ્યું ઘણું
ને પછી એનું ગયું પોતાપણું

* * *

ઢાળનું કારણ બહુ ગમતું હતું
એટલે આવી ગયા નીચાણ પર

* * *

રંગને અળગા સતત રાખ્યા હતા
રંગદાની રાખવી સહેલી નથી

* * *

એમ એના ઘર ભણી પગ ઊપડ્યા
જેમ કીડી જાય છે ગળપણ તરફ

* * *

આ તરસનો તાગ લેવામાં ઘણો ઝઘડો થયો
તો ય પાણી માપવાની વાતમાં ભેગા થયા
હરખની લાપસી રાંધી અમે બેઠા છીએ
ભરોસો આંખમાં આંજી અમે બેઠા છીએ

* * *

રંગનો વહેવાર ઓછો થઈ જતાં
ચૂંદડી પોતે બની ગઈ કામળી

* * *

બેય બાજુ હાંસિયો કેવો નડે?
ક્યાં લખું હું આપની લાંબી કથા?

* * *

મીણ જેવા આંગળાઓ જોઈને
કોઈકે દીવાસળી ચાંપી હતી.

* * *

એક પણ લિપિ ઉકેલી ન શક્યા
જિંદગી આખી ભણી લીધી અમે.

* * *

ફક્ત ઈચ્છા પૂતળી શણગારવાને
આપણે આ હાથને માગણ બનાવ્યા

* * *

ક્યાંય જવાની જરૂરત ક્યાં રહી ગઈ છે હવે,
મ્હેક મારામાં વસે ને હું ગુલાબોમાં વસુ. ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@
bombaysamachar.com

# ખારા રણમાં મીઠી વીરડી...

બિહારના મોતિહારીના અમિત દુબે મિકેનિકલ એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા, પરંતુ વર્ષો અગાઉ તે પ્રેમમાં પડ્યા અને તેમના લગ્ન થયાં. એ વખતે તેમની પત્ની પ્રીતિની તબિયત ખરાબ રહેતી હતી, પરંતુ લગ્ન કર્યા એ પછી તો પ્રીતિની તબિયત વધુ લથડી. તે ઘર પણ સંભાળતી હતી અને બેન્કની નોકરી પણ કરતી હતી. એ સમયમાં દુબે હિમાચલ પ્રદેશમાં નોકરી કરતા હતા અને પ્રીતિ બિહારમાં એક બેન્કમાં ક્લર્ક તરીકે ફરજ બજાવતી હતી. એ સ્થિતિમાં પ્રીતિએ વિચાર્યું કે હું નોકરી છોડી દઉં. અમિત અને પ્રીતિ એ વિશે વાત કરવા બેઠાં. ઘર ચલાવવા માટે તે બંનેમાંથી એકે તો નોકરી છોડવી જ પડે એમ હતી. અમિતે કહ્યું, ‘તું નોકરી ન છોડ. હું નોકરી છોડી દઈશ અને હાઉસ હસબન્ડ તરીકે ફરજ બજાવીશ.’

તેમણે મક્કમ રીતે નિર્ણય લઈને નોકરી છોડી દીધી અને ઘરની બધી જવાબદારી સંભાળી લીધી. એ દિવસથી અમિત તેમની પત્નીની કરીઅર માટે, તેને તેની ઇચ્છા પ્રમાણે જિંદગી જીવવા દેવા માટે હાઉસહસબન્ડ બની ગયા!

એ પછી થોડા સમય બાદ પ્રીતિની બદલી એ બેન્કની કોલકાતા બ્રાન્ચમાં થઈ. અમિત તેની સાથે કોલકાતા રહેવા ચાલ્યા ગયા. પ્રીતિ બેન્કમાં નોકરી કરે છે એટલે તેની જ્યારે ટ્રાન્સફર થાય ત્યારે હાઉસવાઈફ પતિની સાથે જતી હોય એ જ રીતે, હાઉસહસબન્ડ તરીકે અમિત તેની સાથે જ જાય છે. પ્રીતિ ઓડિશાના ભુવનેશ્વર સહિત દેશના અન્ય અનેક શહેરોમાં નોકરી કરી ચૂકી છે. અને એ દરેક જગ્યાએ અમિત તેની સાથે હાઉસહસબન્ડ તરીકે તેની બાજુમાં ઊભા રહ્યા છે. છેલ્લા દસ વર્ષથી દુબે હાઉસહસબન્ડ તરીકે ફરજ બજાવી રહ્યા છે અને ઘર ચલાવવાની જવાબદારી સંભાળી રહ્યા છે. તે સવારે વહેલા ઊઠીને ઘરનું કામ શરૂ કરી દે છે. રસોઈ બનાવે છે, પત્ની અને પુત્રી માટે ટિફિન તૈયાર કરી આપે છે. એ પછી આખો દિવસ ઘરનાં બધાં જ કામ તે કરે છે. પાંચ વર્ષની દીકરીની સંપૂર્ણ જવાબદારી પણ તેમણે સંભાળી લીધી છે.

અમિત મિકેનિકલ એન્જિનિયર તરીકે નોકરી છોડીને ઘરની જવાબદારી સંભાળી એને કારણે ‘પોતાને નીચાજોણું થયું છે’ એવું દુબે માનતા નથી. ઊલટું, તેઓ હાઉસહસબન્ડ બનવા માટે ગૌરવ અનુભવે છે. તેમણે ‘હાઉસહસબન્ડ અમિત’ નામથી એક ઈન્સ્ટાગ્રામ પેજ પણ શરૂ કર્યું છે. જેમાં તે વીડિયો મૂકતા રહેતા હોય છે અને ઘણા લોકો તેમની પ્રશંસા કરતા હોય છે.

અમિત દુબે પાસેથી બીજા પુરુષોએ પણ પ્રેરણા લેવી જોઈએ. પતિ - પત્ની બંને નોકરી કરતા હોય અને બેમાંથી એકે નોકરી છોડવી પડે એવી સ્થિતિ ઊભી થાય ત્યારે લગભગ દરેક કિસ્સામાં એવું જ બનતું હોય છે કે પત્ની નોકરી છોડી દે અને ઘર સંભાળી લે. આપણા દંભી સમાજમાં તો એવા પણ કિસ્સા બનતા હોય છે કે કોઈ યુવતીનાં લગ્ન કોઈ યુવાન સાથે નક્કી થાય ત્યારે તેનો ભાવિ પતિ અને ભાવિ સાસુ-સસરા એવી સ્પષ્ટ ખાતરી આપતા હોય કે ‘લગ્ન પછી અમે તને નોકરી કરવા દઈશું.’ ઘણા તો એ ખાતરી એવી રીતે આપતા હોય છે કે જાણે કોઈ ઉપકાર કરી નાખતા હોય! તે કહે છે કે ‘અમે તને આ છૂટ આપીશું, પેલી છૂટ આપીશું.’ પણ છૂટ આપવાની શા માટે? દરેક વ્યક્તિનું સ્વાતંત્ર હોય એમ દરેક સ્ત્રીનું પણ સ્વાતંત્ર હોય જ. હોવું જ જોઈએ, પરંતુ એવી ખાતરી આપતી વખતે ઘણા નફફટ પુરુષો અને સાસુ-સસરા પહેલેથી જ વિચાર કરીને બેઠા હોય છે કે એક વખત લગ્ન થઈ જાય પછી તે ક્યાં જશે?અને લગ્ન થઈ ગયાં પછી થોડા દિવસમાં જ સાસુ કે સસરા ડાઈનિંગ ટેબલ પર ઘરનાં બધાં જમતાં હોય એ વખતે પુત્રવધૂને આદેશ આપતા હોય છે કે ‘હવે નોકરી છોડી દે. આપણે આર્થિક રીતે સધ્ધર છીએ,આપણો વ્યવસાય છે’ (અથવા તો ‘અમારો દીકરો ખૂબ કમાય છે એટલે પૈસાની જરૂર નથી) એટલે હવે નોકરી છોડી દે.’

એ વખતે છેતરપિંડીનો ભોગ બનેલી યુવતી પર જાણે વીજળી પડી હોય એવો આઘાત તેને લાગતો હોય છે, પરંતુ એ વખતે તેનો પતિ ય નફફટાઈપૂર્વક હાથ ઊંચા કરી દેતો હોય છે કે ‘મમ્મી- પપ્પા કહે છે એમ કરવું પડશે.’ આવા નપુસંક પતિની મોટી સંખ્યા આપણા દેશમાં છે. આ શબ્દ ઘણા પુરુષોને આકરો લાગશે, પણ બોલીને ફરી જનારા, કોઈ સ્ત્રીની જિંદગી સાથે રમત કરનારા, માતા- પિતા ખોટા હોય ત્યારે પણ તેમના દબાણ હેઠળ આવી જનારાઓ માટે આ શબ્દ પણ ઘણો હળવો ગણાય.




એક ગુજરાતી ડોક્ટર યુવતીનો કિસ્સો યાદ આવે છે. એક ડોક્ટર યુવતીનાં લગ્ન નક્કી થયાં એ વખતે તેના ભાવિ પતિ અને ભાવિ સાસુ-સસરાએ તેને કહ્યું હતું કે ‘તું લગ્ન પછી ડોક્ટર તરીકે તારી પ્રેક્ટિસ ચાલુ રાખજે. અને અત્યારે તું બીજા કોઈની હોસ્પિટલમાં નોકરી કરે છે એને બદલે અમે તારા માટે હોસ્પિટલ જ બનાવી આપીશું.’ તેમના શબ્દો પર વિશ્વાસ રાખીને તે યુવતી પરણી ગઈ. એ પછી થોડા દિવસો માટે તે પતિ સાથે વિદેશમાં હનીમૂન પર ગઈ. તે પાછી આવી એના બીજા જ દિવસે તેના સાસુ-સસરાએ કહી દીધું કે ‘તારે હવે ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવાની જરૂર નથી. આપણને પૈસાની કોઈ કમી નથી. આપણી પાસે પૂરતા પૈસા છે એટલે તારે નોકરી કરવાની કોઈ જરૂર નથી. હવે ઘર સાચવીને બેસી જા.’ એ પછી તેને ઘરની બહાર જવાની પણ મનાઈ ફરમાવી દેવામાં આવી.

તે ડોક્ટર યુવતીએ વિરોધ કર્યો તો તેને તેના શિક્ષિત સાસુ- સસરા અને પતિના વાસ્તવિક ચરિત્રનો અનુભવ થયો. તેમણે તેને ખૂબ ગાળો આપી, તેના પર હાથ ઉપાડી લીધો. તેનાં માતા- પિતાને પણ કોલ કરીને ખૂબ સંભળાવ્યું કે ‘તમે તમારી છોકરીને કેવા સંસ્કાર આપ્યા છે કે તે અમારા નિર્ણયની સામે અવાજ ઉઠાવે છે.’

ત્યારે યુવતીના માતા- પિતાએ તેમને વિનંતી કરી કે ‘લગ્ન નક્કી થયાં એ વખતે તો તમે કહ્યું હતું કે ‘તમે તેને ડોક્ટર તરીકે પ્રેક્ટિસ ચાલુ રાખવા દેશો.’ તો સાસુ- સસરાએ પુત્રવધૂના માતા- પિતાને પણ બેફામ ગાળો આપી. તે ડોક્ટર યુવતી બિચારી ડિપ્રેશનમાં સરી પડી.

આ આપણા સમાજની કડવી અને આઘાતજનક વાસ્તવિક્તા છે, જેમાં સ્ત્રીઓને હંમેશાં પુરુષ કરતાં ઊતરતી ગણવાની વિકૃતિ ચાલતી રહી છે. કોઈ પુરુષ પોતાની પત્નીને ઘરના કામમાં મદદરૂપ બનતો હોય તો તેનાં સગાંવહાલાં અને મિત્રો,પાડોશીઓ કે પરિચિતો તેની પાછળથી મજાક ઉડાવતા હોય છે (અથવા તેના મોઢે પણ કહેતા હોય છે કે ‘તું બાયલો છે’)

આવા કિસ્સાઓ આપણા દેશમાં બનતા રહે છે ત્યારે અમિત દુબેનો કિસ્સો ‘ખારા રણમાં મીઠી વીરડી’ સમાન છે. આવી સ્થિતિમાં અમિત દુબેએ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પતિ સમજદાર હોય તો પત્ની માટે સુખના પાસવર્ડ સમો સાબિત થઈ શકે. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@
bombaysamachar.com

# ‘નવરીબજાર’ના જ્ઞાનચતુરોઃ ‘જંગ’થી ‘જડીબુટ્ટી’ના જાણકાર


**ટાઈટલ્સઃ**
**અજ્ઞાનમાં આત્મવિશ્વાસ ખીલે (છેલવાણી)**

અમારા એક મિત્ર કાયમ કહ્યા કરેઃ ‘ગામ જઈને આરામ કરવો છે. વતનની ધૂળ, ત્યાંના મિત્રો, સગાંવહાલાંઓ, ફૂલો-પતંગિયાઓ. બધાં સાથે નિરાંતે શહેરની મગજમારીથી દૂર રહેવું છે.’

પછી એ એકવાર એ ૨ મહિનાની રજા લઈને ગામ ગયો, પણ અઠવાડિયામાં જ તરત પાછા.

‘કેમ તરત પાછો?’, અમે પૂછ્યું તો એણે ભરી ભરીને ભડાસ કાઢીઃ

‘અરે યાર એક દિવસ ગામની શેરીઓમાં ને ખેતરોમાં ફર્યો. એક બે દિવસ લોકોને મળ્યો. પણ ત્યાંના નવરા લોકોએ મારી ને મારી પત્નીની, બાળકોની, તબિયતની, આવકની, મારા પરિવારની, મારા પાડોશીઓની, મારા કામધંધાની એટલી બધી સતત ચોવટપંચાત કરી કે હું કંટાળીને પાછો આવી ગયો!’



હકીકતમાં પાનના ગલ્લે, બસ-સ્ટેન્ડ કે ચોરેચૌટે કારણ વિનાની વાતો, પંચાતો, કરવાનો કંસેપ્ટ યુગો જૂનો છે. હવે ફેસબૂક, ટ્વિટર-X વગેરે સોશ્યલ મીડિયા પર ચોવટ કરવામાં કે સલાહ ચરકવામાં આપણે ચેંપિયન બન્યા છીએં! એમાંયે આજકાલ ‘આપણે પાકિસ્તાન સાથે કેમ લડવું?’, ‘સરકારે શું કરવું?’, ‘અમેરિકા-ચાઇનાએ શું શું ના કરવું’ થી માંડીને અમેરિક ઈરાન વોર સુદ્ધાં વિશે બધાં કલમિયા-કોલમિયાથી માંડીને ૧૪૦માંથી ૧૦૦ કરોડ લોકો મંડી પડ્યા છે. દરેક પાસે સરહદથી માંડીને સેના સુધીનાં ખૂફિયા સૂત્રો માહિતિઓ છે. અમુક લોકો તો માણસ આઇ.સી.યુ.માં પહોંચી જાય ત્યાં સુધી દેશી ઓસડિયા, એક્યુપ્રેશર, નેચરોપથી અજમાવવાના ઓપિનિયન અવેલેબલ હોય! ઘણાં ચર્ચા-ચતુરો વિરાટે કે વૈભવ સૂર્યવંશીએ કેમ બેટિંગ કરવી કે ઓસ્કારમાં કઇ ફિલ્મ જીતશે વગેરે અભિપ્રાય લઇને આડેધડ બબડે.


‘ગાંધીજી, દેશભક્તિમાં ક્યાં ચૂકી ગયા?’ એ સમજાવવા પોતે ટ્રેન ચૂકી જશે, પણ ચર્ચા નહીં ચુકે. પોતે વરસોથી ભાડાનું ઘર ના બદલી શક્યા હોય પણ ‘દેશનું સંવિધાન બદલવું જોઇએ’- એ વિશે એક્સપર્ટ! આધાર કાર્ડ મળ્યું એટલે વિના આધાર કોઇપણ વાત વિષે બોલવું, લખવું એમનો જન્મસિદ્ધ અધિકાર કે અદ્ભુત અહંકાર! આવા લોકો- ‘મને બધું આવડે’ ઉર્ફ ‘એમ.બી.એ.’ આવા જ્ઞાનચતુરો લાઇવબોંબની જેમ આસપાસ ખૂલ્લા ફરી રહ્યા છે માટે સાવધાન!

***ઇન્ટરવલઃ***
***રોઝ મેરે ઘર કી ઝિમ્મેદારિયાં મુઝ કો આ કર***
***ભૂલ જાને કા તુઝે અબ મશવિરા દે રહી હૈ. (ફૈઝ અહમદ)***

આવું જ જ્ઞાનચતુર પાત્ર છેઃ ‘લખૂ રિસવૂડ’. લખૂને પણ આવા જ ડહાપણનાં ગુરિલ્લા હલ્લા કરવાની કુટેવ હતી. ચાલો, આજે એ ‘લખૂ રિસવૂડ’ને મળોઃ

જે પુસ્તકો પોતે વાંચવાં જોઇએ તેમ લખૂને લાગે, તેતે વિના સંકોચે પોતે વાંચ્યાં જ છે.. એમ બધાંને બિંદાસ કહેવા લાગ્યો કેટલાક દિવસો બાદ ખરેખર જ પોતે તે વાંચ્યાં છે તેમ તેને પોતાને પણ લાગવાં માંડયું. અવસર જોઇને અભિપ્રાયો ફેંકવાની હથોટી હતી. ધીમે ધીમે લખૂની પેન ચોતરફ ચાલવા લાગી. ‘લોકરંજન’ મેગેઝિનમાં નોકરી મળતાં મોટા મોટા સાહિત્યકારોની કૃતિઓ પસંદ કરવી પોતાના હાથમાં છે તે કલ્પનાથી ફૂલાવા લાગ્યો. તેની કલમ હવે કુહાડીની જેમ કોઇપણ વિષય પર ચાલવા લાગી. પોતાને ના સમજાયેલ કલાકૃતિને ‘અદ્વિતીય’ અને બહુ ગમેલી વાર્તા- કવિતાને ‘ટ્રેશ’(કચરો) કહેવાનું તેણે ચાલુ રાખ્યું! ફિલ્મ-ક્રિકેટથી માંડીને વેસ્ટર્ન મ્યુઝિક સુધી બધાં પર પણ વિવેચન કરવા લાગ્યો. ક્રિકેટ મેચમાં હારની ટીકા કરતી વખતે, પોતે ગલીમાં ‘બોલ-બેટ’ પણ રમ્યો નથી એ વિચાર પણ હવે એના મગજમાં આવતો નહીં. કલા-સમીક્ષા તો જાણે ચરાઉ જમીન અને ખાઉધરી બકરી જેવી એની કલમને કલાના ક્ષેત્રમાં ચરવા છોડી મૂકતો!

લખૂ રિસવૂડ મેટ્રિકમાં હતો ત્યારે અંગ્રેજીના પાઠયપુસ્તકમાં ટોલ્સટોયની ‘હાઉ મચ લેન્ડ ડઝ એ મેન નીડ?’ એટલી એક જ વાર્તા તેણે ભણવામાં પાઠ તરીકે વાંચી હતી, પણ છતાંયે ‘ટોલ્સટોય ને ગાંધી’ વિષય પર તે દોઢ-બે કલાક અસ્ખલિત બોલી શકતો! પણ હકીકતમાં તો ફિલ્મી હીરોઇનોનાં પોસ્ટર્સ, રહસ્યકથાના કવરપેજ પરની સેક્સી સ્ત્રીના ચિત્રો તેને વધારે પરેશાન કરતા હતા.



આવાં ઓપિનિયનનાં ગોરિલ્લા હલ્લા કરતા વાયડા ‘લખૂ રિસવૂડ’નું રમૂજી પાત્ર રચ્યું છે, મરાઠીનાં અદ્ભુત હાસ્યકારકલાકાર પુ.લ. દેશપાંડેએ. (ગુજરાતીમાં અરુણા જાડેજા દ્વારા અનુવાદિત ‘ભાત ભાતકે લોગ’ માં વાંચો)પણ પછી એ અભિપ્રાયશૂરા લખૂની ઓપિનિયન યાત્રામાં અચાનક વળાંક આવે છેઃ

‘કોઇ ફિલ્મનાં રિવ્યુ લખવામાં દિગ્દર્શનમાંના ‘ભાવનામય કોમળતા’ અને અભિનયમાંનાં ‘નાજુક આવિષ્કાર’-વાળાં રિસવૂડના વાક્યોથી વાચકોને જ નહિં પણ હવે ખુદનેય ઉબકા આવવા લાગ્યા.

ત્રણ વર્ષ બાદ મહારાષ્ટ્રનાં સમાજના દૃષ્ટિકોણનો પોતે અર્ધો અંશ પણ બદલી શકતો નથી એનું લખૂને ધીમે ધીમે ભાન થયું. ત્રીસપાંત્રિસનો થયો છતાં પોતાનાં ‘લગ્ન’ થતાં નથી એનું જ્ઞાન એને અંદરને અંદર અપમાનિત કરવા લાગ્યું અને પછી તો- ‘આજની દુનિયામાં પ્રામાણિકપણું ડઝ નોટ પે’અથવા ‘અમારા જેવા બુદ્ધિજીવી માણસોએ આમ જ મરવાનું રહેશે!’ વગેરે બોલવા માંડયો....પછી રહી રહીને લખૂ પર પ્રામાણિકપણાનો હુમલો આવ્યો! કોઇ ફિલ્મના રીવ્યુમાં ‘બેકાર નિર્માણ અને તેથી પણ વધું બેકાર કથા’-એવું પોતે જ લખેલું હેડીંગ ફાડી નાખ્યું અને નવેસરથી શરૂઆત કરીઃ ‘અભિજાત ભારતીય કળાનો અને સંસ્કૃતિનો કૃષ્ણા-કોયના નદી સંગમ જેટલો પવિત્ર આવિષ્કાર એટલે દિગ્દર્શક એમ.ગણપતરાવનું ‘દાદાની જનોઇ’!

...અને બસ તે સાંજે જ લખૂએ પહેલીવાર સિગરેટનું આખું પાકિટ પોતાને પૈસે ખરીદ્યું! અને પછી એ લખૂ રિસવૂડને જીવનની વાસ્તવિકતા અને પોતાની ખામીઓ સમજાતા સમજાતાં એણે લખવાનું છોડીને વીમા કંપાનીમાં નોકરી પકડી અને વાતે વાતે પેન ચલાવતા લેખક-ઉપસંપાદકમાંથી એ ૬૦ રૂ. કમાતો નોર્મલ માણસ બની ગયો!

હા, તો પેલા ‘લખૂ રિસવૂડ’ની જેમ અમારે પણ એક અભિપ્રાય આપવો છે કે હવે તમે પણ સાચુકલા ‘જગત’માં કે સોશ્યલ મીડિયાનાં ‘ભ્રમ-જગત’માં વાતેવાતે ઓપિનિયન ભરડતા પહેલાં આયનામાં એકવાર જોઇને ચેક કરી લેજો કે ક્યાંક તમેય જાણે- અજાણે ‘લખૂ રિસવૂડ’ તો નથી બની રહ્યાને?

***એન્ડટાઇટલ્સઃ***
***આદમઃ મારો એક મત આપું?***
***ઇવઃ ઇલેક્શનમાં આપજે.*** ■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

શબ્દયાત્રા કઈ રીતે ...

# પેન-કાગળ કે પછી લેપટોપ ?

**વાંચવું હોય કે લખવું હોય... આજની ડિજિટલ દુનિયા અતિ ઝડપથી કાગળરહિત થઈ રહી છે. મોબાઈલ- આઈપેડ - લેપટોપ કે ડેસ્કટોપ જેવાં લેટેસ્ટ સાધન આવી ગયાં, છતાં લખવાની વાત આવે ત્યારે અસંખ્યના હાથમાંથી કાગળ-પેન છૂટતાં નથી. આવું કેમ. નવાં સંશોધન શું સૂચવી રહ્યાં છે ?!**

વર્ષો સુધી હાથથી અહેવાલ કે પોતાની કોલમ લખતા અમારા એક વરિષ્ઠ પત્રકાર મિત્રએ થોડા સમયથી નાનું-નમણું લેપટોપ વસાવ્યું છે. આમ તો પેન-કાગળ પર લખતા લોકોને ડેસ્કટોપ કે લેપટોપ પર જલદી કી-ઈન કરતાં-શબ્દો ટાઈપ કરવા ફાવે નહીં.

એમાંય સીધું ગુજરાતીમાં લખવું અમારા મિત્રને આકરું પડતું. લખવાનું માધ્યમ નવું હોય તો શરૂ શરૂમાં આવી તકલીફ તો દરેકને પડે. એમાં અભ્યસ્ત થતા થોડી વાર લાગે એ વાત તો અમારા મિત્ર પણ જાણે, પણ અહીં વિધિની વક્રતા એ છે કે અમારા બધા કરતાં એ વધુ ડિજિટલ ફ્રેન્ડલી છે. મોબાઈલ ફોનની નવી નવી ઍપ્સના-જાતભાતના પ્રોગ્રામના એ બાદશાહ, પણ જેવી લેપટોપ પર માતૃભાષામાં લખવાની વાત આવી તો એ ઢીલાઢફ... એમાંય લેપટોપ પર જોઈતી ફાઈલ-ફોલ્ડર ન મળે કે કી-ઈન કરેલું લખાણ જાણે પેલા કે.લાલ જેવા જાદુગરે અલોપ કરી દીધું હોય તેમ લેપટોપની સ્ક્રીન પરથી 'દેખતે રહે જાઓગે'ની જેમ ગાયબ થઈ જાય ત્યારે એમનો ઉચાટ વધી જાય એને એમાંય માથા પર ડેડલાઈન ભમતી હોય તો એ બડા ધૂંધવાય જાય આવી કટોકટી વચ્ચે અમારા મિત્ર તો ઘણી વાર એવો નિર્ણય સુધ્ધાં લઈ લે કે 'તેલ પીવા જાય લેપટોપની આવી બધી માથાફોડી... લાવ, પલોઠી વાળીને જમીન પર બેસી જાઉં ને ખોળામાં ઓશિકું ને રાઈટિંગ પેડ ગોઠવી માંડુ પેનથી ફટાફટ લખવા!'

આમ તો આયુની અર્ધ-શતાબ્દી વટાવી ગયેલી અમારા જેવા પત્રકાર- લેખકની જે પેઢીએ પાટી-પેન કે કાગળ-પેન્સિલથી અક્ષરજ્ઞાનનો આરંભ કર્યો છે એમાંથી ઘણા ખરા આજે ડેસ્કટોપ કે લેપટોપ તરફ વળી ગયા છે. અપવાદરૂપ હજુ કેટલાય પેન-કાગળના આગ્રહી છે. નાનપણથી કાગળ-પેન સાથે જેમને જે સહજતાથી અક્ષર પાડવાની આદત પડી ગઈ એ બધા એને જલદી છોડવા અવઢવ અનુભવે એ સમજી શકાય. એમને ડેસ્કટોપ કે લેપટોપ જેવું સાધન નડતરરૂપ લાગે છે.


કાન્તિ ભટ્ટ

ગુજરાતી પત્રકારત્વને એક નવી દિશા આપનારા અનુભવસિદ્ધ પત્રકાર કાન્તિ ભટ્ટ આમ તો પોતાના ડેસ્કટોપ પર ખાખાંખોળા કરી જોઈતી માહિતીની શોધી લેતા, પણ જેવી કમ્પ્યુટર પર લેખ લખવાની વાત આવે તો કાન્તિભાઈ હાથ ઊંચા કરી દેતા અને કહેતા : 'હાથથી લખીને જે ઝડપે પોતાના વિચાર વ્યકત કરી શકાય એ ટાઈપ કરવા જતાં વિચાર રુંધાઈ જાય છે-અભિવ્યક્તિમાં અવરોધ આવે છે મારા માટે તો પેન કાગળ જ ધે બેસ્ટ છે !' એવી દલીલ એમની રહેતી અને છેલ્લાં શ્ર્વાસ સુધી એમણે પેન કાગળ સાથેની પોતાની પ્રીત નીભાવી...

પેન-કાગળની ચાહતમાંથી હજુ જે છૂટી નથી શક્યાં એમાંનાં એક છે વિખ્યાત લેખિકા વર્ષાબહેન અડાલજા. ૮૫ વર્ષીય વર્ષાબહેનના અત્યાર સુધીમાં નવલકથા-વાર્તાસંગ્રહ, ઈત્યાદિનાં ૫૬થી વધુ પુસ્તક પ્રગટ થઈ ચૂકયાં છે અને એ બધાં પોતાના હાથે પેનથી કાગળ પર સાકાર થયાં છે ! આજે કોઈ પણ ડિજિટલ સાધન વિના એ આખી નવલકથા સળંગ હાથે લખે પછી એમાં જોઈતાં સુધારા-વધારા સાથે મઠારીને ફરી એક વાર એ જ નોવેલની ફાઈનલ હસ્તપ્રત તૈયાર કરે.!

આટલી બધી જહેમત એ કમ્પ્યુટરની મદદથી ટાળી શકે-સમય પણ બચાવી શકે, છતાં વર્ષાબહેન કહે છે : 'એ ખરું, પણ છેક મુગ્ધાવસ્થાથી હું જે પેન-કાગળના 'પ્રેમ'માં પડી છું



એમાંથી આજે પણ મુક્ત નથી થઈ શક્તી ને મારે થવું પણ નથી. સામે કોરાં કાગળની થપ્પી પડી હોય ને હાથમાં પેન હોય પછી એ બન્નેના સ્પર્શથી શબ્દોની જે સ્ફૂરણા જાગે એ અલૌકિક છે..!'

'આજે નહીં-કાલે, વય વધતાં હાથ કામ નહીં કરે ત્યારે?'


વર્ષા અડાલજા

એના જવાબમાં પોતાનું લાક્ષણિક સ્મિત ફરકાવતાં વર્ષાબહેન કહે છે : ' ત્યારની વાત ત્યારેદેખા જાયેગા !'

એવું નથી કે વર્ષાબહેનને લેપટોપ કે આઈ-પેડ જેવાં સાધન વાપરવામાં કોઈ તકનિકી તકલીફ થાય છે. એમને જરૂર પડે તો મોબાઈલ પર જોઈતી ભાષા બોલીને લખવાની ફાવટ પણ એમણે કેળવી લીધી છે. આમ છતાં એ ભલાં ને ભલાં એમનાં પેન-કાગળ!

આવી જ રીતે પેન કાગળ કે લેપટોપ જેવી ત્રિશંકુ સ્થિતિમાં અટવાયાં હતાં પ્રસિદ્ધ પત્રકાર લેખિકા બચી કારકરિયા. પત્રકાર ક્ષેત્રે અનેક આંતરરાષ્ટ્રીય સ્કોરલરશિપ અને અવોર્ડ્સ મેળવનારાં આ પારસી બાનુ શરૂઆતથી હાથેથી અંગ્રેજીમાં લખે. લેપટોપની લપથી એ દૂર ભાગતાં. આખરે પલટાતાં સમયની સાથે બહુ મોડે મોડે એમણે લેપટોપ અપનાવી લીધું અને હવે થોડા અફસોસ સાથે આનંદથી કહે છે : 'મેં પેન કાગળ પાછળ ખાસ્સો સમય વીતાવ્યો, જો પહેલેથી લેપટોપ પર આવી ગર્યું હોત તો ઓછા સમયમાં વધુ સર્જન કરી શકી હોત ...!'

આથી તદન વિપરિત વાત છે મુંબઈના જાણીતા સાહિત્ય મર્મજ્ઞ -સમીક્ષક એવા પ્રોફેસર દીપકભાઈ મહેતાની. પેન-કાગળના વર્ષો જૂના ચાહક એવા દીપકભાઈએ ૮૬ વર્ષે પણ આજની ડિજિટલ સેવિ યુવા પેઢીનેય ઈર્ષા આવે એવી દોસ્તી ડેસ્કટોપ સાથે સરસ દોસ્તી કરી


બચી કારકરિયા

લીધી છે. છેલ્લાં ૧૪-૧૫ વર્ષથી મોબાઈલ પર બોલીને કે ડેસ્કટોપ પર કી-ઈન કરીને પોતાના લેખ નિયમિત લખે છે !

જો કે આ બધા વચ્ચે 'વોશિંગ્ટન યુનિવર્સિટી' સાથે સંકળાયેલા સાઈકોલોજીના પ્રોફેસર વર્જિનિયા બરેનિંગર પણ હેન્ડરાઈટિંગના સમર્થક છે. એમના કહેવા મુજબ કાગળ પર લખવાથી યાદ કરવા ને એને સમજવાની ક્ષમતામાં સારો એવો સુધારો થાય છે. એમના અભ્યાસ મુજબ કાગળ પર અક્ષર-શબ્દો મંડાય તેનાથી જટિલ આઈડિયા-વિચાર સમજવા વધુ સરળ થાય છે...લેકચર ચાલુ હોય એ વખતે જે વિદ્યાર્થી નોટબુક પર નોંધ લે છે એને પાછળથી પણ લેકચર સમજવામાં મદદ મળે છે અને પરીક્ષામાં પણ સારા માર્ક્સ આવે છે...

હા, કાગળ-પેનની ફાવટવાળા પણ આજના યુગમાં લેપટોપ કે ડેસ્કટોપ જેવાં સાધનની ઉપયોગિતા સમજે છે. એમાં ફાવટ આવી જાય તો લેખનની ઝડપ- એનાં પ્રકાશનની કામગીરી તથા એની ડિજિટલ સાચવણી, વગેરેની વાત સ્વીકારે પણ છે, છતાંય...

ખેર, આ કાગળ-પેન કે કમ્પ્યુટરની ખૂબી-ખામીની ચર્ચા ચાલતી રહેશે. પણ તાજેતરમાં જ એક સર્વેક્ષણનું બહુ રસપ્રદ તારણ આવ્યું છે.

કમ્પ્યુટરના આગમન સાથે હાથથી લખવાની ક્રિયા- પ્રક્રિયાને ભલે ગ્રહણ લાગી ગયું, પણ અમેરિકાની જાણીતી

'જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી'ના બે વરિષ્ઠ પ્રોફેસર ડૉ. રોબર્ટ વિલી અને બ્રેન્ડા રાપની સંશોધન ટીમે થોડા સમય પહેલાં કેટલાંક તલસ્પર્શી પ્રયોગ કર્યા. ૪૨ લોકોને એમણે ત્રણ ગ્રૂપમાં વિભાજિત કર્યા. એમાંથી એક ગ્રૂપ હાથથી લખવાવાળું, બીજું કમ્પ્યુટર પર ટાઈપ કરનારું અને ત્રીજું હતું વીડિયો જોનારું ગ્રૂપ..

એ ત્રણેયને પછી વિભિન્ન ૬ તબક્કામાં અરબી બારાખડી ભણાવામાં આવી. એ બાદ, ત્રણેય ગ્રૂપની ટેસ્ટ થઈ તો જાણવા મળ્યું કે ટાઈપ કરનારા અને વીડિયો જોનારા જૂથની સરખામણીએ હાથથી લખનારા ઓછી ભૂલ સાથે સૌથી વધુ ઝડપે અરબી બારાખડી શીખી ગયા હતા.! આ પ્રયોગના પરિણામનું પૃથક્કરણ કરતાં બન્ને સંશોધક કહે છે કે કશું પણ નવું શીખો એને તમે પોતાના અક્ષરમાં કાગળ પર ઉતારો એ વખતે એના વિશે કુદરતી રીતે જે મનન -ચિંતન કે અન્ય પ્રતિભાવ સર્જાય એની છાપ બહુ ઝડપથી લાંબો સમય સુધી મનમાં સચવાય રહે છે. આવાં પરિણામ બીજાં બે માધ્યમમાં ઓછાં જોવાં મળે છે. આજના યુગમાં કમ્પ્યુટરની ઉપયોગિતા અનન્ય છે. આમ છતાં હસ્તાક્ષરની સચોટતા વિસરી ન જવી જોઈએ, ખાસ કરીને, ઓછી વયથી જ બાળકોને કી-ઈનના રવાડે ચઢાવવાને બદલે એમને વધુ ને વધુ હાથે લખવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

કાગળ પર પેનથી ૧૯થી વધુ સુપર સફળ નવલકથાઓ અને અન્ય પત્રકારોના હજારોની સંખ્યામાં લેખો મઠારતાં-સંપાદિત કરતાં 'ચિત્રલેખા'ના સદગત પથદર્શક તંત્રી હરકિસન મહેતા પેન અને લેપટોપની વાત નીકળે ત્યારે માત્ર ત્રણ શબ્દમાં જ એ વાત આટોપી લેતાં કહેતા :

'હાથે એ સાથે...!' ■

---

વિશેષ પ્લસ

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

# ઓછી મૂડી સાથે કરો સફળ બિઝનેસ...

ભારત જેવા દેશમાં આજે પણ એવા લોકોની સંખ્યા ઓછી નથી, જેમનું ઔપચારિક શિક્ષણ માત્ર મર્યાદિત જ નથી પણ પ્રોફેશનલ પણ નથી. જોકે તેનો અર્થ એ નથી કે તેમના માટે સફળ બિઝનેસના દરવાજા બંધ થઈ ગયા છે. વર્ષ ૨૦૨૬ના બદલાતા આર્થિક પરિદૃશ્યમાં નાના સ્તરના એવા અનેક 'માઈક્રો બિઝનેસ' ઉપલબ્ધ છે, જે રણનીતિ બનાવીને સાવધાની અને ફોકસ સાથે કરવામાં આવે તો સફળ થઈ શકે છે. તો ચાલો જાણીએ કે એવા કયા-કયા બિઝનેસ હોઈ શકે છે, જે ઓછી મૂડી અને કોઈ પણ ઔપચારિક પ્રોફેશનલ એજ્યુકેશન વગર પણ શરૂ કરી શકાય.

## હોમ-મેડ ફૂડ બિઝનેસ



ખોરાકના વ્યવસાય વિશે માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં એવું કહેવામાં આવે છે કે, આ બિઝનેસ ત્યાં સુધી રહેશે જ્યાં સુધી પૃથ્વી પર મનુષ્યો રહેશે. તેથી જે લોકો પાસે મૂડી ઓછી છે અને પ્રોફેશનલ શિક્ષણનો પણ અભાવ છે, તેઓ થોડું ધ્યાન આપીને ફૂડ સ્ટોલ અથવા હોમ-મેડ ફૂડ બિઝનેસમાં ન માત્ર સારી કમાણી કરી શકે છે, પરંતુ ખૂબ જ સરળતાથી સફળતા પણ મેળવી શકે છે.

ફૂડ સ્ટોલ અથવા હોમ-મેડ ફૂડ બિઝનેસ માટે અનેક વિકલ્પો છેઃ ચા-સમોસા, ભજીયા-વડાપાંવ, વિવિધ પ્રકારના પરોઠા અથવા ટિફિન સર્વિસ. આ બધા એવા કામ છે, જેને ૫,૦૦૦ થી લઈને ૩૦,૦૦૦ રૂપિયા સુધીની મૂડીમાં સરળતાથી શરૂ કરી શકાય છે.

ફૂડ બિઝનેસમાં દરરોજ રોકડમાં આવક થતી હોવાથી, આ વ્યવસાયમાં પગ જમાવવાની શક્યતા સૌથી વધુ હોય છે અને તે સરળતાથી સફળ પણ થઈ જાય છે. આ માટે તમારે મૂડી ભલે ઓછી રોકવી પડે, પરંતુ મહેનત, જાગૃતિ અને એકાગ્રતા ખૂબ જ રાખવી પડે છે. કારણ કે જો થોડું પણ ધ્યાન ભટકશે, તો સ્વાદમાં ખામી આવી જશે, વ્યવસાયની પ્રવૃત્તિઓ સમયસર થઈ શકશે નહીં અને જે સરળતાથી સફળ થવાની આશા સાથે આ કામ શરૂ કરવામાં આવ્યું હશે, તે એટલી જ સરળતાથી નિષ્ફળ પણ થઈ શકે છે. તેથી, ફૂડ સ્ટોલ શરૂ કરો કે હોમ-મેડ ફૂડ બિઝનેસ, ભલે તમારી મૂડી ઓછી લાગે, પણ તમારે અત્યંત સાવધ અને સજાગ રહેવાની જરૂર હોય છે.

## ફળ/શાકભાજીની લારી



ફળ અથવા શાકભાજીની લારી પણ ખૂબ જ ઓછા જોખમવાળો, પરંતુ વધુ મહેનત માગી લેતો રોજબરોજનો બિઝનેસ છે. જો સજાગ રહીને કામ કરવામાં આવે તો તેને ન માત્ર તરત જ સફળ બનાવી શકાય છે, પરંતુ તેને ૧૦,૦૦૦ થી લઈને ૨૦,૦૦૦ રૂપિયા સુધીમાં શરૂ પણ કરી શકાય છે. ફૂડ બિઝનેસની જેમ આ બિઝનેસમાં પણ રોજની કમાણી થાય છે, પરંતુ તેમાં સ્માર્ટનેસની ખૂબ જરૂર હોય છે. એ સ્માર્ટનેસ એ કે, ફળ કે શાકભાજી બગડે તે પહેલાં તેને ગમે તે સંજોગોમાં વેચી દેવા જોઈએ, ભલે પછી ધારેલો નફો ન મળે. જોકે, આ બિઝનેસ ફક્ત એ જ વ્યક્તિ શરૂ કરે જે ખરેખર સખત મહેનત કરવા તૈયાર હોય, કારણ કે ફળ કે શાકભાજીની લારી ચલાવવામાં ઘણી શારીરિક મહેનત કરવી પડે છે.

## રિ-સેલિંગ અથવા લોકલ ટ્રેડિંગ

આ એક નવા પ્રકારનો વ્યવસાય છે. જોકે છૂટક અને વ્યક્તિગત સંપર્કો દ્વારા વ્યવસાય તો હંમેશાંથી થતા આવ્યા છે, પરંતુ આજની આ ભાગદોડ ભરી જિંદગીમાં આ બિઝનેસ નવી રીતે સ્થાપિત થઈ રહ્યો છે. તેનું કારણ એ છે કે હવે મોટાભાગના લોકો મોટા બજારો, એટલે કે હોલસેલ બજારો અથવા લોકપ્રિય બજારોમાં ખરીદી કરવાના નામથી ગભરાય છે, કારણ કે ત્યાં હંમેશાં ખૂબ જ ભીડ હોય છે. આ જ કારણ છે કે અનેક સ્થાનિક દુકાનદારો નજીકના જથ્થાબંધ બજારમાંથી માલ ખરીદી લાવે છે અને પછી તેને પોતાની આસપાસ એટલે કે સ્થાનિક સ્તરે 'રિ-સેલિંગ' કરે છે. આ નાના બિઝનેસમાં પણ ઘણી સંભાવનાઓ રહેલી છે અને અનેક પ્રકારની વસ્તુઓ વેચીને સફળ વ્યવસાય પણ શરૂ કરી શકાય છે. રિ-સેલિંગના કામમાં કોઈ એક કામ નિશ્ચિત હોતું નથી.

તમે હોલસેલ માર્કેટમાંથી કપડાં લાવીને તેને સીધા જ નિશ્ચિત માર્જિન સાથે વેચીને પૈસા કમાઈ શકો છો. કિચન આઈટમ અને પ્લાસ્ટિકની વસ્તુઓ તમારી સોસાયટી કે આસપાસના વિસ્તારમાં વેચી શકો છો અને સૌથી મોટી વાત એ છે કે આ માટે કોઈ બહુ મોટી મૂડીની જરૂર નથી. માત્ર ૭,૦૦૦ થી લઈને ૧૫,૦૦૦ રૂપિયા સુધીની મૂડીમાં તમે રિ-સેલિંગ કે લોકલ ટ્રેડિંગનો આ સફળ બિઝનેસ શરૂ કરી શકો છો.

## મોબાઈલ રિપેરિંગ



છેલ્લા કેટલાક વર્ષોમાં આ વ્યવસાય પણ ખૂબ જ ઝડપથી ઊભરી આવ્યો છે અને તેમાં સફળતાની ટકાવારી સૌથી વધુ છે. હા, આ માટે કોઈ પણ વ્યક્તિ સીધી દુકાન ખોલીને બેસી શકતી નથી. આ માટે તમારે કાં તો પ્રોફેશનલ ડિગ્રી અથવા સર્ટિફિકેટ કોર્સ કરવો પડશે, અથવા તો કોઈ મોબાઈલ રિપેરિંગ શોપમાં વ્યવહારિક રીતે લાંબા સમય સુધી કામ કરીને રિપેરિંગની તમામ બારીકાઈઓ શીખ્યા પછી જ તમારી મોબાઈલ રિપેરિંગની દુકાન ખોલી શકો છો. આનો મોટો ફાયદો એ છે કે તમે રિપેરિંગનું કામ તો કરો જ છો, સાથે સાથે તમામ મોબાઈલ એક્સેસરીઝ અને ઓછી કિંમતના મોબાઈલ ફોન પણ તમારી દુકાન પરથી નિયમિતપણે વેચીને સારી એવી કમાણી કરી શકો છો.

જો તમારે ફક્ત મોબાઈલ રિપેરિંગનો બિઝનેસ શરૂ કરવો હોય, તો તે માટે બહુ મોટી મૂડીની જરૂર હોતી નથી. આ બિઝનેસ માટે સૌથી મહત્ત્વની વસ્તુ જો કોઈ હોય, તો તે છે તમારું કૌશલ્ય અને જ્ઞાન.

રિપેરિંગની દુકાન ત્યારે જ સારી રીતે ચાલે છે, જ્યારે તમે તે કામ ખૂબ જ કુશળતાપૂર્વક કરો. આ વ્યવસાય ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ રૂપિયામાં શરૂ કરી શકાય છે. પરંતુ હા, આ માટે તમે જે વિશેષ ક્ષેત્રમાં જવા માગતા હોવ, તેની ખાસ તાલીમ લેવી ખૂબ જ જરૂરી છે. કોઈ પણ માર્ગદર્શન કે તાલીમ વગર આ કામ ખોટનો ધંધો પણ સાબિત થઈ શકે છે. કારણ કે આમાં કામ પૂરું થયા પછી પણ પૈસા માટે રાહ જોવી પડે છે, અને જે રીતે આજે અનેક ક્ષેત્રોમાં માણસોની જરૂરિયાત ઓછી થઈ રહી છે, તે જોતા એવું લાગે છે કે ક્યાંક આ નાના-નાના કારોબારનો યુગ તો નથી ને? જે દુનિયાની ઊથલપાથલને કારણે સૌથી વધુ નિષ્ફળ સાબિત થતા હોય છે.

## હોમ સર્વિસીસ



પોતાનો વ્યવસાય કરવા માટે 'હોમ સર્વિસીસ' અથવા જીવનજરૂરી સેવાઓનો બિઝનેસ પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે આમાં રોકાણ માત્ર અંગત સાધનો કે ઓજારો પૂરતું જ મર્યાદિત હોય છે. સામાન્ય રીતે હોમ સર્વિસીસમાં પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, પેઈન્ટર, સફાઈ કામદારો અને આ પ્રકારના અન્ય ઘણાં કામોનો સમાવેશ થાય છે, જે થોડી તાલીમ મેળવ્યા પછી કરી શકાય છે. આજે આ સેવાઓ આપણી જીવનશૈલીનો એક અભિન્ન ભાગ બની ગઈ છે.

## ડેરી અથવા પોલ્ટ્રી ફાર્મ



તમામ નાના વ્યવસાયોમાં આ એક એવો વ્યવસાય છે, જેમાં ઓછામાં ઓછા ૨૫,૦૦૦ રૂપિયા તો જોઈએ જ અને સફળતાના નિશ્ચિત સ્તર સુધી પહોંચવા માટે ઓછામાં ઓછું ૫૦,૦૦૦ રૂપિયાનું મૂડી બેકઅપ હોવું પણ જરૂરી છે. ડેરી અથવા પોલ્ટ્રી ફાર્મિંગમાં સૌથી મોટું અને જવાબદારીભર્યું કામ તેમના ઉછેર અને દેખભાળનું છે. આ એક એવો વ્યવસાય છે કે જો તે સફળ થઈ જાય, તો તેમાં ગામના ડઝનબંધ યુવાનોને કામ મળી શકે છે અને તેઓ શહેર-શહેર ભટકવાને બદલે પોતાના ગામમાં જ સુખી અને સમૃદ્ધ જીવન વિતાવી શકે છે. આ જ વાત શહેરોને પણ લાગુ પડે છે.

## ઓટો રિક્ષા

ઓટો રિક્ષા પણ એક એવું ક્ષેત્ર છે, જ્યાં તમે શરૂઆતમાં તમારી કુશળતાના આધારે અને પછી થોડા પૈસા ખર્ચ કરીને આ કામ ખૂબ જ સરળતાથી કરી શકો છો. જો તમે પોતે રિક્ષા ચલાવો છો, તો તમારી સફળતાનો દર ૧૦૦ થી ૧૫૦ ટકા જેટલો રહેશે. જોકે, એ ચોક્કસ કહી શકાય નહીં કે વ્યવસાયોની આ શૃંખલામાં ઓટો રિક્ષા ચલાવીને દરરોજ કેટલું કમાઈ શકાય, પરંતુ તે તમારી મહેનત, સમજદારી અને સાતત્ય પર નિર્ભર છે કે તમે તમારા વિસ્તારમાં રિક્ષા ચલાવીને દરરોજ કેટલી કમાણી કરો છો. છતાં, આજે દરરોજ ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા સુધીની કમાણી ખૂબ જ આરામથી કરી શકાય છે. ■




## બચત તથા રોકાણ:દ્વંદ્વ
# એના માટે વર્તમાન સમયમાં અમલમાં મૂકવા જેવું શું ?

**હાલમાં ઈરાન-ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધનાં પરિણામે લગભગ આખું વિશ્વ સહન કરી રહ્યું છે. એની જબરી અસર સમગ્ર અર્થવ્યવસ્થા પર થઈ છે. આ સંજોગોમાં સામાન્ય નાગરિકો-સેવર્સ-ઈન્વેસ્ટર્સ શું ધ્યાનમાં રાખશે તો એની અસરોની ઓછી પીડામાંથી પસાર થવું પડે ...**

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

ઈરાન-અમેરિકા-ઈઝરાયલ યુદ્ધ તરતમાં પતી જવાની વાત તો બાજુએ રહી, એ વધુ વિફરવાની શકયતા ઊભી થઈ છે, જેનું કેન્દ્રિય કારણ ટ્રમ્પ છે. ટ્રમ્પ કેટલાં સાચા, કેટલાં ખોટા એ તો એમના જિસસ જાણે, પરંતુ ટ્રમ્પ હાલ યુએસ ઈકોનોમીને બચાવી લેવા તમામ પ્રકારના ધમપછાડા કરી રહ્યા છે અને કરશે. દેવાના ડુંગરો-પહાડો હેઠળ દબાયેલા યુએસ પાસે હાલ પોતાનું અને ડૉલરનું વર્ચસ્વ જમાવી રાખવા આ એક માર્ગ જ દેખાતો હોવાનું લાગે છે.

ટ્રમ્પને ડૉલરને ઊંચો રાખવા, ક્રૂડ ઓઈલ પર પોતાનો કબ્જો વધારવા પોતાની જ સર્વોપરિતા જોઈએ છે, વેનેઝુએલા સાથે ટ્રમ્પે શું કર્યુ એ નજર સામે છે. જેથી ટ્રમ્પસાહેબના તોફાન ચાલુ રહેશે ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે કે વધી પણ શકે, આ બધા વચ્ચે યુદ્ધની આડ અસરોમાંથી આપણો દેશ પણ બાકાત રહ્યો નથી. આવા સમયમાં આપણા દેશના આર્થિક ફંડામેન્ટલ્સ મજબૂત હોવા છતાં કયાંક આવી પડેલા ગંભીર પડકારોની અસરે નબળાં પડવા લાગ્યા છે.

વડા પ્રધાને દરેક રાજયોના ચીફ મિનિસ્ટર્સની બેઠકમાં દેશની આ સ્થિતિમાં ઉપાય કરવા-સહકાર આપવા અને યોગ્ય રીતે વહીવટ સંભાળી લેવા અનુરોધ કર્યો છે. એલપીજીની અછત ભારતને ભારે પડી રહી છે. ક્રૂડની અને રૂપિયાની નેગેટિવ અસર કયારની ચાલી રહી છે.

હાલ તો શેરબજારમાં કડાકા અને મ્યુચ્યુઅલ ફંડસના નોંધપાત્ર ઘટાડાની અસરે કરોડો રોકાણકારોના પોર્ટફોલિયોનું ધોવાણ થયું છે. એક અંદાજ મુજબ રોકાણકારોની છેલ્લા બે વરસની કમાણી કે પ્રોફિટ ધોવાઈ ગયા છે. ઈકિવટીઝ ઉપરાંત સોના-ચાંદી પણ ઠંડા પડ્યા છે. દેશના આર્થિક વિકાસની ગતિ મંદ પડવાની સંભાવના પણ છે. ફાઈનાન્શિયલ માર્કેટ સંકોચાતું જાય છે. વ્યાપક રોકાણકાર વર્ગ મૂંઝવણ અને ચિંતામાં છે, હવે કરવું શું એ વિશે મહત્તમ કન્ફયુઝ છે.

### ફોરેન ઈન્વેસ્ટર્સ સતત વેચવાલ

ગયા સપ્તાહમાં શેરબજારમાં એક નોંધવા જેવી વાત તે થઈ કે ફોરેન ઈન્સિટટયુશનલ ઈન્વેસ્ટર્સ (એફઆઈઆઇ) એ નાણાકીય વરસ ૨૦૨૬માં ભારતીય માર્કેટમાંથી ૧.૬ લાખ કરોડ રૂપિયા ઉપાડી લીધા હતા અને તેની સામે સ્થાનિક સ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) એ ૮.૫ લાખ કરોડ રૂપિયા ભારતીય બજારમાં મુકયા હતા. જો આપણા આ સંસ્થાકીય રોકાણકારોએ આમ ન કર્યું હોત તો બજારની શું દશા થઈ હોત એ વિચારી લેજો.

### એફઆઈઆઈનો આ જંગી

ઉપાડ મોટેભાગે યુદ્ધની ક્રાઈસિસમાં રૂપિયાની કથળેલી સ્થિતિને કારણે રહ્યો છે. છેલ્લાં ૧૪ વરસમાં રૂપિયો તેના બૂરામાં બૂરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે. જોકે નાણાં પ્રધાનના મતે ભારતીય રૂપિયો અન્ય દેશોની કરન્સની સામે બહેતર અથવા ઓછો તૂટયો છે. બીજીબાજુ, ક્રૂડના ભાવ અસાધારણ સંજોગોમાં વધતા જાય છે, હજી અનિશ્ચિતતા ઊભી જ છે.

### આ દસ મુદા વિચારો ને અમલ કરો...

બાય ધ વે, વર્તમાન સંજોગોમાં ચોક્કસ બાબતો સમજી લેવી જરૂરી છે.

એક : દરેકે પોતાના ખર્ચ પર ચોક્કસ કાપ મૂકવો પડશે, બિનસમજદાર માણસો ખર્ચ જેમ છે એમ ચાલુ રાખીને બચત પર કાપ મૂકવાનું પગલું ભરે છે, જે એક ગંભીર ભૂલ હોય છે. ખરેખર તો બચત સંભવ હોય તેટલા પ્રમાણમાં ચાલુ રાખવાનો અથવા વધારવાનો આ સમય ગણાય.

બીજું : શેરબજારમાં રોકાણ હોય તો તેના પોર્ટફોલિયોની સમીક્ષા કરવી જોઈશે, તેને સમય આપવો જોઈશે. સારા સ્ટોકસ પેનિકમાં વેચવાની ઉતાવળ કરવી નહીં. આમ પણ હાલ તો બજાર ખાસ્સું ઘટી ગયું હોવાથી અને વેલ્યુએશન વાજબી સ્તરે આવી ગયા હોવાથી સંજોગો નોર્મલ થવાની રાહ જોવી રહી. કેમ કે નીચા લેવલે ખરીદીની તક મળશે.

ત્રીજું : આમ છતાં, ખરીદી કરવાની જલ્દબાજી કરવી નહીં, તબક્કાવાર અને બહુ સિલેકટેડ સ્વરૂપે જ ખરીદી કરવી જોઈશે.

ચોથું : મ્યુચ્યુઅલ ફંડસમાંના રોકાણની વેલ્યૂ પણ ભરપૂર ડાઉન ગઈ જ હશે, તેમ છતાં તેમાં પણ નાણાં ઉપાડી લેવાની ભૂલ કરવા જેવી નથી. સિવાય કે રોજિંદી લાઈફમાં આર્થિક કટોકટી આવી ગઈ હોય કે નાણાંની પ્રવાહિતાની જરૂર ઊભી થાય તો બેંક એફડી ભલે ઉપાડી લો, પરંતુ મ્યુચ્યુઅલ ફંડના નાણાં ઉપાડવા નહીં.

પાંચમું : સંભવ હોય તો મ્યુચ્યુઅલ ફંડની એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) જેવા માર્ગમાં રોકાણ વધારવાનો પ્રયાસ કરવો જોઈએ. આ માર્ગે રોકાણનો આ ઉત્તમ અવસર કહેવાય.

છઠ્ઠું : ઈમર્જન્સી ફંડ તરીકે છ થી બાર મહિનાનું ભંડોળ હાથ પર અથવા બેંકમાં સાચવી રાખો.

સાતમું : જેના વિના ચાલી શકે એમ હોય એવા તમામ લકઝરી ખર્ચ સાવ બંધ કરવામાં શાણપણ રહેશે. (જેમને પોષાતા હોય એ ભલે કરે).

આઠમું : આ સમયમાં વ્યક્તિ કે કંપનીએ (બિઝનેસ) સર્વાઈવલ અને સ્ટેબિલિટી માટે સેવિંગ પર વિશેષ ભાર મૂકવો જોઈએ.

નવમું : આ સમયમાં ગભરાટ થઈ શકે, પણ આ ગભરાટ કે ફ્રસ્ટ્રેશનમાં આડેધડ રોકાણ કરવાનું જોખમ લેવાને બદલે આવશ્યક ચીજો અને સેવાઓ સંબંધી ક્ષેત્રમાં રોકાણ કરી શકો. યુદ્ધના માહોલમાં મોટાભાગના લોકો રોકાણ જ બંધ કરી દે છે, જયારે કે આ સમયમાં ધીરજપૂર્વક લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટ કરાય. લાાગણીવશ કે આવેશમાં કરાતું રોકાણ ખોટમાં નાખી શકે છે.

દસમું : લેપટોપ કે ડાયરી હાથમાં લઈ કયા લગડી સ્ટોકસ યુદ્ધ બાદ કેટલાં ઘટયા છે તેનો હિસાબ મેળવીને સંબંધિત સ્ટોકસના ભાવોની રેન્જ અને તે કંપનીઓની કામગીરી જોઈ જવી જોઈએ.

ઈકોનોમી અને માર્કેટના આવા કટોકટીના અને અનિશ્ચિતતાના સંજોગો અભ્યાસ માટેનો સમય ગણાય. આમાં નવેસરથી રોકાણ વ્યૂહરચના ઘડવી અથવા ધીરજથી નિરીક્ષણ કરતા રહેવામાં ડહાપણ-શાણપણ ગણાય.

શેરબજારે ફરીવાર સપ્તાહ નેગેટિવ સપ્તાહ પસાર કર્યુ છે, બેન્ચમાર્ક ઈન્ડેકસ નીચા જતા ગયા છે, બોટમ દેખાતી નથી. હાલ ખર્ચ પર કાપ અને સેવિંગ વધારવા પર ધ્યાન આપવું એ એક મહત્ત્વનો ઈલાજ કહી શકાય. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડની પણ પોતાની વેલ્યૂઝ હોય છે

ગયા અઠવાડિયે આપણે વેલ્યૂએશનની વાત કરી. આને લાગતો વળગતો એક શબ્દ છે વેલ્યૂ. પણ તેમાં અને વેલ્યૂએશનમાં જમીન - આસમાનનો ફરક છે. વેલ્યૂએશન કરતી વખતે વિવિધ પાસાઓની સાથે તમારી કંપનીના વેલ્યૂઝનો અભ્યાસ પણ કરવામાં આવે છે. આનો અભ્યાસ એટલા માટે જરૂરી છે, કારણ કે જો કોઈ કંપનીને બીજી કંપની ખરીદવી છે તો તે બંનેના વેલ્યૂઝ અર્થાત્ મૂલ્યો સમાન છે કે નહિં તે જાણવું જરૂરી છે.

અંગ્રેજીમાં બે શબ્દો છે, પ્રાઈઝ અને વેલ્યૂ. આમ જોવા જઇયે તો બન્ને એક જ છે તેમ લાગે, પણ જો વધુ ઊંડાણમાં જઇયે તો ખબર પડે કે બંનેના અર્થ અલગ છે. કિંમત તમે કોઈ પણ વસ્તુની લગાડી શકો પણ મૂલ્ય કે વેલ્યૂ માટે આ તર્ક ન ચાલે. આનાથી આગળ જયારે મૂલ્ય અને વેલ્યૂ ને બહુવચન માં જોવા જઇયે તો તે મૂલ્યો અને વેલ્યૂઝ થઈ જાય, અને આમ થતા તેનો આખો અર્થ બદલાઈ જાય. આપણે ઘણીવાર સાંભળતા હોઈયે છીયે કે અમુક વ્યક્તિના જીવનમાં ભારોભાર મૂલ્યો જોવા મળે. ઉદાહરણ તરીકે ગાંધીજીના જીવનમાં તેમણે આ મૂલ્યો ને ડેમોક્રેટાઇસ કર્યા લોકશાહીનું રૂપ આપ્યું, જેમકે સત્ય, અહિંસા, સાદાઈ, પરોપકાર. આ મૂલ્યો ગાંધીજીને યાદ કરતા આપણી સામે આવી જાય. બસ, આજ રીતે બ્રાન્ડ માટે પણ મૂલ્યો જરૂરી છે. બ્રાન્ડ પણ પોતાના મૂલ્યોના સહારે પોતાની છાપ માર્કેટમાં ઊભી કરે છે. વેલ્યૂઝ એટલે મૂલ્યો. સરળતાથી સમજવા માટે આપણે બ્રાન્ડ વેલ્યૂઝ શબ્દનો પ્રયોગ કરીશું. બ્રાન્ડ પોતાની વેલ્યૂઝને મધ્યમાં રાખી તેના આધારે પોતાની આઇડેંટિટી, મેસેજ, કમ્યુનિકેશન, કસ્ટમર રિલેશનશિપને આકાર આપશે. તો પ્રશ્ન થાય કે બ્રાન્ડની વેલ્યૂઝ કઈ હોઈ શકે?




બ્રાન્ડ વેલ્યૂનો મતલબ ફક્ત તે નથી કે બ્રાન્ડ છે તો વધારે કિંમત મળી શકે. લોકો જો તમારી બ્રાન્ડને વારંવાર ખરીદવા પ્રેરાય ત્યારે કહી શકાય કે અમુક બ્રાન્ડની બ્રાન્ડ વેલ્યૂ વધી છે. કન્ઝ્યુમર કોક કે પેપ્સી નથી ખરીદતો. તેના ટેસ્ટ માટે પણ નથી ખરીદતો. પણ તમારા મગજમાં તે બ્રાન્ડની વેલ્યૂ જે ક્રિયેટ થઈ છે તેને ખરીદે છે. તમે કદાચ કોકની હૅપીનેસ ખરીદશો અથવા પેપ્સીની યૂથફુલનેસ ખરીદશો. તમે તમારા જીવનમાં કયા મૂલ્યને પ્રાધાન્યતા આપો છો, હૅપીનેસ કે યૂથફુલનેસને તેના પર તમારી પસંદગીનો મદાર છે. અમુક બ્રાન્ડ વેલ્યૂઝ આપણે લગભગ બધીજ બ્રાન્ડસમાં જોઈયે છીયે; જેમ કે, ટ્રસ્ટેડ, કસ્ટમર ફ્રેંડ્લી, ટ્રાન્સપરેંટ, યૂથફુલ, પેશન, કેરિંગ વગેરે આનો અર્થ તે નથી કે બધી બ્રાન્ડે આવાજ કાંતો આજ મૂલ્યો વાપરવા જોઈયે. બ્રાન્ડને પોતાની કેટેગરી, પોતાના વિઝન, તમારા માટે તમારા જીવનમાં શું મહત્ત્વનું છે. આવી વાતોના આધારે વેલ્યૂઝને બનાવવાના છે. વેલ્યૂઝ મને મારા પ્રતિસ્પર્ધીથી અલગ પાડશે, તેનો વિચાર પણ કરવો જરૂરી છે. આમ જયારે થાય ત્યારે તમારા મૂલ્યો લોકોની નજર સમક્ષ ક્લિયરલી આવે, અને કન્ઝ્યુમર કહે કે, ટાટા બ્રાન્ડ એટલે ટ્રસ્ટ, એપલ એટલે ઇનોવેશન, પેપ્સી એટલે યૂથફુલ, રિલાયન્સ એટલે ડિસ્રપ્ષન વગેરે.

બ્રાન્ડની વેલ્યૂઝ રાતોરાત નથી બની જતી. તેના માટે ક્લિયર વિઝન જોઈયે. તમારી ટીમ સાથે મળી બ્રેનસ્ટોર્મ કરી તમે વેલ્યૂઝને ડિફાઇન કરી શકો છો. પોતાની જાતને પ્રશ્નો પૂછો : તમે શેના દ્વારા ઓળખાવ છો? તમે શેને વધુ મહત્ત્વ આપો છો? એક કંપની તરીકે તમે શેમાં માનો છો? આવા પ્રશ્નોના જવાબોને ગોતતા જશો તો તમારી બ્રાન્ડ માટે વેલ્યૂ તૈયાર થઈ જશે. બ્રાન્ડ વેલ્યૂઝ માટે જયારે વિચારીયે ત્યારે આ મુદ્દાઓ ધ્યાનમાં રાખતા કામ ઘણું આસાન થાય છે :

સૌથી પહેલા, બ્રાન્ડ વેલ્યૂઝ યાદ રહી જાય તેવા હોવા જોઈયે.

નાના શબ્દોમાં તેને બનાવો. જેમકે, ટ્રસ્ટ, પેશન, હૅપીનેસ, વગેરે. તમારી ટીમ તેને યાદ રાખી શકે તે મહત્ત્વનું છે જેથી તેઓ કન્ઝ્યુમર સુધી મેસેજ આસાનીથી લઈ જશે.

બીજુ, વેલ્યૂઝ અર્થસભર હોવી જોઈયે. ફક્ત રૂક્ષ શબ્દો કે સારા લાગતા શબ્દો કામ નહીં લાગે.

ત્રીજુ, વેલ્યૂઝ તમને કર્મ કરવા પ્રેરે, દોડતા કરે તેવી હોવી જોઈયે.

ચોથી, બ્રાન્ડ વેલ્યૂઝ યૂનિક હોવી જોઈયે. તે વેલ્યૂઝને લોકો તમારી સાથે સાંકળી લે તેવી હોવી જોઈયે. વેલ્યૂ એવી ક્રિયેટ કરો જે તમારા સિવાય બીજુ કોઈ તેનો દાવો ન કરી શકે. આનાથી તમારી બ્રાન્ડને અલગતા પ્રદાન થશે.

સૌથી મહત્ત્વનું તમારી વેલ્યૂઝ શાશ્વત હોવી જોઈયે, તમારી બ્રાન્ડ ગમે તેટલી મોટી થાય, ગમે તેટલા પ્રોબ્લેમ આવે પણ તમારી વેલ્યૂઝ વર્ષોના વર્ષો સુધી તેજ રહેવી જોઈયે. લાંબા ગાળા સુધી ટકેલા મૂલ્યો પોતાના મૂળને મજબૂત કરે છે.

ફક્ત બ્રાન્ડની કિંમત વધારવાથી કશું નહીં થાય, કદાચ તાત્પૂરતો ફાયદો થશે, પણ જો બ્રાન્ડ વેલ્યૂ વધશે તો કન્ઝ્યુમર બ્રાન્ડને વારંવાર ખરીદશે, અને આ પ્રોસેસ બ્રાન્ડની વેલ્યૂ અર્થાત્ કિંમત વધારશે. તેનાથી આગળ જેમ આપણે કહીયે છીયે કે અમુક વ્યક્તિ મૂલ્યવાન છે તેજ રીતે બ્રાન્ડની વેલ્યૂએશન પણ વધશે અને બ્રાન્ડ પણ મૂલ્યવાન થશે માટે નવા નાણાકીય વર્ષમાં મૂલ્ય આધારિત અર્થાત્ વેલ્યૂ બેઝ્ડ જીવન અને બ્રાન્ડ બનાવવાનો નિશ્ચય કરવો જોઈએ ... ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ‘ચાલતાં-ભણતાં ને રાંધતાં સેંકડો લોકો અચાનક ઘસઘસાટ ઊંઘી જાય!

કોઈ ચાલતાં હોય, કોઈક વળી રસોઈ કરતાં હોય કે શાળામાં ભણતાં હોય અને અચાનક જ્યાં હોય ત્યા ઊંઘી જાય. આમાં નર, નારી, બાળકો અને વડીલો પણ ખરા. એટલું જ નહિ, જાગી ગયા પછી બધાં ભયંકર થાક, શિર દર્દ, ભ્રમ અને સ્મૃતિભ્રંશ જેવી મુશ્કેલી અનુભવે.

આ કોઈ સાયન્સ ફિક્શન નવલકથાનાં કે હોરર સ્ટોરીના સિચ્યુએશન કે પાત્રોની વાત નથી. હકીકત છે, એકદમ નક્કર અને સાચુકલી. ઘટના સ્થળ કલાચી. ના, પાકિસ્તાનના કરાંચીની નહિ, કઝાકિસ્તાનના કલાચીમાં આવું બન્યું હતું. સમયગાળો હતો ૨૦૧૩થી ૨૦૧૬.

હવે થોડી માંડીને વાત. કલાચીના રહેવાસીઓ રહસ્યમય ‘સ્લીપિંગ સિકનેસ’ (જેને નામ આપવામાં આવ્યું હતું ‘સ્લીપિંગ હોલો-Sleepy Hollo’) થી પીડાતા હતા. આના કારણે લોકો અચાનક ઘણા દિવસો સુધી ઊંઘી જતા, હેલ્યુસિનેશન (ભ્રમ) અનુભવતા અને યાદશક્તિ પણ ગુમાવી બેસતા હતા. આ બીમારીની લપેટમાં બે-પાંચ-દશ નહિ, ૧૫૦થી વધુ ઝડપાઈ ગયા હતા. ઉત્તર કઝાકિસ્તાનના કલાચી સાથે અને નજીકના ગામ ક્રાસ્નોગોર્સ્કમાં પણ આ માંદગી દેખા દીધી હતી. ક્રાસ્નોગોર્સ્ક એક નાનું નગર છે જે ઐતિહાસિક રીતે યુરેનિયમ ખાણકામ માટે જાણીતું હતું. આ સ્થળ કઝાકિસ્તાનના અકમોલા પ્રદેશમાં આવેલું છે.

કુલ આશરે ૮૧૦ની વસ્તીવાળા આ ગામોમાં (મૂળત્વે રશિયન અને જર્મન વંશના લોકો), લોકો અચાનક ઊંઘી જતા. ચાલતા-ફરતા લોકો અચાનક ઊંઘી જતા અને જાગ્યા પછી સ્મૃતિભ્રંશ, બેહોશી જેવી હાલત, નબળાઈ અને માથાનો દુખાવો અનુભવતા. કેટલાક લોકોને આ સમસ્યા ઘણી વાર (અડધી ડઝન કરતાં વધુ વખત) થઈ. કેટલાક દર્દીઓ સતત છ દિવસ સુધી ઊંઘ્યા રહ્યા. બીમારીગ્રસ્ત વ્યક્તિ બહારથી જાગૃત લાગે, ચાલી પણ શકે, પરંતુ અચાનક ઊંઘમાં તૂટી પડે અને ઊંઘમાં ઘોરવા માંડે. કેટલાક લોકો જાગવાનો પ્રયાસ કરતા છતાં આંખો ખોલી શકતા નહોતા અને સતત ઊંઘમાં જ રહેતા હતા.





આનો શિકાર બનેલા તથા કલાચી અને ક્રાસ્નોગોર્સ્કવાસી ઉપરાંત દુનિયા આખી સ્તબ્ધ થવા સાથે મુંઝાયેલી હતી કે આ વિચિત્ર માંદગીનું કારણ શું? તબીબી વિજ્ઞાન પણ સાવ અંધારામાં હતું. ડોક્ટરોએ કેટલાય પરીક્ષણો કર્યા, પરંતુ કારણ હાથ લાગતા નહોતા. કઝાકિસ્તાનના આરોગ્ય મંત્રાલયે સાત હજારથી વધુ ઘરોની તપાસ કરી હતી. શરૂઆતમાં આ બનાવટી દારૂ-વોડકા-ની અસર હોવાની શક્યતા પણ વ્યક્ત થઈ હતી. પછી મગજના કોઈ અજાણ્યા રોગોની શંકા ય ચર્ચાઈ હતી. આસપાસ રેડિએશન અથવા ભારે ધાતુઓના જોખમી સ્તરો મળ્યા નહોતા. કેટલાક ઘરોમાં રેડિયમનું પ્રમાણ વધેલું મળ્યું, પરંતુ તે આ રહસ્યમય ઘટના સમજાવવા પૂરતું નહોતું.

‘સ્લીપિંગ સિકનેસ’ને લીધે ‘સ્લીપિંગ વિલેજ’ જેવી નવી ને વણગમતી ઓળખ તો મળી પણ એ બીમારી થવાના કારણો મોટાભાગના નેતાલોગની પ્રમાણિકતા જેમ દેખાતા નહોતા. આ રહસ્યમય માંદગીના કારણો અંગે વિશ્વ વિખ્યાત પ્રકાશનો ‘ધ ગાર્ડિયન’ અને ‘ધ ટાઈમ’ની તપાસમાં અસલી કારણ પ્રગટ થયા હતા. આ ભેદી માંદગી માટે જવાબદાર



હતા જૂના સોવિયેત સંઘ યુગની યુરેનિયમ ખાણોમાંથી નીકળતા કાર્બન મોનોક્સાઈડ અને હાઈડ્રોકાર્બન વાયુઓ. આને લીધે હવામાં ઓક્સિજનનું સ્તર ઘટી જતું હતું. બન્ને ગામ નજીક આવેલી સોવિયેત યુગની યુરેનિયમ ખાણો ભલે બંધ પડેલી હતી પણ એમાંથી કાર્બન મોનોક્સાઈડ અને હાઈડ્રોકાર્બન વાયુઓ હવામાં ફેલાતા રહેતા હતા.

પણ અગાઉ ક્યારેય નહિ પણ એ સમયે એવું અચાનક અને મોડે મોડે કેમ થવા લાગ્યું હતું? ખાણોમાં પાણી ભરાતા ઝેરી વાયુઓ બહાર નીકળતા હતા જે ઓક્સિજન કરતાં ભારે હોવાથી હવામાં ફેલાઈ ઓક્સિજનનું પ્રમાણ ઘટાડી દેતા હતા. ખુદ કઝાકિસ્તાનના તત્કાલીન નાયબ વડા પ્રધાને આ કારણો સ્વીકાર્યા હતા. ખાણો લાંબા સમયથી બંધ હોવા છતાં ક્યારેક કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધી જવાથી હવામાં ઓક્સિજન ઘટી જતું હતું અને એ જ બાબત આ ‘સ્લીપિંગ સિકનેસ’નું મૂળ કારણ હતું.

હવે કરવું શું? જોખમને ધ્યાનમાં રાખીને કઝાકિસ્તાન સરકારે ગામના લોકોનું સ્થળાંતર કરાવવાનો નિર્ણય લીધો. દાયકા જૂના સંવેદનાત્મક મૂળ છોડવાનું આસાન નથી.

આથી સ્થાનિક સત્તાવાળાઓએ ગામવાસીઓને નવા ઘર અને રોજગાર સાથે અન્ય સ્થળે વરસાવવાની ઓફર કરી. એ સમયે મહાપ્રાણ ગામના અડધાથી વધુ રહેવાસીઓ અન્યત્ર સ્થળાંતર માટે તૈયાર થયા હતા.

માનવીની વિનાશક લાલસાને પાપે ન જાણે કેટલાય માનવીઓ ક્યાં ક્યાં અને કેવી કેવી બીમારીના શિકાર બનતા હશે? ■

ટૂંકું ને ટચ

રાહુલ વેગડા
feedback@bombaysamachar.com

## આ યુવાન માત્ર ૩ મહિનામાં ૬ લાખ કઈ રીતે કમાયો?



કહેવાય છે કે ‘મન હોય તો માળવે જવાય’, પણ ભાવનગરના એક ૨૧ વર્ષીય યુવાને આ કહેવતને થોડી સુધારીને સાબિત કરી દીધું છે કે ‘મન હોય તો ગુજરાતમાં પણ કાશ્મીર ઉગાડી શકાય!’ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ટીમાણા ગામના આર્ટ્સ ગ્રેજ્યુએટ યુવાન જયપાલ પંડ્યાએ પરંપરાગત ખેતીના ચીલાને ચાતરીને ખેતી ક્ષેત્રે એક અનોખી ક્રાંતિ સર્જી છે.

આજની પેઢી જ્યારે સોશ્યલ મીડિયાનો ઉપયોગ મનોરંજન માટે કરે છે, ત્યારે જયપાલે તેનો ઉપયોગ જ્ઞાન મેળવવા માટે કર્યો. સોશ્યલ મીડિયા પર કેસરની ખેતીનો એક વીડિયો જોયા બાદ તેમના મનમાં જિજ્ઞાસા જાગી. માત્ર વીડિયો જોઈને બેસી રહેવાને બદલે, તેઓ સીધા કાશ્મીરના પેમ્પોર પહોંચ્યા અને ત્યાં કેસરની ખેતીની પદ્ધતિસરની તાલીમ લીધી.

તેમણે એરોપોનિક ટેક્નોલોજી (માટી અને પાણી વગરની ખેતી) અપનાવીને કૃત્રિમ રીતે કાશ્મીર જેવું વાતાવરણ ઊભું કર્યું અને જંતુનાશક દવાઓના ઉપયોગ વગર શુદ્ધ કેસરનું ઉત્પાદન મેળવ્યું. પિતાના સહયોગ અને પોતાની સખત મહેનતથી તેમણે માત્ર ૩ મહિનામાં ૬ લાખ રૂપિયાની માતબર કમાણી કરી છે. ભાવનગરના પ્રથમ કેસર ઉત્પાદક બનીને જયપાલભાઈ આજે અનેક શિક્ષિત યુવાનો માટે આધુનિક અને નફાકારક ખેતીનો નવો રાહ ચીંધી રહ્યા છે. ભાવનગરના આ લાલની સિદ્ધિ ખરેખર ગુજરાતના કૃષિ જગત માટે ગૌરવ સમાન છે. ■

# ચન્દ્ર પરની ચપટી ધૂળ પણ મોંઘી પડે!

હાસ્ય વિનોદ




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

૧૯૬૯ની વીસમી જુલાઈએ નીલ આર્મસ્ટ્રોંગે ચન્દ્ર પર પગ મૂક્યો ત્યારે અમે અમારા ધાબામાં સૂતાં સૂતાં ચન્દ્ર સામે તાકી રહ્યા હતા - એ તપાસવા કે ચન્દ્ર પર કોઈ માણસ ચાલતો દેખાય છે? એક સજ્જન એ વખતે કહેતા હતા કે સારું છે કે આજે સુદ બીજ છે, બાકી એ લોકો અમાસના દિવસે જશે તો તેમને મુસીબત થશે, ચન્દ્ર જડશે જ નહીં... ખરેખર તો તેમને પૂનમની રાતે જ ત્યાં ઊતરવું જોઈએ - બધું બરાબર જોઈ તો શકાય!

અમેરિકી સમય પ્રમાણે રાત્રે દસ ને ઓગણચાલીસ મિનિટે આર્મસ્ટ્રોંગે ચન્દ્ર પર પહેલાં પોતાનો ડાબો પગ મૂક્યો હતો ત્યારે ચન્દ્ર પર દિવસ હતો, ત્યાંનો એક દિવસ આપણા ચૌદ દિવસ જેવડો મોટો છે - આનો અર્થ એવો થાય કે ત્યાં જો માણસો વસવાટ કરે ને સરકારી કચેરીઓ સ્થપાય તો કર્મચારીઓનો પગાર દર બે દિવસે કરવો પડે, આપણા ફેબ્રુઆરી મહિનાની જેમ ત્યાં અઠ્ઠાવીસ દિવસનો મહિનો ગણાય. લેણદાર પાસેથી બે દિવસના વાયદે લીધેલ પૈસા અહીં અઠ્ઠાવીસ દિવસ સુધી વાપરી શકાય.

આમ તો અહીંથી (એટલે કે અમેરિકાથી) ત્રણ વિજ્ઞાનીઓ ચન્દ્ર પર ગયેલા, પણ ચન્દ્ર પર પગ મૂકવાનું સદ્ભાગ્ય તો નીલ આર્મસ્ટ્રોંગ અને એડ્વીન એલ્ડ્રીનને જ મળ્યું. સાથે હોવા છતાં માઇકલ કૉલિન્સના ભાગ્યમાં તો યાનમાં જ બેસીને 'બોર' થવાનું આવ્યું. લાવ, જરા બહાર નીકળીને પગ છૂટો કરી આવીએ કે આસપાસ કોઈ પાનનો ગલ્લો હોય તો એકસોવીસનો માવો (કિમામ જ્યાદા) ખાઈ આવીએ એવું મન તે ન કરી શક્યો - આનું નામ નસીબ! ચંદ્ર પર હોવા છતાં તેના પર પગ કે માથું ટેકવવાની ખુશનસીબી તેને ન મળી. આર્મસ્ટ્રોંગ જ્યારે ૧૮-૨૦ વર્ષનો હશે ત્યારે તેની કુંડળી કે હથેળી જોઈને કોઈ જ્યોતિષીએ તેને કહ્યું હોત કે તારો ચંદ્ર અતિ બળવાન છે, એક દિવસ એવો આવશે જ્યારે તું સાક્ષાત ચંદ્રને મળી શકીશ, તો આર્મસ્ટ્રોંગે એને ગપ્પું માની મજાક ઉડાવી હોત, પણ પછી તેણે જ્યોતિષીઓને પૂછ્યું હશે કે 'જુઓ ને, મારે મંગળગમનનો યોગ છે કે નહીં?'

ચંદ્રયાન 'ઈગલ'માંથી બહાર નીકળવા અગાઉ બારણું ખોલવા આર્મસ્ટ્રોંગ તૈયાર થયો ત્યાર પહેલાં તેણે બહાર જવાનો પોશાક પહેરી લીધો હતો - ભલે આપણને કોઈ ઓળખે - ન ઓળખે પણ કપડાં તો વ્યવસ્થિત પહેરવાં જોઈએ ને! સવાલ પૃથ્વીની આબરૂનો હતો. કાશ્મીરમાં હિમવર્ષા વખતે આપણે જેમ શરીરને ગરમ કપડાં - ધાબળા વગેરેથી ઢાંકી દઈએ છીએ એ રીતે તેણે સમદબાણનો પોશાક પહેરીને શરીરને ચંદ્ર - ચોક બનાવી દીધું હતું.

કહેવાય છે કે ચંદ્ર પર ઑક્સિજનનું નામ નહીં. ચંદ્ર પર હવા પણ નથી (ત્યાં પતંગ ચડાવી શકાય નહીં.) એટલે વાતાવરણના યોગ્ય દબાણ વિના અને પ્રાણવાયુ વગર ચંદ્ર પર માણસ તરત જ ગુજરી જાય. આપણે મરવા માટે ડૉક્ટરોની મદદ લેવી પડે છે - ત્યાં એવી જરૂર ન પડે, એમ જ ઊકલી જવાય.

ચંદ્ર પર ગરમી તેમ જ ઠંડી અસહ્ય છે - એ.સી., આઈસક્રીમ ને બરફનો ધંધો ધમધોકાર ચાલી શકે, ગરમ કપડાંનો પણ. ના, છત્રી, રેઈનકોટના ધંધાવાળા ભૂખે મરે.

આર્મસ્ટ્રોંગે 'ઈગલ'નો દરવાજો ધીમેથી ખોલ્યો હતો - દરવાજો ખોલવા અગાઉ 'કી હોલ'માંથી જોયું પણ હશે કે બહાર પેલી રેંટિયો કાંતતી ડોસી તો નથી ઊભી ને! દરવાજો ખોલીને આર્મસ્ટ્રોંગ સીડીનાં પગથિયાં ઊતરી ચંદ્ર પર પગ મૂકવા જતો હતો ત્યારે એ ખૂબ જ રોમાંચિત થઈ ગયો હતો, તેના હૃદયના ધબકારા ત્રણ ગણા વધી ગયા હતા. અમારા જેવો પોચા દિલનો હોત તો ઉત્સાહના અતિરેકમાં હાર્ટઍટેકથી ત્યાં જ ઢળી પડત. પણ તેના આર્મ જ નહીં, તેનું હાર્ટ પણ સ્ટ્રોંગ હોવાને કારણે તેણે મક્કમતાથી ચંદ્ર પર પગ મૂક્યો. ચંદ્ર પર આર્મસ્ટ્રોંગ પોતાના પગ પર જ ઊભો રહી શક્યો છે, જમીનમાં ઊતરી ગયો નથી એ જોયા-જાણ્યા પછી એલ્ડ્રીને હિંમતપૂર્વક ચંદ્ર પર ઝુકાવ્યું.

આર્મસ્ટ્રોંગ અહીંથી કેમેરો લઈ ગયો હતો, પણ ફોટા પાડતાં પહેલાં ત્યાં તે કોઈને 'સ્માઈલ પ્લીઝ' કહી શક્યો નહોતો. ચંદ્ર પરથી તેને એફિલ ટાવર કે તાજમહાલ દેખાયા નહોતા. હા, ચીનની દીવાલ જોઈ શકેલો. આયરિશ નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શૉએ ચીનની દીવાલ પ્લેનમાં ઊડીને જોઈ હતી. પત્રકારોએ તેને પૂછયું હતું કે, ચીનની દીવાલ તમને કેવી લાગી? ત્યારે તેણે કહેલું કે દીવાલ જેવી લાગે એવી આ દીવાલ લાગી હતી, એમાં બીજું શું લાગે! અમારા જેવો દોઢડાહ્યો ત્યાં હાજર હોત તો શૉને પૂછત કે પેલી કહેવત પ્રમાણે ચીનની દીવાલને કાન હતા?

પૃથ્વી કરતાં ચંદ્ર પર છઠ્ઠા ભાગનું જ ગુરુત્વાકર્ષણ છે, આ કારણે આર્મસ્ટ્રોંગનું વજન પણ પૃથ્વીના મુકાબલે છઠ્ઠા ભાગનું થઈ ગયું હતું. આ હિસાબે ચંદ્ર પર ગધેડા ફાવી જવાના. અહીંના કરતાં ત્યાં તે વધુ માટી પોતાની પીઠ પર ઉઠાવી શકશે, મજૂરી પણ વધુ પામશે. જોકે એ તેના માલિક લઈ લેશે... શોષણ તો ચંદ્ર પર પણ થવાનું.

ચંદ્ર પરથી આર્મસ્ટ્રોંગે વૉટરગેટ કૌભાંડ ફેઈમ પ્રેસિડેન્ટ નિક્સન સાથે વાત કરી હતી. કહેવાય છે કે તેણે પોતાના ઇન્કમટૅક્સના વકીલ માટે પણ એક સંદેશો મોકલ્યો હતો કે મારો ટેક્સ ભરવાની આજે છેલ્લી તારીખ છે, ભરાવી દેજો. ચંદ્ર પર બેઠાં બેઠાં તેને પોતાના ઇન્કમટૅક્સની ચિંતા થતી હતી. (મૂરખ, માણસ!)

પૃથ્વીવાસીઓને સંબોધીને તેણે કહ્યું હતું કે, માણસ માટે આ એક વામન પગલું છે, પણ માનવજાત માટે આ વિરાટ છલાંગ છે.

જોકે આ વાક્ય તે અંગ્રેજીમાં બોલ્યો હતો, બોલતી વખતે તેણે વ્યાકરણમાં છબરડો વાળ્યો હતો, ખોટું અંગ્રેજી બોલ્યો હતો, ચંદ્ર વિશે તે બોલ્યો હતો :

'ચંદ્રની સપાટી સરસ છે અને તે પાઉડર જેવી ધૂળવાળી છે. મારા જોડા પર હું ચંદ્રની ધૂળને ઊંચકી શકું છું, ચંદ્રની ધૂળ મારા જોડાને પાતળા પડ રૂપે ચોંટે છે. ચંદ્રની ધૂળમાં મારા પગ ઇંચના આઠમા ભાગ જેટલા ઊંડા ઊતરે છે, અને ધૂળમાં પડેલાં મારાં પગલાં પણ હું બહુ જ સ્પષ્ટપણે જોઈ શકું છું...' આર્મસ્ટ્રોંગનાં પગલાં ચંદ્ર પર લાખો વર્ષો સુધી જળવાઈ રહેશે - તેણે જે કંપનીના બૂટ પહેરેલા એ બૂટ બનાવતી કંપની પોતાની જાહેરાતમાં લખી શકી હોત : 'અમારા બૂટનું આયુષ્ય લાખો વર્ષનું છે...'

પતિ બહારગામથી આવે ત્યારે તેની પત્ની રિવાજ મુજબ પૂછતી હોય છે કે મારા માટે શું લઈ આવ્યા? એ રીતે ચંદ્ર પરથી પાછા ફરેલા આર્મસ્ટ્રોંગની સ્ત્રીએ પણ તેને પૂછયું હશે કે ૩,૬૫,૧૯૨ કિલોમીટર ફરી આવ્યા, ત્યાંથી મારા માટે શું લઈ આવ્યા? 'ધૂળ ને ઢેફાં' આર્મસ્ટ્રોંગે હસીને જવાબ દીધો હશે ત્યારે ખીજમાં તે સ્ત્રી બોલી હશેઃ 'આ તો પાઉડર જેવી ઝીણી માટી છે, આનાથી તો વાસણ પણ ન મંજાય.'

એ સ્ત્રી સામે દયાથી જોતાં તે વિચારતો હશે કે આને બાપડીને ક્યાં ખબર છે કે અડતાલીસ રતલ માટીનાં ઢેફાં ઊંચકી લાવવાનો ખર્ચ ૩૮,૪૦૦ કરોડ ડૉલર થયો છે - આમાંની ચપટી ધૂળ કેટલાની થાય? જોકે આર્મસ્ટ્રોંગે ચંદ્ર વિશે બહુ વાતો નથી કરી. આ અંગે તે કોઈને ઈન્ટરવ્યૂ આપતો નથી - ચંદ્ર પર તે પોતાનો અબાધિત અધિકાર ભોગવવા માગતો હોય એમ બને.

પણ બાકીના બે યાત્રીઓને ચંદ્ર બરાબરનો ચડી ગયેલો. એક માનસિક રીતે ચંદ્ર પર રહેવા ઈચ્છતો હોય તેમ દારૂની લતે ચડી ગયેલો ને બીજાએ ત્રણ વખત લગ્ન કર્યાં છે. ચંદ્ર પર જઈ આવેલ યાત્રીઓ હજી જીવે છે, આ પરથી એવા તારણ પર આવવાનું કોઈને મન થાય કે ચંદ્ર પર જવાથી આયુષ્ય વધે છે - ને લોકોનો ચંદ્રપ્રેમ વધી પણ જાય...

ઈતિહાસપ્રસિદ્ધ મહમ્મદ તઘલખ ચંદ્રના ગાઢ પ્રેમમાં હતો. પોતાના ફૅમિલી હિસ્ટોરિયન ઇબ્ને બતૂતાને મહમ્મદ કહેતો : 'ઈબ્ન, મારે ચાંદ જોઈએ છે...'

ચંદ્રને પાગલપણા સાથે સીધો સંબંધ છે એમ કહેવાય છે. ■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# 'મુંબઈ સમાચાર' માતૃભાષા ભાગવત સપ્તાહમાં આજે કૃષ્ણજન્મ



'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહમાં આજે પૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી કૃષ્ણજન્મનું રસપાન ભાવિકોને કરાવશે. શ્રીકૃષ્ણ વિષ્ણુનો આઠમો અવતાર મનાય છે. દુષ્ટ જનોનો સંહાર કરવા અને સાધુજનોને સુખી કરવા તેમજ ધર્મનીતિની સ્થાપના કરવા તેમણે આ અવતાર લીધો હતો. કૃષ્ણ અને અન્ય પાત્રો અને એમના કૃત્ય ભાષામાં કેવા વણાઈ ગયા છે એ જાણવાની કોશિશ કરીએ.

શ્રીકૃષ્ણની અનેક લીલા જાણીતી છે. ગોવાળો ઈંદ્રની પૂજા કરતા હતા, પણ કૃષ્ણએ તેમને ગાયોને પુષ્કળ ચારો પૂરો પાડતા ગોવર્ધન પર્વતની પૂજા કરવા કહ્યું. આ જાણીને રોષે ભરાયેલા ઈંદ્રએ મુશળધાર મેઘ વર્ષાવ્યો. ગભરાયેલા ગોવાળોની મદદે કૃષ્ણ આવ્યા અને ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વત છત્રની પેઠે રાખી સર્વેનું રક્ષણ કર્યું. આ જોઈ ઈંદ્રએ ગર્વ ત્યાગી કૃષ્ણની સ્તુતિ કરી. આ કથાના આધારે અતિ મુશ્કેલ કે અશક્ય કામ કરી બતાવવું અથવા અસાધારણ બળ કે સાહસ દર્શાવવું માટે ગોવર્ધન પર્વત ઊંચક્યો એમ કહેવાય છે. આજના અજંપાભર્યા અને અકળામણગ્રસ્ત વાતાવરણમાં કૃષ્ણના આ સ્વરૂપની તાતી જરૂર છે એવું નથી લાગતું?

વાસુદેવ એટલે શ્રીકૃષ્ણના પિતાનું અભિધાન. અભિધાન એટલે નામ અથવા ઓળખ. નંદ એટલે વિષ્ણુના હજાર માંહેનું એક નામ. નંદનો એક અર્થ સંપત્તિ પણ થાય છે. આનંદ ઉપજાવનારી સંપત્તિવાળા હોવાથી અને સર્વ પ્રકારની સિદ્ધિઓથી સંપન્ન હોવાથી અને નવ નંદોમાં નંદરાય હોવાથી તે નંદ કહેવાય છે. શ્રીકૃષ્ણના પાલક પિતાનું નામ પણ નંદ છે. નંદ શ્રીકૃષ્ણને ઉછેરનાર ગોકુળના મુખી હતા. નંદ કૃષ્ણના પિતા વસુદેવના પરમ મિત્ર હોવાથી વસુદેવે પોતાની એક પત્ની રોહિણી અને પછી પોતાનો પુત્ર કૃષ્ણ એને ત્યાં રાખ્યાં હતાં. યશોદા એટલે યશ આપનારી. નંદની પત્નીનું નામ યશોદા છે. જૈનના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીની પત્નીનું નામ પણ યશોદા છે. ભગવાન શ્રીકૃષ્ણ યદુ વંશમાં પ્રગટયાં હોવાથી તેમનું નામ યાદવ છે. બધાં પ્રાણી તેમનામાં વસે છે તથા બધાં પ્રાણીઓમાં તેઓ વસે છે એટલે વાસુદેવ કહેવાય છે. મધુ નામના દૈત્યનો નાશ કર્યો તેથી તે મધુસૂદન કહેવાય છે. મધુ નામનો રાક્ષસ હતો અને સૂદન એટલે નાશ કરવો. કમળ જેવાં અણિયાળાં નેત્રોવાળા અને મોહક હોવાથી તે પુંડરીકાક્ષ કહેવાય છે. પુંડરિક + અક્ષ = પુંડરીકાક્ષ જેમાં પુંડરિક એટલે શ્વેત કમળ અને અક્ષિ એલે નેત્ર, આંખ. સમાસના નિયમ અનુસાર અક્ષિનું અક્ષ થાય છે.

ગોકુળ એટલે ગાયનું ટોળું. દશ હજાર ગાયનું ટોળું ગોકુળ કહેવાય છે. મથુરા નજીક આવેલું આ ગામડું શ્રીકૃષ્ણની બાળક્રીડાનું સ્થાન હોવાથી ઘણું પવિત્ર ગણાય છે. શ્રાવણ વદ આઠમે શ્રીકૃષ્ણનો જન્મ ગોકુળમાં જાહેર થયો હોવાથી એ ગોકુળાષ્ટમી તરીકે પણ ઓળખાય છે. જનક રાજાની દીકરી જાનકી (સીતા), પર્વતરાજ (હિમાલય)ની પુત્રી પાર્વતી એમ કંસના કાકા દેવક રાજાની દીકરી દેવકી. ધનુ એટલે ધનુષ્ય અને યાગ એટલે હોમ, હવન, યજ્ઞ. ધનુર્ધર એટલે તીરંદાજ, બાણાવળી. કંસ એટલે દુષ્ટ, જુલ્મી. ધનુર્યાગ એટલે કંસે કરેલો એક કપટયજ્ઞ, ધનુર્યજ્ઞ.

### એક સમે હરિ ગોકુળિયામાં રમતા દીઠાં યદુરાય જો...

'એક સમે હરિ ગોકુળિયામાં' ભગવાન કૃષ્ણની બાળલીલાનું વર્ણન કરતી એક અત્યંત લોકપ્રિય ગુજરાતી રચના છે. આ પદમાં મોટા ભાઈ બલરામજી માતા યશોદાને ફરિયાદ કરે છે કે કૃષ્ણ માટી ખાય છે. આ સાંભળી યશોદા માતા બાળકૃષ્ણનું મુખ ખોલાવે છે ત્યારે તેમને ચૌદ બ્રહ્માંડના દર્શન થાય છે. આ રચના આજથી પચાસેક વર્ષ પહેલા બાળકોને નિયમિત સંભળાવવામાં આવતી હતી.

*એક સમે હરિ ગોકુળિયામાં રમતા દીઠાં યદુરાય જો, બળભદ્ર કહે સુણો માતાજી માવો માટી ખાય જો.*
*મુખ ઉઘાડી માતાએ જોયું દીઠા ચૌદ ભુવન જો, બાય રે પાડોશણ બેનડી તને સાંભળતા સુખ થાય જો.*
*આજ સપનામાં કૌતુક દીઠ્યું માવાના મુખ માય જો, આકાશ વૈકુંઠ પાતાળ દીઠ્યા માવાના મુખ માય જો.*
*તેત્રીસ કરોડ દેવતા દીઠ્યા દીઠ્યાં નવલખ તારા જો, ચાંદો સૂરજ સાથિયા દીઠ્યાં માવાના મુખ માય જો.*
*રાજ કરતા ધ્રુવ જી દીઠ્યાં બ્રહ્મા વેદ ભણાવે જો જટા ધારી શિવજી દીઠ્યાં માવાના મુખ માય જો.*
*સાત સમુદ્ર સાગર દીઠ્યાં મેરુ પર્વત રવાય જો, રત્નાકર સાગર ઘૂમતો દીઠ્યો માવાના મુખ માય જો.*
*હંસ મુખી મે ઘોડા દીઠ્યાં લક્ષ્મીજી પ્રગટ થાય જો, ઐરાવત મે હાથી દીઠ્યાં માવાના મુખ માય જો.*
*શેષનાગ ઉપર સૂતા દીઠ્યાં સમુદ્રની મોજાર જો, સ્તુતી કરતા નાગણી દીઠી માવાના મુખ માય જો.*
*ગોકુળ મથુરા વનરાવન દીઠ્યા રાસલીલા ત્યાં થાય જો, સોળસે ગોપીમાં રાધાજી દીઠ્યાં માવાના મુખ માય જો.*
*ગાવડી કેરાં વાછરું દીઠ્યાં નવલખ ધેનુ ગાય જો, મહી વેચંતી મહિયારણ દીઠી માવાના મુખ માય જો.*
*નવસો નવ્વાણું નદીયું દીઠી અડસઠ તીરથ ત્યાં થાય જો, ગોમતી ઘાટે દ્વારિકા દીઠી માવાના મુખ માય જો.*
*ધન્ય જશોદા ભાગ્ય તમારા પુત્ર પામ્યા પરિબ્રહ્મ જો, ગાય શીખે ને સાંભળે તેનો હોજો વૈકુંઠ વાસ જો.*



યદુરાય એટલે કૃષ્ણ. ચૌદ ભુવન એટલે સમગ્ર બ્રહ્માંડ, આખું વિશ્વ. ચૌદ લોકનાં નામ આ પ્રમાણે છેઃ ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક અથવા બ્રહ્મલોક, અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ. ગરુડ, સારસ, હંસ વગેરે પૃથ્વીનાં પક્ષીઓ જ્યાંસુધી ઊડી શકે ત્યાં સુધી ભૂર્લોક કહેવાય છે. ભુવર્લોક એટલે ભૂર્લોક અને સૂર્ય વચ્ચેનો સિદ્ધ અને ઋષિઓને રહેવાનો પ્રદેશ. સૂર્ય તેમજ અન્ય ગ્રહો છે એ પ્રદેશ મહર્લોક તરીકે ઓળખાય છે. પૌરાણિક સાહિત્ય અનુસાર પાંચમો લોક જનલોક કહેવાય છે. યોગીશ્વરોનો વાસ આ લોકમાં હોવાની માન્યતા છે. તપસ્વીઓનો છઠ્ઠો લોક તપલોક અને કુટિલતા, જૂઠ કે દાંભિકતા રહિતના લોકો માટે અનામત લોક સત્યલોક અથવા બ્રહ્મલોક તરીકે ઓળખાય છે. વિષ્ણુપુરાણ પ્રમાણે પાતાલ સાત છેઃ અતલ, વિતલ, સુતલ, મહાતલ, રસાતલ, તલાતલ અને પાતાલ. પાતાળ અંતિમ લોક માનવામાં આવે છે. આકાશ સૌથી ઊંચું અને પાતાળ સૌથી નીચું સ્થાન હોવાની માન્યતા હોવાથી કોઈ કાર્ય માટે સર્વાધિક કોશિશ થાય એ માટે આકાશ પાતાળ એક કરી દીધા એમ કહેવાય છે. સમુદ્રની મોજાર એટલે સમુદ્રની અંદર. માંહે અથવા અંદર માટે કવિતામાં મોજાર શબ્દ વપરાય છે. કૃષ્ણની બાળલીલાનું વર્ણન કરતી રચનામાં પણ ભાષા વૈભવ નજરે પડે છે. ■

---

ટૂંકું ને ટચ

અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# નિશિતા રાજપૂતઃ હજારો દીકરીને આપ્યું છે શિક્ષણદાન



કહેવાય છે કે શિક્ષણ દાન એ સૌથી મોટું દાન છે. આ જ ઉક્તિને સાર્થક કરી છે વડોદરાની નિશિતા રાજપુતે. જે છેલ્લાં ૧૭ વર્ષથી શિક્ષણની ધૂણી ધખાવી રહી છે. તેણે અત્યાર સુધી ૫૭ હજારથી વધુ દીકરીઓની સ્કૂલ ફી ભરીને તેમના જીવનમાં શિક્ષણનો પ્રકાશ પ્રગટાવ્યો છે. નિશિતાના જીવનનો એક જ લક્ષ છે કે દીકરીઓને શિક્ષણના અભાવમાં ન રહેવું પડે.

નિશિતા સતત અનાથઆશ્રમની મુલાકાત લે છે. ક્યારેક એ બાળકો નિશિતાના ઘરે પણ આવે છે. નિશિતાને શિક્ષણનું મૂલ્ય સમજાયું અને તેણે એ જ જ્ઞાનનો દીપ દીકરીઓ સુધી પહોંચાડવાનું નક્કી કર્યું. એથી તેણે આર્થિક રીતે નબળી અને જરૂરિયાતમંદ છોકરીઓને શિક્ષણ મળી રહે એ માટે પહેલ શરૂ કરી.

એના માટે નિશિતાએ તેના પિતા ગુલાબ રાજપુત સાથે મળીને ઘરે ઘરે જઈને ડોનેશન લેવાનું શરૂ કર્યું. એમાંથી તેમને જે પણ રકમ મળતી એ સ્કૂલમાં દાન પેટે આપી દેતાં, જેથી કરીને કોઈ બાળકીને અધવચ્ચેથી તેનું શિક્ષણ છોડવું ન પડે.

૨૦૧૯-૨૦માં નિશિતાએ ૬૯ લાખ રૂપિયાનું ભંડોળ એકઠું કર્યું હતું. એનાથી ૬,૯૦૦ દીકરીઓની સ્કૂલ ફી ભરવામાં આવી. ૨૦૨૦-૨૧માં ૫૩ લાખ ભેગા થયાં અને એનાથી ૫,૩૦૦ બાળકીઓની ફી ભરવામાં આવી.

આવી રીતે દસ વર્ષમાં નિશિતાએ કુલ મળીને ૩.૨૫ કરોડ રૂપિયા ભેગા કર્યા હતા. તેના આ નિઃસ્વાર્થ સેવાના કાર્યની નોંધ તો વિદેશે પણ લીધી છે. ત્યાંથી પણ લોકો તેને પૈસા મોકલે છે.

આટલું જ નહીં નિશિતાને 'સલામ અવોર્ડ'થી પણ નવાજવામાં આવી છે.

ખરેખર સલામ છે આ યુવતીને જેણે સમાજમાં પરિવર્તન લાવવાનું બીડું ઉઠાવ્યું છે. ■

---

વિશેષ પ્લસ

રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

# ઘરની બાલ્કનીને બનાવો હર્બલ ગાર્ડન



એપ્રિલ મહિનો કુદરતમાં એક નવા ચક્રની શરૂઆત દર્શાવે છે. હળવી ગરમી અને વધતો સૂર્યપ્રકાશ છોડના વિકાસ માટે આદર્શ પરિસ્થિતિઓ પૂરી પાડે છે. આ જ કારણ છે કે આ સમય દરમિયાન આપણે આપણી બાલ્કનીને નાના હર્બલ ગાર્ડનમાં પરિવર્તિત કરી શકીએ છીએ. આજે, જ્યારે શહેરી જીવન ધમાલ અને પ્રદૂષણનો શિકાર બન્યું છે, ત્યારે ઘરે ઉગાડવામાં આવતી વનસ્પતિઓ ફક્ત આપણા સ્વાસ્થ્યને જ નહીં પરંતુ માનસિક શાંતિ પણ પ્રદાન કરે છે. એવામાં શા માટે તમારી બાલ્કનીને હર્બલ ગાર્ડનમાં ફેરવવાનો લાભ ન લો?

એપ્રિલ મહિનો ઔષધિઓના ઝડપી વિકાસ માટે આટલો મહત્ત્વપૂર્ણ કેમ છે? કારણ કે આ મહિનો ન તો ખૂબ ઠંડો હોય છે અને ન તો ખૂબ ગરમ.

તે ઉનાળા અને શિયાળાનો સંતુલિત મહિનો છે, જે બીજ અંકુરણ અને છોડના પ્રારંભિક વિકાસ માટે ખૂબ જ અનુકૂળ છે. ઉપરાંત, આ સમય દરમિયાન દિવસો લાંબા હોય છે, જેના કારણે છોડને અન્ય મહિનાઓ કરતાં વધુ સૂર્યપ્રકાશ મળે છે, જે તેમના વિકાસમાં વધારાની ભૂમિકા ભજવે છે. તેથી, જો તમે આ મહિના દરમિયાન તમારી બાલ્કનીમાં ઔષધિના છોડ વાવો છો, તો તે ઝડપથી વધશે અને ઓછી કાળજી સાથે પણ સારાં પરિણામો આપશે.

**બાલ્કની નાની જગ્યા ને મોટા ફાયદા**

ઘણા લોકો ઘરે જડીબુટ્ટીઓ ઉગાડવા માગે છે, પરંતુ કિચન ગાર્ડનના અભાવે તેઓ નિરાશ થાય છે. મોટાભાગના લોકો એ વિચારતા નથી કે નાની બાલ્કની યોગ્ય બગીચો ન હોઈ શકે, પરંતુ તે ચોક્કસપણે જરૂરી જડીબુટ્ટીઓ ઉગાડવા માટે એક સારી જગ્યા છે. થોડી જાગૃતિ અને સમજણ સાથે, બાલ્કનીનો ઉપયોગ આ સંદર્ભમાં ખૂબ ફાયદાકારક બની શકે છે.

જો તમે જડીબુટ્ટીઓનો આદર કરો અને તેમની ઉપયોગિતામાં વિશ્વાસ રાખો તો બાલ્કની, બારી અથવા ટેરેસનો એક નાનો ખૂણો પણ આ હેતુ માટે પૂરતો હોઈ શકે છે .

જો એમ હોય, તો આપણે વાસણો, પ્લાસ્ટિક બોટલો, લટકતાં વાસણો અથવા સ્ટેન્ડનો ઉપયોગ કરીને બાલ્કનીમાં મર્યાદિત જગ્યાનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકીએ છીએ.

**બાલ્કની માટે ઉપયોગી હર્બલ છોડ**

બધું હોવા છતાં, બાલ્કનીની પોતાની મર્યાદાઓ હોય છે. આપણે ત્યાં બધી પ્રકારની વનસ્પતિઓ ઉગાડી શકાતી નથી. અહીં સરળતાથી ઉગાડી શકાય તેવી કેટલીક વનસ્પતિઓમાં શામેલ છેઃ

**તુલસી :** આ ભારતીય ઘરોમાં સૌથી લોકપ્રિય ઔષધિ છે અને તેનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ છે, પરંતુ તેનું સૌથી ખાસ પાસું તેના ઔષધીય ગુણધર્મો છે. તે દરેક સંક્રમણ ઋતુ દરમિયાન આપણી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ખૂબ મદદરૂપ થાય છે. એપ્રિલ મહિનો હવામાનની દ્રષ્ટિએ પણ એક સંક્રમણ મહિનો છે, જ્યારે હવામાન ન તો ખૂબ ગરમ હોય છે અને ન તો ખૂબ ઠંડું. તેથી, આ ઋતુ દરમિયાન તુલસી સરળતાથી ઘણા પ્રકારના ચેપને મટાડે છે.

એપ્રિલ મહિનામાં શરદી, ખાંસી વગેરેથી પીડાતા લોકો માટે, તે રામબાણ છે. તેથી, તુલસી એ ઔષધિઓમાં પ્રથમ છે જેનો ઉપયોગ એપ્રિલ મહિનામાં સ્વાસ્થ્ય અને સુંદરતાના દષ્ટિકોણથી તમારી બાલ્કનીને સમૃદ્ધ બનાવવા માટે થઈ શકે છે. ■




# માતા-પિતાની સેવા... દીકરીની ફરજ વત્તા અધિકાર પણ ખરો!!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

માર્ગીએ પગથી કળશને ઠેસ મારી અને ગૃહ પ્રવેશ કર્યો. ના, વહુ તરીકે નહીં પણ દીકરી તરીકે. આ ઘર એણે એનાં માતા- પિતા માટે લીધું હતું, પોતાના પૈસે! આ ઘરમાં એ એમની સાથે રહેવાની હતી, પતિથી અલગ માર્ગી એક મધ્યમવર્ગીય પરિવારની દીકરી હતી. રૂપિયો કમાતા અને બચાવતા સારી પેઠે જાણતી હતી. માર્ગીનાં પિતા નિવૃત્ત બેંક કર્મચારી અને માતા સરકારી શાળાનાં નિવૃત્ત શિક્ષિકા હતાં. જો કે પોતે એક મલ્ટીનેશનલ કંપનીનાં એચ. આર. વિભાગમાં ઊંચા પગારવાળી નોકરી કરતી હતી. આ પરિવારનું આજીવન કરકસર અને બચત જ લક્ષ્ય હતું. માર્ગીના ખૂબ વિરોધ પછી પણ પિતાએ દેવું કરીને એકની એક દીકરીને સારા ઘરમાં પરણાવી, કરિયાવરમાં બચત કરી વસાવેલું દસ તોલા સોનું, પચીસ જોડી કપડાં, જમાઈને બાઈક, કપડાં, દાગીનો બધું આપ્યું હતું. સાથે એમનાં પરિવારને મોટો વહેવાર કર્યો હતો. દીકરીએ ખૂબ ના પાડી હોવા છતાં પિતાએ મનમાન્યો વહેવાર કર્યો હતો.

લગ્નને માંડ પાંચ વર્ષ થયા હતાં અને માર્ગીનાં પિતાને પેરાલિસિસનો એટેક આવ્યો. સારવાર બાદ પણ એમનું જમણું અંગ ખોટું પડી ગયું. માર્ગીની માતાથી એકલીથી એમને સાચવવા શક્ય નહોતા. માટે બીમારીનાં સમયે માર્ગી એક મહિનો એનાં પિયર રહી. એકની એક દીકરી હોવાથી માર્ગી એકમાત્ર એમનો આધાર હતી. આ વાત માર્ગીનાં સાસુ-સસરા અને પતિને ખટકી ગઈ. એ લોકો માર્ગીને પિયરને લઈને મ્હેણા ટોણા મારવાનું શરૂ કર્યું. માર્ગીએ વચલો રસ્તો કાઢ્યો કે સોમથી શુક્ર સાસરે રહેશે અને શનિ-રવિ પિયરમાં રહેશે, પણ તબિયત થોડી દિવસ જોઈને બગડે છે? એક દિવસ અચાનક સોમવારે માર્ગીના પિતાની તબિયત બગડી અને માર્ગી દોડતી ઓફિસથી સીધી એના પિતા પાસે ગઈ અને પછી ડોક્ટરને બતાવવા ગઈ. સમય સચવાઈ ગયો. બાર મહિના ઘર, ઓફિસ, સાસરિયાની અપેક્ષા, સામાજિક વહેવારો, પિતાની તબિયત, હોસ્પિટલના ધક્કાની વચ્ચે હવે માર્ગી થાકી હતી તેમ છતાં ખેંચે રાખતી હતી. તો બીજી બાજુ સાસરિયાં તરફથી અણગમો, ટોણા અને દુર્વ્યવહાર વધી રહ્યા હતા. એક દિવસ તો સાસુ- સસરાએ માર્ગીને કહી જ દીધું કે પિયરમાં પડ્યા રહેવું હોય તો અમારા ઘરમાં પાછા આવવાની કોઈ જરૂર નથી. તારાં મા- બાપની જ સેવા કર્યા કર. પોતાનો પક્ષ મૂકવા જાય એ પહેલાં ગુસ્સામાં આવીને પતિ એને અપશબ્દો બોલ્યો અને હાથ ઉપાડવા ગયો. માર્ગી સમસમી ગઈ.

માર્ગી આધુનિક દુનિયાની પ્રગતિશીલ, સ્વમાની સ્ત્રી હતી. મહેણાં ટોણાં સાંભળવા, ઘરમાં કકળાટ કરીને રહેવું એનાં સ્વભાવમાં નહોતું. સંબંધ ટકી રહે એના માટે સાસરિયાં અને પતિ સાથે એણે ઘણા સમાધાન કર્યા હતાં, પણ ઘર માટે જ્યારે સાસુ- સસરાએ કહ્યું તો એ ખૂબ અસ્વસ્થ થઈ ગઈ. જે પરિવાર અને ઘર માટે એણે જાત ઘસી આટલા વર્ષો આપ્યાં એ ઘર એનું નથી એવો અનુભવ થયો. ઉપરથી પતિ હાથ ઉપાડે એ એની કલ્પના બહારનું હતું. એ દિવસે માર્ગી સાસરું છોડી પોતાનાં માતા- પિતા સાથે રહેવા જતી રહી. પતિ કે સાસુ - સસરાએ ક્યારેય એનો સંપર્ક ના કર્યો.

માર્ગી માટે આ અહંકાર નહીં પણ સ્વમાન માટેની લડત હતી. એણે ચાલુ નોકરી સાથે સેલ્ફ ગ્રુમિંગનાં વીકેન્ડ વર્કશોપ લેવાના ચાલુ કર્યા. એકલે હાથે પણ એની આવક અને બચત સારા એવા ભેગા કર્યા. પોતાની બચતમાંથી બે બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ લીધો જેમાં આજે એણે પોતાનાં માતા- પિતા સાથે ગૃહપ્રવેશ કર્યો અને આ ઘર એનું પોતાનું છે જેમાંથી એને કોઈ કાઢી નથી મૂકવાનું!

આ ફક્ત માર્ગીની નહીં પણ આપણા સમાજની ઘણી બધી દીકરીઓની વાત છે. પહેલાં પિતાનાં ઘરમા રહેવાનું અને પછી પતિનાં ઘરમાં. પોતાનું કહી શકે એવું એક ઘર નહીં. આ જ દીકરીએ વહુ બનીને પતિનાં માતા- પિતાને સાચવવાનાં પણ પોતાનાં માતા- પિતાને સાચવે તો પતિ, સાસરિયાં અને સમાજની ભમ્મરો ઊંચી થઈ જાય છે.

આપણા સમાજની વિશેષતા છે કે મા-બાપને દીકરો જ સાચવે. દીકરીએ માત્ર સાસરું સાચવવાનું, પિયરની જવાબદારી ભાઈ- ભાભીએ લેવાની તો પછી જે મા- બાપને દીકરીઓ જ હોય એમનું શું? દીકરો મા- બાપથી દૂર રહેતો હોય એમનું શું? વિચારવા માટે આ વિષય સંવેદનશીલ છે પરંતુ વિચાર માગી લે એવો છે.

દીકરા અને દીકરીનાં સમાન અધિકારની સાથે ફરજો પણ સમાન હોય. જે દીકરીને મા- બાપે પચીસ વર્ષ સાચવી એ દીકરી મા- બાપને જરૂર હોય ત્યારે એમને ના સાચવી શકે, કારણ કે સાસરામાંથી વિરોધ કરવામાં આવે છે એ કેટલી હદે યોગ્ય કહેવાય એનો વિચાર કરવો જ રહ્યો. દીકરીનાં માતા- પિતા લગ્ન પછી દીકરીનાં સાસરે એની સાથે રહી શકે કે નહીં એ દીકરી- જમાઈ કે દીકરીનાં સાસરાવાળા કરતાં સમાજને વધુ ખટકી જતું હોય એમ લાગે છે. અંદરોઅંદર સમજૂતીથી પરિવાર સાથે રહેવાનું પસંદ કરે તો ત્યારે સમાજ શું કહેશે જેવા પ્રશ્નો ઊભા થાય છે. જ્યારે જ્યારે દીકરીનાં મા- બાપને દીકરીની જરૂર પડે ત્યારે મા- બાપને સાચવવા એ દીકરીની જવાબદારી કે ફરજ નહીં પણ હક્ક ગણાય છે જેમાં કોઈ સાસરુ, સમાજ કે સગાનાં જજમેન્ટથી પરે છે. ઢળતી ઉંમરે માતા-પિતાની પડખે ઊભા રહેવાનો દીકરીનો અધિકાર અબાધિત છે અને હોવો જોઈએ! આ વિશે બોલો,

**તમે શું કહો છો?** ■

# ટેક્નોલોજીની મદદથી કેવી રીતે થાય છે હવામાનની આગાહી...


ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

ડોનલ્ડ ટ્રમ્પ અને વેધર વચ્ચે એક સામ્ય છે. એ બન્ને હવે પછીની ૧૫ મિનિટમાં કઈ રીતે વર્તશે એની આગાહી કરવી મુશ્કેલ ... !

જોકે હવે આજનાં આધુનિક સાધનોના જમાનામાં હવામાનનો મિજાજ પારખવો થોડો સરળ થઈ ગયો છે. હવામાનની વાત આવે ત્યારે તાપમાન, હવાની ગતિ, દબાણ અને અપર એર સરક્યુલેશન જેવા શબ્દો જોવા-સાંભળવા મળે. હવામાન માપવા માટે પણ હવે એડવાન્સ ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. આ ટેક્નોલોજી મોટાભાગના કેસમાં સેટેલાઈટ પર આધારિત છે. સેટેલાઈટ ઈમેજ પરથી અને વાદળોની મુવમેન્ટથી વરસાદ, તાપમાન કે પવનનું પૂર્વાનુમાન કરી શકાય છે. આ સાથે વાદળના પ્રકાર, પવનની દિશા અને બીજાં કેટલાંક પરિબળો પણ અહીં કામ કરતા હોય છે.

દુનિયાના સૌથી સચોટ અને એડવાન્સ ટેક્નોલોજીથી સજ્જ હવામાન વિભાગની વાત કરવામાં આવે તો ભારતનું IMD (ઈન્ડિયા મેટ્રોલોજિકલ ડિપાર્ટમેન્ટ) એશિયામાં બીજા ક્રમે છે. આધુનિક પદ્ધતિઓ અને સચોટ આંકડાકીય માહિતી પરથી વિશ્લેષણ કરીને ચોક્કસ આગાહી કરે છે. જે સાચી પડવાની સંભાવના ૯૯ ટકા જેટલી હોય છે. હવમાન ખાતું રડારની મદદથી વાતાવરણના રિપોર્ટ મેળવે છે આ કોઈ સામાન્ય રડાર નથી હોતા.

પવનની ગતિ, દિશા, ટર્નિંગ પોઈન્ટ અને અસરકારક ક્ષેત્ર જેવા અનેક પાસા અહીં જોડાયેલા હોય છે. દરેક રડારની એક રેન્જ નક્કી હોય છે, જે ચોક્કસ કિમી સુધીના વિસ્તારનું સચોટ ચિત્ર આપી શકે છે. હવામાનમાં ઉપયોગમાં લેવાતા રડાર ૧૫૦થી ૨૦૦ કિલોમીટર દૂરનું ચિત્ર આપી શકે છે. રિયલ ટાઈમ મોનિટરિંગ સિસ્ટમથી કયા ક્ષેત્રમાં શું થઈ રહ્યું છે એની માહિતી મળે છે. ઉદાહરણ તરીકે લક્ષદ્વીપ ટાપુ પર તાપમાન કેટલું? આ જાણકારી મેળવવા સિસ્ટમમાં માત્ર લક્ષદ્વીપ જ સર્ચ થાય છે. બાકીના રિપોર્ટ ઓટોમેટિક જનરેટ થાય છે. આ છે રિયલ ટાઈમ સિસ્ટમ.




ચોમાસાની સિઝનમાં સૌથી વધારે જવાબદારી હવામાન ખાતાની થઈ જાય છે. આવા સમયે રડાર દ્વારા લેવાયેલી વાદળની તસવીરનો અભ્યાસ થાય છે. આ તસવીરમાં એટલી ચોક્કસાઈ હોય છે કે, તે કઈ દિશા તરફ ફંટાશે એ પણ જાણી શકાય છે. 'ઈસરો'ના ઈન્સાટ સેટેલાઈટ સિસ્ટમની મદદથી આગાહી થાય છે. આ સેટેલાઈટ સિસ્ટમ પૃથ્વી પરથી નવી દિલ્હીના વિજ્ઞાન ભવનથી કંટ્રોલ થાય છે.

આ સેટેલાઈટને સુપર કોમ્પ્યુટરની મદદથી ઑપરેટ કરી શકાય છે, જે ચોક્કસ પ્રાંતના હવામાનના રિપોર્ટ આપે છે. જેમ કે, દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન. આ પ્રાંત જે તે ઝોન આધારિત વર્ગીકૃત થાય છે, જેમ કે નોર્થ ઝોન, વેસ્ટ ઝોન, ઈસ્ટ ઝોન, સાઉથ ઝોન. ભારત સિવાયના ૧૦ હજાર કિલોમીટરની આસપાસના દરેક વિસ્તારને આવરીને ઈન્સાટ એક રિપોર્ટ તૈયાર કરી દે છે. જેનું વિશ્લેષણ કરીને આગાહી કરવામાં આવે છે. કોઈ મોટું તોફાન આવી રહ્યું હોય કે એકાએક પવનની ગતિ વધી જાય તો એલર્ટ સિસ્ટમ ઓટોમેટિક એક્ટિવ થાય છે. જે કોમ્પ્યુટર સાથે જોડાયેલા ઓડિયો વિઝ્યુઅલ્સ કંટ્રોલને સિગ્નલ આપીને નોટિફિકેશન જાહેર કરે છે. 'ગ્લોબલ ફોરકાસ્ટ સિસ્ટમ' દુનિયાભરના દેશ માટે હવામાન ખાતાની આગાહી કરે છે. 'ભારતકાસ્ટ' આપણા દેશ માટે હવામાન ખાતાની આગાહી કરે છે. આ બધા એક વિશાળ કોમ્પ્યુટર છે, જે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ સતત વાતાવરણ પર વોચ રાખે છે.

વહેલી સવારે અને સાંજે આકાશમાં એક રેડિયોસોન્સ છોડવામાં આવે છે. જે દૂરથી આકાશમાં કોઈ વિમાન આગળ વધી રહ્યું હોય એવો ભાસ કરાવે છે. આકાશમાં જાણે લિસોટા પડતા હોય એવું દેખાય. આ ડિવાઈસ તાપમાન, ભેજ અને પવનની ગતિનો રિપોર્ટ આપે છે. હવે આટલી વાતમાં રસ પડ્યો હોય અને આ બધુ મોબાઈલની સ્ક્રિન પર જોવું તો પણ હવે એ શક્ય છે. 'વિન્ડી' નામની વેબસાઈટ પવનની ગતિ બતાવે છે. એમાં જ પવન સિવાય, વરસાદ, વંટોળ, સુનામી, ભેજ અને પ્રેશરને જોવા-સમજવા માટેના ફીચર્સ આપેલા છે. અન્ય એક વેબસાઈટ છે 'વેધરડોટકોમ'. આ વેબસાઈટ તદ્દન સરળ અને સ્પષ્ટ છે. શહેર કે રાજ્યનું નામ નાખો એટલે રિપોર્ટ તૈયાર. 'એક્યુવેધર'માં વરસાદી સિઝનમાં વિઝિટ કરવાની મજા પડશે, કારણ કે બહાર જ્યારે વરસાદ પડતો હશે કે આગામી સમયમાં પડવાનો હશે એના પર માત્ર ક્લિક કરતા મોબાઈલ સ્ક્રિન ઉપર પણ વરસાદ પડ્યો હોય એવો અહેસાસ કરાવશે.

હવામાનનો વિગતવાર અને ઊંડો અભ્યાસ કર્યો હોય એવો મસ્ત રિપોર્ટ જોવા કે વાંચવો હોય તો લોગઈન કરી દો 'એમીઓડોટ. ઈન' (imeteo.in) અહીં તો શહેરના મસ્ત લેન્ડમાર્ક પર હવામાનનો તાજો રિપોર્ટ મળી જશે. વેધરરડાર, સંપૂર્ણ ભારતીય અને સ્વદેશી વેબસાઈટ. હિન્દીમાં ભાષાંતર કરવાની પણ જરૂર નહીં પડે એટલી સરળ ભાષા અને સમજ. આઈકોન, ઈમોજી, ચિત્રો અને સચોટતા એવી કે આવતીકાલનો સમય નોંધી રાખશો તો એ સમયનું પણ તાપમાન કહી દેશે. માત્ર દેશ જ નહીં દુનિયાભરના દેશમાં હવામાન કેવું છે લાઈવ જોવું હોય તો વગર લોગઈન કર્યે સર્ચ કરો : વેધરલેબ. નક્શો ખુલી જશે, જે વેધર કહેશે. ■

**આઉટ ઓફ બોક્સ**

*વર્ષ ૨૦૧૩માં ભારતમાં હવામાન ખાતાના કુલ ૧૫ રડાર હતા, જે વર્ષ ૨૦૨૩માં વધીને ૩૭ થયા. આજે દેશમાં ૪૩ જેટલી રડાર સિસ્ટમ હવામાન માટે કામ કરે છે.*

# પ્રશંસા મેળવવી છે તો જીવનમાં લાવો આ ફેરફાર...

વિશેષ
દિક્ષિતા મકવાણા
feedback@bombaysamachar.com

આજના ઝડપી ગતિશીલ વિશ્વમાં દરેક વ્યક્તિ ઓળખ ઇચ્છે છે, પોતાનો અવાજ સાંભળવા માગે છે અને અન્ય લોકો પાસેથી આદર માગે છે. આ પ્રાપ્ત કરવામાં વ્યક્તિત્વ વિકાસ મુખ્ય ભૂમિકા ભજવે છે. આ લેખમાં અમે તમને એક સારા માણસ બનવા માટે તમારામાં કયા ચોક્કસ ફેરફારો કરી શકો છો તેના પર માર્ગદર્શન આપીશું - એવા ફેરફારો જે તમને બધા ક્ષેત્રોમાં પ્રશંસા મળે તેની ખાતરી આપે છે.



આધુનિક યુગમાં ફક્ત સારી શૈક્ષણિક ડિગ્રી અથવા તકનિકી કુશળતા હોવી પૂરતું નથી; તમારા વ્યક્તિત્વનું પણ એટલું જ મહત્ત્વ છે. તમે કેવી રીતે બોલો છો, તમે કેવી રીતે વર્તશો અને તમે તમારી જાતને અન્ય લોકો સમક્ષ કેવી રીતે રજૂ કરો છો - આ બધી આદતો તમારી અનન્ય ઓળખ બનાવવા માટે જરૂરી છે. આપણે ઘણીવાર એવી વ્યક્તિઓનું અવલોકન કરીએ છીએ જે દરેક દિશામાંથી પ્રશંસા મેળવે છે, જ્યારે અન્ય - સ્વાભાવિક રીતે સારા લોકો હોવા છતાં - તેમની આસપાસના લોકોનો પ્રેમ જીતવામાં નિષ્ફળ જાય છે. આકર્ષક વ્યક્તિત્વ હોવું એકદમ આવશ્યક છે. આ જ કારણ છે કે કેટલાક લોકો ઔપચારિક વ્યક્તિત્વ વિકાસ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા સુધી પણ આગળ વધે છે.

જો કે વ્યક્તિત્વ વિકાસ એ મુશ્કેલ કાર્ય નથી. તે પ્રાપ્ત કરવા માટે તમારે નિષ્ણાતની સહાયની પણ જરૂર નથી. ફક્ત અમુક આદતોમાં ફેરફાર કરીને અને થોડી આંતરિક ગોઠવણો લાગુ કરીને તમે તમારા વ્યક્તિત્વને નોંધપાત્ર રીતે સુધારી શકો છો. અહીં અમે આવી કેટલીક ટિપ્સ શેર કરીશું; તેનું પાલન કરીને તમે તમારી અંદર સકારાત્મક પરિવર્તન લાવી શકો છો અને તમારી આસપાસના દરેકની પ્રશંસા મેળવી શકો છો.

## સકારાત્મક માનસિકતા અપનાવો

દરેક વ્યક્તિ સકારાત્મકતાની પ્રશંસા કરે છે અને ખરેખર તે વ્યક્તિની સૌથી મોટી શક્તિ તરીકે કામ કરે છે. જ્યારે તમારી માનસિકતા સકારાત્મક હોય છે, ત્યારે તમે દરેક પરિસ્થિતિમાં આશાવાદી રહેવાનું વલણ રાખો છો. આવા વ્યક્તિઓ જ્યાં પણ જાય છે ત્યાં ખૂબ જ પસંદ કરવામાં આવે છે, કારણ કે તેમની માત્ર હાજરી સકારાત્મક વાતાવરણ જાળવવામાં મદદ કરે છે.

## બોલતા પહેલા વિચારો

તમે બહુ ઓછું બોલો કે ઘણું બધું બોલો તે ખરેખર મહત્ત્વનું નથી. મહત્વનું શું છે તે વિચારપૂર્વક અને સ્પષ્ટ રીતે બોલવું છે. ભલે તમે ઓછા શબ્દો બોલતા વ્યક્તિ હોવ કે ખૂબ બોલતા હોવ, તમારે આ આવશ્યક ટેવ કેળવવી જોઈએઃ ખાતરી કરો કે તમે જે કહો છો તે રચનાત્મક અને સચોટ બંને હોય. તે મહત્વપૂર્ણ છે કે તમારા શબ્દો નમ્રતા અને શાણપણ બંનેને પ્રતિબિંબિત કરે.

જ્યારે તમે વિચારપૂર્વક અને બુદ્ધિપૂર્વક બોલો છો, ત્યારે લોકો તમે જે કહેવા માગો છો તે સાંભળવા અને તમને ગંભીરતાથી લેવાનું વલણ ધરાવે છે. પરિણામે બીજાઓની નજરમાં તમારું કદ અને આદર નોંધપાત્ર રીતે ઊંચો થાય છે.

## બીજાઓને ધ્યાનથી સાંભળો

કેટલાક લોકોને બધી વાતો જાતે કરવાની આદત હોય છે, છતાં તેઓ બીજાઓને સાંભળવામાં નિષ્ફળ જાય છે.

વ્યક્તિઓ ઘણીવાર વિવિધ પરિસ્થિતિઓમાં સારી રીતે પસંદ કરવામાં આવતા નથી. તેથી તમારામાં આ પરિવર્તન લાવવાનો પ્રયાસ કરો. તમારી વાત કહી દીધા પછી બીજા વ્યક્તિને સાંભળવાનું શીખો.

જ્યારે તમે બીજી વ્યક્તિ શું કહેવા માગે છે તે ધ્યાનથી સાંભળો છો, ત્યારે તે તેમને મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ લાગે છે.

આ સંબંધોને મજબૂત બનાવે છે અને અન્ય લોકો તમને એક સમજદાર અને પરિપક્વ વ્યક્તિ તરીકે સમજવા તરફ દોરી જાય છે.

## તમારા આત્મવિશ્વાસને વધારો

આત્મવિશ્વાસ એ તમારા વ્યક્તિત્વને પ્રભાવશાળી બનાવવા માટે એકમાત્ર સૌથી શક્તિશાળી પરિબળ છે. ગમે તે પરિસ્થિતિમાં પણ તમારામાં વિશ્વાસ રાખવો કે હોવો એ જરૂરી છે.

આત્મવિશ્વાસ ધરાવતા વ્યક્તિઓ જ્યાં પણ જાય છે ત્યાં પોતાની એક અલગ ઓળખ બનાવે છે અને સ્વાભાવિક રીતે અન્ય લોકોનું ધ્યાન ખેંચે છે. પરિણામે તમારા આત્મવિશ્વાસને વધારવા માટે સક્રિયપણે કામ કરવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

## સતત તમારી જાતને સુધારો

શીખવા માટે કોઈ વય મર્યાદા નથી, તેથી ક્યારેય શીખવાનું બંધ ન કરો. નવી કુશળતા અને જ્ઞાન પ્રાપ્ત કરવાની આદત તમને અન્ય લોકોથી અલગ પાડે છે.

ભલે તેમાં કોઈ ચોક્કસ કૌશલ્ય વિકસાવવાનો હોય, તમારા જ્ઞાનનો આધાર વધારવાનો હોય અથવા તમારા વર્તનને સુધારવાનો હોય - દરરોજ તમારી જાતને થોડી સારી બનાવવાનો પ્રયાસ કરો. આ તમારા વ્યક્તિત્વને નોંધપાત્ર રીતે નિખારશે અને તમારી આસપાસના લોકો માટે તમને વધુ પ્રિય બનાવશે. ■

# બુંદેલખંડનાં ૭૫ તળાવને મળ્યું પુનર્જીવન

ફોકસ
રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com



રામ બાબુ તિવારી

પાણીનું ખરું મહત્ત્વ જો કોઈએ જાણ્યું હોય તો એ છે ઉત્તર પ્રદેશમાં આવેલા બુંદેલખંડના નાના ગામ અધાંવમાં રહેતાં રામ બાબુ તિવારીએ. તેમનાં ગામમાં પાણી મેળવવું ખૂબ મુશ્કેલ રહેતું હતું. પોતાનું બાળપણ પાણીના જે અભાવથી વિત્યું એને કારણે રામને પાણીની ખરી કિંમત જણાઈ છે.

બાળપણનો એક કિસ્સો સંભળાવતા રામ કહે છે કે, 'અમારા પરિવારમાં એકના નિધનને કારણે અમે સ્મશાનથી ઘરે પાછા ફર્યાં હતા. જોકે સ્નાન કર્યા વગર ઘરમાં પ્રવેશ ન કરવાની માન્યતાને કારણે પાણી ન હોવાથી આખા ગામમાં અમારે વલખા મારવા પડ્યા હતાં. પાણી માટે ૩ કિલોમીટર દૂર સુધી બળબળતા તડકામાં ચાલવું પડ્યું હતું. મારું આખું બાળપણ પાણી માટે સંઘર્ષ કરવામાં પસાર થયું હતું. એથી પાણીનું ખરું મૂલ્ય હું સારી રીતે જાણું છું.'

અહીં પાણીની અછત હંમેશાં રહેતી હતી. પાણીની કટોકટી દૂર કરવા માટે અનેક પ્રોજેક્ટ્સ પણ ચલાવવામાં આવ્યા છે.

દસ ધોરણ બાદ વધુ સ્ટડી માટે રામને જ્યારે શહેરની હોસ્ટેલમાં જવું પડ્યું ત્યારે તેમણે પહેલી વખત શાવરમાં સ્નાન કર્યું હતું. જોકે શાવરમાં જે પ્રકારે પાણીની બરબાદી થતી હતી. એને જોઈને તેમને ગામડામાં પોતે વિતાવેલા ભૂતકાળના દિવસો યાદ આવી ગયા. એથી તેમણે મિત્રોને પાણીનો વેડફાટ ન કરવાની સલાહ આપી. તો મિત્રોએ ઊલટાનું તેને જ સલાહ આપવા માંડ્યુ કે પાણીની બચત ગામડામાં જઈને કરવાની.

પછી શું છે રામ બાબુએ રજાના દિવસોમાં ગામડે જઈને કામ કરવાનું બિડું ઉઠાવ્યું. કેટલાંક મિત્રોને સાથે લઈને પાણી ચૌપાલ બનાવી. એનો ઉદ્દેશ લોકોમાં પાણી પ્રત્યે જાગૃકતા લાવવાની હતી. તેમણે ગામડે-ગામડે જઈને પાણી ચૌપાલ કરવાનું શરૂ કર્યું. એનાં દ્વારા લોકોને જોડવાની શરૂઆત થઈ.

રામની મહેનત રંગ લાવી. ધીરે-ધીરે લોકોને પણ પાણીની અસલી કિંમત સમજાઈ. લોકો નાનાં તળાવો વિશે વાત કરવા લાગ્યા, એને સાફ કરવા લાગ્યા.

સમયની સાથે તેમણે અત્યાર સુધી ૫૦૦૦ જળ મિત્રો બનાવ્યા. લોકોને સમજાવવા માટે ધાર્મિક કાર્યક્રમની સાથે નુક્કડ નાટક પણ કર્યા. લોકોને ભંડારાનું ભોજન પિરસીને શ્રમદાન સાથે જોડ્યા અને આવી રીતે ૧૦ વર્ષની સખત મહેનત બાદ બુંદેલખંડનાં ૭૫ તળાવોને નવજીવન પ્રાપ્ત થયું.

હવે આ તળાવોમાં વરસાદના પાણીનો સંગ્રહ થાય છે. એનો આખા વર્ષભર ગામના લોકો ઉપયોગ કરે છે. રામનું કહેવું છે કે તળાવોના જીર્ણોદ્ધારથી તળાવની પરંપરા પાછી આવી છે અને લોકોનું પાણી પ્રત્યેનું માન વધ્યું છે.

વર્તમાનમાં લોકો જે રીતે પાણીનો બેફામ વપરાશ કરે છે. એને જોતા દેશને રામ બાબુ જેવા જ અસલી હીરોની જરૂર છે, જેણે લોકોને પાણીનો સંગ્રહ અને સાચવતા શીખવ્યું.

રામ બાબુ તિવારીનો આ પ્રયાસ તો ભારત સરકારના પણ ધ્યાનમાં આવ્યો હતો. તેમના આ પ્રયત્નને જોતાં સરકારના જળ શક્તિ મંત્રાલયે રામ બાબૂને વોટર હીરોનો ઍવોર્ડ આપીને સન્માનિત કર્યા હતા. આટલું જ નહીં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં પણ રામનાં કાર્યોને બિરદાવ્યાં હતાં. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

**૧લી મે, ૨૦૧૩થી અમલમાં**

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

**ડેઈલી અને વીકલી**

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. 300.00 દર સ્કે. સે.મી. |

**ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે**

**૧લી મે, ૨૦૨૫ થી 30મી એપ્રિલ, ૨૦૨૬ સુધી**

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# પ્રાર્થનાની તાકાત...

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

આજના જમાનામાં આપણામાંથી કદાચ મોટા ભાગનાં લોકોએ એક વાત તો સમજી હશે કે જે કાંઇ ભગવાને પણ ન વિચાર્યું હોય તે કામ કરવા માટે તેણે દુનિયામાં ટ્રમ્પને મોકલ્યા છે. જૂની કહેવત કે મેન પ્રપોઝીસ એન્ડ ગોડ ડિસ્પોઝીસની નવી રચના એટલે મન પ્રપોઝીસ એન્ડ ટ્રમ્પ ડીસ ડિસ્પોઝીસ હશે. આ મજાક સાઇડમાં જવા દઇએ તો પણ અત્યારસુધીના જે રિસર્ચ એન્ડ સ્ટડી, (સંશોધનો અને અભ્યાસ) થયા છે તેમાં એક વાત તો પુરવાર થઇ રહી છે અને તે છે પ્રાર્થનાનો પાવર!

૧૯૯૨માં એટલે આજથી ૩૪ વર્ષ પહેલા અમેરિકાના ન્યૂઝ વીક મેગેઝિને તેના સર્વેમાં જાણ્યું કે ૧૦માંથી ૯ અમેરિકન અઠવાડિયામાં એક વાર તો પ્રાર્થના કરે જ છે. પણ ટ્રમ્પ રાજમાં આજકાલના માહોલમાં દશે દશ અમેરિકન અઠવાડિયામાં એક વાર નહીં પણ રોજેરોજ અનેકવાર પ્રાર્થના કરતાં હોય તો તે નવાઇની વાત નહીં હોય!

૧૯૯૪માં લાઇફ મેગેઝિને તેના સર્વેમાં ચોંકાવનાર પરિણામમાં જાણ્યું કે ૮૨ ટકા લોકોએ સ્વીકાર્યું કે તેઓની પ્રાર્થના સાંભળવામાં આવેલી અને તેના હકારાત્મક પરિણામો આવેલાં હતાં.

બીજા એક સર્વેમાં જાણવા મળ્યું કે નિયમિત ચર્ચમાં કે ઘરમાં નિયમિત પ્રાર્થના કરતાં લોકો કરતા ૬ વર્ષ વધારે જીવતા જોવા મળ્યા છે.

પાવર ઓફ પ્રેયર ચેક કરવા માટે જયારે એક મેડિકલ ગ્રૂપ એ સર્વે કરવાનું નક્કી કર્યું અને ક્રિટિકલ પેશન્ટસને બે ગ્રૂપમાં ડિવાઇડ કર્યા અને એક સેવાભાવી સંસ્થાનો સંપર્ક કરીને કહેવામાં આવ્યું કે આ ૮ જણાનાં નામ છે અને તેના પ્રતિદિન પ્રાર્થનાના નિત્યક્રમમાં આ આઠ જણાને યાદ કરીને તેના વેલફેર માટે પ્રાર્થનાનો અનુરોધ કરતાં જાણવા મળ્યું કે જે દર્દીઓના નામે રોજે પ્રાર્થનાઓ કરવામાં આવેલી તેની તબિયતમાં અને એવી જ સેમ બિમારીથી પીડાતા અન્ય દર્દીઓ કે જેને તબીબી સારવાર તો એક સરખી જ આપવામાં આવતી હતી પણ આ ગ્રૂપના દર્દીઓનાં નામ પ્રાર્થનામાં સામીલ ન્હોતા તેમાં પ્રાર્થનામાં સામીલ દર્દીઓની તબિયતમાં નોંધપાત્ર સુધારા જોવા મળેલો કે જયારે બન્ને ગ્રૂપમાં દર્દીઓને એક સરખી મેડિકલ ટ્રિટમેન્ટ આપવામાં આવેલી હતી. પણ આ તો હતો અન્ય દ્વારા કરવામાં આવેલી પ્રાર્થનાનો પાવર પણ જયારે આવી જ રીતે બીજા એક ગ્રૂપને કહેવામાં આવ્યું કે તેઓ કદાચ ભગવાનમાં માનતા ન હોય તો પણ માત્ર રિસર્ચના હેતુ માટે રોજ સવારે ભગવાનને તેના વેલફેર માટે પ્રાર્થના કરવાનો અનુરોધ કર્યો તો તેમાં તો જે લોકો બીજા માટે પ્રાર્થના કરતા હતા અને જેઓ સ્વંયમ માટે પ્રાર્થના કરતા હતા. તેમાં સ્વંયમ પ્રાર્થના કરતા દર્દીઓમાં બહુ તેજ સુધાર અને પ્રફુલ્લતા જોવા મળ્યા હતા. આ સર્વેની સમીક્ષામાં તેઓએ ખાસ કહ્યું કે આનો અર્થ એ કયારેય નથી કે તબીબી સારવારનો પર્યાય પ્રાર્થના છે અને હા એકવાત તો સાબીત થઇ કે પ્રાર્થનાનો પોઝિટિવ રિસ્પોન્સ હોઇ શકે પણ કયારેય તેનો નેગેટીવ પ્રભાવ તો જોવા નથી જ મળ્યો.

પ્રાર્થનાનો પાવર અ ક્રોસ ધ ગ્લોબ જોવા માટે પ્રેયર ગ્રૂપને ૩ ભાગમાં ડિવાઇડ કરવામાં આવ્યા અને ત્રણેને અલગ અલગ દેશોની જવાબદારી સોંપવામાં આવી. એક ગ્રૂપને ઓસ્ટ્રેલિયા, બીજા ગ્રૂપને કેનેડા અને ત્રીજા ગ્રૂપને સાઉથ કોરિયા આપવામાં આવ્યું. એક ચોક્કસ સમય પછી તેઓનાં પરિણામો ચકાસતા જોવા મળ્યું કે આ ત્રણે ગ્રૂપનાં પરિણામો કંઇક અંશે એક સરખા જ હતા અને ૩૦થી ૬૦ ટકા જેવો સુધાર જોવા મળેલો હતો. જેમાં જમીની પાવર અને પ્રાર્થના કરતાનું કેટલું જેન્યુઇનલી કેટલું ઇન્વોલ્વમેન્ટ હતું તે પણ સામીલ હતું.

સર્વેમાં તો ત્યાં સુધી કહેવામાં આવેલું કે હૉસ્પિટલમાં એક પ્રેયર ગ્રૂપ હોવું જોઇએ. જે દરરોજ સવારે હોસ્પિટલના તમામ દર્દીઓના વેલફેર માટે પ્રાર્થના કરે કે જેથી તેઓને તબીબી સહાય સાથે એક બીજો હીલિંગ પાવર પણ મળે અને કદાચ તેથી જ ભારતમાં તમામ નાની મોટી હૉસ્પિટલોમાં એક નાનું કે મોટું મંદિર અને પ્રાર્થના ખંડ જોવા મળે છે.

૨૧મી સદીમાં પ્રાર્થના અને તેનો દિવ્ય પાવર વગેરે એક પરિકથા જેવું લાગે પણ જયારે આખી દુનિયા એક ઘનચક્કર માણસ ટ્રમ્પના કારણે પરેશાન થઇ રહી હોય અને અમેરિકન્સ પણ તેને પદભ્રષ્ટ ના કરી શકતા હોય તો પછી સમસ્ત માનવજાત માટે પ્રાર્થના જ એક સહારો છે કે જેનાથી રાહતના દમની આશા રાખી શકાય.

# સિમેન્ટ, કન્ઝ્યુમર ગૂડસના ખેલાડીઓની પેટ્રોકેમિકલ ઉત્પાદનોમાં ડ્યૂટી કપાતની અપેક્ષા

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ વચ્ચે વધતા ઉત્પાદન અને વધતા પેકેજિંગ ખર્ચના પડકારોને ધ્યાનમાં લેતા સિમેન્ટથી લઈને કન્ઝ્યુમર ગૂડ્સ સુધીના ઉદ્યોગો, ઉત્પાદકો અને ડાઉનસ્ટ્રીમ ક્ષેત્રોને ખૂબ જ જરૂરી રાહત આપવા માટે પેટ્રોકેમિક્લલ્સ ઉત્પાદનોની ડ્યૂટીમાં સરકાર કાપ મૂકે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

નોંધનીય બાબત એ છે કે પેટ્રોકેમિકલ્સ પ્લાસ્ટિક્સ માટે મહત્ત્વનો કાચો માલ છે અને તેની કિંમતમાં ઘટાડાથી એફએમસીજી, રિટેલ અને કન્ઝ્યુમર ગૂડ્સ જેવાં ક્ષેત્રો માટે પેકેજિંગ સામગ્રીઓ સસ્તી થઈ શકે છે. આ ઉપરાંત આ અન્ય ક્ષેત્રો ઉપરાંત પ્લાસ્ટિક, રેઝિન અને સિન્થેટિક સામગ્રીમાં ભાવઘટાડો થવાથી સિમેન્ટ જેવાં ઉદ્યોગની સપ્લાય ચેઈન પર પણ સકારાત્મક અસર જોવા મળશે.

હાલના તબક્કે વૈશ્વિક ભાવ અને પુરવઠા ચેઈન અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે ત્યારે જો સરકાર આગામી ૩૦મી જૂન સુધી વિશાળ શ્રેણીના પેટ્રોકેમિકલ ઉત્પાદનો પરની બેઝિક કસ્ટમ ડ્યૂટી માફ કરે તો ઉદ્યોગને મોટી રાહત થશે, એમ જે કે લક્ષ્મી સિમેન્ટનાં પ્રમુખ અને ડિરેક્ટર અરુણ શુક્લાએ જણાવ્યું હતું.

સિમેન્ટ ક્ષેત્ર માટે આ મટિરિયલ મુખ્ય ઉત્પાદન પ્રક્રિયાનો હિસ્સો નથી, પરંતુ પોલિઈથીલિન અને પોલિપ્રોપલિન જેવાં પોલિમર્સનો ઉપયોગ પેકેજિંગ અને અને અમુક મૂલ્ય વર્ધિત એપ્લિકેશનોમાં થતો હોય છે એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ભાવમાં થતો કોઈપણ ઘટાડો રવાનગીની અસરકારકતામાં સુધારો લાવશે. આ દિશાનું પગલું બાંધકામ અને માળખાગત પ્રવૃત્તિમાં ગતિ જાળવી રાખીને ઉદ્યોગને બાહ્ય ખર્ચના દબાણથી બચાવવા માટે સક્રિય નીતિગત અભિગમ પ્રતિબિંબિત કરશે.

અત્રે નોંધનીય બાબત એ છે કે સરકારે ગત ગુરુવારે પશ્ચિમ એશિયાની કટોકટીને ધ્યાનમાં લેતા મહત્ત્વના પેટ્રોકેમિકલ ઉત્પાદનો કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્તિ આપી હતી જેથી પુરવઠામાં સ્થિરતા આવે અને અંતિમ ઉત્પાદનોમાં ગ્રાહકોને રાહત મળે. આ ડ્યૂટી મુક્તિ આગામી ૩૦મી જૂન સુધી માન્ય રાખવામાં આવી છે. જેનો લાભ પ્લાસ્ટિક, પેકેજિંગ, ટેક્સ્ટાઈલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ઑટોમેટિવ કમ્પોનન્ટ્સ અને અન્ય ઉત્પાદન જેવાં પેટ્રોકેમિકલ ફિડસ્ટોક અને ઈન્ટરમીડિએટ સેગ્મેન્ટ્સને મળશે.

વધુમાં પાર્લે પ્રોડક્ટ્સના વાઈસ ચેરમેન મયંક શાહે પણ જણાવ્યું હતું કે ઉદ્યોગ આયાતી પેટ્રોકેમિકલ્સ ઉત્પાદનો પરની કસ્ટમ ડ્યૂટીમાંથી માફીની રાહ જોઈ રહ્યો છે.

# વેદાંતાના ઝિન્ક અને એલ્યુમિનિયમના ઉત્પાદનમાં વૃદ્ધિ

નવી દિલ્હીઃ ગત માર્ચના અંતે પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંતિમ ત્રિમાસિકગાળામાં અર્થાત્ ગત જાન્યુઆરીથી માર્ચ દરમિયાન દેશની અગ્રણી ખનનકર્તા કંપની વેદાંતા લિ.ના એલ્યુમિનિયમ અને ઝિન્કના ઉત્પાદનમાં વધારો થયો છે, જ્યારે આયર્ન ઑર સ્ટીલ અને ઑઈલ ઍન્ડ ગૅસના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીના એલ્યુમિનિયમના ઉત્પાદનમાં બે ટકાનો વધારો થયો છે. તેમ જ ભારતીય ખાણમાંથી ખનન કરવામાં આવેલા ઝિન્કનાં ઉત્પાદનમાં પણ બે ટકાનો વધારો જોવા મળ્યો છે. જોકે, આ ત્રિમાસિકગાળામાં ઑઈલ ઍન્ડ ગૅસ સેગ્મેન્ટમાં સરેરાશ દૈનિક ઉત્પાદન ૧૫ ટકા ઘટીને પ્રતિદિન ૫૦૦ બેરલ તેલની સમકક્ષ થયું હોવાનું કંપનીએ જણાવ્યું હતું.

વધુમાં ગત જાન્યુઆરીથી માર્ચ દરમિયાન સેલેબલ આયર્ન ઑરનું ઉત્પાદનમાં ત્રણ ટકાનો અને સેલેબલ સ્ટીલના ઉત્પાદનમાં એક ટકાનો ઘટાડો થયો હોવાનું કંપનીએ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું.

# મધ્યપૂર્વના ભૂરાજકીય તણાવના અહેવાલો પર સોના-ચાંદીની વધઘટ અવલંબિત

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

ગત ૨૮મી ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલાઓ કર્યા બાદ ઈરાને પણ તેના જવાબમાં ઈઝરાયલ તથા અમેરિકી સૈન્ય મથકો ધરાવતા આરબ દેશો પર હુમલાઓ શરૂ કરતાં યુદ્ધ છેડાઈ ગયું હતું અને ઈરાને મુખ્યત્વે ક્રૂડતેલ અને કુદરતી ગૅસનું જે દરિયાઈ માર્ગથી પરિવહન થતું હતું તે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ બંધ કરી દેતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં આગઝરતી તેજી આવી જતાં તેની સમગ્ર વિશ્વની બજારો પર માઠી અસર પડી છે અને ફુગાવો વધવાની ચિંતા સપાટી પર આવી છે. જોકે, અમેરિકા અને ઈઝરાયલની અપેક્ષા કરતાં યુદ્ધનો સમયગાળો વધુ લંબાઈ જતાં ક્રૂડતેલની ઊંચી ભાવસપાટી જળવાઈ રહી હોવાથી ચિંતા વધુ ઘેરી બની છે. તેમ છતાં ગત બુધવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેનું યુદ્ધ વહેલી તકે શાંત પડે તેવો સંકેત આપ્યો હોવાથી વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને વૈશ્વિક ઈક્વિટી માર્કેટ સહિત સોના-ચાંદી જેવી કિંમતી ધાતુઓના ભાવમાં સુધારો આવ્યો હતો, પરંતુ ત્યાર બાદ ગત ગુરુવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરેલા રાષ્ટ્રજોગ પ્રવચનમાં યુદ્ધ હજુ વધુ લંબાઈ જાય તેવા સંકેત આપ્યા હોવાથી પુનઃ ક્રૂડતેલના ભાવ ઉછળી આવ્યા હતા અને સોના-ચાંદીમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, ગત શુક્રવારે વૈશ્વિક બજારો ગુડ ફ્રાઈડેની જાહેર રજાને કારણે બંધ રહ્યા હતા.

વધુમાં ગત સપ્તાહે સ્થાનિક સ્તરે ગત મંગળવારે મહાવીર જયંતી અને શુક્રવારે ગુડ ફ્રાઈડે નિમિત્તે બજાર બંધ રહી હોવાથી માત્ર ત્રણ સત્રમાં જ કામકાજો રહ્યાં હતાં અને વિશ્વ બજાર પાછળ સ્થાનિક ઝવેરી બજારમાં પણ ભારે બેતરફી વધઘટ જોવા મળી હતી. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૭મી માર્ચના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૨,૯૪૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૪૬,૨૧૭ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૫,૫૦૭ અને ઉપરમાં રૂ. ૧,૪૯,૫૬૯ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૨.૫૬ ટકા વધીને રૂ. ૧,૪૬,૬૦૮ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૭મી માર્ચના રૂ. ૨,૨૧,૬૪૭ના બંધ ભાવ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૨,૨૭૯૯૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૨૪,૬૬૦ અને ઉપરમાં રૂ. ૨,૩૯,૮૩૬ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૨.૭૮ ટકા વધીને રૂ. ૨,૨૭,૮૧૩ની સપાટીએ બંધ રહ્યા હતા.

એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક ભૂરાજકીય અહેવાલોને ધ્યાનમાં લેતા સોના-ચાંદીના ભાવમાં ભારે ચંચળતા જોવા મળી હતી. ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલું મજબૂતીનું વલણ સોનાની તેજી માટે અવરોધક રહ્યું હતું અને ભાવ દબાણ હેઠળ આવી રહ્યા હતા. તેમ છતાં નીચા મથાળેથી વૈશ્વિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે વૈશ્વિક ભાવમાં સાપ્તાહિક ધોરણે ત્રણ ટકા જેટલો સુધારો આવ્યો હતો. જોકે, હજુ મધ્યપૂર્વમાં ભૂરાજકીય તણાવ શાંત થાય તેવાં કોઈ અણસારો ન હોવાથી આગામી સપ્તાહે પણ યુદ્ધ અને શાંતિના અહેવાલોને ધ્યાનમાં લેતા ભાવમાં ચંચળતાનું વલણ જળવાયેલું રહેશે. ગત માર્ચ મહિનામાં સોના અને ચાંદીના ભાવમાં મોટી માત્રામાં કરેક્શન જોવા મળ્યા બાદ હવે નીચા મથાળેથી રોકાણકારોની પુનઃ સલામતી માટેની માગ ખૂલી છે અને ભાવ સ્થિર થવા મથી રહ્યા છે.

હાલના તબક્કે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ભાવ વધી આવતાં ફુગાવમાં થનારી અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ ન મૂકે તેવી પ્રબળ બનતી શક્યતા અને અમુક અંશે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે, પરંતુ લાંબા સમયગાળે સોનામાં મજબૂત અન્ડરટોન જળવાયેલો રહેશે, જ્યારે ચાંદીને સોલાર એનર્જી, ઈલેક્ટ્રિક વાહનો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવાં ક્ષેત્રોની ઔદ્યોગિક વપરાશકારોની માગનો ટેકો મળતો રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૪૧૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૪૮૦૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૦થી ૮૨ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે. તેમ જ સ્થાનિક સ્તરે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧.૩૩ લાખથી ૧.૫૮ લાખની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૧.૮૦ લાખથી ૨.૪૫ લાખ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

ગત ગુરુવારે અમેરિકી પ્રમુખે જાહેર સંબોધનમાં ઈરાન પરના હુમલાઓ ચાલુ રાખવામાં આવશે અને તેઓ ઈરાન સામેના વ્યૂહાત્મક લક્ષ્યાંકો હાંસલ કરવાની નજીકમાં હોવાનું જણાવ્યું હતું. આમ યુદ્ધના અંત અંગેના કોઈ સંકેતો ન મળતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આઠ ટકા જેટલો ઉછાળો આવી ગયો હતો અને ફુગાવાલક્ષી ચિંતા સપાટી પર આવવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું નેટિક્સિસનાં વિશ્લેષક બર્નાર્ડ દહાદહે જણાવ્યું હતું. સામાન્યપણે યુદ્ધ અને વધતા ફુગાવાના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં રોકાણકારોની સલામતી માટેની લેવાલી રહેતી હોય છે, પરંતુ હાલના તબક્કે જો ફુગાવામાં વધારો થાય તો અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં કાપ તો નહીં મૂકે, પરંતુ વ્યાજદરમાં વધારો પણ કરી શકે એવી ભીતિને ધ્યાનમાં લેતા સોનામાં તેજી રૂંધાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે અગાઉ અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૨૫ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા હતા તેની સામે હવે માત્ર ૧૪ ટકા શક્યતા જ બજાર વર્તુળો જોઈ રહ્યા છે.

# નાણાકીય વર્ષ ૨૦૨૭માં પેસેન્જર વાહનોનો વેચાણ વૃદ્ધિદર સાધારણ ધીમો પડીને ૪થી ૬ ટકા રહેશેઃ ઈક્રા

નવી દિલ્હીઃ પેસેન્જર વાહનોના વેચાણમાં આગલા નાણાકીય વર્ષનો ઊંચો બેઝ અથવા તો પાયાકીય દર અને હાલની બૃહદ્ આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં પેસેન્જર વાહનોનો વેચાણ વૃદ્ધિદર સાધારણ ધીમો પડીને છથી આઠ ટકા આસપાસ રહે તેવી શક્યતા અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ વ્યક્ત કરી છે.

ગત નાણાકીય વર્ષમાં તહેવારી મોસમની મજબૂત માગ, જીએસટીના દરમાં ઘટાડો અને વર્ષ દરમિયાન ઘણાં નવાં મોડેલો બજારમાં મૂકવામાં આવ્યાં હોવાથી પેસેન્જર વાહનોના હોલસેલ વેચાણમાં સાતથી નવ ટકા આસપાસની વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા હોવાનું ઈક્રાએ એક યાદીમાં જણાવ્યું હતું.

ઉદ્યોગમાં સતત માળખાકીય ફેરફારો જોવા મળી રહ્યા છે. વાહનોના કુલ વેચાણમાં યુટિલિટી વાહનો ૬૭ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે જે સતત પ્રીમિયમાઈઝેશનનું વલણ દર્શાવે છે. વધુમાં સીએનજી અને ઈલેક્ટ્રિક વાહનો જેવાં વિકલ્પો હોવાથી માગ પણ વિકેન્દ્રિત થઈ રહી હોવાનું ઈક્રાએ ઉમેર્યું હતું.

એકંદરે પેસેન્જર વાહનોનો વેચાણ વૃદ્ધિદર ધીમો પડે તેવી શક્યતા હોવા છતાં ઓરિજનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (ઓઈએમ)નો નવાં ઉત્પાદનોના વિકાસ તથા ઈલેક્ટ્રિક વાહનોના પ્લેટફોર્મ પાછળનો મૂડીગત્ ખર્ચ જળવાયેલો રહેશે, જ્યારે ટ્રેક્ટર ઉત્પાદકોને સ્થિર ઈનપૂટ ખર્ચ અને ઓપરેટિંગ લિવરેજનો લાભ મળતો રહેશે, એમ યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય સ્થિતિ અને વ્યાજદરમાં વધઘટની પેસેન્જર વાહનોના ઉદ્યોગ પર કેવી અસર રહેશે તેનાં પર નજર છે.

વધુમાં ઈક્રાએ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ટ્રેક્ટર ઉદ્યોગનો વૃદ્ધિદર આગલા વર્ષના ઊંચા બેઝ અને માગ જળવાઈ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા એકથી ચાર ટકા આસપાસનો રહે તેવી ધારણા મૂકી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ૧૧ મહિનામાં ટ્રેક્ટર ઉદ્યોગે ખાસ કરીને ચોમાસું સારું રહેતાં કૃષિ ઉત્પાદનમાં વધારો અને જીએસટીના દરમાં ઘટાડો થવાથી હોલસેલ ધોરણે વેચાણમાં ૨૨.૮ ટકાની આકર્ષક વૃદ્ધિ દાખવી છે. જોકે, ગત નાણાકીય વર્ષ ૨૦૨૬માં ટ્રેક્ટર ઉદ્યોગમાં વેચાણનું વૉલ્યુમ વિક્રમ સપાટી આસપાસ રહે તેવી શક્યતા ઈક્રાએ વ્યક્ત કરી છે.

જોકે, ભવિષ્યમાં ટ્રેક્ટરની માગનો આધાર ચોમાસા ઉપરાંત ગ્રામીણ સ્તરની આવકો પર અવલંબિત રહે છે, પરંતુ સામે અલ નિનોની અસરના જોખમો પણ રહેતા હોવાનું ઈક્રાએ યાદીમાં ઉમેર્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પાછળ સુધારો

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ગઈકાલે ગુડ ફ્રાઈડેની જાહેર રજાને કારણે કામકાજો પાંખાં રહેતાં મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવા છતાં સ્થાનિક સ્તરે ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ એકંદરે સારી રહેતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૪નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો અને મથકો પાછળ ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ વધીને રૂ. ૩૮૮૦થી ૩૯૬૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૮૦થી ૪૦૫૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં ગઈકાલના મથકો પરના પ્રોત્સાહક અહેવાલે ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં થયાના અહેવાલ હતા.

# ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ પચીસની આગેકૂચ

મુંબઈઃ વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહેતાં બહુધા ધાતુઓના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે માત્ર ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૨૫ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ લેવાલીને ટેકે લીડ ઈન્ગોટ્સ અને કોપર કેબલ સ્ક્રેપમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો સુધારો આવ્યો હતો અને નિરસ માગે નિકલ અને ઝિન્ક સ્લેબમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. બે ઘટી આવ્યા હતા. આ સિવાયની તમામ ધાતુઓના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૪૮૭૫ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૦૦ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૭૬ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૬૩૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૨૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ અને એલ્યુમિનિયમમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ, વેપાર નિરસ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યા હતા અને હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ છતાં આજે છૂટાછવાયા રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૫૦ તથા મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦, એવીઆઈના એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦, પતંજલિ ફૂડ્સના મે ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૯૫ અને રૂ. ૧૫૫૦ તથા એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૭૨૦ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, સિંગતેલના રૂ. ૧૭૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૮૫ અને સરસવના રૂ. ૧૫૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**

# મુંબઈમાં ઓસી નહીં ધરાવતી બિલ્ડિંગ માટે અભય યોજના

## ૧૭ નવેમ્બર, ૨૦૧૬ અગાઉની બિલ્ડિંગને મળશે લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં આજની તારીખમાં હજારો ઈમારતો ઓક્યુપેશન સર્ટિફિકેટ (ઓસી) વગરની છે. ઓસી વગરની બિલ્ડિંગ ટેક્નિકલી અનધિકૃત ગણવામાં આવે છે. જોકે હવે આવી ઈમારતોમાં રહેતા લોકોને રાહત મળે એવી શક્યતા છે. મુંબઈ મહાનગરપાલિકાએ આવી બિલ્ડિંગને ઓસી આપવા માટે અભય યોજના અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે, જે અંતર્ગત ૧૭ નવેમ્બર, ૨૦૧૬ની અગાઉથી ઓસી નહીં ધરાવતી બિલ્ડિંગ પાલિકા પાસેથી ઓસી મેળવી શકશે.

મુંબઈ શહેર અને ઉપનગરમાં અનેક બિલ્ડિંગને પાલિકા પાસેથી ઓક્યુપેશન સર્ટિફિકેટ મળ્યું નથી. મંજૂર થયેલા બિલ્ડિંગના પ્લાન મુજબ કામ નહીં કરવા અથવા વધારાનું કામ કરવાને કારણે અથવા પ્લાનમાં બારોબાર ફેરફાર કરીને બાંધકામ કરવાને પગલે પાલિકા તરફથી બાંધકામ પૂર્ણ થયા બાદ ઓક્યુપેશન સર્ટિફિકેટ આપવામાં આવતું નથી. મંજૂર થયેલા પ્લાન મુજબ બાંધકામ નહીં કરવાને કારણે ઓસી નહીં ધરાવતી બિલ્ડિંગને માનવતાને ધોરણે પાણી પુરવઠો કરવામાં આવે છે, છતાં પાણીના નિયમિત દર કરતા બમણા અથવા તેનાથી વધુ દર વસૂલવામાં આવે છે.

મુંબઈમાં ઓસી નહીં ધરાવતી બિલ્ડિંગની

(જુઓ પાનું ૪) ▶▶

# આજે મધ્ય રેલવેની હાર્બર અને ટ્રાન્સ હાર્બર લાઈનમાં મેગાબ્લૉક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય રેલવેમાં પ્રવાસ કરનારા મુંબઈગરાને રવિવારે હાલાકીનો સામનો કરવો પડે એવી શક્યતા છે. મધ્ય રેલવે દ્વારા હાર્બર સહિત ટ્રાન્સહાર્બર લાઈનમાં મેગાબ્લૉક જાહેર કરવામાં આવ્યો છે. તેથી ટ્રેનો તેના સમય કરતા વિલંબે દોડશે. આજે જોકે દિવસ દરમ્યાન મધ્ય રેલવેની મેઈન લાઈનમાં કોઈ બ્લોક રાખવામાં આવ્યો નથી. છતાં રાતના બ્લોકને કારણે મેઈન લાઈનમાં ટ્રેનોને ટાઈમટેબલને અસર પહોંચવાની શક્યતા છે.

હાર્બર લાઈનમાં પનવેલ અને વાશી સ્ટેશન દરમ્યાન સવારના ૧૧.૦૫ વાગ્યાથી સાંજના ૪.૦૫ વાગ્યા દરમ્યાન અપ અને ડાઉન લાઈનમાં બ્લોક રહેશે.

પનવેલથી સવારના ૧૦.૩૩ વાગ્યાથી બપોરના ૩.૪૯ વાગ્યા સુધી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસની દિશામાં છૂટનારી અપ હાર્બર લાઈનની લોકલ સેવા અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી સવારના ૯.૪૫ વાગ્યાથી બપોરના ૩.૧૨ વાગ્યા સુધી પનવેલ બેલાપૂર દિશામાં છૂટનારી ડાઉન હાર્બર લાઈનની લોકલ સેવા રદ કરવામાં આવી છે.

ટ્રાન્સહાર્બર લાઈનમાં પનવેલથી થાણે દિશામાં જનારી અપ-ટ્રાન્સહાર્બર લાઈન પર

(જુઓ પાનું ૪) ▶▶

# ઈ-વાહનોને ટોલ માફ, ખરીદી પર સરકાર તરફથી સબસિડી પણ

મુંબઇ : સામાન્ય નાગરિક હાલમાં પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ અને ઇંધણની અછતથી ચિંતિત છે, ત્યારે મહારાષ્ટ્ર સરકારે ઇ-વ્હીકલ માલિકોને મોટી રાહત આપી છે. જો તમે ઇલેક્ટ્રિક કાર કે બસમાં મુસાફરી કરી રહ્યા છો, તો હવે તમારે મુંબઈ-પુણે એક્સપ્રેસ વે કે સમૃદ્ધિ મહામાર્ગ પર એક પણ રૂપિયો ટોલ ચૂકવવો પડશે નહીં. પ્રદૂષણ ઘટાડવા અને સામાન્ય માણસના ખિસ્સાને રાહત આપવા માટે, સરકારે ૪૬ કરોડ રૂપિયાની છૂટછાટોનો બૂસ્ટર ડોઝ જાહેર કર્યો છે. ઈવી ફોર વિલરની ખરીદી પર ૧.૫ લાખ રૂપિયા સુધીની

(જુઓ પાનું ૪) ▶▶

સેન્ટ્રલ અને વેસ્ટર્ન યુરોપ
30 જૂન, 10 દિવસ
ઈંગ્લેન્ડ - સ્કોટલેન્ડ આયર્લેન્ડ - વેલ્સ 14 ઓગસ્ટ, 10 દિવસ
સ્પેન-પોર્ટુગલ મોરોક્કો 30 સપ્ટે., 10 દિ.
હોંગકોંગ, મકાઉ,શેનઝેન ૨૨ ઓક્ટો., 6 દિ.
બાલી-સિંગાપોર 13 નવેમ્બર, 8 દિ.
વેઇટનામ 1 ડિસેમ્બર, 8 દિ.
Tour Costs are Dynamic*.
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 9769318872

# આખરે મીઠી નદીની સફાઈ શરૂ: મેના અંત સુધીમાં સફાઈ પૂર્ણ કરવાનું લક્ષ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આખરે મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કામ શરૂ થઈ ગયુ છે. ૧૮ કિલોમીટર લંબાઈની મીઠીના પટને ત્રણ પટ્ટામાં વહેંચી દેવામાં આવ્યા બાદ કૉન્ટ્રેક્ટરો દ્વારા ચાલી રહેલા સફાઈના કામનું મુંબઈ મહાનગરપાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે ઈન્સ્પેક્શન કર્યું હતું એ દરમ્યાન તેમણે પૂરજનક પરિસ્થિતિને રોકવા માટે નદીને અડીને આવેલા નીચાણવાળા વિસ્તારમાં સફાઈ પર ખાસ ધ્યાન આપવાનો કૉન્ટ્રેક્ટરને નિર્દેશ આપ્યો હતો.

ચોમાસા દરમ્યાન મીઠીનો ગાળ કાઢવા માટે મુંબઈ મહાનગરાપાલિકાએ ૨૮ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પાડ્યું હતું. મીઠી નદીની સફાઈના માટે પાલિકાએ બે વખત ટેન્ડર બહાર પાડ્યા હતા અને તેની મુદત પણ લંબાવવામાં આવી હતી. છતાં કોઈ કૉન્ટ્રેક્ટરે રસ બતાવ્યો

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

|| શ્રી આદિનાથાય નમઃ||
|| પૂ. ડુંગર ગુરવે નમઃ||
શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ
હિંગવાલા લેન, ઘાટકોપરના પ્રાંગણે...

સામૂહિક વરસીતપ
પારણા મહોત્સવ-૨૦૨૬
અમારા શ્રી સંઘના સવાયા સદ્ભાગ્યે
રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજસાહેબ
એવમ્
વિરલપ્રજ્ઞા પૂ. વીરમતીબાઈ મહાસતીજી આદિના સાનિધ્યે
સામૂહિક વરસીતપ પારણા મહોત્સવ ઉજવવાની અમૂલ્ય તક
શ્રી હિંગવાલા સંઘ ને પ્રાપ્ત થઈ છે.
:: કાર્યક્રમની રૂપરેખા ::
તા. ૧૭-૦૪-૨૦૨૬, શુક્રવાર :
સવારે ૯.૩૦ ક.: કળશ પ્રત્યાખ્યાન અને પ્રવચન
તા. ૧૮-૦૪-૨૦૨૬, શનિવાર :
સવારે ૮.૩૦ ક.: આલોચના અને પ્રવચન
તા. ૧૯-૦૪-૨૦૨૬, રવિવાર :
સવારે ૧૦.૦૦ ક.: ભવ્ય પારણા (ઈક્ષુરસપાન)
આ પ્રસંગે સર્વ વરસીતપના આરાધકોને સહભાગી બનવાનો તથા પરમ ગુરુદેવના શ્રી હસ્તે ઈક્ષુરસપાનનો અવસર પ્રાપ્ત થઈ રહ્યો છે. દેશ-વિદેશના તમામ આરાધકોને આ મહોત્સવમાં જોડાવા ભાવભીનું નિમંત્રણ છે.
પારણા મહોત્સવમાં સહભાગી થવા માટે શ્રી હિંગવાલા સંઘની ઓફિસમાં તા. ૧૦-૦૪-૨૦૨૬ પહેલા રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવી લેવું અનિવાર્ય છે.
Scan this QR Code & Fill online Tapasvi Form
વધુ માહિતી માટે સંપર્ક : ૯૭૦૨૬ ૦૮૧૦૮
નિમંત્રક : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હિંગવાલા લેન

સત્યેશ
SATYESH RETIREMENT HOME


પ્રકૃતિ વચ્ચે આધુનિકતા એટલે
— સત્યેશ રિટાયરમેન્ટ હોમ
વિશેષતાઓ
દૈનિક આવશ્યક સુવિધાઓ
• સવારે નાસ્તો, બે સમયનું ભોજન અને સાંજે હાઇ-ટી
• હાઉસકીપિંગ
• લોન્ડ્રી સેવા
• સલૂન
રૂમના વિકલ્પો
• એક્ઝિક્યુટિવ રૂમ
• સ્યુટ રૂમ લાઉન્જ સાથે
• દ્વિન શેરિંગ રૂમ
રૂમમાં સુવિધાઓ
• એરકંડિશનર
• ટીવી
• વાઇ-ફાઇ
• 24/7 ગરમ પાણી
આરોગ્ય
• સ્થળ પર ડૉક્ટર અને નર્સ
• 24/7 એમ્બ્યુલન્સ સેવા
• ફિઝિયોથેરાપી સપોર્ટ
વેલનેસ
• જિમ
• યોગ અને ધ્યાન કેન્દ્ર
• વૉકિંગ ટ્રેક સાથેના બગીચા
સરળતા અને સલામતી
• સ્ટેપ-ફ્રી ફ્લોરિંગ
• 24/7 સુરક્ષા અને સીસીટીવી
ઈત્તર પ્રવૃત્તિઓ
• મનોરંજન માટે એક્ટિવિટી હોલ
• લાઇબ્રેરી
• મંદિર
• ટીવી લાઉન્જ
ઝીરો ફાયનાન્શિયલ લાયબિલિટી
• મૂડી રોકાણ કે ખરીદવાની ઝંઝટ નહીં

સત્યેશ સાથે શરૂ કરો તમારું અદભુત રિટાયરમેન્ટ
વધુ માહિતી માટે સંપર્ક કરો
+91 - 81414 42626
+91 - 98795 86060
info@satyeshretirementhome.com
www.satyeshretirementhome.com
સત્યેશ રિટાયરમેન્ટ હોમ, સ્પ્રિંગડેલ રિટ્રીટ પાસે, રેથલ ગામ, નળ સરોવર રોડ, અમદાવાદ
બ્રોશર માટે સ્કેન કરો